

પ્રસન્ના (ફોટો - આર. આર. ભારદ્વાજ)

આવતી કાલનાં
નાગરિકોનાં
જ્ઞાન
સાહિત્ય
કલા અને
સંસ્કારઘડતરનું
અગ્રણી
માસિક

કુમાર

વર્ષ
ચુમાલીસમું
અંક
છઠ્ઠો
માહે જૂન
ઈસ્વી સન
ઓગણીસ સો
સડસઠ
તંત્રી
બચુભાઈ
રાવત
સળંગ
અંક
૫૨૨

સંસ્થાપક - રવિશંકર રાવળ



ફૂલદાન (ચિત્રકાર · ચંદ્રવદન ભટ્ટ)

ભાઈ ચંદ્રવદન ભટ્ટ વિજ્ઞાનના અઠંગ ઉપાસક, અધ્યાપક અને ઔષધ-ઉદ્યોગમાં પાવરધા હોવાની સાથોસાથ જન્મભર પીંછી અને રંગની લીલામાં મસ્ત રહ્યા છે. હમણાં નિવૃત્ત અવસ્થાએ, માત્ર સ્વયં-સાધનાથી, રંગની માધુરી પ્રકટ કરતાં અનેક લઘુચિત્રો એમણે જે સરજ્યાં છે તેમાં તેમના કુશળ ચિત્રવિધાન અને રંગની અનોખી તેજસ્વિતામંડિત પ્રકાશ પાથરતાં ફૂલો, માનવપાત્રો કે દૃશ્યચિત્રો કવિકોટીની કલ્પનાથી સંભૃત છે. એમની બીજી એક કૃતિ 'સંસાર જળ જટિલા' આ અંકની કલાવાર્તામાં પણ આપી છે.



પરીક્ષાનું પરિણામ?

વાચકો લખે છે

કુમારાવસ્થા પૂરી થયાને લીધે હશે કે સાચું હશે, પણ 'કુમાર'માં, પહેલાંની સરખામણીમાં ઘણું ખૂટતું લાગે છે, ને છતાં ય ગુજરાતી સામયિકોમાં 'ભરૂચ' જેવું લાગે છે; જોકે ભાંગ્યું નથી. 'કુમાર'માં છપાતા બધા જ પત્રો લગભગ 'કુમાર'ની આરતી ઉતારતા હોય છે 'Saturday Review, Encounter, N. Y. Times Sunday Magazine' અને એવાં બીજાં ઉત્કૃષ્ટ સામયિકોમાં તંત્રી પરના પત્રો જોતાં આ વિરોધ ખુલ્યો લાગશે. એમ હોય કે, 'કુમાર'ને માણતા વાચકોની એક ન્યાત ઘડાઈ હોય ને તેને જમાડવા જ અમુક પ્રકારનું લખાણ પીરસતા હો! જોકે ક્યારેક modern arts વિષે તથા હમણાંની કેટલીક નવલિકાઓમાં તમો controversial થયા છો, પણ એકંદરે તો 'કુમાર'ની ઘરેડ થઈ લાગે છે, ને તે ઘણાંને ગમતી હોય છતાં ય થોડા નવાનુભવની જરૂરમાં નથી? મારો આશય બધા જ વિભાગો અંગે નથી. શ્રી રવિશંકર તથા ધનસુખલાલનાં સંભારણાં અનુક્રમે ઘરેણાં ને ગુલાબ જેવાં લાગે છે. જીવનચરિત્રોમાં પહેલાંની પકડ નથી. પણ 'કુમાર' ગમે છે એટલે જ એક સૂચન ને એક વિનંતી લખું: Encounter મૅગેઝીને થોડાં વર્ષ પહેલાં સારાં કાવ્ય-લેખ-વાર્તાની anthology બહાર પાડેલી. આપણે ત્યાં જો કોઈ પણ માસિકને આવી anthology શોભે તો તે 'કુમાર' યા 'સંસ્કૃતિ'ને. હજુ યે ક્યારેક 'ઊભા રહેજો આવું છું', 'પડછાયો' વગેરે વાર્તાઓ, 'થાક શો જુવાનને?', 'મારા મુખે મલકાટ છે' વગેરે કાવ્યો, 'બાંધગઠરિયાં', 'રંગ ગઠરિયાં' તથા 'પ્રકૃતિ પરિચય' વાંચવાની ઇચ્છા થાય છે, તે એવા સંગ્રહથી પૂરી પડે. અગાઉથી તેના ગ્રાહકો શોધતા હો તો પાંચ મિત્રો માટે હું અત્યારથી માગ શરૂ કરું.

(ઑરેન્જબર્ગ–ન્યૂ.યૉ.) –ડૉ. બાબુ રાજવૈદ્ય

'કુમાર'ના છેલ્લા અંકમાં 'આત્મકથાનક' વિષેનો પત્ર વાંચ્યો. એ લેખમાળા એ સમયની સામાજિક પરિસ્થિતિ વિષે દસ્તાવેજ સમી છે, એટલું જ નહિ, પણ એટલી રોચક છે કે દર મહિને સભાન રીતે તેની રાહ જોતો હોઉં છું. અમદાવાદમાં સ્થાયી થવાના સમય સાથે એ લેખમાળા બંધ થવાની છે એમ શા માટે? ત્યાર પછીનો સમય ભારતીય કળાનો મહત્ત્વનો સમય છે અને તે વખતનાં સ્મરણો તો ખૂબ બોધદાયક તથા રોચક હશે એમાં મને શંકા નથી. તો પછી 'કુમાર'ના વાચકોને તેનો લાભ કેમ ન આપો?

(મૉસ્કો-રશિયા) —અતુલ

'આત્મકથાનક' ટૂંકાવવાની અને ૧૯૧૯ સુધી રાખવાની વાતથી દુ:ખ થાય છે. ખરી પ્રેરણા તો ૧૯૧૯ પછી જ મળશે, કેમ કે ત્યાર પછી એમની કારકિર્દી ખૂબ જ ઉજ્જ્વળ છે. 'કુમાર'ની સ્થાપના, રણજિતરામ સુવર્ણચંદ્રક, જાપાનનો ને ઉત્તર હિંદનો પ્રવાસ, એમના હાથે તૈયાર થએલા ગુજરાતના ખ્યાત કલાકારો...વગેરે એમની કલમે વણલખેલ રહે એ ઉચિત નથી. આત્મકથાનક-પ્રવાહ વિસ્તૃત ૧૯૬૭ સુધી ચાલુ જ રાખજો. કલા-અંકમાં એમનાં શરૂઆતનાં ચિત્રો પણ આપશો તો કલાકારોને ખાસ પ્રેરણાદાયી નીવડશે. રેવ. ફાધર વાલેસનો દરેક લેખ ઉત્તરોત્તર દિશાસૂચક બનતો જ રહે છે. ગયા માર્ચ માસના અંકમાં લીઓનાર્દો-દ-વિન્ચીની નવી શોધાએલી સ્કેચબુકનું પાનું આપ્યું છે તેમાંના લખાણમાં અરીસામાં જોઇને પણ ખાસ સમજ પડતી નથી. આવા જગનામી સર્જકના લખાણનો બાજુમાં રસાસ્વાદ કરાવો તો?*

(બીલીમોરા)-ભીખુભાઈ પટેલ, રમિલા પટેલ

[*ઈટાલિયન ભાષામાં છે.]

એપ્રિલ અંકમાં શ્રી રવિભાઈએ પોતાનાં સંસ્મરણો ચાલુ રાખવાં કે નહિ તે બાબત વાચકોના અભિપ્રાય મંગાવેલા છે. હું તો માનું છું કે તેમણે ચાલુ રાખવાં જોઇએ. એમનાં સંસ્મરણો પરથી તે વખતની પરિસ્થિતિ જાણે નજરે જોતાં હોઈએ તેવું લાગે છે. શ્રી ધનસુખલાલ મહેતાનું 'અતીતનાં પુષ્પો' અકારણ છે. તેમાંથી વાચકોને સ્પર્શે તેવો કોઈ મુદ્દો નથી મળતો. ફક્ત મનોરંજન જેવું લાગ્યું.

કલકત્તાના એક વાચક શ્રી બિપિન શાહે એક ગ્રાહક વધારી આપનારને લવાજમમાં વળતરની દરખાસ્ત કરી છે. પણ તે કરતાં 'કુમાર'ના ગ્રાહકોનું એક મંડળ રચી, તેના સભ્યોએ મંડળના સભ્યપદના લવાજમ તરીકે અમુક રકમ નિયત કરી, તે રકમ 'કુમાર'ને અર્પણ કરવી જોઈએ એવું મારું સૂચન છે. આપણા સંસ્કૃતિ-વારસાને સાચવતા એક પ્રાણવાન માસિક માટે કરીએ તેટલું ઓછું. આવી સંસ્થા ઊભી થાય તો તેના સભ્ય બનવાની મારી તૈયારી છે.

(રાયપુર: મ. પ્ર.) —ધારશી દેઢીઆ

રા. રવિશંકરભાઈના લેખથી ઘણી જૂની માહિતી પ્રાપ્ત થાય છે એટલે એમની એ આત્મકથા પૂર્ણ કરે એમ અમારો નમ્ર મત છે. શ્રી. ધનસુખભાઈના લેખમાં પા. ૧૪૩ ઉપર જે ફોટો બ્લૉક છે તે ભાઈ ચન્દ્રપ્રસાદ દીવાનજી, ૧૯૧૭-'૧૮નો યુનિવર્સિટી ટ્રેનિંગ-કોરનો બ્લૉક ઑગસ્ટ ૧૯૫૯ના 'કુમાર'માં છપાયો છે તેમાં જમણીબાજુથી પ્રથમ ઊભેલા છે ને થોડા માસ પર સ્વર્ગસ્થ થયા છે.

(નડિયાદ) —ભાનુશંકર હરિશંકર યાજ્ઞિક

'કુમાર'માં અગાઉ અનેક વાર 'ગણિત-ગમ્મત' આપી શ્રી મગનલાલ નાથાલાલ ખત્રી જાણીતા થએલા. થોડાં વર્ષો પૂર્વે છાપામાં વાંચેલું કે તેમને મ. સ. યુનિવર્સિટી–વડોદરા દ્વારા ભારત સરકાર તરફથી બેએક વખત ગણિતશાસ્ત્રમાં સંશોધન માટે શોધ-શિષ્યવૃત્તિ મળેલી અને હવે ૫૨૧મા અંકમાં તેમના પુસ્તક Excursion in the Realm of Numbersનું ડૉ. પી. સી. વૈદ્યે 'આંકડાઓના ઉપવન'માં પ્રવેશ કરાવતું પરિચયાત્મક અવલોકન આપ્યું એ વાંચી ખરે જ ખૂબ આનંદ થયો. 'ગણિતશિક્ષકો આપણા યુવાનવર્ગને આનંદ પડે ને સાથેસાથે આધુનિક ગણિત વિષે માહિતી સાંપડે એવાં સરળ પર્યટનોની યોજના કરે, જેથી આનંદ મેળવનાર વર્ગ મોટો બને'નું સહજ સૂચન વૈદ્યસાહેબે આપ્યું છે તે સમયસરનું છે. હાઈસ્કૂલ-કૉલેજોના ગણિતશિક્ષકોએ પોતે જ હાલ તો 'ટ્યૂશનો-ગાઇડો-મૅગેઝીનો-સાજેશનો'ના ધંધામાંથી આવા 'ઉપવનવિહારો' માટેનાં સમયસૂત્ર મેળવી લેવાનાં છે; યુવાનવર્ગ તો તેઓની પાછળ ક્યાં ય દૂર રહ્યો!

યાકૉવ પરલમેનના મૂળ રશિયન પુસ્તકના અંગ્રેજી અનુવાદનો ગુજરાતી અનુવાદ 'આંકડાની રમૂજ'થી શ્રી વી. કે. શાહે, 'ગણિતમાં કાબેલ બનો' વગેરે પાંચ પુસ્તકોના સેટથી શ્રી એનાક્ષી હોરાએ, ને પ્રસ્તુત પુસ્તકથી શ્રી એમ. એન. ખત્રીએ ગણિતના પાઠ્યેતર વાચનની આ દિશામાં આપણે ત્યાં સપરમાં પગરણ માંડ્યાં ગણાય. ડૉ. વાઈ. જી. નાયક, ડૉ. પી. સી. વૈદ્ય, પ્રા. એ. આર. રાવ અને ફાધર સી. જી. વાલેસ જેવા કેટલાક લેખિનીધર, અભ્યાસક, ગણિતજ્ઞ શિક્ષકો આપણા યુવાનોને વધારે અધિકારપૂર્વક

આવાં 'પર્યટનો' કરાવી શકે.

એ જ અંકમાં કલકત્તાથી ભાઈશ્રી પ્રકાશ મોદીએ ભારે તુક્કાભર્યો પ્રશ્ન ઉઠાવ્યો છે!

પાઉન્ડ-શિલિંગ-પેન્સની સંજ્ઞાઓ £.s.d. લૅટિન Librae, Solidus, Denarius પરથી છે. £ એટલે Pound Sterling, અને lb એટલે Pound Avoirdupois, બન્ને Libra એટલે 'તુલા' પરથી આવેલા છે. ડૉલરની સંજ્ઞા $: S એટલે States અને U એટલે United પરથી મળી છે. Rs.ને બદલે આવું કંઇક વધારે અર્થ, ઇતિહાસ કે સંસ્કારભર્યું સહેજે જ ઊપજી આવે તો ભલે; પણ પરાણે, ચાહીને ઊભું કરવા ખાતર જ, અન્યનું અનુકરણ કરીને રૂ., રુ. કે Rs.ને શા માટે બદલીએ? Rs.માં શું ખૂટે છે?

(જૂનાગઢ) —કનુ રા. ડાભી

અંક પર૧: ડામારોળ દરિયા ઉપર છાપેલું વૃક્ષ એક દીવાદાંડી સમું સોહી રહે છે! જેમ આવા જ ક્રુદ્ધ માનસ પર જ્ઞાનની જ્યોત શોભી રહે તેમ. પૂઠા પરનાં નોંધપાત્ર સંયોજનોમાં આ હિંમતભર્યું સંયોજન ચોટદાર બન્યું છે.

વર્ષોજૂનાં રમકડાંના રંગો કાંઈક ઝાંખા લાગ્યા. નવાં ચિત્રો ઓછાં છપાય છે!

ભાવનગરના પત્રમાં ડૉ. મધુસૂદનને મીઠો ઠપકો આપ્યો છે એ વાંચી સંસ્કૃત કથાનકો શરૂ થઈ જશે એવી આશા બાંધું છું.

ગીતાના કર્મયોગની ચોટદાર રજૂઆત ફાધર વાલેસના લેખમાં વરતાય છે. ફાધરની સમજાવટ સામે કોઈ દલીલ કરી શકે તેમ નથી. દેરાસરમાં દેવવંદના કરતાં સાથિયો વગેરે કરતાં ચોખાના અક્ષતદાણા જ વપરાય એવો સંસ્કાર ઘણાં વડીલોમાં જોયો છે એનું કારણ આજે બરાબર સમજાયું. શ્રી બ્રોકરની લેખમાળામાં વિષયની વિવિધતાની ગઠરી મોટી હશે તો જ મજા આવશે; બાકી સાદાં પ્રવાસ-વર્ણન નહિ જામે, કેમ કે 'કુમાર'ના વાચકોને પ્રવાસવર્ણન શું એ ચંદ્રવદન મહેતા તથા નવનીત પારેખે શીખવી દીધું છે.

'તરંગકથા' વિષે ઘણુંબધું લખવા ઇચ્છા છે. કથા પૂરી થયે લખવું સારું પડશે. હું તો લખવું પડશે કે લેખક 'કુમાર'નાં પાનાંઓમાંથી આ જીવડાને ઉડાડીને કોઈ અ- દેશમાં લઈ જાય છે! જ્યાં લઈ જાય નિખિલનું થશે તે સહુનું થશે! કથા વધુ જામતી જાય છે. વળી સામાન્ય (પોલીસ અધિકારી જેવા) વિજ્ઞાન જાણવાની ઇંતેજારી વધારી મૂકશે.

ાર' અંક પર૨)

બાળમાનસની એક વધુ વાત – ઘરઘર – ઠીક લખાઈ છે. જોકે લઘુકથા તો શ્રી મોહનલાલ પટેલની જ. શ્રી ધનસુખલાલ કૃ. મહેતાની વાતો સામાન્ય હોવા છતાં તર્કબદ્ધ હોય છે. છેલ્લો કિસ્સો તો આબેહૂબ જ છે! 'તેત્રીસ કરોડ આદમી એક વખત માત્ર થૂંકે તો પણ આ બે લાખ લોકો એમાં તણાઈ જાય!' છતાં પણ આપણે ખમીર વિનાના કે એ લોકો આટલાં બધાં વર્ષો અહીં રહ્યા પણ કોઈ એમની પાસેથી રાજ કરવાની કળા શીખી શક્યા નહિ; એટલે તો આજે સેંકડો સારથિઓ છતાં આપણી લોકશાહીનો રથ અજાણી દિશાએ વહી રહ્યો છે. સરકારી સાઈકલ-કારખાનાની એક સાઈકલની પડતર સોળ હજાર રૂપિયા! કોઈ રીસર્ચ કૉલેજના એક સ્નાતક પાછળ સરકારે ખર્ચ કર્યું પાંચ લાખ રૂપિયા! અંધેરીની એક ઑસ્પિટલના દાતાના નામની આરસની તક્તી બનાવવાનો ખર્ચ હજારો રૂપિયા! ભાઈ ગોકાણી તો દ્વારકાના રહીશ છે ને! પણ મુંબઈના ભોમિયા લાગે છે. 'અલીબાઇ' વખતે જ લખવા ઇચ્છા થઈ હતી. નૉવેલ્ટીમાં 'લવ ઈન ટોકિયો' જોઈ બાજુના બજારમાં બૂટ લેવા જાય એ સ્વાભાવિક છે! મઝાનું લખે છે. સ્હેજ-સાજ પરિચિત થઈ જાય એવા લેખકોનો સામાન્ય પરિચય સહુને ગમશે.

(મુલુંડ-મુંબઇ) —રમેશ બી. શાહ

'કુમાર'ના વાચકોએ છેલ્લા બે મહિનામાં બે આંચકા અનુભવ્યા. એક શ્રી ચંદ્રવદન મહેતાની 'અલવિદા'થી અને બીજો ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના 'છેલ્લો હપ્તો'થી. 'અલવિદા'ના આંચકાની કળ તો તંત્રીનોંધથી વળી ગઈ. ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના 'છેલ્લો હપ્તો' અંગે તંત્રીનોંધની આતુરતાથી રાહ જોઈ, પણ કોઈ સારા સમાચાર મળ્યા નહિ.

ડૉ. ત્રિવેદીની પોતાની ભાષામાં કહું તો 'કુમાર' જે સયુક્ત આહાર પીરસે છે તેમાંથી ડૉ. ત્રિવેદીની લેખમાળાની ગેરહાજરી થતાં તે ખોરાક લગભગ પ્રોટીનની ઊણપવાળો થશે. આહાર માટેના આપણા સમાજમાં પ્રવર્તી રહેલ ખોટા અને અધૂરા જ્ઞાનની સામે ડૉ. ત્રિવેદીની 'લેખમાળા' નહિ બલ્કે 'લેખમાળાઓ'ની ભલે પુનરુક્તિઓ થાય તો પણ હજુ ઘણા વખત સુધી જરૂર છે. એમણે એ દ્વારા આરોગ્ય, આહાર, શરીરરચના જેવા વિષયો પર કેવી સરસ ભાષામાં સમજણ આપીને 'કુમાર'ના વાચકોની કેટલી મહાન અને ઉપકારક સેવા કરી છે તે તેઓ પોતે પણ કદાચ જાણતા નહિ હોય!

આ તકે તેમને એટલી વિનંતી કરું કે તેઓ મનુષ્યદેહ, તેનું જતન, આરોગ્ય, આહાર, દીર્ઘાયુ વિષેનાં અનેક સંશોધનોને અંતે તારવેલા નવા વિચારો અને માર્ગદર્શન આપતા રહે.

(મુંબાઇ) —પ્રતાપરાય પી. વ્યાસ

મે માસનું 'કુમાર': લઘુકથા ખૂબ જ ગમી. શ્રી. ઉપેન્દ્રને મારાં અભિનંદન! જૂની પેઢીના છતાં પોતાના 'વિશેષત્વ'ને સંપૂર્ણપણે સાચવીને નવી પેઢી સાથે ખભેખભો મિલાવી ચાલનારા ગણ્યાગાંઠ્યા લેખકોમાં ગુલાબભાઈ અગ્રણી છે. 'નવા ગગનની નીચે' શ્રેણીથી 'કુમાર' વિશેષ સમૃદ્ધ થશે જ. ચં. ચી.ને કહેશો કે જ્યાં હોય ત્યાંથી જલદી 'કુમાર'ને પાને હાજર થઈ જાય! ભાઈ સાધુરામ યોધનો 'જ્યોતિષશાસ્ત્ર'નો લેખ માત્ર મણકો ન બનતાં માળા બની રહે તે અંગે એમને આગ્રહ કરશો.

માત્ર ક્યારેક જ સાંપડી જતાં તે તે સમયનાં દસ્તાવેજી મૂલ્ય કે હાસ્યરસની આછેરી છાંટ સિવાય 'અતીતનાં પુષ્પો'ની શ્રેણી નિષ્ફળ અને ફિક્કી રહી છે. બહુધા તો સ્વ-ઉપયોગી અંગત નોંધની કક્ષાથી આ લખાણો આગળ વધ્યાં નથી તેવું સખેદ નોંધવું પડે છે.

(પોરબંદર) —(ડૉ.) ચન્દ્રકાન્ત દત્તાણી

ગુલાબદાસ બ્રોકરનો લેખ યુરોપનાં દર્શન સારી રીતે કરાવશે તેમ લાગે છે. સાથેસાથે એકાદ બે ક્ષતિ ખૂંચે છે: જેટ પ્લેઈનને પંખા હોતા નથી, તેમ જ ગતિ અવાજનાં મોજાં જેટલી નહિ પણ તેનાથી ઓછી હોય છે.

(અમદાવાદ) —નવીન પટેલ

ઊ-થાંના લેખમાં પ્રથમ વાક્યમાં 'એવો વિચાર આવેલો' એમ જોઇએ. બીજા જ વાક્યમાં 'બદલે પક્ષીય' ભાવ જોઇએ. 'જીવનસ્મૃતિચિત્રો'માં (ચોકઠામાં) 'ખૂન સારાજેવો શહેરમાં થયું' એમ છે. અને ઑસ્ટ્રિયાના આખરીનામાંનો 'સર્બિયાએ પ્રત્યુત્તર આપ્યો હતો,' એમ છે. પરંતુ ર. મ. રા.ના લેખમાં 'સેરાજિવો'માં બતાવ્યું છે, સાચું શું? અને 'ઑસ્ટ્રિયાને સર્બિયાએ જવાબ આપ્યો નથી' એમ જણાવ્યું છે.

(રાયમા) —હરીશ ભટ્ટ

[* ચોકઠામાંની હકીકતો સાચી છે.]

શ્રી ઊ-થાંના વ્યક્તિપરિચયમાં કંઈક ખૂટતું લાગે છે. શ્રી. ગુલાબદાસ બ્રોકર લિખિત 'નવા ગગનની નીચે' પ્રથમ લેખથી જ પકડ જમાવે છે. ધન્યવાદ. જે ફિલ્મ માટે કોઈ એક

વિવેચક તરફથી લખવામાં આવ્યું છે કે 'આ ફિલ્મ નથી, એક સુંદર કાવ્ય છે' એ ફિલ્મ 'અનુપમા'ની સમીક્ષા 'કુમાર'માં પ્રગટ થશે તો હું માનું છું કે 'કુમાર'ના ધોરણને હરકત નહિ આવે. વાચકોના બુદ્ધિસભર પત્રો વાંચી આનંદ થાય છે તેમજ જિજ્ઞાસા પણ સંતોષાય છે.

—રસિકલાલ જે. કોટક

'સંસ્કારપ્રેમી' પાછા 'અખબારી કીટ' પણ છે એની પ્રતીતિ 'કુમાર' ૫૨૧ (પૃ. ૨૧૧, છેલ્લું કૉલમ)માંની 'સાહિત્ય-સમારોહ'ની નોંધમાં 'અલ્કાઝી' શબ્દની જોડણી જોઈને થઈ.

હિન્દી સામયિકોમાં એ કાઝી સાહેબના ઉલ્લેખો 'અલ્કાજી' તરીકે વાંચીને અગાઉ એવો ભ્રમ થએલો કે આ લોકો મહાદેવી વર્માને મહાદેવીજી કહે છે તેમ કોઈ 'અલકા'ને અલ્કાજી નહિ કહેતા હોય? એ લોકો તો હજી 'જી' જ વાપરે છે, પણ 'અખબારી કીટે' 'ઝી' વાપરીને થોડો અણસાર કર્યો છે. પણ અલ્કાઝી લખવામાં આપણને શી 'સાંસ્કારિક તકલીફ' થાય છે?

'અલ્ ઇટાલિયા' વિમાનની દુર્ઘટનાના સમાચાર ઘણા અખબારી કીટોએ 'અલીટાલિયા' તરીકે જ આપ્યે રાખ્યા હતા! 'અલ્'નો 'અલ' પણ થાય ને 'અલ'નો અલી પણ થાય એ તો શ્રી ભાયાણીના સંશોધનનો વિષય છે!

અમદાવાદમાં આવડું મોટું જમાલપુર આવેલું છે, છતાં અખબારી કીટો પી. ટી. આઈ.નું પતાકડું લઈને ગુજરાતીકરણ કરવા બેસે છે ત્યારે 'અબ્દેલ ગમાલ નાસર' આવું કાંકડું રૂપાંતર કરે છે! લૉટરીનું ઇનામ મળે કે ગુસ્સે થઈએ ત્યારે જ, શહેરની સાંકડી શેરીઓમાં રહેનારા આપણે મોઢું પહોળું કરવાનું શીખ્યા છીએ, છતાં દુલ્લભ અને અબ્દુલ બોલવાનો મહાવરો હોવા છતાં મોઢું પહોળું કરી 'અબ્દેલ' કહીએ એમાં ઓછું કૌતુક રહેલું છે? અને ગમાલ લખનારને તો 'કમાલ' જ કહેવા જોઈએ!

પારસી 'નૌશીર'ને 'નાસર' કહીએ તો, 'અલ્યા, તું મને મિયાંભાઈ માને છે?' આમ નિખાલસ ભાષામાં, નિખાલસ રીતે કહેવાનો; ને કોઈ 'નાસર'ને 'નૌશીર' કહીએ તો તે, 'અલ્યા હું પારસી નથી તે તું જોતો નથી?' એમ પણ કહેવાનો! પણ આ નૌશીર અને નાસ(સ)ર એક નથી એમ કોણ કહેશે? પણ 'ગમાલ' એ તો ખરેખર અંગ્રેજી સંસ્કારની જ કમાલ છે.

હવે આ જ અખબારી કીટો ફતેહસિંહરાવ ગાયકવાડનું નામ 'ફતેહસિંઘરાવ' નહિ લખે પણ સુવર્ણસિંહને સ્વર્ણસિંઘ તરીકે જ ઓળખાવશે! સિંહ જેમ ઘાસ નથી ખાતો તેમ તુવેર કે ગુવારની સીંગ પણ નથી ખાતો! પણ અખબારી કીટો સિંહને પણ સીંગ ખવડાવે છે ખરા! 'મનુષ્યમાત્ર જંતુડું' એ બલ્લુ-કાવ્ય પંક્તિને આપણે વધારેપડતી સિદ્ધ કરવાની શી જરૂર છે? કીડાને વળી સંસ્કાર કેવા? અને સંસ્કારને કીડા વળગવા યે દેવાય કે? કીડાનું ખાતર થાય; એ જ એનું 'સંસ્કરણ'—'સંસ્કાર' નહિ.

(સૂરત) —રતિલાલ 'અનિલ'

ઘરડા માણસને સમય કાઢવા વાત સાંભળનાર જોઈએ. જાણીતા મચક ન આપે તો રસ્તે જતા અજાણ્યાને ઝાલીને સુણાવે. થોડી વારમાં તે પણ છટકવા માર્ગ શોધે.

ધનસુખલાલનાં 'અતીતનાં પુષ્પો'માં તમે ફસાયા તેથી વાચકને માથે તે કાં વીતાડો? કે પછી 'કુમાર'નું ધોરણ 'ડાઉન'? 'હું બહુ સારો અતિથિ છું. ખાતરી કરવી હોય તો બોલાવી જુઓ.' આટલી આપવડાઈ કરવા માટે તમે એમને 'કુમાર' જેવા સામયિકનાં બે પાનાં બગાડવા દીધાં? આ તો 'કુમાર'માં વિશ્વાસ રાખતા વાચકો સામેનો અપરાધ થયો.

'મારી માન્યતા'માં પ્રશ્નો અને વધારે પ્રમાણમાં જવાબો ઘણી વાર ભલીવાર વિનાના હોય છે. દા. ત. અંક ૫૧૧માં અદી મર્ઝબાનની મુલાકાત. 'કુમાર'ના વલણમાં કંઈ પક્ષપાત પેઠો? કે પછી હરવખત આવી ફરિયાદ સામે અપાતા ખુલાસારૂપ વાચકોની અભિરુચિનો જ દોષ?

(વલસાડ) —શુભાંગ મજમુદાર

મારી પુત્રી હેમાંગિની (રેખા) વાડીલાલ ઑસ્પિટલમાં ત્રણ માસ માંદગી ભોગવી અવસાન પામી. તે જ રાતના સિવિલ ઑસ્પિટલમાંથી આંખના ડૉક્ટરને બોલાવી તેનાં બન્ને ચક્ષુઓનું દાન કરી નીચે જણાવેલી વ્યક્તિઓને બેસાડવામાં આવ્યાં, જેનાથી તેઓ સારી રીતે જોઈ શકે છે: ૧) બી. બી. વાલવાણી, ઉમર વર્ષ ૩૩, હેડ માસ્તર સિંધી પ્રાયમરી સ્કૂલ, માણાવદર જિ. જૂનાગઢ. ૨) મંજુલા ખોડીદાસ પટેલ, વર્ષ ૧૭, કૃષ્ણનગર, સરસપુર, અમદાવાદ. આ ચક્ષુદાનનો પ્રવાહ ચાલુ થાય તે ઉદ્દેશથી, આપનું માસિક સમજુ કુટુંબોમાં વંચાય છે તો, પ્રચારાર્થે આ વિગત લેશો તો અભારી થઈશ. ચક્ષુદાન કર્યા બાદ સિવિલ ઑસ્પિટલમાંથી માલૂમ પડ્યું છે કે ચક્ષુઓની ખૂબ જ જરૂર છે, પણ આપણી હિન્દુ લાગણી આડે આવતી હોય તેમ લાગે છે.

(અમદાવાદ) —બળવંતરામ ભટ્ટ

જૂન ૧૯૬૭ · અંક ૫૨૨

કુમાર

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧·૫૦

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક
કુમાર ૫૨૨
તંત્રી બચુભાઈ રાવત

વ્યક્તિઘડતર · ૨૪

ઉત્સાહ

રેવ૦ ફાધર વાલેસ

સુઘડ સમૃદ્ધ વ્યક્તિત્વનું ફળ આત્માની પ્રસન્નતા, શાંતિ, આનંદ અને ઉત્સાહ હોય છે. ગુલાબની સુગંધ સૌથી પ્રથમ ગુલાબ જ માણે છે. મોતીનો સ્પર્શ સૌથી પ્રથમ છીપ જ કરે છે. વ્યક્તિસાધનાની ફલસિદ્ધિ સૌથી પ્રથમ વ્યક્તિને જ મળે છે. માનસિક રોગો, દિલના વિકારો, ચિંતા ને બળતરા, અસ્વસ્થતા ને અશાંતિના આ જમાનામાં સમતોલ ને સ્વસ્થ વ્યક્તિત્વ સંપાદન કરવું એ માણસ માટે જીવનનો શ્રેષ્ઠ આશીર્વાદ છે. અને એ આશીર્વાદનો જ્યારે એને અનુભવ થાય, જ્યારે વ્યસની વાતાવરણની વચ્ચે પોતે કેળવેલ સંયમની કિંમત એને સમજાય, જ્યારે અમથી દોટ મૂકનાર આંધળી દુનિયાની વચ્ચે પોતે બાંધેલ જીવનધ્યેયની સ્પષ્ટ દિશાનો લાભ એ જુએ, જ્યારે નિર્જીવ કઠપૂ ળીના ખેલની વચ્ચે પોતે ઘડેલ સમર્થ વ્યક્તિત્વનો પ્રભાવ એ અનુભવે, ત્યારે એના હૃદયમાં સાત્ત્વિક આનંદનો સંચાર થાય છે: જીવનની સાર્થકતાનો આનંદ, આત્મવિકાસની સ્ફૂર્તિ, ધ્યેયપ્રાપ્તિનો સંતોષ. એ ગહન ને આહ્લાદક લાગણીની સરખામણીમાં દુનિયાના કૃત્રિમ અટ્ટહાસ, તામસી ધાંધલ, ઔપચારિક સ્મિત દયાજનક બને છે.

મૂર્તિનું નિર્માણ મહિનાઓની સૌંદર્યઉપાસના પછી પૂરું કરતાં શિલ્પીના હૃદયમાં કેવો આનંદ છલકાતો હશે! અને દિવસે દિવસે આત્માના આરસપહાણ પર વિવેકનું ટાંકણું ચલાવીને ચારિત્ર્યમૂર્તિ કંડારનાર જીવનશિલ્પી વર્ષોની સાધના પછી આદર્શ માનવરૂપ સર્જાતું જોતાં કેવો અદમ્ય ઉત્સાહ અનુભવે છે! કહે છે કે માઈકલ આન્જેલોએ મૂસા પયગંબરની સુવિખ્યાત પ્રતિમા પૂરી કરી ત્યારે ઉમંગના આવેશમાં આવીને તેના પગ ઉપર હથોડાનો ઘા કરીને એને હુકમ કર્યો: 'હવે, બોલ!' મૂર્તિ એવી આબેહૂબ કોતરેલી હતી કે જાણે હમણાં મોં ઉઘાડીને બોલવા માંડશે એવો ભાસ થતો. પથ્થરની મૂર્તિ તો નહિ બોલે, પણ માનવમૂર્તિ વ્યક્તિઘડતરના કારખાનામાં તૈયાર થાય, આદર્શ માનવતાનો સાક્ષાત્ નમૂનો જીવનપ્રદર્શનમાં મુકાય ત્યારે એ જરૂર બોલશે અને હૃદયાનંદનો દિવ્ય સંદેશ એ દુનિયાને સંભળાવશે.

જેમ તમારું વ્યક્તિત્વ તમારી ભાવના ને પ્રયત્નના નિત્ય સ્પર્શથી આકાર પામતું જાય છે તેમ તમને દુનિયાની આગળ બોલવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. સોનાની ખાણ તમને જડી છે; હવે કૃપણ ભાવે એ ઢાંકી દેવાને બદલે બીજા માનવબંધુઓને જીવન મજૂરોને બોલાવી લાવો; કારણ કે આ સોનું એવું છે જે વહેંચવાથી વધે છે. અમૃતનાં ઝરણાં તમારા અંતરમાં સ્ફુર્યાં છે, તો બીજા જીવનપિપાસુઓને તેડી લાવો, કારણ કે એ વહેણ કદી સુકાશે નહિ. વળી, બોલાવવાની ને આમંત્રણ આપવાની રીત કોઈ પ્રચારતંત્ર કે ભારેખમ ધર્મોપદેશની નહિ, પણ તમારા સહજ આનંદ ને સ્વયંભૂ ઉત્સાહની હશે. શુદ્ધ જીવનની ઉત્તમ ભલામણ શુદ્ધ જીવનવાળાનો આનંદ છે; બ્રહ્મચર્યની ઉત્તમ જાહેરાત બ્રહ્મચારીનું નિર્મલ હાસ્ય છે; પ્રામાણિકતાનો ઉત્તમ બોધ પ્રામાણિક માણસની ઊંડી સતત શાંતિ છે. જેમ સાધુના ઉપદેશ કરતાં તેના હોઠ પર સતત રમતું પ્રસન્ન સ્મિત વધુ અસરકારક હોય છે, તેમ પુખ્ત વ્યકિતત્વવાળા માણસના અંગેઅંગમાંથી નીતરતો આત્મસંતોષ એ લાખો ગ્રંથો કરતાં જીવનઘડતરના પાઠ સારી રીતે સમજાવે છે.

અને ઊલટું પણ: તમે દુનિયાના દેખતાં આચારશુદ્ધિની દીક્ષા લીધી છે, તો હવે ઉદાસીનતાની છાયા તમારા ઉપર પડવા ન દો. તમારો એ ઉદાસ ચહેરો પવિત્રતાની બદનક્ષી કરે છે; તમારી ગમગીની પ્રામાણિકતાની નિંદા કરે છે; તમારી સતત ફરિયાદો જીવનદેવતાનું અપમાન કરે છે. રાતદિવસ વીલે મોંએ ફરતા શિષ્યને ગુરુએ આજ્ઞા કરી: 'કાં તો મોં હસતું રાખ, કે કાં તો મારો આશ્રમ છોડ. લોકો તને ઉદાસ જુએ તો મારી પાસે કોણ આવે?' જીવનદેવતાનો પણ પોતાના યુવાન ભક્તોને એ જ અનુરોધ છે: 'તમે જો ઉદાસ રહેશો તો મારી પાસે આવશે કોણ?'

ઉદાસીનતા યુવાન હૃદયમાં નહિ શોભે. જેમ શરીરનું દુઃખ રોગનું લક્ષણ છે તેમ મનની ખિન્નતા દિલની બીમારીનું પરિણામ છે. તેના મૂળમાં અસંયમી જીવન, આત્મસ્વીકારનો અભાવ, વાસનાની ભીંસ, ઢીલું મનોબળ અને મોળું જીવનધ્યેય હોય છે. એ રોગના જંતુઓનો નાશ થશે ત્યારે શુદ્ધ જીવનના પ્રવાહ સાથે હૃદયમાં બ્રહ્માનંદનો ઊભરો આવશે. અને જેમ જીવનસાધનામાંથી એ આનંદ ઉદ્‌ભવશે તેમ એ આનંદ પાછો જીવનસાધનાને સરળ બનાવી આપશે ને આગળ ધપાવશે. જો સંયમના પ્રયોગો કડવી દવા કે અનિવાર્ય વેઠ સમજીને આદરશો તો એમાં લાંબું ટકી શકશો નહિ; પરંતુ જો દિલ લગાડીને સાચા ઉત્સાહ સાથે એ હાથ પર લેશો તો સરળતાથી એમાં સંપૂર્ણ સફળતા મેળવશો. આનંદ જીવનયંત્રનાં ચક્રોમાં તેલ પૂરે છે, જેથી ઘસારો ઓછો થાય ને વેગ વધે.

આનંદ છીછરો પણ હોય અને ગહન પણ હોય. છીછરો, ઉપરછલ્લો, ચંચળ આનંદ આવે છે ને જાય છે, કારણ કે તેનો આધાર ઇંદ્રિયો ઉપર છે. તે રવિવારે આવે ને સોમવારે વિદાય લે; સુખ સાથે રહે ને દુઃખથી ભાગે; રજાઓમાં વધે ને પરીક્ષામાં વિલીન થાય; તે અનિશ્ચિત છે, અસ્થિર છે, લહેરી છે. પણ સાચો સાત્ત્વિક આનંદ હૃદયના ઊંડાણમાં વસે છે, ચિરસ્થાયી છે, સુખદુઃખના તરંગોથી અલિપ્ત રહે છે. એ દિવ્ય ઉત્સાહમાંથી આપણું જીવનભાથું મળે છે. કવિવર ટાગોરની ઉપમા છે: 'ઝાડ બે રીતે ખોરાક મેળવે છે. એક પોતાનાં પાંદડાં દ્વારા પવન અને પ્રકાશમાંથી પોતાનું પોષણ મેળવે છે, અને બીજું, પોતાનાં મૂળિયાં દ્વારા તે પોતાનો ખોરાક ખેંચે છે. કોઈ વાર વરસાદ પડે છે, કોઈ વાર તડકો પડે છે; કોઈ વાર ઠંડો પવન વાય છે, કોઈ વાર વસંતનો વાયુ વાય છે; અને પાંદડાં ચંચળ બની જાય છે; સુકાઇને ખરી પણ પડે છે. પણ મૂળમાં એવી ચંચળતા નથી હોતી. તે સતત સ્થિર રહીને, દૃઢ રહીને ઊંડે ઊંડે પોતાને ફેલાવી દઇને આખો વખત પોતાનો ખોરાક પોતાના સતત પ્રયત્નથી મેળવ્યે જાય છે. આપણને પણ મૂળ અને પાંદડાં એમ બે બાજુઓ છે. મૂળ વાટે ખોરાક લેવો એ જ ચરિત્રની બાજુ છે. એ ચરિત્ર વડે આપણે જે ગ્રહણ કરીએ છીએ તે આપણો મુખ્ય ખોરાક છે. એમાં ચાંચલ્ય નથી હોતું. એમાં આપણે શાંત થઇએ છીએ, સ્થિર થઇએ છીએ, ઇશ્વરમાં પ્રતિષ્ઠિત થઇએ છીએ.'

ઉત્સાહ ચેપી છે; તે છાનો નહિ રહે, પણ ફેલાશે, વિસ્તરશે, પોતાનો આનંદ પોકારશે, બીજાઓને નોતરશે, ને અનેક ભાગીદારો બનાવીને પોતે ઓર વૃદ્ધિ પામશે. અગ્નિનો ધર્મ છે: કાં તો ફેલાવું કે કાં તો ઓલવાઈ જવું. પણ જો એ ખરેખર ફેલાય તો જેને જેને સ્પર્શે તેને પોતાની જેમ જ્વલંત બનાવે.

તમારા હાથમાં એ અગ્નિની મશાલ આવી છે, તમારા હૃદયમાં એ જીવનજ્યોતિ પ્રગટી છે. એ લઇને જો એક ખૂણામાં બેસી રહેશો તો એ પવિત્ર અગ્નિ બુઝાઇ જશે, એ મંગળ પ્રકાશનાં કિરણો સંકેલાઈ જશે. બહાર આવો! અગ્નિને પવનનો ડર નથી, ઊલટી દોસ્તી છે; પ્રકાશને અંધકારથી થોભ નથી, ઊલટું તેને સોંસરો વીંધીને તારાઓ સુધી પહોંચી જશે. તમારા આદર્શનું સ્પંદન, ચારિત્ર્યની હૂંફ પણ ઘેર ને સમાજમાં, દુનિયામાં ને બ્રહ્માંડમાં ફેલાઇને શુભ અસર જમાવશે, પ્રભાવ પાડશે, કલ્યાણ સર્જી આપશે.

શિષ્યની કસોટી છે: એ નવા શિષ્યો બનાવી શકે તો. વિદ્યાર્થીનું પારખું છે: એ શીખેલો પાઠ બીજાને સમજાવી શકે તો. વંશજનો ધર્મ છે: એ વંશવેલો આગળ લંબાવી શકે તો. અને ખૂબી એ છે કે બીજાઓને સમજાવતાં તમારો પોતાનો પાઠ પાકો થઈ જશે; બીજાઓને રસ્તો બતાવતાં તમે પણ એ રસ્તે સહજ રીતે આગળ ચાલતા થઈ જશો; બીજાઓને વ્યક્તિઘડતરની વાતો કરતાં તમારું પોતાનું વ્યક્તિત્વ ઘડાશે. એમ કરતાંકરતાં જ્યારે તમારા જેવા બીજા કોઈ આશાસ્પદ યુવાનને આ આદર્શને પંથે વાળવામાં તમે સફળ થશો ત્યારે તમારા આનંદનો પાર રહેશે નહિ. એકલા એકલા પર્યટને કોણ જાય? જીવનયાત્રામાં આપણે ઊપડવાનું છે, માંગલ્યને ધામ જવાનું આમંત્રણ મળ્યું છે. આદર્શનું ભાથું બાંધીને, ઉમંગી જીવનભક્તોનું ટોળું જમાવીને, ઉત્સાહનો ધ્વજ ફરકાવીને, અને એકબીજાને શૂર ચડાવીને આપણે રસ્તે પડીશું, જીવનમેદાને ચડીશું.

શાંત સરોવરની મધ્યે એક પથ્થર પડવા દો, અને આખા જળવિસ્તારમાં દૂરના કાંઠા સુધી તેનાં કૂંડાળાં ફેલાઈ જશે.

ગીચ જંગલમાં એક ચિનગારી પડવા દો, અને દાવાનળ સર્જાશે.

માનવસમુદાયમાં એક ખરા માણસ, એક આદર્શ વ્યક્તિ, એક પ્રેરણામૂર્તિ નેતાને આવવા દો, અને સમાજની રોનક બદલાઈ જશે.

એ આમંત્રણ, એ જવાબદારી, એ ગૌરવ તમારે આંગણે છે. બીડું ઝડપશો?

આ લેખ સાથે 'વ્યક્તિઘડતર'ની આ લેખમાળા પૂરી થાય છે. વાચકોમાં એણે પ્રકટાવેલાં આકર્ષણ તેમજ આદર વિષે અમારે હવે કહેવાપણું રહ્યું નથી. એ દ્વારા ફાધર વાલેસ 'કુમાર'ના હજારો વાચકોના જાણે પ્રેરણાગુરુ બની રહ્યા છે. વાચકવર્ગના એ પ્રેમ અને આદરને વશ થઈને તેઓશ્રી (માર્ચ અંકમાંના એમના પત્રમાં જણાવ્યા મુજબ) આવતા (જુલાઈ) અંકથી એમની નવી લેખમાળા 'જીવનદર્શન' શરૂ કરે છે એ જણાવતાં અમને આનંદ થાય છે. અમને વિશ્વાસ છે કે એ લેખમાળા વાચકોનો એટલો જ પ્રેમાદર પામશે. ☙ 'વ્યક્તિઘડતર'નું પુસ્તકરૂપ પ્રકાશન આગોતરા ગ્રાહક થનારને ફાયદાથી મળે એવી પણ એક યોજના વિચારણા હેઠળ છે. ઇચ્છુકોને વિનંતી છે કે અમને તરત લખી જણાવે.

છતાં / હરિકૃષ્ણ પાઠક

· મિશ્ર ·

કયારેક તારાં મદઘેન નેનના
ખૂણે રહી રમ્ય રતાશ માણવા
ધરી લઉં કાજળ રૂપ ને પછી
પામી જતો રૂપ અધિક ઊજળું!

કદીક તારી કલગાનમાધુરી
જ્યાં સાંભળું—જાઉં બની અધીર,
આકંઠ એ ગીત અખંડ ઝીલવા
સમીરનું રૂપ ધરી વહ્યા કરું!

કયારેક તો અલ્લડ છંદ તારે
ઉન્મત્ત યૌવન તણા ધબકાર પેખું,
ભળી જાઉં પાલવ-આતમાં ને
છાનાં કરું અડપલાં કંઈ વારવાર!

કદીક તારી લય-લોલ ચાલને
હિલ્લોળ વ્હેતું લય-રૂપ સ્હેલવા
ગૂંથાઈ જાઉં હળવે કટિમેખલા મહીં,
ક્ષણાર્ધમાં ઓગળતો અશેષ!

મથું મથું કેટલું પામવા તને!
ને કેટલે રૂપ લહું તને!—છતાં
એવું કશું ગૂઢ રહસ્ય તારું:
પામું તને તો ય ન પામતો કદી!

નિવેદન / ઉશનસ્

· ગાન ·

તમો કરો તે ભલું હો બાલમ! અમો કરું તે ભૂલ,
અમે બહુ ડાહ્યા ખરડાયા: ઉલમાંથી વળી ચૂલ.

તમે કર્યું તે ભૂમા: આભનો અનહદિયો પરિવાર,
ગયા અમો કંઈ કરવા કે નહિ રહ્યો ભૂલનો પાર;
ચણી બેઠા કંઈ ખંડ-ઓરડાં, ભીંત-ખૂણા સંકુલ.

તમે મૂગી કંઈ પ્રીત દીધી'તી; પણ અમ આ એંકાર
ઉતાવળિયો, આવડે ના ને બોલવા જાય ધરાર;
તમો ધીરજથી ફૂલ ઉઘાડત, ઊઘડી ત્યાં નરી શૂલ.

હે અનહદ, હે પ્રેમપદારથ! થોડા થાજો ક્રૂર,
આંચકી લઈ લો અમ ઇચ્છા, હો તમ ઇચ્છા મંજૂર;
હવે જુઓ જાદુ: શી નાવો વહી રહી અનુકૂલ!

મધ્યરાત્રિએ
યૉસેફ મેકવાન

· ચોપાઈ ·

કાળી ઠંડી ખરતી રાત,
શમણે સળકે સૂનાં ગાત!

શહેરે સરિતા સરતી સુમ,
પડતાં દૃષ્ટિ થાતી ગુમ!

ખળખળ જળમાં લહેરે ઝૂલ
કળપે ઝીણું, જાણે પૂલ!

બત્તીઓ પર બાઝે ઝાંખ
રસ્તા નિર્જન રડતા કયાંક!

બિલ્ડિંગોના જુઠ્ઠા પહાડ,
સૌને સૌની નાની વાડ.

વચ્ચે જાગે ટાવર દૂર,
છલકે કાળું વાયુ પૂર!

એકલતાને અડકી સ્હેજ
ઊડે વાદળ-જામ્યા ભેજ!

આળસ / ભાનુપ્રસાદ પંડ્યા

· સવૈયા ·

ઊગમણાં કિરણોથી ઊઠી પલંગ પર એ ત્રૂઠી,
તકિયા ને ઝૂલાને દેતી વારાફરતી છુટ્ટી!

ઘરને ખૂણે ઝીણાં ઝીણાં રજકણ રૂપે રઝળે,
વણ બદલેલા કૅલેન્ડરનાં પાનામાં જઈ મલકે!

દીવાલ પર ધોળા તંબૂમાં આઠ પગે સળવળતી
પુસ્તકનાં પાનાંમાં બેસી અક્ષર અક્ષર ચરતી!

ટાવરના કાંટાની કસરત બેપરવા થઈ જોતી,
વારેવારે વ્યસનીની વાતોમાં જઈ એ સ્હોતી.

મોલ ઊગ્યા ખેતરને ચાસે ખડ ઝાઝું થઈ ઊગે,
ડૂંડાંના દૂધિયા દાણા ચકલાંની ચાંચે ચૂગે!

રેતી / મનોજ ખંઢેરિયા

· ગઝલ ·

જુઓ આવે વણઝાર તડકો ભરીને
કહો કોઈ છાંયે સરી જાય રેતી.

પગો તો પગરખાં પહેરી ફરે, પણ
શું પગલાંનું—જ્યારે તપી જાય રેતી?

સમયનાં હવે ઊંટ હાંફી ગયાં છે
કહો કયા સ્થળે આ પૂરી થાય રેતી?

બપોરે સુકાતું ગળું એનું ત્યારે
ખજૂરીના પડછાયા પી જાય રેતી.

હવે રણનાં રણ એક પગલામાં ડૂબે
અને આંખમાં ઓગળી જાય રેતી.

હજી છે યાદ / જટિલ

· ગઝલ ·

આ જિંદગી છે ઝાંઝવું, ને હરણફાળ પણ,
છે પ્રેમ એક બાગ અને એક જાળ પણ.

જેણે કહ્યું છે ચંદ્ર સમું આપનું વદન,
એણે પ્રશસ્તિ સાથ ચડાવ્યું છે આળ પણ!

પાલવ કને જુદી જ અપેક્ષા હતી મને,
આંસુ લૂછી શકે છે પહેરણની ચાળ પણ.

તૂટે તો તૂટી જાય સમંદરના કિનારા,
ક્યારેક તૂટતી નથી પાંપણની પાળ પણ.

ઈશ્વરમાં આખરે તો નવું કૈં નથી 'જટિલ',
અમને હજી છે યાદ અમારું એ બાળપણ.

◖ પ્રિયતમાની સૌંદર્યમાધુરી પામવા, તેનાં વિવિધ અંગો દ્વારા પ્રવેશની સુખમીઠી નવી કલ્પનાઓ (આંખની રમ્ય રતાશ માણવા કાજળ બનવાની વગેરે), જે મથામણને અંતે પણ એની નિગૂઢતાનો પાર તો નથી જ પમાતો; ◖ માનવીનાં દોઢ ડહાપણ, સંકુલતા આદિ અવગુણોને એકએક કડીમાં નિરૂપતા જઈને ગાવું વિરાટ ભગવદશક્તિનું ભક્તિનમ્ર પ્રશસ્તિગાન, જેમાં ઈશ્વરને 'બાલમ' કહીને અને 'અમો કરું' જેવા જૂના પ્રયોગોથી મીઠાશ આણી છે; ◖ ચોમેર આળસની અસર જે ચાડી ખાઈ શકે તેનું વર્ણન; ◖ ગઝલના ચાલુ પ્રકારની સાથે સૂક્ષ્મ કાવ્યતત્ત્વ ધરાવતો નવો પ્રકાર પણ હમણાં પ્રચલિત છે. ◖ મધરાતની અનુભૂતિનું સાદી ચોપાઈમાં ચિત્રણ.



શ્રી કનૈયાલાલ મુનશી
ઈ. ૧૯૦૪માં · કૉલેજમાં

કનૈયાલાલ મુનશી:
સાહિત્યજીવન અને સર્જકપ્રતિભા

અર્વાચીન ભારતનાં અગ્રણી નરરત્નોમાં સ્મરણીય સ્થાન ધરાવનાર એક મહાન ગુજરાતી શ્રી કનૈયાલાલ મુનશીનો જીવનપરિચય લગભગ એમના જ શબ્દોમાં આપતા બે ખંડ અગાઉ 'કુમાર'માં આવી ગયા છે. આ ત્રીજા ખંડમાં એ જ ઢબે એમની સાહિત્ય-કારકિર્દીનો પરિચય શરૂ થાય છે.

લેખક
ડૉ. મધુસૂદન પારેખ

'બુદ્ધિના બડેખાં હોવાનું મારું અભિમાન ઓછું નહોતું. સોળમે વર્ષે તો મેં તત્ત્વજ્ઞાન વાંચવા માંડેલું. વાદમંડળમાં પણ મારું સ્થાન આગળપડતું હતું...વર્ડ્ઝવર્થ, બાયરન, શેલી અને ટેનિસનનાં બધાં કાવ્યો હું વાંચી ગયો હતો. હ્યુગોની કૃતિઓ પણ વાંચી ગયો. ડ્યુમાની તો એકએક કૃતિ અનેક વાર વાંચી. તત્ત્વજ્ઞાનના વાચન ઉપરાંત મેં ફ્રાન્સના વિપ્લવનો અભ્યાસ કર્યો...કૉલેજમાં હતો ત્યારે Briggs' Cities of Gujarat વાંચીને The Graves of Vanished Empires નામનો લેખ વડોદરા કૉલેજના સામયિકમાં મેં લખ્યો હતો. જ્યારે હું ગુજરાતી વાંચવા ને લખવા લાગ્યો ત્યારે ગુજરાતી ભક્તિના અંકુર મારા હૃદયમાં ફૂટવા લાગ્યા.'

ઈ. ૧૯૧૨ની સાલ. ગુજરાતી ભાષા-સાહિત્યના ક્ષેત્રમાં ચીવટિયા અને ચોખલિયા ગણાતા એક સાક્ષરની આંગળીઓ 'સ્ત્રીબોધ' માસિકનાં પાનાં ઝડપથી ફેરવી જતી એકાએક અટકી. કોઈક 'ઘનશ્યામ વ્યાસ' નામના લેખકની એક વાર્તા 'મારી કમળા' પર એમની દૃષ્ટિ પડી. વાર્તાનું શીર્ષક એમને વિચિત્ર ભાસ્યું. આખી વાર્તા એ ઝીણી નજરે વાંચી ગયા એમની આંખમાં ચમક આવી. આ નવો લખનારો છે કોણ? જૂનામાંના તો કોઈ આવું લખે એવા નથી. એમના ચિત્તમાં ચટપટી થવા માંડી. 'મારી કમળા' ગુજરાતી વાર્તા સાહિત્યમાં નવી જ ભાત પાડનારી તેમને લાગી. તેમને અજંપો થયો. એમણે જાતે પ્રયત્ન કરીને 'સ્ત્રીબોધ'માંથી એ લેખકની ભાળ કઢાવી એને શોધતા શોધતા એની ઓરડીએ જઈ પહોંચ્યા, અને મુક્ત કંઠે ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં એ લેખકને આવકાર આપ્યો.

આ સાક્ષર તે આપણા દુરારાધ્ય મનાએલા વિવેચક નરસિંહરાવ દિવેટિયા; અને 'ઘનશ્યામ વ્યાસ' તે, અલબત્ત, કનૈયાલાલ મુનશી.

મુનશીએ આમ લલિત સાહિત્યમાં 'પા પા પગલી' ભરીને નહિ પણ 'લાંબી ફલાંગે' શિખર સર કર્યું. પરંતુ એ સિદ્ધિ આકસ્મિક ન હતી. એની પાછળ રહેલાં હતાં પશ્ચિમી વાર્તાસાહિત્યનું વાચન ને ફિલસૂફીનું પરિશીલન, ઈતિહાસનાં પુસ્તકોનો બહોળો અભ્યાસ અને સર્જક ચિત્તમાં મંથન વેદના ને વલોપાત જગાવનારા ચિત્રવિચિત્ર અનુભવોની સામગ્રી. મુનશીના જ શબ્દોમાં: 'હું funny little boy હતો. હું આખો વખત અરેબિયન નાઈટ્સ વાંચ્યા કરતો, અને બોલતી માછલી, પર્વતમાં પડેલા હીરા, ને ઊડતા ઘોડાના વિચાર કર્યા કરતો. દમાસ્કસના દરવાજા પર મને ગરુડ લઈ જાય, તેનો દરવાજો ખૂલે અને હું જ પહેલો હોવાથી કોઈ મને સુલતાન સ્થાપી કુંવરી પરણાવે, એની હું વાટ જોયા કરતો.'

આમ, બચપણથી જ તેમના કૌતુકરાગી ચિત્તમાં પ્રેમ અને શૌર્યની ભાવનાનાં બીજ પડેલાં હતાં અને સંવેદનની ઝણઝણાટી થયા જ કરતી હતી. એવા એ કિશોરકાળમાં એમની કલ્પનાસૃષ્ટિને રંગીન બનાવી મૂકે એવી એક ઘટના બની. એમના 'બાપાજી' સચીનમાં દીવાન નિમાયા. સ્વપ્નદ્રષ્ટા મુનશીના ચિત્તમાં ત્યાંના વાતાવરણ અને વાચનની ઊંડી છાપ પડી; અને સૌથી વિશેષ તો એક પ્રેમઘેલી બાલિકા 'દેવી'નો ત્યાં ભેટો થયો. અને ત્યારથી એ 'દેવી' એમના સર્જનમાં મહત્ત્વની પ્રેરણારૂપ બની રહી. એમણે લખ્યું છે:

'સચીનમાં મારી બાલકલ્પનાને અદ્‌ભુતરંગે રંગવાની અનેક સામગ્રીઓ હતી. પહેલાં તો પુસ્તકાલયમાં મંગાવાતાં બધાં પુસ્તકો ટપાલમાં દીવાન સાહેબને ઘેર આવતાં, એટલે નારાયણ હેમચંદ્ર અને જહાંગીર તાલિયારખાનની નવલકથાઓ ભૂખ કે ઊંઘની પરવા કર્યા વિના હું વાંચ્યે જતો. પણ આ અરસામાં બે પુસ્તકોએ મારું હૃદય કબજે કર્યું. એક હતું 'હાતિમતાઈનાં પરાક્રમો'. બોલતા પર્વત, ઉદાર પંખીઓ, માયાળુ સિંહ વગેરે અદ્‌ભુત વસ્તુઓથી ભરેલાં જંગલોમાં હું એની સાથે વિહરતો. બીજું પુસ્તક 'મુદ્રા અને કુલીન' હતું. તાલિયારખાનની એ નવલકથા મારા બાલ કલ્પનાવિલાસને ઐતિહાસિક નવલકથાનો માર્ગ બતાવી રહી હતી...

સચીનનાં સંસ્મરણોનું તેજસ્વી મધ્યબિંદુ તો એક આઠનવ વર્ષની બાલિકા હતી. ગૌરવર્ણી ને તેજસ્વી, હેતાળ ને તોફાની. અમે સાથે રમતાં, નાનાં છોકરાં રમે છે તેમ; અમે તોફાન કરતાં, લડતાં, કોઈ વાર રડતાં પણ ખરાં—નાનાં છોકરાં હમેશાં કરે છે તેમ. એણે મારે માટે ઘણો ભક્તિભાવ કેળવ્યો હતો. મારી કલ્પનાએ એની આસપાસ કંઈકંઈ સૃષ્ટિઓ ઘડી ને ભાંગી. એક મૂર્ખ કલ્પનાવિલાસી બાલકના ત્રણ-ચાર મહિનાનાં એ સંસ્મરણોના મૂળમાંથી કેટલાં ય વર્ષો સુધી સ્વાનુભવ અને સાહિત્યની સરિતાઓ વહી રહી. એ સ્મરણોનાં સમૃદ્ધરંગી ચિત્રો ખાસ કરીને 'વેરની વસૂલાત'માં ચીતર્યાં છે.'

સચીનમાં મળેલી એ 'દેવી' મુનશીના હૃદયનો કબજો લઈ બેઠી હતી. એમનો અતૃપ્ત આત્મા દેવીનું રટણ કરીકરી (અનુ. પૃ. ૨૩૧મે)

છેલ્લો હપ્તો

અંજામ અને ઘટસ્ફોટ

લેખક • હર્ષદ શેઠ

ટેબલ પર સુવાડેલા નિખિલ પર નવા બનાવેલા યંત્રથી સંશોધન ચાલી રહ્યું હતું. શરીર પર પડતાં પ્રકાશકિરણો એની ચામડીમાં ચટકા ભરતા હોય તેવું એને લાગતું હતું. થોડી વાર સુધી એ ક્રિયા ચાલુ રહી. પછી તેના પર ઘેરા વાદળી રંગોનો પ્રકાશ ફેંકવામાં આવ્યો એથી એને ઘા પર મલમ લાગતો હોય એવી શાતાની લાગણી થઈ.

ઝડપથી તેની ચામડીના કોષો વિષેની નોંધ તૈયાર થઈ રહી હતી. થોડી વાર પછી પેલા જીવશાસ્ત્રીએ ફરી યંત્ર ચાલુ કરવાની સૂચના આપી. નિખિલને પોતાના હૃદયના ધબકારા પ્રમાણે જ સામેના પડદા પર એક પ્રકાશબિંદુ ઝબકતું દેખાયું.

એ પછી તેની છાતી પર સફેદ દૂધ જેવા પ્રકાશની ધારા વહેવડાવવામાં આવી અને સામેના પડદા પર તેના હૃદયમાં થતાં રક્ત-પરિભ્રમણની પ્રક્રિયા સ્પષ્ટપણે દેખાવા લાગી.

'આ લોકોના શરીરનું યંત્રીકરણ કરવું બહુ મુશ્કેલ નથી.' પેલા જીવશાસ્ત્રીએ કહ્યું.

'પરંતુ એમની વિચારક્રિયાઓ બહુ જ ગૂંચવણભરી છે. સૌથી પહેલાં તો આપણે તેમના વિચાર અને લાગણીકેન્દ્રોનું યંત્રીકરણ કરવાનો પ્રશ્ન વિચારવો જોઈએ.' મુખીએ જીવશાસ્ત્રીને કહ્યું.

નિખિલ મનોમન સમસમતો હતો કે આ લોકો એના મગજનું યંત્રીકરણ કરવા માગે છે કે શું?

'મને તો આની જીવન-પ્રવૃત્તિનું કારણ જાણવામાં રસ છે. મરણ વખતે તેના દેહમાંથી શું બહાર નીકળે છે એની નોંધ થઈ શકે તો બસ!'

નિખિલને વિચાર થયો કે આ બધા રંગોમાં મોતનો રંગ કેવો હશે? લીલોછમ ઝેર જેવો કે લાલ બિહામણો? તેને એ પણ ભય લાગ્યો કે કદાચ આજ ને આજ તેને ખતમ કરવાનો પ્રયત્ન થશે, પરંતુ તે લોકોનો વિચાર એવો ન જણાયો. ટેબલ પરથી ઊંચકીને તેને બીજા રૂમમાં લઈ જવામાં આવ્યો.

આજે નિખિલ બેચેન હતો. મનમાંથી અનેક વિચારોની હારમાળા પસાર થતી હતી. પ્રોફેસરના સહવાસથી જાગેલી મહાન પ્રકાશશાસ્ત્રી બનવાની તેની મહત્ત્વાકાંક્ષા ધૂળમાં મળતી લાગી. પોતે તૈયાર કરેલી પ્રકાશ શાસ્ત્રની નોંધો ફાડી નાખવાનું તેને મન થતું હતું. તેણે વિચાર્યું કે જો તે આમ નિષ્ક્રિય બની જે થાય છે તે જોયા કરશે તો વિજ્ઞાનમાં માનતા આ વૈજ્ઞાનિકો તેના પર કોઈ દયા દેખાડવાના નહોતા. તેને ઉત્પલાદેવીની યાદ આવી અને તે ગળગળો થઈ ગયો. તેને લાગ્યું કે તે રડી પડશે પણ તેણે તરત જ પોતાની જાતને કાબૂમાં લઈ લીધી. તેના ઓરડામાં પ્રવર્તતો ઘેરો વાદળી રંગ તેના દેહને સુખદ અનુભવ કરાવતો હતો. પણ તેના ચિત્તમાં વ્યગ્રતાનું તોફાન મચી રહ્યું હતું. આ અંડાકારમાં આવ્યાને હજી થોડા દિવસ થયા હતા, પણ તેને લાગતું હતું કે લાંબા વખતથી એ પોતાની દુનિયાથી વિખૂટો પડી ગયો છે. લગભગ એકાદ કલાક સુધી એ શૂન્યમનસ્ક રહ્યો. તેને લાગ્યું કે તેણે જરા પ્રફુલ્લ બની છટકવાનો કોઈ ઉપાય શોધવો જોઈએ.

અવારનવાર નિખિલની ખબર કાઢી જતો એક પરગ્રહવાસી, ટ-૧૦૭ ઓરડામાં આવ્યો ત્યારે નિખિલે તેને કહ્યું. 'મારે તમારા મુખીને મળવું છે.'

'ચાલો.' ટ-૧૦૭ બોલ્યો: એક-બે ઓરડા વટાવી તેઓ મુખીના ઓરડામાં આવ્યા.

'કેમ તમને કંઈ તકલીફ છે?' મુખીએ પૂછ્યું.

'હા, મને તમે દિવસનો બાકીનો ભાગ એક જ ઓરડામાં ગોંધી રાખો છો તે નથી ગમતું. મને તમારા યાનમાં હરવાફરવાની છૂટ મળવી જોઈએ'. નિખિલે કહ્યું.

'ગમતું નથી?' મુખીને નવાઈ લાગી. જાણે કોઈ નવો જ વિચાર તેની સામે રજૂ ન થતો હોય!

નિખિલને યાદ આવ્યું કે આ સ-૨૩ ગ્રહવાસીઓ લાગણીહીન હોઈ ન ગમવામાં ન માનતા હોય તે તદ્દન સ્વાભાવિક છે.

'એટલે એમ કે હું વિજ્ઞાનમાં માનું છું અને તમારા યંત્રો વિષે જાણવા માગું છું. જો તમે મને એટલી સગવડ આપો તો.'

'ના, તમે વિજ્ઞાનમાં માનો છો એમ તો ન કહેવાય. અમે તમારાં લાગણીકેન્દ્રો કેવી રીતે દૂર કરી શકાય તેનું સંશોધન કરી રહ્યા છીએ. તમારાં એ લાગણીકેન્દ્રો દૂર કરીએ પછી જ તમે વિજ્ઞાનમાં બરાબર માની શકશો.'

'એટલે, તમે શું મારાં લાગણીકેન્દ્રો દૂર કરવા માગો છો?' આ લાગણીકેન્દ્રો શું છે તે બરાબર સમજાતું ન હોવા છતાં તેણે પૂછ્યું.

'હા, એમાં આટલા બધા ચોંકવાનું શું કારણ છે? તમને આવેગ-આવેશ, મમતા દયા એ બધાથી પર થવું ન ગમે?'

નિખિલ મૂંઝાઈને ઊભો રહ્યો. તેને આ લોકો સાથે કેમ વાત કરવી એ જ સમજાતું નહોતું.

'તમારે મૂંઝાવાનું કારણ નથી. તમને યાનમાં હરવા-ફરવાની છૂટ છે, પરંતુ કોઈના સંશોધનકાર્યમાં વિક્ષેપ કરશો નહિ.'

નિખિલને એટલું જ જોઈતું હતું. એ ઉપરના માળ પર આવેલા નાનકડા ખંડમાં ગયો. ત્યાં એક સ-૨૩વાસી ટ-૧૦૯ અમુક કળને ઉઘાડ-દાબ કરીને પછી એક બીજા યંત્ર પર કંઈક નોંધ કરી રહ્યો હતો. સામે થર્મોમીટર જેવા આકારની નળીમાં કોઈ પ્રકાશિત પ્રવાહી જુદા-જુદા આંકડા આગળ થોભતું હતું જેની નોંધ પેલો ટ-૧૦૯ લખી લેતો હતો. નિખિલે જોયું તો પ્રવાહી પેલી નળીમાં ઊંચે ને ઊંચે ચડતું જતું હતું. બાજુની બારીમાંથી નિખિલે બહાર નજર નાખી તો કેટલાંક પંખીઓ રાતને સમયે પણ માળા છોડી વિહ્વળ બનીને નાસતાં હતાં. એક પંખી તો થોડુંક ઊડ્યું ન ઊડ્યું ને ત્યાં જ ફસકાઈ પડ્યું. નિખિલને શું થઈ રહ્યું છે તેનો કંઈક ખયાલ આવ્યો. તેણે ટ-૧૦૯ની ક્રિયાનું અને તેના શરીરનું બરાબર નીરિક્ષણ કર્યું. તેણે જોયું કે જ્યારે ટ-૧૦૯ એક લાલ રંગની કળ દાબતો હતો ત્યારે પેલું પ્રવાહી નળીમાં ઊંચું જતું હતું અને કાળી કળ દાબતો હતો ત્યારે પ્રવાહી નળીમાં નીચે આવતું હતું. તેણે એ પણ જોયું કે ટ-૧૦૯ની ગરદનના નીચેના ભાગમાં એક લીલા રંગની કળ જેવું કંઈ હતું.

નિખિલે વિચાર્યું કે જો આ પ્રવાહીને ઉપર જતું અટકાવવામાં નહિ આવે તો કદાચ બહારનું ઉષ્ણતામાન ભયંકર રીતે વધી જશે અને થોડે દૂર દેખાતી પેલી આધુનિક સંશોધન-સંસ્થાની અંદરનાં માણસો પણ પેલા પંખી પેઠે જીવતા ને જીવતા શેકાઈ જશે. તેણે ટ-૧૦૯ની પાછળ ખસી જઈને એકદમ પેલી લીલી કળ દાબી દીધી અને પછી તુરત આગળ ખસી જઈ પેલી કાળા રંગની કળ દાબી નળીમાંનું પ્રવાહી નીચે આવવા લાગ્યું. પેલા ટ-૧૦૯ની આંખો ઝમકતી હતી, પરંતુ એના હાથપગની ગતિ તદ્દન અટકી ગઈ હતી.

નિખિલ તે ઓરડો છાડી બીજા ઓરડામાં દાખલ થયો. ત્યાં સૂર્ય-ની સંગ્રહિત પ્રકાશ-શક્તિથી રાસાયણિક ખોરાક બનતો જણાયો.

અંડાકારમાં એક ઘરઘરાટી શરૂ થઈ અને તેણે ગતિ ધા ણ કરી હોય તેમ લાગ્યું. નિખિલે ધાર્યું કે સવારના પાંચેક વાગ્યા હોવા જોઈએ. તેની આંખમાં ઊંઘ ભરાતી હતી. તે પોતાના ઓરડામાં જઈ ઘેરા વાદળી રંગની સુખદ લાગણી અનુભવતો સૂઈ ગયો.

પણ જ્યારે તે જાગ્યો ત્યારે તેને બાંધી લેવામાં આવ્યો હતો. તેને શાંતિથી જણાવવામાં આવ્યું કે તેણે મમતાને લઈને સંશોધનમાં વિક્ષેપ પાડયો છે અને આવું ફરીથી ન થાય તે માટે તેને બાંધી લેવા-માં આવ્યો છે.

નિખિલને નવાઈ લાગતી હતી કે આ લોકોને ગુસ્સા જેવી કોઈ લાગણી જ નહોતી. માત્ર તર્ક જ તેમને પ્રભાવિત કરતો. વધારામાં તેને માહિતી આપવામાં આવી કે ગુરુવારે સાંજ સુધીમાં તેનું મમતા-કેન્દ્ર કેમ દૂર કરવું તેનું સંશોધન પૂરું થઈ જવાની ધારણા છે. તે પછી તેને યાનમાં હરવાફરવાની ફરીથી છૂટ આપવામાં આવશે.

ગુરુવારે બપોરના તેને એક વિચાર આવ્યો. યાનમાંથી છટકવાની એક પાકી યુક્તિ તેને જડી ગઈ. તેણે ટ-૧૦૭ને જણાવ્યું કે તેની ઇચ્છા પેલા જીવશાસ્ત્રીને મળવાની છે. આવેશમાં આવીને ફરી કંઈ તોફાન ન કરી બેસે એટલા સારુ એના હાથ પાછળ બાંધીને પેલા જીવશાસ્ત્રી આગળ તેને લઈ જવામાં આવ્યો.

'તમે વિજ્ઞાનના વિકાસમાં માનો છો?' તેણે જીવશાસ્ત્રીને પૂછ્યું.

'અલબત્ત.' જવાબ મળ્યો.

'મારું મમતા-કેન્દ્ર કેવી રીતે દૂર કરવું એ વિષેનું તમારું સંશોધન પૂરું થઈ ગયું?'

'ના, હજી એમાં થોડી મુશ્કેલી જણાય છે.'

'તમને અમારા ગ્રહ પરનું મમતાહીન પ્રાણી જોવા મળે તો તમારા સંશોધનમાં કંઈ લાભ થાય ખરો?'

'જરૂર, જરૂર...' પેલાએ ઉત્સાહમાં આવી જઈ કહ્યું.

'આ વિસ્તારમાં એવું એક પ્રાણી મળી શકે એમ છે. તેને મમતા નથી હોતી. મારી પેઠે એને હાથ નથી, પગ પણ નથી...'

જીવશાસ્ત્રીને આમાં રસ પડયો. કારણ કે આવું નવતર પ્રાણી તેના સંશોધનમાં અને તેથી વિજ્ઞાનના વિકાસમાં જરૂર ઉપયોગી નીવડે તેમ હતું. 'એ પ્રાણીનો ક્રમાંક શો છે?' એણે નિખિલને પૂછ્યું.

'અમે ક્રમાંક નથી આપતા, નામ આપીએ છીએ.' નિખિલે હસતાંહસતાં કહ્યું.

'અચ્છા, નામ?'

'અમે એને સર્પ કહીએ છીએ?' અને પછી ધીરેથી ઉમેર્યું, 'તમારી ઇચ્છા હોય તો આજે રાત્રે એને પકડવા જઈએ.'

'જરૂર! એ પ્રાણી મળશે તો તમારા વિષેના સંશોધનમાં હું ઘણી ઝડપ કરી શકીશ.'

નિખિલ રાત પડવાની રાહ જોતો હતો. સાંજના સાતેક વાગ્યાના સમયે પેલો જીવશાસ્ત્રી અને બીજો એક ટ-૧૧૫ તેને લેવા આવ્યા.

'ચીપિયા જેવું કંઈ હોય તો સાથે લઈ લેજો.'

'ચીપિયાની કંઈ જરૂર નથી તમે માત્ર અમને એ પ્રાણી બતાવજો પ્રકાશની અસરથી આપણે તેને બેભાન કરી દઈશું.'

'પરંતુ તમારે એને જીવતું પકડવું છે ને? તેનું ચિત્ત-તંત્ર અતિશય નાજુક છે. કદાચ તે તમારા પ્રકાશની અસરથી મરી પણ જાય.'

નિખિલ હવે આ પ્રકાશના ઉપયોગથી કંટાળ્યો હતો. દરેક વાત-માં પ્રકાશના ઉપયોગ કરવાની આ લોકોની વૃત્તિનો તેને ધરવ થઈ ગયો હતો.

અને પછી ખિસ્સામાં પોતાની ડાયરી છે કે નહિ તેની ખાતરી કરી લઈ એ પેલા બે જણ સાથે ચાલી નીકળ્યો. ચીપિયો તો યાનમાં ક્યાંથી હોય પણ એણે બે લાંબા સળિયા બાંધીને એવું સાધન બના-વીને સાથે લઈ લીધું મુખીએ પણ વિજ્ઞાનના વિકાસ માટે તેને બહાર જવાની રજા આપી. ચીપિયાની ધાતુ મજબૂત અને ભારે હતી. નિ-ખિલે એની તો ખાસ તકેદારી રાખી હતી. આગળ નિખિલ અને પા-છળ પેલા બન્ને સ-૨૩ ગ્રહવાસીઓ ચાલ્યા. પણ હવે નિખિલને કઈ દિશામાં આગળ વધવું તેની મૂંઝવણ થઈ. અત્યારે તેઓ પહાડની પૂર્વ દિશામાં હતા. એટલે કે પહાડની જે બાજુ આધુનિક સંશોધન સંસ્થા હતી તેની વિરુદ્ધ દિશામાં. નિખિલે જોયુ તો પૂર્વ દિશામાં કંઈક ખુલ્લી કહી શકાય એવી તળેટી હતી. જ્યારે ઉત્તર અને દક્ષિણ દિશામાં આછું કહી શકાય એવું જંગલ હતું. નિખિલે બન્નેને તે દિશામાં દોર્યા.

'આ રહ્યો સર્પ.' એમ કહીને એ જરાક આગળ દોડયો. પેલા બન્ને જણા પણ તેની પાછળ દોડયા આજે તેઓ જરાક સજાગ હતા. પણ એકાએક નિખિલે પાછળ ફરીને પેલો લાંબો ચીપિયો પૂરેપૂરા જો-રથી જીવશાસ્ત્રીના માથામાં ફટકાર્યો, જાણે કોઈ નક્કર વસ્તુ સાથે એ અથડાયો ન હોય. તેમ છતાં ઘા સાવ નકામો નહોતો ગયો. પેલાના માથામાં તિરાડ પડી ગઈ હતી અને એની લાલ આંખના ઝબકારા ઘટતા જતા હતા. નિખિલ વાંકો વળીને ભાગ્યો. આ એકાએક હુમ-લાથી ખમચાઈ ગએલો બીજો ટ-૧૧૫ એકદમ નિખિલની પાછળ દો-ડયો અને પોતાની પાસેના ટૉર્ચ જેવા સાધનમાંથી ભયંકર ઉષ્ણ પ્રકાશ નિખિલ તરફ ફેંક્યો. નિખિલ વૃક્ષોની ઓથમાં લપાતોછુપાતો નાસતો હતો. તેને પેલી ટૉર્ચમાંથી ફેંકાતા પ્રકાશની ભયંકરતાનો ખયાલ હજી આવ્યો ન હતો, પણ પ્રકાશની સેર તેના પગને સહેજ સ્પર્શી અને તેને લાગ્યું કે તેના પગ પર અંગારો ચંપાયો છે. પગના એટલા ભાગની ચામડી બળી ગઈ.

ટ-૧૧૫ ઉષ્ણ-પ્રકાશનો પટ્ટો પહોળો ને પહોળો કર્યે જતો હતો. નિખિલને હવે જીવતું મોત જાંબલી રંગનો આકાર બની તેની પાછળ દોડતું હોય તેવું લાગ્યું. બચવાનો હવે કોઈ ઉપાય દેખાતો નહોતો. વિચાર આવ્યો કે ફરીથી શરણે થઈ જાઉં તો; પણ પછી તેમની મમતા કેન્દ્ર કાઢી નાખવાની અને જીવ વિષે સંશોધન કરવાની વાતો તેને યાદ આવી. ટેબલ પર પેલા પ્રકાશની કીડીઓ તેને કોરી ખાય એ કરતાં તો આ રીતે ભાગતાંભાગતાં બળી જવું તેને બહેતર લાગ્યું.

થોડેક દૂર એક ઝાડના થડની પાછળ તેણે ખાડા જેવું જોયું. કંઈ પણ વિચાર કર્યા વિના તે એમાં ઊતરી જઇને લપાઇને બેસી ગયો. તેને લાગ્યું કે ખાડાની આજુબાજુ પેલો ધગધગતો પ્રકાશ રેલાઈ રહ્યો હતો. સારું હતું કે તે અવાહક માટીની ઓથે બેઠો હતો. જો કોઈ વાહક ધાતુની ઓથમાં બેઠો હોત તો શેકાઇને મરી જાત.

ભયંકર ઉત્તેજનાની બે ત્રણ મિનિટ પસાર થઈ ગઈ. પેલા પ્રકાશે તેની દિશા બદલાવી. એણે હિંમત કરી સહેજ માથું ઊંચકી બહાર નજર નાખી. પ્રકાશનો પટ્ટો થોડી વાર આજુબાજુ ફરતો દેખાયો અને પછી બંધ થઈ ગયો. નિખિલના મનમાં છૂટકારાની ગજબ શાંતિ થઈ. કંઈ પણ હલચલ કર્યા વિના એ ખાડામાં ગુપચુપ પડયો રહ્યો ને બીજી પંદરેક મિનિટ બાદ ઊઠીને સાવચેતીપૂર્વક ક્યાંય જાંબલી રંગનો પ્રકાશ દેખાય છે કે નહિ તે જોઈ લઇને પછી દોડવા માંડયું. પાગલની જેમ ત્યારે એને ન તો દિશાનું ભાન હતું કે ન તો અંધકારની ફિકર. એકાદ કલાક સુધી એ જંગલમાં સતત દોડતો જ રહ્યો. અંતે એ એક કાચા રસ્તા પર આવી પહોંચ્યો.

ત્યાં બેસી જઇને તેણે નિરાંતે શ્વાસ ખાધો. તેને લાગ્યું કે રાતના નવેક વાગ્યાનો સમય થયો હશે. આખરે તેણે રસ્તા પર ચાલવા માંડયું. શરીરમાં બેહદ થાક વર્તાતો હતો, પરંતુ મનમાં મુક્તિનો આનંદ ઊછળતો હતો. તેની સામે સોનેરી સ્વપ્નોની હારમાળા ખડી થતી હતી. એના ખિસ્સામાં પેલી જે ડાયરી હતી. તેમાં એણે જગતને ચમકાવી મૂકે એવા સિદ્ધાંતો નોંધ્યા હતા. હવે તે પોતાની કલ્પનાની પ્રકાશથી ચાલતી દુનિયા સર્જી શકશે એવો એને વિશ્વાસ હતો. પણ કંઈક ખડખડાટથી એની સ્વપ્નમાળા તૂટી. તેણે જોયું તો પાછળથી એક ગાડું ચાલ્યું આવતું હતું. એ રાજી થઈ ગયો. ગાડાવાળાને ઊભો રાખી એ જ્યાં જતો હોય ત્યાં પોતાને લઈ જવા એણે વિનતિ કરી. ગાડું ખાલી જ હતું. એટલે ગાડાવાળાને કશો વાંધો નહોતો.

'કયે ગામ આ ગાડું જાય છે?' અંદર બેઠા પછી નિખિલે અર્ધ નિદ્રામાં પૂછ્યું.

'શ્યામપુર.'

'શ્યામપુર કેટલુંક દૂર હશે અહીંથી?'

'પાંચેક માઈલ.'

નિખિલને ખબર પણ ન પડી કે તે ક્યારે ઊંઘી ગયો. પણ તેને સ્વપ્નોમાંથી ઝબકાવી દેતો એક અવાજ સંભળાયો.

'ઊઠો સાહેબ, શ્યામપુર આવી ગયું!' ગાડાવાળો કહેતો હતો.

'ભાઈ, તારે ત્યાં આજની રાત રહેવા દઇશ?' નિખિલે પૂછ્યું.

'જરૂર, એમાં શો વાંધો છે?'

સવારના આઠ વાગ્યા સુધી તે ઘોરતો રહ્યો. સાડાઆઠ વાગ્યે તે જાગ્યો ને ગાડાવાળાને માર્ગ પૂછીને ત્રણેક માઇલ દૂર આવેલા સ્ટેશન તરફ ઊપડયો.

સ્ટેશનથી જ્યારે એ થોડેક દૂર હતો ત્યાં જ તેણે કાન ફાડી નાખે તેવો એક ધડાકો સાંભળ્યો. તે શુક્રવારની સવાર હતી.

થોડી વારે ઓરડામાં શાંતિનો ભંગ થયો. પ્રબુદ્ધે કહ્યું, પ્રોફેસર, હવે શું કરવું છે?' એના અવાજમાં પુત્ર ગુમાવ્યાની વ્યથાનો ભાર સ્પષ્ટપણે ઓળખાતો હતો.

પ્રોફેસર મૂંગા જ રહ્યા. તેમણે માત્ર કપાળ પર આવતી વાળની એક લટને ઊંચી કરી. આમ કરવામાં પણ જાણે તેમની આંગળીઓને થાક લાગતો હતો.

'ચાલો, બધા કલકત્તા જઈએ.' પ્રબુદ્ધે જ આખરે કહ્યું.

'ઉત્પલાદેવીને મોં બતાવવાની મારી હિંમત નથી.' પ્રોફેસરે કહ્યું.

'પણ અહીં શું કરશો?' 'કાંઈ જ નહિ!'

'તો તો પછી ચાલો જ.'

કલકત્તામાં જ્યારે પ્રબુદ્ધ મુખોપાધ્યાયના નિવાસસ્થાને બધા પહોંચ્યા ત્યારે સાંજ ઢળવા આવી હતી. સૌથી પહેલાં પ્રબુદ્ધ ઘરમાં દાખલ થયો. પાછળ દાદર ચડતા બધાને એનો હર્ષથી વિહ્વળ અવાજ સંભળાયો, 'નિખિલ!'

પ્રોફેસરને લાગ્યું કે પ્રબુદ્ધ કોઈ માનસિક આઘાતની પ્રતિક્રિયામાં બૂમ પાડી ઊઠયો છે!

પરંતુ પોતે જ્યારે દીવાનખાનામાં દાખલ થયા ત્યારે નિખિલ પ્રબુદ્ધને ભેટી પડયો હતો. પ્રોફેસરને જોતાં જ તે પિતાની બાથમાંથી સરકીને પ્રોફેસરની પાસે આવી ઊભો રહ્યો. પ્રોફેસરે હળવેકથી તેને પોતાની પાસે ખેંચી તેના માથામાં ખૂબ હાથ ફેરવ્યો. નિખિલે મોં ઊંચકી જોયું તો પ્રોફેસરની આંખમાં આંસુ ચળકી રહ્યાં હતાં.

'પ્રોફેસર સાહેબ, હવે આપણે પ્રકાશથી ચાલતું જગત સર્જી શકીશું.' નિખિલથી ન રહેવાયું. પ્રોફેસર સ્વસ્થ બની ગયા.

'અને તને નિખિલ કહીશું કે ટ-૧૮૫?' પ્રોફેસરે પૂછ્યું.

'એટલે, તમે શું કહેવા માગો છો?' નિખિલને લાગ્યું કે એમના અવાજમાં કંઈક વક્રતા હતી.

'એમ કે આપણે માણસોને નામ આપીશું કે ક્રમાંક? કેમ નવું જગત સર્જીને એની કોઈ વ્યવસ્થા પણ વિચારવી પડશેને?'

'પ્રોફેસર, તમે આ બધું શું બોલો છો?' નિખિલે નિરાશ થઇને કહ્યું. 'હું પ્રકાશશાસ્ત્રના કેટલા નવા સિદ્ધાંતો લખી લાવ્યો છું એ તો જુઓ.'

'નિખિલ, હું વિજ્ઞાનના વિકાસમાં નથી માનતો! હવે સમજાય છે હું શું બોલું છું તે?' પ્રોફેસરે એ જ દર્દભર્યા સ્વરે પૂછ્યું.

રાત્રે જ્યારે બધા જમવા બેઠા ત્યારે પ્રોફેસરે જણાવ્યું કે પોતાને એક બહુ જ અગત્યની જાહેરાત કરવાની છે. અને પછી થોડી વારે એમણે કહ્યું. 'હું આધુનિક સંશોધન-સંસ્થાનું વિસર્જન થએલું જાહેર કરું છું!'

બધા એ સાંભળી સ્તબ્ધ થઈ ગયા.

પ્રોફેસરના અંતરમાં વંટોળિયો શમી ગયો હતો. એમની આંખોમાં નિર્ણયની ઝલક હતી. એમણે આગળ ઉમેર્યું, 'અને આજથી હું વૈજ્ઞાનિક પણ નથી. માત્ર એટલા જ ખાતર કે મારે પૃથ્વીને 'સ-૨૩' જેવો ગ્રહ બનતો જોવાની ઇચ્છા નથી. હું જાણું છું કે મારી વૈજ્ઞાનિક કારકિર્દીના અંતથી વિજ્ઞાનના વિકાસની પ્રક્રિયા રોકાવાની નથી. છતાંયે માત્ર મારી ધૂનને ખાતર હું......' તેઓ સહેજ અટકયા.

'તો પ્રોફેસર તમે કરશો શું?' ચન્દ્રશેખરે પૂછ્યું.

આયગર પણ પ્રોફેસરના કથનને સમજવા મથી રહ્યો હતો.

'છોકરાઓને નિશાળમાં સંસ્કૃત શીખવીશ. મને સંસ્કૃત સારું આવડે છે.' પ્રોફેસરે સ્મિત કરતાં કહ્યું.

ચન્દ્રશેખરને લાગ્યું કે એક પ્રતિભા વ્યર્થ વેડફાઈ જઈ રહી છે. પણ કોઈ કંઈ બોલ્યુ નહિ. નિખિલ ખિસ્સામાં પડેલી પોતાની ડાયરી પર હાથ ફેરવતો રહ્યો.

સંગીતની સૂઝ ને સમજની દિશામાં વાચકોને દોરવાના થોડા પ્રયત્નો અગાઉ થયા છે. એક વધુ

સંગીત-સાધના

લેખક · સાધુરામ યોધ

૧

'કંગન મુદરિયા મોરી રે' આ શબ્દોમાં વણાએલું એક ગીત હું નાનો હતો ત્યારે રોજ સાંભળતો. મારા પિતાએ પુષ્કળ ગ્રામોફોન રેકર્ડ વસાવેલી. એમાંની ઘણી મને ખૂબ ગમતી. બીજાં પણ એવાં ઘણાં ગીત સાંભળીસાંભળીને હું ગાયા કરતો. એ ગીત કોણ ગાય છે, કે તે કયા પ્રકારનું કહેવાય, તેની કશી જ ગમ મને નહોતી. એક વાર મારા પિતાને એ ગીત કેવું કહેવાય તે મેં પૂછ્યું ત્યારે એમણે મને કહેલું કે તે આગ્રેવાલી ઝોહરાબાઈએ, મુલતાની રાગિણીની, ત્રિતાલમાં ગાએલી ચીજ હતી. ગીતના શબ્દો મને પૂરા સમજાતા નહિ. બાઈ એવી રીતે ઉચ્ચાર કરતી કે 'મોરી રે' એટલો જ એક લાંબો ઉચ્ચાર સમજાતો. છતાં ત્રણ મિનિટની એ રેકર્ડમાં એટલા થોડા શબ્દો અનેકવિધ સુંદર સ્વરૂપોમાં એવી તો હલકથી ઝોહરાબાઈ ગાતી કે આખો દિવસ મારા મનમાં એ ગુંજ્યા કરતા. ઘણાં વર્ષો પછી મને સમજાયું કે (કોમલ રિષભ તીવ્રમધ્યમવાળી) 'નિ મ ગ રે સા' એ મુલતાનીના જીવભુત સ્વરોની તાન છે. ફાયદો એ થયો કે હું સ્વરો 'આ'કારમાં ખૂબ સહેલાઈથી ગાતો થયો, તેમજ ગાયનમાં તે તરત જ ઓળખી લેતો થયો. આ પ્રક્રિયા પાંચપચ્ચીસ રાગ માટે મને બાળપણથી જ હસ્તગત થઈ ગઈ હતી. યમન, કેદાર, બાગેશ્રી, દરબારી, બસંત, સોહિણી, જોનપુરી, સારંગ, ભૈરવ, મિયાંકી મલ્હાર વગેરે બધા જ આ રીતે મને બેસી ગએલા.

મને લાગે છે કે સંગીત શીખવા માટે પાયાની કેળવણી આ છે. જાણ્યે-અજાણ્યે મને એ મળી તેથી હું તેને વખાણું છું એમ નથી; પરંતુ અનેક પ્રસિદ્ધ ગાયકોએ પણ મારા આ જ કથનને ટેકો આપેલો. 'એક ગુન સિખના, દસ ગુન રિયાઝ કરના, ઔર સો ગુન સુનના' એ સૂત્ર સંગીતની આલમમાં કોઇને અજાણ્યું નથી. સંગીતસાધનાની પાર્શ્વભૂમિકા માટે એ એક અત્યંત ઉપયોગી સૂત્ર છે.

હવે આરંભમાં જ એ પ્રશ્નો થશે કે ગાવું કે બજાવવું કેવી રીતે? કોણ ગાઈ શકે? કોણ વાદ્ય બજાવી શકે? શરૂઆત કેમ કરવી?

આનો જવાબ એ હોઈ શકે કે જેનો કંઠ મધુર હોય તે જરૂર ગાઈ શકે, ને બજાવી પણ શકે; પણ કંઠમાં મધુરતા ન હોય એવા માણસે વાજિંત્ર વગાડવું વધુ સારું છે. નૃત્યકાર પણ, ઉપર કહ્યું તેમ, સારું ગાઈ શકે અને બજાવી પણ શકે, કારણ સંગીત એ મૂલતઃ તો ગાયન, વાદન અને નર્તન એ ત્રણે લલિત કળાઓનો સમન્વય છે.

ગાવાની શરૂઆત કેમ કરવી એ તો કહેવું જ નકામું છે. 'ગા કહેતાં ગાય, ને ભણ કહેતાં ભણે, એવો દીકરો તો કો'ક મા જણે' એવી એક કહેવત છે. મતલબ એ તો 'આપકળા' જેવી વિદ્યા છે પરંતુ વિદ્યા છે માટે જ તેના જ્ઞાનની, તેને મેળવવાની પદ્ધતિ હોવી જોઈએ. ને છે પણ પરંતુ અહીં દર્શાવેલા વિચારો ઉપરાંત બીજી પદ્ધતિઓ પણ હોઈ શકે.

એક બાબત પ્રથમથી જ ધ્યાનમાં લેવા જેવી છે. સંગીત એ ગુરુમુખી વિદ્યા છે. એકલા પુસ્તકોના વાચન કે કેવળ સાંભળવાથી જ એ આવડતી નથી: એનાથી સમજ કેળવાશે, સુજ્ઞ શ્રોતા જરૂર થઈ શકાશે, એનો આનંદ આસ્વાદી શકાશે, પણ જાતે ગાયક કે વાદક થવાશે નહિ. એ માટે તો યોગ્ય ગુરુ પાસેથી સક્રિય, સંગીન તાલીમ લેવી જોઈએ.

સૈદ્ધાંતિક કે શાસ્ત્રીય વાતો બાજુ પર મૂકીએ. ક્રિયાત્મક (પ્રૅક્ટિકલ) વ્યવહારુ પદ્ધતિ અપનાવીએ. તમારો કંઠ મધુર હોય તો તમને અવારનવાર જ્યારે પણ કશુંક ગાવાની ઇચ્છા થઈ આવે ત્યારે તેને રોકશો નહિ. મનમાં ગણગણવાનો કે રટવાનો વાંધો નથી, પણ ગાવા બેસો તો સ્પષ્ટ ખુલ્લા સ્વરે ગાઓ. અવાજને દબાવશો નહિ. ક્ષોભને લીધે અવાજમાં કંપ ઊઠે તો તે ખાળવા પ્રયત્ન કરો. સામે બેઠેલા ભલે તમને ધ્યાનથી સાંભળતા હોય. તેની પરવા કર્યા વિના આંતરવૃત્તિથી કે ઊર્ધ્વ ભાવથી પ્રેરાઈ ગાયે જાઓ: જાણે તમે માત્ર પોતાની જાતને જ સંભળાવી રહ્યા છો. આથી ધીમેધીમે સ્વરનો કંપ નિર્મૂળ થશે. આમ સ્વર ખુલ્લો જ રાખવાની ટેવ પડશે એટલે ગમે તેવું ગીત સહેલાઈથી કંઠમાં બેસી જશે. મતલબ કે ગાતાં આવડશે જ. આ માટે ગીત, ભજન કે રાગદારી ચીજ બધું જ સરખું છે, રીત જુદી નથી.

આટલું આવડયા પછી એક મુશ્કેલી નડશે. ગાતા થશો એટલે એમાં બે ચાર ભજન, બેચાર ગીત, ફિલ્મી ગીત, ગઝલ કે રાગદારી ચીજ પણ ગાતા થશો. એમાં તમારા પાયાના સૂરનો તમે કશો ખયાલ રાખ્યો નહિ હોય. પરિણામે જુદાંજુદાં ગીતો જુદાજુદા સ્વરમાં ગાતા હશો. એમાં હવે કયાં મુશ્કેલી આવશે તેનું ઉદાહરણ આપું.

ચંડીદાસ ફિલ્મનું સાઈગલનું 'તરપત બીતે દિન રૈન' ગીત લો. તેવું જ 'વક્ત' ફિલ્મનું 'અય મેરી ઝોહરા જબીન' એ ગીત પણ લો. આ બંને ગીતમાં ઘણા ઊંચા તેમજ છેક નીચા મંદ્ર સ્વરો લેવા પડે છે. પહેલા ગીતમાં 'દિન' શબ્દ ખૂબ નીચા 'ખરજ'ના સ્વરમાં છે. એ શબ્દ બધા સાંભળી શકે તેવી રીતે તમે શરૂ કરશો તો છેલ્લે 'આવો સુનાવો અય મન કે બાસી' એટલા ઊંચા સ્વરમાં લેવા પડશે કે અવાજ કેળવાએલો નહિ હોય તો તરડાઇ જશે, કે લમણાંની નસો તરી આવશે. એ જ દશા બીજા ગીતમાં 'મૈં તેરી આંખો મેં પા ગયા દો જહાં'ની કડી વખતે તમારી થઈ જવાની. ત્યારે તમને સમજાશે કે તમારો સ્વર નક્કી કરેલી જગ્યાએ સ્થિર કરવાની જરૂર છે. એમ કરશો તો પછી તમને એ ગાતાં મુશ્કેલી નહિ પડે.

પણ સાથેસાથે એમ પણ બનશે કે પહેલા ગીતના 'બીતે દિન' શબ્દો ઘણાને સંભળાશે નહિ; એની ખૂબી મારી જશે. આ સ્વરો સંભળાય તેવા, લાંબા આંદોલનોવાળા કેમ કરવા એ સમસ્યા તમને મૂંઝવશે; ને સંભળાય તેવા હશે તો બેસૂરા, નીરસ અવાજે લેવાતા હશે. ગાનાર માટે આ બન્ને મુશ્કેલીઓ તીવ્રપણે અનુભવાતી હોય છે તે માટે નિયમિતરીતે નીચા સ્વરો ગાઈ તેમને પ્રગાઢ કરવા જોઈએ.

આટલે સુધી આપણે આવ્યા એટલે હવે તમને સભાનપણે લાગવા માંડયું હશે કે ગમે તે ગાઈએ તો પણ (૧) ખુલ્લો અકુંઠિત અને ક્ષોભરહિત અવાજ, (૨) કાયમ સ્વર, તેમજ (૩) નિયમિત મંદ્રસાધન એ સુશ્લિષ્ઠ ગાયન માટે અનિવાર્ય પ્રક્રિયાઓ છે.

વાદનમાં પણ વાદ્ય પર સ્વરો આવી જ રીતે નીપજાવવા જોઈએ. ફક્ત તેમાં દરેક વાદ્યને પહેલાં તો સૂરમાં મેળવવું પડે છે, ને ત્યાર બાદ તમામ સ્વરો કર્ણપ્રિય સૂરીલી આદતથી બજાવવા પડે છે. (ચાલુ)

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૪મું અધિવેશન ઑક્ટોબરની તા. ૭, ૮, ૯મીએ દિલ્હીમાં યોજાશે. તેમાં ફક્ત તા. ૩૧-૮-૬૭ સુધીમાં નોંધાએલા પરિષદના સભ્યો જ પ્રતિનિધિ તરીકે ઉતારાનો તથા રેલવે-કન્સેશનનો લાભ લઈ શકશે. આ અધિવેશનમાં ૧) સાહિત્ય, ૨) કલા, ૩) ઇતિહાસ પુરાતત્વ, ૪) પત્રકારત્વ અને ૫) શિક્ષણ-વિજ્ઞાનના પાંચ વિભાગો રાખ્યા છે જેને લગતા નિબંધો કાર્યાલયને (હ. કા. આર્ટ્સ કૉલેજ, ર. છો. માર્ગ, અમદાવાદ-૯) તા. ૧૫-૯-૬૭ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાનું સૌ સાહિત્યસેવીઓને નિમંત્રણ છે.

નવા ગગનની નીચે ૩

મિજલસમાં

ગુલાબદાસ બ્રોકર

પણ ઊંઘ શાની આવે? નવી જગ્યા, નવું શહેર, નવો દેશ, નવો ખંડ. ઊંઘ આવે આવે અને ઊડી જાય. અનેક જાતના વિચારો મનમાં ઊભરાયા કરે. હિંદુસ્તાનમાં બેઠેલાં સ્નેહીઓ યાદ આવે. સ્વપ્નો આવે. બહારના રસ્તા પરનો ઘોંઘાટ બંધ બારીઓમાંથી અંદર ઘસી આવે, ને આવતી ઊંઘને હડસેલી મૂકે. માંડમાંડ આંખ મળી. પાછી ઊઘડી ત્યારે સવાર પડી ગઈ હશે તેમ લાગ્યું. ઘડિયાળ જોયું તો તે બંધ પડી ગયું હતું. ચાવી મારવી ભુલાઈ ગઈ હશે. થાકેલાં અંગને નાહી ધોઇને આરામ આપવાનું મન થઈ ગયું. તરત રૂમમાંનો ટેલિફોન હાથમાં લીધો. નીચેની ઑફિસમાંથી જવાબ આવ્યો: 'હલ્લો.'

'આ રૂમ ૪૦૭ છે. મારે નાહવું છે. બાથરૂમમાં પાણી મુકાવો.'

'વારુ સાહેબ, સમય થયે મુકાવી દઈશ.'

'સમય થયે એટલે?' 'એટલે સવારે, સાહેબ.'

'તો અત્યારે શું છે?' 'રાત્રિ, સાહેબ.'

'પ્રભાત સમયની રાત્રિને?'

'ના, સાહેબ, રાત્રિના સમયથી રાત્રિ.'

'કેટલા વાગ્યા છે?' 'ત્રણ, સાહેબ.'

તે હસ્યો નહોતો, પણ મને ખાતરી થઈ ગઈ કે તે શરમાયા વિના, અવાજ વિનાનું હાસ્ય કરી રહ્યો હશે.

'ખરેખર?' 'હા સાહેબ.'

'ગધેડો છું.' મારા મનમાં થયું. પણ એ ખબર એને આપવા જેવા લાગ્યા નહિ. એમાં તો ગોટો જ વાળ્યો: 'ઘડિયાળ બંધ થઈ ગયું છે, માફ કરજો.'

'કંઈ નહિ, સાહેબ. સૂઈ જાઓ. સરસ નિદ્રા ને સુંદર સ્વપ્નો મળી રહો આપને.' કહીને એણે ટેલિફોન મૂકી દીધો; ટેલિફોન મૂકી દઈને એ ખડખડાટ હસ્યો હશે ચોક્કસ!

આખરે સવાર પડ્યું. થોડી ઊંઘ પણ આવી ગઈ હતી, પેલા સાહસકર્મ પછી. એટલે આરામ વરતાતો હતો. મોં-માથું કરીને નાસ્તા માટે નીચે ગયો. સુસજ્જ ઓરડો હતો. આજુબાજુ નજર કરતાં એક ચીની જેવા લાગતા ભાઈ તરફ નજર પડી. એ પણ મારી સામે જોઈ રહ્યા હતા. સહપ્રવાસી હશે. તેમની સામે હસ્યો. તેમણે પણ મૈત્રી-ભર્યું સ્મિત કર્યું. મારા ટેબલ પર આવ્યા: 'પી. ઈ. એન. માટે આવ્યા છો?'

'જી હા, આપ ક્યાંથી આવો છો?'

'કોરિયાથી.' સરસ માણસ લાગ્યા. પશ્ચિમ તરફી કોરિયાની પી. ઈ. એન.ના પ્રમુખ હતા. નામ હતું શ્રી ચાઉ. કવિ હતા. વાતો કરવાની મઝા આવી. નાસ્તો કરતાંકરતાં નક્કી કર્યું કે અમારે સાથેસાથે જ કૉન્ફ્રન્સની કચેરીની શોધખોળ કરવા નીકળવું. નાહી ધોઈને મારા રૂમમાંથી મને એ બોલાવશે.

હવે હું નિશ્ચિંત હતો. હિંમતથી ટેલિફોન કરી નીચેવાળા માણસને બોલાવ્યો. રાત વીતતાં માણસ પણ બદલાયો હતો. એટલે એનો વિનય મળ્યો, રમૂજ નહિ. બાથરૂમમાં પાણી મુકાવવા કહ્યું. મને બાથરૂમ જોડેનો રૂમ મળેલો ન હોઈ આ સગવડ કરવી પડતી હતી. પાણી મફત, પણ બાથરૂમમાં નાહવાની જુદી ફી. તો યે નાહ્યા વિના ગમે કેમ!

પરિચારિકાએ આવી થોડા વખતમાં કહ્યું કે પાણી તૈયાર છે. જવાને તૈયાર થાઉં ત્યાં તે, મેં રાત્રે ઉઘાડેલી બારી બંધ કરવા લાગી. એક અક્ષરે અંગ્રેજીનો સમજે નહિ. સમજાવવી શી રીતે કે હું ઉઘાડી બારીથી ટેવાએલો છું! શાબ્દિક યુક્તિ ન ફાવી એટલે હસ્તકલા અજમાવી. બારી ખોલી નાખી. તે બારી પાસે ગઈ, બહાર કશુંક જોયું ને પાછી બંધ કરી. પાછી મેં ખોલી, ને પાછી એ બંધ કરવા જતી હતી એ જોઈ એને બંધ ન કરવા નિશાનીઓ કરી. ગરમી થાય એમ સાનમાં સૂચવવા મથામણ કર્યું. માંડ સમજી, ત્યારે મીઠું એવું હસી પડી. બોલી: 'લુફ્ત......' અને બીજું કંઈક. લુફ્ત એટલે હવા, એટલું સમજાતાં જર્મન ભાષાનો એક શબ્દ મને આવડ્યો તેનો આનંદ થયો.

નાહવાનું મઝાનું હતું. ગરમાગરમ પાણી, સાબુના ફીણથી તરબતર થએલું, ટબમાં પડ્યું હતું. અર્ધોપોણો કલાક સુધી એને આસ્વાદતો તેમાં પડી રહ્યો. બહાર નીકળ્યો ત્યારે હળવો ફૂલ બની ગયો હતો. એટલે તો બહાર જવા માટે યાદી આપતો શ્રી ચાઉનો ફોન જ્યારે આવ્યો ત્યારે એ વાત આનંદથી વધાવી લીધી. શહેરના નકશાથી સજ્જ થઈ અમે બન્ને ફ્રૅન્કફર્ટ શહેરની સલામીએ બહાર નીકળી પડ્યા.

એ સલામી ઝીલવા માટે શહેર તૈયાર બની ગયું હતું. તેના અણુએ અણુ પર સૂર્યનો સુંદર પ્રકાશ પથરાઈ રહ્યો હતો. નવાંનવાં મકાનો ને ચોખ્ખાચટ રસ્તા એ પ્રકાશમાં નાહી રહ્યા હતા. એવા જ પ્રકાશે પ્રકાશિત સ્ત્રી-પુરુષો રસ્તા પર આમથી તેમ જઈ રહ્યાં હતાં. જોડે જ ઍર ટર્મિનલ હતું, ને સામે રેલવેનું સ્ટેશન, એટલે એ વિભાગમાં આવજા કરતાં સ્ત્રીપુરુષોમાંનાં મોટા ભાગનાં ઉતારુઓ હશે, કેમ કે ઘણાંબધાંના હાથમાં મોટીમોટી બૅગો હતી. પણ એ તો જાણે ફૂલ ન હોય!

ચારે બાજુ તાઝગી વેરાએલી પડી હોય એવું લાગતું હતું. શહેર આખું જાણે નવું જ ન બનાવ્યું હોય! કોઈને પૂછતાં એણે કહ્યું પણ એમ જ. યુદ્ધ દરમિયાન હવાઈ બૉમ્બમારાથી શહેરનો એંશી ટકા જેટલો ભાગ તારાજ થઈ ગયો હતો. એટલે આજે તો આખું શહેર જાણે નવું જ વસ્યું હોય તેવું લાગે તેમાં આશ્ચર્ય શાનું? આશ્ચર્ય તો માત્ર એ વાતનું હતું કે લોકોના ચહેરાઓ ઉપર તારાજી નહોતી, જીવન હતું. ને તારાજ થયાને હજી તો પંદર વર્ષ પણ પૂરાં નહોતાં થયાં!

ધીમેધીમે, પૂછતાપૂછતા, રસ્તો ભૂલતા અને પાછા તાળો મેળવતા મેળવતા અમે બંને આગળ ધપ્યે જતા હતા. નાનીનાની રેસ્ટોરાંઓ રમકડાં જેવી લાગતી હતી. મોટીમોટી દુકાનો ભવ્ય. ફર્નિચર દરેક જગ્યાએ અદ્યતન છતાં અત્યંત વ્યવહારોપયોગી. એ વિષે વાતો કરતા હતા ત્યાં ઓચિંતો જ સામે એક અત્યંત વિશાળ એવો રસ્તો ડોકાઈ રહ્યો. એના મધ્ય ભાગમાં એક બગીચો હતો. એ જોઈને લલચાયા. સીધા બગીચામાં ઘૂસ્યા. વ્યવસ્થિત રીતે કાપેલી ઘ્રો ને વિવેકપૂર્વક ઉગાડેલાં વૃક્ષો તો ધ્યાન ખેંચે જ, પણ તુરત ધ્યાન ખેંચ્યું એ બગીચામાં ઊભી કરેલી બે જબરદસ્ત પ્રતિમાઓએ. એ પ્રતિમાઓ દ્વારા બે પ્રભાવશાળી પુરુષો અમારી સામે જોઈ રહ્યા હતા. એમને જોતાં આપોઆપ શ્રી ચાઉએ માથા ઉપરથી હૅટ ઉતારી નમન કર્યું, અને હૅટ ન પહેરેલા મેં હાથ જોડ્યા. પ્રભાવશાળી એ પુરુષોનો પ્રભાવ માત્ર ફ્રૅન્કફર્ટ પૂરતો જ પથરાએલો નહોતો, માત્ર જર્મની પૂરતો પણ નહિ. કોરિયાના ચાઉ અને ભારતનો હું—ત્યાં સુધી એ પ્રભાવ વિસ્તરેલો હતો, કેમ કે એ હતા ગટે અને શિલર.





ગટે

શિલર

નજર સામે ફાઉસ્ટ અને વિલ્હેલ્મ ટેલ રમી રહ્યા. માનવીના નિર્બળ અને સબળ અંશોનાં અવિસ્મરણીય પ્રતીક શાં બની રહેલાં આ બન્ને વિભૂતિઓનાં અમર સર્જનો! આખી એક સદીને વ્યાપી ગઈ હતી એમની પ્રતિભા; સદીઓ સુધી વ્યાપેલી રહેશે. ફ્રૅન્કફર્ટને જોતાં-જોતાં, આકસ્મિક જ, પ્રભાતના એ પ્રથમ પહોરમાં એમનાં દર્શન થયાં એને અમે બંનેએ અમારું સદ્‌ભાગ્ય માન્યું. થોડી વાર એક મૂર્તિ આગળ ને થોડી વાર બીજી આગળ સ્તબ્ધ બનીને ઊભા રહ્યા.

આગળ ચાલ્યા ત્યારે એમને વિષે જ વાતો કરતા હતા. એટલે તો ત્યાંથી નજદીક આવેલી ફ્રૅન્કફર્ટર હૉફ હોટેલ વિશેષ નજદીક લાગી.

ભવ્ય હતી એ હોટેલ. ફ્રૅન્કફર્ટની સારામાં સારી અને મોટામાં મોટી. ડૉ. રાધાકૃષ્ણન્ ત્યાં ઊતર્યા હતા. હિંદની પી. ઈ. એન. તરફથી મારે એમને થોડા સંદેશા આપવાના હતા. એમના રૂમ પર ટેલિફોન જોડયો. નામ ને કામ કહ્યું. તરત જ, જે સાંભળવા ટેવાઈ ગયા છીએ આપણે, તે ધીરગંભીર અવાજ આવ્યો: 'Come right up.'

ગયો. પલંગમાં બેઠા કરતાં સૂતા વિશેષ હતા. મોટામોટા તકિયા ઉપર માથું ઊંચું ગોઠવેલું હતું. આજુબાજુ બધેય પુસ્તકો પથરાએલાં પડયાં હતાં. હસ્યા. કહે: 'આમ આરામ લઉં છું.'

આરામ પણ કેટલો ફળદાયી હશે એમનો?

આપવાનો સંદેશો આપ્યો. વાતો કરી. અત્યંત મિલનસારપણે વર્ત્યા. ક્યાંય આપણને લાગવા દે નહિ કે આપણા જગતના એક અતિ પ્રસિદ્ધ પુરુષ જોડે વાતો કરી રહ્યા છીએ.

એ જ જોયું છે મેં સાચા મોટા માણસોમાં. એ લોકો પોતાનો ભાર લાગવા દેતા જ નથી. એ મોટા માણસ ગાંધીજી હોય કે જવાહરલાલ, સર્વપલ્લી રાધાકૃષ્ણન્ હોય કે સરોજિની નાયડુ, બધાંમાં એમ જ બને છે. એમનું એ લક્ષણ પણ એમને સારી રીતે મહાન બનાવવામાં મદદરૂપ નીવડતું નહિ હોય?

પછી પાછો શ્રી ચાઉ સાથે. તેમણે આ દરમિયાન આ હોટેલનું નિરીક્ષણ કરી લીધું હતું. તેના ભભકા ને સગવડની વાતો કરી. આવા માણસોને જેમાં ઉતારો આપવાનો હોય તેમાં સગવડની કઈ અછત હોય, એવા વાક્ય સાથે બહાર નીકળ્યા. એ પહેલાં નીચેથી ટેલિફોન કરી પોતાના ઓરડામાં બેઠેલાં હંસાબહેન જોડે 'હલ્લો' કરી લીધું.

શોધતાં શોધતાં જ્યાં કૉન્ફરન્સ મળવાની હતી એ જગ્યાએ પહોંચી ગયા. રસ્તા અને મકાનોની ચોખ્ખાઇ તેમજ સુઘડતા વિષે તો ખયાલ આવી જ ગયો હતો. હવે એ જગ્યાએ કામ કરી રહેલાં ભાઈબહેનોની સુઘડતા અને મૈત્રીભર્યા વર્તાવ વિષે ખયાલ આવ્યો. અમારાં નામ નોંધાવી દીધાં, જોઈતી માહિતી મેળવી લીધી, જોડે જ ગટેનું ઘર છે એ વાત મગજમાં નોંધી લીધી, ને આગળ ચાલ્યા.

ચાલતાચાલતાં બહારના ભાગમાં નીકળી ગયા. વિશેષ સ્વચ્છ ને સુઘડ એ ભાગ હતો. ત્યાંના મકાનોના ઝરૂખા ફૂલછોડથી ભરેલાં કૂંડાંથી શોભી રહ્યા હતા અભદ્ર ક્યાં ય કશું ય દેખાતું નહોતું, પણ જે સુષ્ઠુ હતું એ પોતે જ કોઈ એવું સૌંદર્ય રેલાવી રહ્યું હતું! એને પડછે જેને બૉમ્બે ધ બ્યૂટીફૂલ તરીકે ઓળખાવીને અભિમાન લઈએ છીએ એ મુંબાઈ કેટલું ગંદું લાગતું હતું! તેના સારામાં સારા અંશોમાં પણ!

એમ જ ઘૂમતાઘૂમતા નદીકિનારે જઈ પહોંચ્યા. મેઈન નદી. એથી તો ફ્રૅન્કફર્ટનું નામ છે—'ફ્રૅન્કફર્ટ-એમ-મેઈન.' 'એમ' એટલે ઑન. સ્ટ્રૅટફર્ડ ઑન ઍવોન=ઍવોન નદી પરનું સ્ટ્રૅટફર્ડ, એ રીતે. યુરોપની આ પદ્ધતિ લાગે છે શહેરોનાં નામાભિધાનમાં. ચોખ્ખા પાણીનો પ્રવાહ બંને કાંઠે વહ્યો જતો હતો. રખડી રખડી થાકયા હતા એટલે નદીનાં નીર નીરખતાં આંખ ઠરી. ત્યાં જ રોકાઈ જવાનું મન થયું. વર્ષો પછી પગમાં બૂટ ઘાલ્યા હતા એ કઠતા હતા. સરખું ચાલવા પણ નહોતા દેતા. એ હકીકતે મનને રોકાઈ જવા વિશેષ મક્કમ કર્યું શ્રી ચાઉથી રોકાવાય તેમ નહોતું. એમના સાથીદારોને એમણે મળવાનું હતું. એ ગયા. હું એક બાંકડો શોધી બેસી ગયો. નદીકાંઠા ઉપરના હલનચલનના વ્યવહારને જોતો રહ્યો.

ગતિમાન હતો એ વ્યવહાર. નદીમાં નાનીનાની લૉન્ચો દોડાદોડ કરતી હતી. એ લૉન્ચોમાં ગોઠવાવા માણસો એના કાંઠા ઉપર દોડાદોડ કરતા હતા. લૉન્ચો એ માણસોને આ કાંઠેથી બીજે કાંઠે, ને આ સ્થળેથી દૂરના બીજા સ્થળે લઈ જતી હતી. નદીનાં નીર ઉપર તરતી-તરતી એ ચાલી જતી હતી એ જોવાની મઝા આવતી હતી. ઠંડો મીઠો પવન આહ્લાદ આપતો હતો. ઊઠવાનું મન થતું નહોતું. પેટ જ્યારે અન્ન માટે પોકાર કરવા માંડયો ત્યારે જ ત્યાંથી ઊઠયો. એ વખતે નિર્ણય કરી લીધો કે સમય મળ્યે આ નદીમાં નૌકાવિહાર કરીશ.

ટહેલતો ટહેલતો હોટેલ પર પહોંચ્યો. રસ્તા ઉપર મોટરો અને ટૅક્સીઓ દોડાદોડ કરતી હતી. રસ્તો ઓળંગતાં જરા મુશ્કેલી પડતી હતી, કેમ કે વાહનવ્યવહાર બધો જમણા હાથ પર ચાલતો હતો, આપણે ત્યાં ચાલે છે એમ ડાબા હાથ પર નહિ. એક ઇંગ્લૅન્ડ સિવાય બધે જ આમ હોય છે. એથી ન ટેવાએલી આંખ મગજને ઊંધા નિર્ણયો કરવા જ પ્રેરતી હતી. સદ્‌ભાગ્યે મગજ સાબૂત હતું એટલે શરીર પીચાઈ જતું નહોતું. માત્ર મોટરવાળાને કે ટૅક્સીવાળાને એક અબૂઝ માણસને બચાવ્યાનો સંતોષ મળી રહેતો.

ટૅક્સીઓ જોઇને દિલને સંતોષ થયો. મોટા ભાગની મર્સિડીઝ હતી. મુંબાઈમાં કે ભારતના બીજા ભાગોમાં પણ જે ગાડી ધરાવવી એ શ્રીમંતાઈનું અચૂક નિશાન ગણાય, એ ગાડી અહીં તો ટૅક્સી તરીકે ફરતી હતી. ને કેટલી બધી! હાથ ઊંચો કરો કે તમારી થઈ જાય! કેવું સાપેક્ષ છે બધું ય—મૂલ્યોનું, માન્યતાઓનું, મહેચ્છાઓનું જગત!

જગત વિષેની એ વિચારણા વિષાદમય બની જાય એ પહેલાં ભોજન મળી ગયું. શ્રી ચાઉ અને એમનાં સાથીદારો જમવા નીકળતાં હતાં તેમની સાથે જોડાઈ ગયો. કોઈ સાદી લાગતી રેસ્ટોરાં ખોળી કાઢી. હું એકલો જ શાકાહારી હતો અને અમારામાંના કોઈ ને જર્મન આવડતું નહોતું. એટલે એ નાની રેસ્ટોરાંમાં ઠીકઠીક પ્રમાણમાં Comedy of Errors ભજવી શકયાં. પણ આખરે તોડ નીકળ્યો ખરો. ચાઉની સાથેની બે બહેનો તો જો હસે! માણસ આવું આવું ખાય એ જ એક તો એમના હાસ્યનો વિષય, ને બીજો એ ગોટાળાઓ અંગે

જે મઝા પડે તે. એમનું એ હાસ્ય થોડુંઘણું મારે હિસાબે ને જોખમે થતું હતું એટલે એ વખતે એ બહેનો મને ન ગમી, પણ બીજે દિવસે કૉન્ફરન્સના વિધિપૂર્વકના ઉદ્‌ઘાટન વેળા એ બંને તેમનો રાષ્ટ્રીય પોશાક પહેરીને આવી ત્યારે ઉત્તમ છાપ પાડી. યુરોપિયન પહેરવેશમાં કંઈક સામાન્ય લાગતું તેમનું વ્યક્તિત્વ ત્યારે ઑર દીપી નીકળ્યું હતું.

ખાઈપીને ઉતારે ગયો ત્યારે શરીર જરીક આરામ માગતું હતું. આપ્યો એને આરામ. પડ્યાં પડ્યાં ઍલન પૅટનની Cry the Beloved Country વાંચવી શરૂ કરી. મઝાનું લખાણ હતું. સમભાવ અને સમજણ પૂરેપૂરાં. એ ગમ્યું. છેક અહીં સુધી આવીને પણ કાર્ય તો એ સમભાવ અને સમજણ મેળવવાનું અને આપવાનું હતું ને?

એ માટેનો સમારંભ સાંજે ગોઠવાયો હતો. આવેલા પ્રતિનિધિઓ માટે નાનો એવો મેળાવડો હતો. ભાષણોબાષણો કશું નહિ. બધા આવે, પીણાં પીએ, મળેહળે, વાતો કરે. આંતરરાષ્ટ્રીય પી.ઈ.એન.-ના સેક્રેટરી ડેવિડ કાર્વરને મળ્યો. આપણા ડૉ. હિંગોરાણીને મળ્યો. પેલો પૂરેપૂરો અંગ્રેજ: વિનયશીલ, પણ ઓછાબોલો. આ, આટલાં વર્ષોથી ઇંગ્લૅંડમાં રહે છે છતાં, દિમાગે કૉન્ટીનેન્ટલ. ખૂબ બોલવા જોઈએ, હસવા જોઈએ, હલનચલન કરવા જોઈએ. ગજબ વાતોડિયો. ઘણાખરા વાતોડિયા હોય છે એવો ય ખરો; પોતા વિષે વાત કરવાનો શોખીન. થોડી વારમાં મને ઝાઝો પ્રેમ કરી લીધો. બીજે દિવસે બપોરે હું ક્યાં જમવાનો છું એમ પૂછ્યું. 'તમે કહો ત્યાં,' મેં કહ્યું. 'મારી સાથે જમજો.' તેણે આમંત્રણ આપ્યું. 'ચોક્કસ.' હું કબૂલ થયો. એટલે મારો હાથ પકડી કહે: 'એ તો કાલે, પણ આવો આજે તમને બધાંની ઓળખાણ કરાવું'. મારા બાપ! કેટલા બધા માણસોને ઓળખે છે!

નવી નવી એ મુલાકાતોના આનંદથી ભરેલે હૈયે શ્રી ચાઉ અને એમનાં સાથીદારો સાથે એ જગ્યાએથી બહુ દૂર નહિ એવા નદી-કિનારે ફરીથી ગયો. પાણી તો પોતાનું રૂપ હર પળે બદલતું જ હોય છે, પણ રાત્રે તેનું રૂપ અલૌકિક બની જાય છે. એ રૂપનાં દર્શને મુગ્ધ બની વાતો કરતાંકરતાં કલાકો સુધી બેઠાં રહ્યાં.

તે રાતે મધુર નિદ્રા આવી ગઈ.

સવારે થોડી તાઝગી વરતાતી હતી. ઠંડક સારી એવી હતી. પણ એથી ટેવાતા જવાતું હતું. નાહીધોઇને તૈયાર થાઉં ત્યાં તો ઘંટડી રણકી. સવારની સભામાં જવાનું હતું. જર્મન રિપબ્લિકના પ્રમુખને હાથે કૉન્ફરન્સનું ઉદ્‌ઘાટન થવાનું હતું.

સ્થળ આખું દબદબાથી ભરેલું હતું. આ લોકો આવા પ્રસંગોએ શી રીતે વર્તતા હશે એ કુતૂહલ તરત શમી ગયું. અંગ્રેજીમાં જેને quiet dignity કહીએ તેવા શાંત ગૌરવપૂર્વક પ્રસંગ ઊજવાતો હતો. બોલનારા થોડા જ હતા—સ્વાભાવિકરીતે જ, પણ એ થોડામાં યે અનોખા તરી આવ્યા ડૉ. રાધાકૃષ્ણન્. તેમના વક્તૃત્વે અને વ્યક્તિત્વે સભાને મુગ્ધ કરી દીધી. એક અંગ્રેજ બહેને કહ્યું: What a handsome figure, and what a speaker! જાણે મને જ કોઈ માન આપતું હોય એવું મને લાગ્યું. એટલે તો એમના વક્તવ્ય પછી થઈ રહેલા તાળીઓના ગડગડાટમાં સગર્વ જોડાયો. એ તાલિપ્રદાન બંધ પડ્યું ત્યારે હું મનશું બોલી ઊઠ્યો: What an applause?

પશ્ચિમના સર્વ દેશોમાં, પછી તો, મેં એ જોયું છે. એ લોકોને તાળીઓ પાડતાં આવડે છે. કેટલા ઉત્સાહથી એ ભરપૂર હોય છે! ને કેટલી વાર સુધી ચાલ્યા કરે છે! જેને એ મળે એનો આત્મા પ્રફુલ્લ થઈ જાય. એટલે તો આપણે ત્યાં ઘણી યે શાળાઓમાં જ્યારે વિદ્યાર્થીઓને મૂગા રહીને માન આપવાનો હાથ ઊંચા કરતા જોઉં છું ત્યારે મનમાં વિષાદ ભરાઈ આવે છે. બે હાથને ભેગા કરવામાં યે લોભ!

પ્રસંગ ઔપચારિક હતો, એટલે બીજું શું હોય? પ્રમુખ, આવા પ્રસંગે પ્રમુખો બોલે એવું બોલ્યા. ભ્રાતૃભાવ ચારે દિશામાં ઊભરાયો. સુંદર સંગીત થયું. ને સભા પૂરી થઈ. હું તરત જ ડૉ. હિંગોરાણીને શોધવા લાગ્યો: એમની જોડે મારે જમવા જવાનું હતું ને? એ તો ન મળ્યા, પણ એક બાઈ ભટકાઈ પડી. હસતી હસતી સામે આવી. પૂછ્યું: 'હિંદુસ્તાનથી આવો છો?'

મેં હા પાડી તેવી જ એણે યોગ વિષે વાતો કરવા માંડી. એવી ઊછળી ઊછળીને વાતો કરે! હું તો વાજ આવી ગયો. યોગ મેં ઝાઝો જાણ્યો નહોતો, પણ આનો વિયોગ ઝંખી રહ્યો. ત્યાં જ ભાગ્ય ફળતું લાગ્યું; સામેથી હિંગોરાણી આવતા હતા. તેમને હોંશપૂર્વક બોલાવ્યા. વિવેક ખાતર આ મહિલાની તેમની જોડે ઓળખાણ કરાવી. પેલીએ યોગનો અધ્યાય ફરી ચાલુ કર્યો. હિંગોરાણી એમાં ડૂબી ગયા મને ભૂલી ગયા. મારા જમવાનાને પણ ભૂલી ગયા. એવી ઊલટથી વાતો કરે! હું કંટાળું ને એમની સામે જોયે રાખું. એમની નજર તો વાતમાં જ પરોવાએલી. આખરે થાક્યો; કહ્યું: 'હું જાઉં ત્યારે.'

'ક્યાં?' 'જમવા.'

'હો, હો, જઈ આવોને.' જાણે એમને એ બીના સાથે કશો સંબંધ જ ન હોય ને! હસતો હસતો હું ચાલ્યો ગયો. પેલી યોગિની થવા ઇચ્છતી સ્ત્રી આમને પણ વેવલી નહિ લાગી હોય?

પૂછતાંપૂછતાં તો પાટણ જવાય. તો ફ્રૅન્કફર્ટ શહેરમાં એકાદ શાકાહારી હોટેલ તરફ કેમ ન જવાય? શહેરના જબરજસ્ત રસ્તા પર એ આવેલી હતી: પહેલે માળે. બતાવનારે બહુ આદરપૂર્વક એ મને બતાવી હતી. ભૂખ પણ કકડીને લાગેલી. હોંશપૂર્વક એનો દાદર ચડી ગયો.

એક ટેબલ ઉપર જગ્યા હતી. એક જ જુવાન માણસ ત્યાં બેઠો હતો. તેની રજા માગી ત્યાં બેસી ગયો. મેનુ મંગાવ્યું. કશી સમજ શી રીતે પડે? વેઇટ્રેસને અંગ્રેજી આવડે નહિ. મૂંઝવણ અનુભવતો હતો ત્યાં પેલા જુવાનની હાજરી મારી મદદે આવી. તેને મેં પૂછ્યું: 'અંગ્રેજી આવડે છે?' 'થોડું થોડું.'

રાજી રાજી થઈ ગયો. યુરોપની મારી મુસાફરી દરમિયાન આ થોડું થોડું-'લિટલ લિટલ', 'લિતલ બિતલ' બોલનારા માણસો મને મળી જાય એટલે મારો બેડો પાર થઈ જતો. પછી એમના એ 'લિતલ' જ્ઞાનથી હું પરિસ્થિતિનો પૂરો સામનો કરી શકતો. Little Knowledge is a dangerous thing એ હમેશાં સાચું હોતું નથી. વાણી તો માત્ર સંકેત છે ને? એટલે એમના એ થોડા સંકેતોમાં હું અભિનયના અનેક સંકેતો ઉમેરી આપતો ને વસ્તુ પારદર્શક બની જતી.

અહીં પણ એમ જ થયું. મેં એ ભાઈને વિનંતી કરી, મને મારે યોગ્ય ખોરાક પસંદ કરી આપવાની. તેણે પ્રેમપૂર્વક એ કામ કર્યું. ને મારી આખી યે મુસાફરી દરમિયાનના સૌથી બેસ્વાદ ભોજનની મને ભેટ મળી! કાચાં શાક ચાવવાની જાણે એ પ્રયોગશાળા ન હોય!

એ બેસ્વાદને ભૂલી જવો હોય તો સાથે સાથે એમાં કશુંક સ્વાદિષ્ટ મિશ્રણ ઉમેરવું જોઇએ. વાતો એ મિશ્રણ ન બની રહે? બાજુમાં જ માણસ બેઠો હતો. અજાણ્યા દેશનો યુવાન. એટલે તો માહિતીનો ખજાનો. થોડું જર્મની પણ ઓળખાય એના દ્વારા. વિચાર આવ્યો ને વાતો કરવા માંડી; કોણ છો? શું કરો છો? રસ કયા કયા છે? એવી તો અનેક એની 'લિતલ' આવડતને અજમાવતો એ પણ વાત કરવા લાગ્યો એક બૅંકમાં કારકુન તરીકે એ કામ કરતો હતો. નેચરોપાથ હતો. શાકાહારી પણ ખરો. એટલે તો આ 'સરસ' જગ્યાએ ખાવા આવતો હતો. ધાર્મિક ખૂબ હતો. માનતો હતો કે થોડા

વખતમાં જ ક્રાઈસ્ટ નવે અવતારે જન્મવાના, અને જગત તરી જવાનું. એનાં સર્વ દુઃખદર્દો નષ્ટવિનષ્ટ થઈ જવાનાં. 'એ ન્યૂ મસાયહા, સી?' તેની માયોપિક આંખોથી મારી સામે જોઈ એ હસી રહ્યો. તેના દાંતની ગંદકી જોઈ હું પણ હસ્યો. થયું: ક્રાઈસ્ટનો નવો અવતાર, પહેલાં તો, કદાચ આ દાંત સાફ કરાવશે.

એ તો ચગ્યો. એ નવો અવતાર ઈઝરાયેલમાં થવાનો. એ સમયે પોતે ઈઝરાયેલમાં જ હોય તો સારું. એટલે તો મથીમથીને પોતે પાઈ પૈસો એકઠો કરતો હતો.

શા કારણે એ નવો અવતાર થાય, એની પાછળની થીઓલૉજી અને ફિલૉસૉફી શી હોય, એ વિષે એના ભાંગ્યાતૂટયા અંગ્રેજીમાં એ તો બકરીની માફક આ શાકભાજી ચાવતો ચાવતો બોલ્યે જતો હતો. પણ હું મૂંઝાવા લાગ્યો. મૂળે ધાર્મિક પ્રકૃતિ નહિ, ને કુતૂહલ તો શમી ગયું હતું. એટલે વાતને બીજી દિશામાં વાળવા પ્રયત્ન કર્યો. વચ્ચેથી જ પૂછ્યું: 'આ ગામમાં દુનિયાભરના લેખકો એકઠા થયા છે, ખબર છે તમને?'

નિર્દોષતાપૂર્વક તેણે મારી સામે જોયું અને પ્રામાણિકતાપૂર્વક કહ્યું: 'ના.'

'તમે સાહિત્ય વાંચો છો?' મેં પૂછ્યું.

પેલી જ નિર્દોષતા ને પ્રામાણિકતાપૂર્વક તેણે જવાબ વાળ્યો: 'હા.'

'શું વાંચો છો?'

'ઈઝરાયેલમાં થનારા નવા અવતાર વિષેનું.'

'એ તો ખરું જ; પણ એ ઉપરાંત?'

થોડું કશુંક એ બોલી ગયો. થોડાં નામ પણ તેમાં આવ્યાં. પણ એ બધું મને અપરિચિત હતું. મને પરિચિત હતાં એવાં થોડાં નામ હું બોલી ગયો, પણ ત્યારે એ મારી સામે તાકી જ રહ્યો! એ આંખો! મને થયું, આ કરતાં હું અને એ બન્ને જે નામ જાણતા હોઈએ એ વિષે જ વાત કરીએ. એટલે મેં પૂછ્યું: 'કાફકા તમે વાંચ્યો છે?'

એ મારી સામે જોઈ રહ્યો—કશું યે બોલ્યા સિવાય. મને થયું એને અપમાન લાગ્યું હશે. જર્મન હોય ને કાફકા ન વાંચ્યો હોય એવું તે કંઈ બને? એટલે એ વાળી લેવા મેં નમ્રતાપૂર્વક પૂછ્યું: 'કાફકા, હજી યે અહીં વંચાય છે ખરો?' પણ બે પળ તે કશું ય ન બોલ્યો. માત્ર મારી સામે જ જોઈ રહ્યો. હું મુંઝાયો. એટલામાં એણે પણ નિર્ણય કરી લીધો લાગ્યો. અત્યંત ઉત્કંઠા એના અવાજમાં ભરીને એણે મને સામો પ્રશ્ન પૂછ્યો: 'Are you Kafka?'

જર્મનીના લોકોના અમુક સ્તર વિષે એણે મને બીજી કોઈ પણ રીતે ન મળત એવું જ્ઞાન આ એક ઉત્તરથી આપી દીધું હતું. એટલે મારે બીજું કશું પૂછવાનું રહ્યું નહિ. હાથ લૂછતાં લૂછતાં ઊભા થઈ જતાં મેં એને માત્ર એટલું કહ્યું: 'ક્રાઈસ્ટ જ્યારે નવો અવતાર ધારણ કરીને આ પૃથ્વી ઉપર આવે ત્યારે તેમની પાસે મારા કલુષિત આત્માના ઉદ્ધાર વિષે પણ જરા સિફારસ કરજો.'

'જરૂર, જરૂર.' કહીને ગંભીરપણે તેણે હાથ મિલાવ્યા. એની આંખોમાં એ વખતે મારું આ કહેલું કરવાનો શ્રદ્ધાભર્યો ભાવ ઝલકતો હતો.

ત્યાંથી નાઠો—પેલી યોગમાં રસ ધરાવતી બાઈ પાસેથી નાઠો હતો તેમ જ, એટલી જ તીવ્રતાપૂર્વક. થોડી વારમાં સભાસ્થાને પહોંચી ગયો. વિધિસરની બેઠક હવે શરૂ થઈ હતી. સેક્રેટરીએ પોતાનો રીપોર્ટ વાંચ્યો. નિવૃત્ત થતા પ્રમુખે પોતાનું ભાષણ કર્યું. ફ્રાંસનાં શાં શાં ભાષણ કરતી વખતે પોતાની કાયાનું જે હલનચલન કરતા હતા તે, અને ઈંગ્લંડના ડેવિડ કાર્વર જાણે મટકું પણ ન મારતા હોય એ રીતે જે બોલી રહ્યા હતા તે, તે તે પ્રદેશના લોકોની ખાસિયત અચૂક ખડી કરી દેતા હતા. માત્ર ખાસિયત જ નહિ—આખી યે કૅરૅક્ટર. એ જોવાની મઝા આવી. પણ મઝા માત્ર એટલી જ આવી. બાકીના ત્રણ કલાક સભામાં ગાળ્યા તો કંટાળાના. એ લોકો સભા સરસ રીતે ચલાવતા હતા. પણ એમ તો આપણે પણ સભા એવી જ સરસ રીતે ચલાવીએ છીએ. વ્યાવહારિક વિધિઓ પતાવવાની હતી એટલે વિશેષ રસ પડે એવું કશું હતું નહિ. આખરે ત્રણેક કલાક પછી સભા પૂરી થઈ ત્યારે સર્વેએ છુટકારાનો દમ ખેંચ્યો. ચહેરા ઉપર છુટયાના આનંદ સહિત ત્યાંથી ઉતારે જવા રવાના થતો હતો ત્યાં ડેવિડ કાર્વર ભેગા થઈ ગયા. આડાઅવળા ઉપચારો કર્યા પછી મને કહે: 'તમારો પેપર મને મળી ગયો છે, મિ. બ્રોકર.' 'સારુ તો તો...' મેં કહ્યું.

'પણ...' જરા થોથવાતાં...

'પણ...?' જરા કુતૂહલપૂર્વક...

'તમારો પેપર બહુ જ મોડો આવ્યો.'

'સ્વાભાવિક જ છે, કેમ કે મારું આવવાનું બહુ મોડું નક્કી થયું.'

'પણ આપણે પેપરો તો બહુ વહેલા મંગાવ્યા હતા.'

'તે એમાં મૂંઝાઓ છો શા માટે? મારે પેપર વાંચવો જ એવું જરૂરી નથી.' તે જરા આનંદમાં આવી ગયા: 'એ બરોબર, પણ છેક એમ ન કરીએ. બીજું કશુંક કરીએ.' 'શું?'

'દરેક વક્તા બોલી રહે, પછી એના પેપર વિષે બેચાર મિનિટ કશોક મુદ્દો કહેવાનો હશે તો કોઈક કહેશે. તેને અમે ઈન્ટરવેન્શન કહીએ છીએ. તમે એમ કરો તો, મિ. બ્રોકર?' પછી અત્યંત ઉત્સાહપૂર્વક 'તમે ઈન્ટરવીન કરો...જરૂર કરો.'

હવે હું પણ ઉત્સાહમાં આવી ગયો હતો, મેં અત્યંત વિનયપૂર્વક કહ્યું: 'આભાર તમારો, મિ. કાર્વર. પણ એક વાત જણાવું?'

'જરૂર, જરૂર.'

'આ હજારો માઈલ ખેડીને તમારી સભામાં ઈન્ટરવીન કરવાનો ગૌરવભર્યો હક મને પ્રાપ્ત થાય એટલા ખાતર હું અહીં આવ્યો નથી. ને બોલવાનો એવો બધો મોટો અભરખો પણ મને નથી, કેમ કે એ તક તો સૅંકડો વાર મને મળી ચૂકેલી છે. એટલે તમે મૂંઝાશો મા. હું નહિ બોલું એ મને ગમશે, પણ તમે મને ઈન્ટરવેન્શનનો અમૂલ્ય હક આપવાની વાત ફરીથી કરશો તો મને કદાચ નહિ ગમે.'

તે મારી સામે જોઈ રહ્યા: 'હું ધારતો હતો...'

'ધારશો જ નહિ કશું યે. મારી સંસ્થાએ મને છેક અહીં સુધી મોકલ્યો એના બદલામાં એણે મારી પાસેથી એક સારા પેપરની અપેક્ષા રાખી. શક્તિમતિ પ્રમાણે તે મેં તૈયાર કર્યો. વંચાય તો એ જ વંચાય, નહિ તો કશું જ નહિ. ને...' એમને હિંમત આપતો હોઉં તેમ: '...એનો કશો હરખશોક પણ નહિ.'

'વારુ વારુ, મિ. બ્રોકર. આપણે કશોક ઉકેલ જરૂર કાઢીશું.' કહી તેમણે એક વીલું એવું હાસ્ય કર્યું.

છેક છેલ્લે દિવસે લગભગ બધાયે બોલનારાઓનો વારો આવી ગયા પછી મારું નામ વક્તા તરીકે મુકાએલું મેં જોયું ત્યારે એમનો એ ઉકેલ શો હતો એ હું સમજી શક્યો. એની પણ જરૂર નહોતી એ હું એમને પૂરું સમજાવી ન શક્યો એનો રંજ મારા મનમાં રહી ગયો, કેમ કે એમાં એમનો બાપડાનો કશો વાંક નહોતો. સમયની મારામારી હોય, અને બોલનારાઓ આટલા બધા હોય ત્યાં બીજું થાય પણ શું? પણ પેલી ઇન્ટરવેન્શનવાળી વાત...હા, એ વાત એમણે ન કરી હોત તો કંઈ ખોટું નહોતું.

થાકેલો હતો એટલે નદીકાંઠે થઈને ધીરેધીરે મારી હોટેલ તરફ જતો હતો ત્યારે એ જ વિચાર મારા મનમાં ઘોળાયા કર્યો.

પરંતુ રાત્રિની મીઠી નિદ્રામાં એ બધું ક્યારે ઓગળી ગયું તેની ખબરે ન પડી.

(ચાલુ)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક · રવિશંકર મ. રાવળ

૩૦૪ પોપટભાઈનું સ્વદેશાગમન

બે વર્ષ પહેલાં પોપટભાઈ (હીરાલાલ પંડ્યા) નાગપુર કૉલેજમાં ખેતીવાડીનો અભ્યાસ પૂરો કરી અમેરિકાની ઈથાકા યુનિવર્સિટીમાં વિશેષ અભ્યાસ માટે ગયા હતા ને વળતી સફરમાં સીધા મુંબાઈ ન આવતાં લંકાના કોલંબો બંદરે ઊતરી કન્યાકુમારી, મ્હેસુર વગેરે દક્ષિણ ભારતનો મુલક જોતાજોતા ૧૨મી સપ્ટેમ્બરે મુંબાઈ આવી પહોંચ્યા; અને ત્યાં ખટાઉ શેઠોએ તેમની મુલાકાતની સાથે જ નીલગિરિમાં પોતાનાં ચાનાં ખેતરોના મૅનેજર તરીકે નિમણૂક આપી દીધી. હરગોવિંદભાઈ પંડ્યા(મોટાભાઈ) ગૃહસ્થ છતાં ભાવનગરમાં એક સંત જેવી તેમની પ્રતિષ્ઠા હતી. પોતાના મોટા પુત્રનો અભ્યાસ પૂરો થયો અને સારી નોકરી મળી તે જોઈ એમણે પોતાના સંકલ્પ પ્રમાણે સ્ટેશન માસ્તરની નોકરી છોડી દીધી અને ગુરુ શ્રી નથુરામ શર્માના આદેશ પ્રમાણે ક્વચિત બિલખા-નિવાસ અને બાકીનો બધો સમય શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનને આપવાનો સંકલ્પ કર્યો.

૩૦૫ છ માસનું વૅકેશન

નવેમ્બરની ૧૧મીએ મારી ત્રીજા વર્ષની પરીક્ષા પતી ગઈ અને સપ્લિમૅંટરીનો ખાડો પૂરવાને નવું વર્ષ ૧૯૧૫ના જૂનથી શરૂ થવાનું હતું એટલે હું ટર્મ ભરું તો પણ પરીક્ષા કે નવો વર્ગ કશું મળવાનું ન હતું. એટલે તે જ રાત્રે હું બિસ્તરપેટી લઈ વતનમાં ઊપડ્યો. વચ્ચે ભરૂચમાં મોટા ભાઈ પાસે બે દિવસ રોકાયો. બાળક ગત થયા પછી ભાભી બહુ જ ઉદાસ રહેતાં. મારા જવાથી તેમને થોડો ઉલ્લાસ આપી શકાયો. ગુજરાતનાં શહેરોની લાક્ષણિકતાઓ, પ્રાદેશિક રહેણીકરણી અને ઐતિહાસિકતામાં હું ખૂબ જ રસ લેતો થયો હતો.

આ વખતે મારા મુરબ્બી મિત્ર ચિત્રકાર બચુભાઈ મૂળાણી ધંધામાં ફાવટ ન મળતાં મુંબાઈ છોડી નાટકના પેઈન્ટર તરીકે પ્યારેલાલની કંપની સાથે વડોદરામાં વાંકાનેર થીએટરમાં કામ કરતા હતા. ભરૂચથી ઊપડતાં તેમને લખીને સ્ટેશન પર મળવા તેડાવ્યા હતા. આવા સહૃદય, સંસ્કારી, અભિજાત સજ્જનને નાટકની નોકરી કરતા જોઈ મને બહુ જ ખેદ થયો, પણ એ વખતનો સંસાર સમજ અને તકો વગરનો કઠોર હતો. કલાકારને જે તે કાર્ય કર્યા વગર છૂટકો જ ન હતો. આ અરસામાં ગજુભાઈ પાઠક પણ આર્કિટેક્ટનું સર્ટિફિકેટ મેળવી વડોદરા કલાભવનમાં અધ્યાપક બન્યા હતા.

વીરમગામ પણ બેનને મળવા ઊતર્યો. ત્યાંનું મિત્રમંડળ તો ખૂબ ઉલ્લાસમાં આવી ગયું. પણ બેનની સ્થિતિ જુદી હતી. તેના સાસરવાસમાં ભેંસ સાચવવાનું, વલોણું કરવાનું અને દળવાનું પણ હતું. એ વેળા સુજ્ઞ, સંસ્કારી, બીરુ નારીઓ જે પીલાઈ રહેતી તેનું કોઈ નિવારણ દુનિયાના ડાહ્યા માણસો પણ શોધી શકતા ન હતા અને સંસારને મળેલાં વિરલ નારીરત્નો અળપાઈ જતાં તેની ખબરે કોઇને પડતી નહિ. બેનની પરિસ્થિતિથી મને સંતાપ થતો પણ મારા જ હાલ શા હતા? અભ્યાસ અરધે પંથે હતો, અને પછી પણ સંસારમાં તેની કદર કેવી થશે, સ્વાધીન થઈશ કે પરાધીનતાની નોકરી મળશે તેનો યે અંદાજ લગાવી શકાતો ન હતો. પણ આગલી હરોળમાં ચમકતા જતા મિત્રોના આદર્શો અને ઉમેદ ઉપર મારી નજર સ્થિર ટકી રહી હતી.

૩૦૬ વકીલ ગિજુભાઈ

ગિજુભાઈએ મુંબાઈથી વિદાય લઇને પોતાના જૂના અભ્યાસસાથી પોપટભાઈ ચૂડગરના સંગમાં વઢવાણ કૅમ્પ (આજના સુરેન્દ્રનગર)માં વકાલત શરૂ કરી દીધી હતી. ટાવર પાસેની જાળિયાવાળી લાઈનમાં ઘર અને ઑફિસ હતાં. તેમને પણ ખબર આપેલા એટલે સ્ટેશને આવેલા અને કહ્યુ: 'હવે હું ખરો ગૃહસ્થ થયો છું. મારો બાળક વરસનો થયો છે. તેને તમે જુઓ. હું તેને સારામાં સારી કેળવણી આપવાના વિચારો કરું છું. આપણે તો નવાં ઘડતર કરવાં છે. ઊતરી જ જાઓ.' તેમનો ઊંડો આગ્રહ જોઈ મેં રાત રોકાઈ જવા ઠરાવ્યું. તે રાતે બચુને રમાડતાં-કુદાવતાં તેમણે પોતાના મનના કેટલાયે ઊભરા મારી સમક્ષ ઠાલવ્યા: 'શું કરું; ઘર ચલાવવા પૈસા જોઈએ. તે માટે આ ધંધો તો લીધો છે, પણ દેશની લાચારી અને પરાધીનતાની છૂપી બેડીઓ અકળાવી રહી છે. આપણને અધીનતાનું જ શિક્ષણ અપાય છે. હું મારા બાળકને તેનાથી મુક્ત રાખી જાતે જ ભણાવીશ. તેના માટે નવા પાઠો લખીશ. આપણાં દંભ અને મૂર્ખાઈઓને પડકાર આપીશ. તમે પણ એવા જ વિચારો કરો છો તે હું જાણું છું.'

ગિજુભાઈ સાથેની એ રાત્રીનો સમાગમ મને તેમની સાથે નિકટ લાવનારો બન્યો. તેમના મનમાં અને વાણીમાં ઊછળતું દેશાભિમાન ને કેળવણીમાં ધરમૂળથી ક્રાંતિ લાવવાની ધગશે મારી ભાવનાઓને વધુ સતેજ બનાવી. ગિજુભાઈમાં તે વખતે અંગ્રેજો પ્રતિ તિરસ્કારની માત્રા ઘણા પ્રમાણમાં દેખાઈ આવતી. તેમના મિત્ર પોપટભાઈ ચૂડગર પણ અંગ્રેજી રાજ્ય પ્રતિ તીખાં તમતમતાં ભાષણો કરતા એ બંનેએ વકાલતનું ક્ષેત્ર એટલા જ માટે પસંદ કર્યું હતું કે કાયદાથી રાજ કરવાનો દાવો કરનાર સરકારને કાયદાથી જ પડકારી શકાશે. એટલે એ બન્ને વચ્ચે અનન્ય મૈત્રી થવા પામી.



ગિજુભાઈએ બચુને રમાડતાં પોતાના મનના કેટલા યે ઊભરા ઠાલવ્યા

૩૦૭ દક્ષિણામૂર્તિ

ભાવનગરમાં મારો રોજનો ચોરો દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના પ્રૌઢ અને સમાનશીલ કાર્યકરો અને મિત્રો વચ્ચે જ હતો. લાભશંકર પ્રભુરામ ભટ્ટ (પોપટભાઈના સાથી) પહેલાંથી જ નાનાભાઈની સાથે ત્યાં સેવા આપતા. એ ગુજરાતી સાહિત્યના પ્રૌઢ અભ્યાસી હતા. તે વારંવાર પટણીસાહેબને ત્યાં રણજિતરામને મળતા, અને નાનાભાઈની સાથે તેમનો (રણજિતરામનો) સંબંધ મેળવી આપ્યો ત્યારથી રણજિતરામ પણ ભવનમાં ઊંડો રસ લેતા બની ગયા હતા. માત્ર છાત્રાલયના વિદ્યાર્થીઓનો નિવાસ સાચવી લઈને શિક્ષણ માટે તેમને બીજી શાળાઓમાં મોકલવાથી કેળવણીમાં કંઈ ફેરફાર થઈ શકે એમ નથી, એ પ્રતીતિ તેમને બધાને સાલી; એટલે પ્રથમ પ્રયોગ તરીકે તેમણે અંગ્રેજી ચોથા ધોરણથી મૅટ્રિક સુધીના વિદ્યાર્થીઓ માટે ભવનમાં જ વર્ગો શરૂ કર્યા. તેમાં રણજિતરામ પોતાના શૉખના વિષયો ઈતિહાસ અને સંસ્કૃત શીખવવા આવતા. મસ્તરામના લઘુ બંધુ નાનાસાહેબ અને મારો નાનો ભાઈ વગેરે એ વર્ગોમાં જોડાયા હતા અને એ ભાવનાની હવા એવી જામી હતી કે જે વિદ્યાર્થીઓનાં ઘર ગામમાં હોય તે પણ છાત્રાલયમાં આવી રહેતા.

નાનાભાઈ ઉપર ઘણી બાજુનો બોજો હતો : કૉલેજના પ્રોફેસર, નવા વર્ગોના શિક્ષક અને ગૃહપતિ. એ ભાર હળવો કરવા તેમના મિત્ર અને સસરા મોહનલાલ રેવાશંકર પાઠક, જે એક નિવૃત્ત શિક્ષક હતા તેમને એક વર્ષ માટે અજમાયેશ પર લીધા હતા; પણ સંસ્થાના કામકાજમાં જોઈતી ચોક્કસ પ્રકારની જાગૃતિ અને કાળજી તેમનામાં નહોતી એટલે તે વહેલા છૂટા થઈ ગયા.

દક્ષિણામૂર્તિનું અર્થસાધન અલ્પ જેવું, એટલે વિના પગારે તો કોઈ ત્યાં કામ કરવા ચાહે નહિ. છતાં નાનાભાઈએ કૉલેજનો મોટો પગાર છોડી, બે વર્ષની રજા લઈ, કુટુંબીજનોના કકળાટની ઉપરવટ જઈને પણ ભવનનું કામ હૃદયથી ઉપાડી લીધું, અને વડીલ શિક્ષક તેમજ પિતા તુલ્ય વાલીની ફરજો ત્યાંના વિદ્યાર્થી-કુટુંબ પ્રતિ બજાવી. કારકુન, હિસાબનીશ, ટપાલી, કોઠારી, સેવક વગેરે તરીકેનાં બધાં જ કામ તેમણે કર્યાં. એમની આ તપશ્ચર્યાથી અમારા યુવકમંડળ ઉપર તેમની પ્રતિભા અને ચારિત્ર્યનો ઘણો ઊંડો પ્રભાવ પડ્યો.

૧૯૧૪ના ગાળામાં ખર્ચમાં ભીડ પડી એટલે ફંડ મેળવવાનો કીમિયો પણ તેમણે હાથ ધર્યો, જોકે તેનું ફળ તે વખતે સ્વલ્પ જ આવ્યું. શિક્ષણપ્રવૃત્તિની સાથોસાથ આ મહેનત પણ એમને જીવનભર કરવી પડી, ને જીવનના ચોથા ભાગનો સમય તેમાં જ આપવો પડ્યો હતો.

૩૦૮ ભવનની નવી વસાહત

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન માટે સ્ટેશન પાસેનું ધર્મશાળાનું મકાન તો વિદ્યાર્થીઓના માનસિક ને શારીરિક ઉત્કર્ષ માટે સર્વથા અયોગ્ય હતું, એટલે તરત પૂરતાં તો છાત્રાલય અને વિદ્યાલય તખતેશ્વર ટેકરીના વિસ્તારમાં એક ભાડાના મકાનમાં ફેરવ્યાં. તે જ અરસામાં ભાવનગરના શ્રી મણિશંકર ગૌરીશંકર, જે ધ્રાંગધ્રા રાજસાહેબના અંગત મંત્રી હતા તેમણે એક પ્લૉટ ખરીદી રાખેલો, તે પોતાના પુત્ર પ્રાણજીવનના સ્મરણાર્થે તેમણે ભવનને ભેટ આપ્યો. પાછળથી પ્લૉટને બદલે ૫૦૦ રૂપિયા તેમણે પ્રાણજીવન પુસ્તકાલય માટે આપ્યા.

નાનાભાઈનું આ અનેરું શિક્ષણકાર્ય જોઈ ભાવનગર મહારાજાએ ચાર પ્લૉટોની બનેલી જમીનનો વિસ્તાર નામની કિંમતે ભવનને આપી દીધો. નાનાભાઇએ પહેલાં તો ત્યાં તાપડાંનાં છાપરાં બાંધી સંસ્થા શરૂ કરવાનો ઇરાદો રાખ્યો હતો, પણ હવે મોટાભાઈ (મહાત્મા હરગોવિંદ પંડ્યા) પણ છૂટા થયા હતા; એટલે તેમને સાથે રાખી નાનાભાઈ મુંબાઈ, કલક ,ત્તારંગૂન વગેરે સ્થળે ફાળો કરવા ઊપડ્યા. એ દરમ્યાન એ બંનેના ગુરુભાઈ અને ત્રીજા સહકાર્યકર શ્રી ઓધવજીભાઈ બધેકા જે રેલવેમાં ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ હતા, તેમણે મુખી તરીકે ભવનનો વહીવટ સંભાળ્યો.

ભવનનું પ્રાર્થનામંદિર થયું ત્યારે તેને માટે નાનાભાઈએ શિવની દક્ષિણામૂર્તિ સ્વરૂપની એક છબિ ચીતરી આપવાની માગણી મારી આગળ મૂકી. મને હમણાં સમય ખૂબ હતો અને કંઈક ઉપયોગી કામ શોધી પણ રહ્યો હતો. શ્રી દક્ષિણામૂર્તિના ધ્યાનમંત્રો તો બીલખાના આનંદ આશ્રમમાંથી શીખ્યો જ હતો અને તેનું રટણ મને આનંદ આપતું હતું. નાનાભાઈએ મને રંગ, કૅનવાસ વગેરેના ખર્ચના રૂ. ૬૦) આપ્યા અને મેં ઘણા ઉમંગથી શ્રી દક્ષિણામૂર્તિનું ચિત્ર કર્યું.

वटविटपिसमीपे भूमिभागे निषण्णं,सकलमुनिजनानां ज्ञानदातारमारात्।
त्रिभुवनगुरुमीशं दक्षिणामूर्तिदेवं, जननमरणदुःखच्छेददक्षं नमामि ॥

ઉપર્યુક્ત શ્લોક અનુસાર કરેલા એ ચિત્રથી તે બહુ પ્રસન્ન થયા અને ભાવપૂર્વક તેને પ્રાર્થનામંદિરમાં રાખ્યું. ઘણાં વર્ષો પછી દ.મૂ. ભવનના વિલય બાદ તેમણે આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિ સ્થાપ્યું ત્યારે તેની એક નાની નકલ ફરી મારી પાસે કરાવીને એ ત્યાં લઈ ગએલા.

ભવનનાં નવાં મકાનો બાંધવાનું કામ રેલવેમાંથી નિવૃત્ત થએલા પી.ડબ્લ્યુ.ડી. (જાહેર બાંધકામ ખાતા)ના ઓવરસીઅર શ્રી ગિરધરલાલ ભાણશંકર પંડ્યાએ સેવાભાવે સંભાળી લીધું હતું. તે વખતે જે મકાનો થયાં તે સર્વમાં રેલવે સ્ટેશનોની બાંધણી દેખાઈ આવે છે. આ ગિરધરલાલ પંડ્યાના પુત્ર શ્રી સવાઈલાલ પંડ્યા બ્રિટિશ સરકારમાં ઊંચા ઈજનેરી અમલદાર થયા, ને તેના સુપુત્ર સ્વ. યશવંત પંડ્યા ગુજરાતી સાહિત્યમાં નાટકો લખીને પ્રસિદ્ધ થયા. (ચાલુ)

શતરંજના કોયડાનો ઉકેલ

ઉકેલ : 1K–B6, K–K4;

અહીં કાળો 1..., K×P થી સફેદનું પ્યાદું મારે તો સફેદ 2 K–N7, K–K5; 3K×P, P–B4; 4 K–N6! (4 K–N7? નહિ કારણ તે પછી 4 ..., P–B5; 5P–R7, P–B6; 6(P–R8(=Q'; P–B7;)7 Q–K B8, K–K6. અને સાતમી હરોળ પર પહોંચેલ RP કે BP સામે વજીરથી જીતી શકાતું નથી તેથી ડ્રૉ) P–B5; 5. P–R7, P–B6; 6,P–R8(=Q) ch. હવે શેહ આવતી હોવાથી પ્યાદું સાતમી હરોળ ઉપર જઈ શકશે નહિ અને તેથી સફેદ જીતશે.

2 K–B7! ત્રાંસું 'ઓપોઝિશન' મેળવવા. અહીં 2K–N7? થી રમત ડ્રૉમાં પરિણમે. જુઓ : 2 K–N7 ?, K–Q3; 3K×P, K–B7 અને ડ્રૉ!

2...,K–Q4; 3 K–Q7!, K–K4 અહીં કાળો K3 ઉપરનો કાબૂ છોડી દે તો સફેદ 4 K–K6 અને 5 K×P થી સહેલાઈથી જીતી જાય.

4 K–B6, K×P.


કાળાની પહેલી આમ પછીની નોંધ જેવી પરિસ્થિતિ આવી અને ત્યાં બતાવ્યા પ્રમાણે હવે સફેદ 5. K–N7 થી જીતશે.

કાળો અહીં 4...,K–Q5 રમે તો સફેદ 5 K–Q6થી જીતે છે. એ સિવાયની બીજી ચાલ તો સફેદનું કામ વધુ સહેલું કરી આપે છે.

ટાયરની છાપ

ગુનાશોધન-૨૫

લેખક · પુષ્કરભાઈ ગોકાણી



બૂટ ચંપલનાં તળિયાં પેઠે મોટર કે સ્કૂટર વગેરે જેવાં યાંત્રિક વાહનોનાં ટાયરમાં પણ અનેકવિધ ભાત ઉપસાવેલી હોય છે. અને પ્રત્યેક વાહનમાં એનો ઘસારો પણ આગવો જ હોય છે. ટાયર પરની ભાત એના વપરાશને ખયાલમાં રાખીને તથા અન્ય બનાવટથી એને અલગ પાડવાની દૃષ્ટિથી વિવિધ રીતે પ્રયોજાઈ હોય છે. (એમાંના થોડા નમૂના અહીં બતાવ્યા છે.) ખરબચડા ગ્રામીણ માર્ગો પર અને શહેરની ડામરની સડકો પર વપરાતાં ટાયર એકબીજાથી તદ્દન ભિન્ન હોય છે. વાહનના વજનના ફેરફારથી પણ એની છાપમાં ફેર પડે છે, એટલું જ નહિ પણ એના ચાલકની કારવાહી પર પણ ઘણો પ્રકાશ પડે છે. આ રીતે વ્યક્તિને ઓળખાવી દેતી એનાં પગલાંની છાપ પેઠે ટાયરની છાપ વાહનને પકડાવી દે છે ને ચાલાક ગુનાશોધક એના આધારે ગુનેગારને મહાત કરી શકે છે.

રાજકોટ નજીક રીબડા ગામે એક મોટી ધાડ પડી. પોલીસ તેના સગડ પકડવા આકાશપાતાળ એક કરી રહી હતી. ધાડના સ્થળે ડામરના રસ્તા ઉપર મોટરગાડીનાં ટાયરનાં નિશાન મળી આવ્યાં હતાં. બાજુના ધૂળિયા માર્ગ પરથી વાહન ડામરના રસ્તા ઉપર ચાલ્યું હતું તેમજ કોઈ કારણસર તેને બ્રેક પણ મારવામાં આવી હતી. પણ ધાડમાં વપરાએલું એ વાહન કોનું છે તે જાણી શકાયું નહિ.

વાહનવ્યવહાર-અધિકારી પાસેથી યાદી મેળવી પોલીસે ધીરજથી કામ આગળ ચલાવ્યું. આમ પત્તો જરા મોડો મળત; પણ ત્યાં એક કૉન્સ્ટેબલે ધાડને દિવસે ત્યાંથી મળી આવેલો એક કાગળ પોતાના ઉપરીને આપ્યો. તેમાં રાજકોટની એક પેઢીએ ટાયરના ભાવ આપ્યા હતા. પોલીસ ત્યાં પહોંચી ગઈ. ટાયરના એ ભાવ મંગાવનાર ભાવનગરની એક જાણીતી વ્યક્તિ હતી. આ માહિતીને આધારે પોલીસ ભાવનગર ગઈ અને ત્યાં એક વાહનનો કબજો લીધો. તેનાં ટાયરની છાપ સાથે રીબડામાં મળેલાં નિશાન એક થઈ શક્યાં અને તે ઉપરથી પોલીસે અન્ય ખૂટતી કડીઓ મેળવી તે ધાડમાં સંડોવાએલાઓને પકડ્યા. હાથની છાપ કે પગેરાની માફક મોટરનાં ટાયરની છાપ પણ ગુનાશોધનમાં એવો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘણા ગંભીર અને મોટા ગુનાઓમાં મોટે ભાગે મોટરવાહનોનો ઉપયોગ થતો જ હોય છે. તેથી આ ટાયરનાં નિશાનો અંગે પોલીસ ખાસ ધ્યાન આપે છે.

ટાયર ઉપરની ભાત તેની બનાવટો મુજબ જુદીજુદી હોય છે, અને એમાં વખતોવખત ટાયર ઉપરની કારીગરી બદલાતી રહે છે. ભારતમાં ડનલોપ, ગુડઇઅર, ફાયરસ્ટોન, ફિલિપ્સ, મૅન્સફીલ્ડ, ઈનચેક, સુપર ઇન્ડિયા, સીઆટ વગેરે ઘણી પેઢીઓ ટાયર બનાવે છે. દરેક કંપની દરેક માપનાં ટાયરોમાં જુદીજુદી ભાત બનાવે છે. તેથી ટાયરની છાપ ઉપરથી કઈ કંપનીનું એ ટાયર છે તે ઘણી વખત નક્કી થઈ શકે છે. પણ હવે તો ટાયર ઉપર ફરી નકશી (રી-મોલ્ડ) કરવાનાં પણ ઘણાં કારખાનાં અસ્તિત્વમાં આવ્યાં છે. એટલે ટાયરની નકશીની પણ ઘણી નવી જાતો બની છે અને એથી ટાયરની છાપ ઉપરથી ટાયરની બનાવટનો એકદમ ખયાલ આવવો મુશ્કેલ બની રહે છે.

દરેક ટાયર ઉપરનો ઘસારો જુદીજુદી જાતનો હોય છે, એક જ ભાતવાળાં કોઈ પણ બે ટાયરો કે બે જુદાંજુદાં વાહનોનાં ટાયરો એક સરખાં ઘસાતાં નથી. તેથી દરેક ટાયર થોડા વખત પછી એકબીજાથી આગવી છાપવાળું બની જાય છે. આંગળાંની અને પગની છાપની માફક એની આવી નિરાળી છાપ એની ઓળખની અચૂક નિશાની બની ગુનાશોધનમાં એક મહત્ત્વનો પુરાવો પૂરો પાડે છે.

ગુનાશોધક પાસે દરેક કંપનીનાં છેલ્લામાં છેલ્લી બનાવટનાં ટાયરો પરની ભાતની છાપ તથા તે ક્યારથી બજારમાં મુકાઈ તેની નોંધ અને ખાસ કરીને તે કયા વાહનમાં વપરાય છે તેની વિગતો હોય છે.

ગુનાના સ્થળ પર મળેલી ટાયરની છાપની, પગલાંની છાપ પેઠે, ફોટોગ્રાફ દ્વારા કે પ્લાસ્ટરના કાસ્ટ વડે નોંધ રખાય છે. આ છાપને પછી મળી આવેલા શંકાસ્પદ ટાયર સાથે સીધી સરખાવી શકાતી નથી પણ એ ટાયરની છાપ સાથે સરખાવવી પડે છે. જો પોચી માટીવાળો રસ્તો હોય તો કાસ્ટ સહેલાઈથી મેળવી શકાય છે તેમજ ટાયરની છાપની ઊંડાઈ ઉપરથી વાહનમાં કેટલું વજન ભરેલું હતું તેનો અંદાજ પણ થઈ શકે છે. આ એક મહત્ત્વની બાબત છે. વળી, મોટરના ટાયર પર ભરાઈ રહેલા રજકણો પણ ગુના અંગે એક વધુ પુરાવો આપે છે.

બે ટાયર વચ્ચેના અંતર ઉપરથી વાહનની બનાવટનો ખયાલ પણ મળી શકે છે. જોકે અમેરિકન બનાવટનાં વાહનોનાં બે ટાયરો વચ્ચેનું અંતર સરખું જ હોય છે. જ્યારે વાહનને બ્રેક મારવામાં આવે છે ત્યારે તેનાં ટાયરો ઘસાઈ ને રસ્તા ઉપર એક ખાસ લીસોટો પાડે છે. ખૂન, અકસ્માત, ધાડ વગેરે બનાવોમાં તો વાહનને મોટે ભાગે બ્રેક મારવી જ પડતી હોઈ ગુનો પકડવા માટે એક વધુ મુદ્દો મળે છે. બ્રેકને લીધે પડેલા લીસોટાની લંબાઈ પણ કેટલાંક અનુમાનો કરવામાં મદદરૂપ બને છે. ઘણી વખત ટાયરની ધાર કે એના બીજા ભાગમાં કાપ હોય તો ટાયરની છાપમાં તે મળી આવે છે. તેથી ટાયર ઓળખવું સહેલું પડે છે.

ગુનાશોધક જ્યાં ટાયરની છાપ મળી આવે ત્યાં તેનો ફોટો અને બની શકે તો કાસ્ટ લેવડાવે છે; ટાયરની છાપનું તથા તેમાં દેખાતી લીટીઓ, ખૂણા, ઢોળાવ, કાપા વગેરેની સંખ્યા અને માપ લઈ લે છે. એકસરખી દેખાતી લીટીઓની તથા અસાધારણ કાપાની ખાસ નોંધ

લે છે. ઘસારો કેટલો લાગ્યો છે તે નોંધી તેનો અંદાજ કરે છે. બે ટાયર વચ્ચેનું અંતર, વાહનની ગતિની દિશા, તથા જ્યાંથી નિશાન મળી આવ્યાં તે રસ્તાની બનાવટ, ને વાહનની જાત વિષે પણ નોંધી લે છે.

શકમંદ ટાયર માટે તે ટાયર વાહનમાં ચડેલું ન હોય તો વાહનમાં ચડાવી તેની ઉપર આછી શાહી લગાડી તેની છાપ લઈ, ઉપર મુજબ નોંધ કરે છે. તેમજ તે ટાયરની ભાતમાંથી વચ્ચેથી મળી આવેલ રજકણની પણ તપાસ કરાવે છે.

રીઢા ગુનેગારો ગુનો કર્યા પછી ઘણી વાર ટાયરનો ને ક્યારેક વાહનનો પણ નાશ કરે છે; યા ટાયર બદલી નાખે છે કે ટાયર પર નવી ભાત કરાવી લે છે. સગડ ભુલાવવા વાહનને પાણીમાં પણ ચલાવી લે છે. છતાં આજની વૈજ્ઞાનિક તપાસ સામે ટકી શકતા નથી, કારણ કે દરેક ગુનો પોતાની ઓળખ અમુક રીતે પાછળ મૂકી જ જાય છે.

કુર્લા-અંધેરી રોડ ઉપર એક રાહદારી વહેલી સવારે એક ફિયાટ મોટર સાથે ટકરાઈ પડયો. મોટરમાલિક રાસવિહારી જાતે જ ગાડી ચલાવતા હતા. એમણે તુરત મોટર ઊભી રાખી અને નજીકમાંની હૉસ્પિટલ તથા પોલીસને ફોન કરી બનાવની જાણ કરીઃ આ અકસ્માત જોનારા બેત્રણ જણ પણ ત્યાં એકઠા થઈ ગયા.

પાંચેક મિનિટમાં ઈન્સ્પેક્ટર આવી પહોંચ્યા. ઍમ્બ્યુલન્સ પણ આવી ગઈ. રાહદારીને તપાસી નિરાશ થએલા ઇન્સ્પેક્ટરે બીજા ધીમે ધીમે ભેળા થતા લોકોને એક તરફ કર્યા. કૉન્સ્ટેબલને જરૂરી સૂચના આપી પોલીસચોકીએ ફોન કરાવી દીધો.

રાસવિહારી દુઃખી હૃદયે આગળ આવ્યા : 'ઈન્સ્પેક્ટર, માફ કરજો. આ દુઃખદ અકસ્માતનું હું કારણ બન્યો. હું રોજ સવારે ફરવા નીકળું છું; દૂર ગયા પછી કારને પાર્ક કરી ઊગતા સૂર્યમાં થોડી વાર લટાર મારું છું. આજે પણ એ રીતે જ જતો હતો ત્યાં રસ્તો ઓળંગવા જતાં આ ભાઈ મારી મોટર સાથે અથડાઈ પડયા. હું તો તેમને ઓળખતો નથી, પણ નિર્દોષ બિચારાનો આ અંજામ જોઈ શકાતો નથી.'

'આ અકસ્માત નજરે જોયો હોય તેવા અહીં કોઈ છે?' ઇન્સ્પેક્ટરે ટોળા તરફ જોઇને પૂછ્યું.

'હા, ઈન્સ્પેક્ટર; મેં અકસ્માત થતો જોયો હતો. આ ભાઈ કહે છે તેમ જ કદાચ બન્યું છે.' એક જણે જવાબ આપ્યો.

'મેં પણ જોયું છે. તેમણે હોર્ન મારેલું તે પણ મેં સાંભળ્યું હતું.' બીજા એકે પણ કહ્યું. ઇન્સ્પેક્ટરે બન્નેનાં નામસરનામાં નોંધી લીધાં. હવે ઈન્સ્પેક્ટરે મોટરમાલિકને પૂછવા માંડયું : 'આપનું નામ?'

'રાસવિહારી હાથી.'

'આપ શું કરો છો?' 'રીટાયર્ડ કસ્ટમ્સ અધિકારી છું.'

'આપનું સરનામું.'

'હડીઆણાવાળાની ચાલ, સ્ટેશન પાસે, કુર્લા.'

'અહીં ક્યારથી રહો છો?'

'બેએક માસ થયાં રહેવા આવ્યાં છીએ. આ અગાઉ નાગપુર રહેતાં હતાં. પણ છોકરાં અહીં ભણે છે. હું મકાનની તપાસમાં છું. દરમિયાન આ ચાલ હાથ લાગી એટલે તુરત વ્યવસ્થા કરી.' રાસવિહારી શાંતિથી અને કંઈક મૂંઝવણથી જવાબ આપતા હતા.

'આ મોટર તમારી છે?' 'જી, હા.'

દરમિયાન પોલીસની બીજી ગાડીઓ આવી પહોંચી, તેમાંથી કાફલો ઊતર્યો. 'આપ અહીં જ રહેજો; ને આપ બન્ને પણ' ઇન્સ્પેક્ટરે પેલા બે સાક્ષીઓને પણ રાસવિહારી સાથે ત્યાં જ રહેવા સૂચના કરી.

તુરત સર્વેઅરે માપવા માંડયું. ફોટોગ્રાફરે ફોટો લેવા માંડયા. આંગળાંની છાપ લેવાવાળાએ મૃત્યુ પામેલાનાં આંગળાંની છાપ લીધી. તેના માથા આગળ લોહીનું ખાબોચિયું ભરાયું હતું. મરનાર આધેડ ઉમરનો અને નોકરી કરનાર સામાન્ય માણસ જણાતો હતો. એના ખિસ્સામાં બારેક રૂપિયા જેટલી રકમ હતી.

મોટર તેને પછાડીને થોડી આગળ ચાલી ગઈ હતી. સવારની ઝાકળને લીધે રસ્તો ભીનો હતો, તેમાં મોટરનાં ટાયરનાં નિશાન સ્પષ્ટ દેખાતાં હતાં. અકસ્માત થયા પછી થોડે આગળ રાસવિહારીએ મોટરને બ્રેક મારી લાગતી હતી, પરંતુ તે પછી પણ મોટર થોડું ચાલી હતી એમ ટાયરનાં નિશાન પરથી લાગ્યું. દેખીતો અકસ્માત જ લાગતો હતો. પણ ઈન્સ્પેક્ટરને જોવું હતું કે રાહદારીએ આત્મહત્યા તો નથી કરીને? કદાચ તેનો વીમો હોય તો જાણી શકાય. ઇન્સ્પેક્ટરે આજુબાજુ સર્વને પૂછ્યું પણ કોઈ મરનારને ઓળખતું નહોતું.

ખિસ્સામાંથી મળેલી વસ્તુઓ વગેરેનું પંચનામું થયું. અકસ્માત અંગે કાગળિયાં થયાં. સાક્ષીઓની સહીઓ લેવાઈ. ઈન્સ્પેક્ટર શબને પોસ્ટમોર્ટમ માટે મોકલીને રાસવિહારી અને બે સાક્ષીઓને લઈને પોલીસચોકીએ ઊપડયા. અકસ્માતવાળી ફિયાટને પાછળ બીજી મોટર ખેંચી લાવતી હતી. દશ વાગ્યે તો તે સ્થળે જાણે કાંઈ જ ન બન્યું હોય તેવું થઈ ગયું. ઈન્સ્પેક્ટરે ત્રણેની જુબાની લીધી. બંને સાક્ષીઓને જવા દીધા. રાસવિહારીને પોતે સાથે જઈને તેમને ઘેર મૂકી આવ્યા. મોટર પહોંચ આપીને પોતાને કબજે રાખી. પોસ્ટમોર્ટમનો રીપોર્ટ આવી ગયો. મરનારના શરીરમાં કોઈ રોગ નહોતો.

મોડી રાત્રે ઇન્સ્પેક્ટર પાસે ફરિયાદ આવી કે સુધીર માંકડ હજી સુધી ઘેર આવ્યા નથી. તેઓ કુર્લામાં જ અંદર અંધેરી તરફ રહેતા હતા. તુરત ફરિયાદ કરનારને ઇન્સ્પેક્ટર હૉસ્પિટલના મૉર્ગ (શબ રાખવાની ઓરડી)માં લઈ ગયા. ત્યાં શબને જોતાં જ ફરિયાદી રડી પડયો. મરનાર તેના પિતા સુધીર જ હતા. પ્રિન્સેસ સ્ટ્રીટ ઉપર એક દવાની દુકાનમાં કામ કરતા હતા. તેમને મોકલેલું ટિફિન સાંજે એમ ને એમ જ પાછું આવ્યું હતું. છતાં તેઓએ રાહ જોઈ અને રાત્રે પણ તેઓ ઘેર ન આવ્યા એટલે પોલીસની મદદ માટે એ આવ્યો હતો.

તેનું નામ કુંજ હતું. મુંબાઈના જીવનને અનુરૂપ બની સંતોષથી એમનું કુટુંબ રહેતું હતું. ઈન્સ્પેક્ટરને લાગ્યું કે આમાં આત્મહત્યાનું કોઈ કારણ જણાતું નથી. એટલે આ બનાવ અકસ્માત જ છે એમ ચોક્કસ થાય છે. પણ ઈન્સ્પેક્ટરે એ પણ જાણ્યું કે મરનાર તથા રાસવિહારીની જ્ઞાતિ એક જ હતી. જોકે એથી રાસવિહારી પર શક કરવો યોગ્ય નહોતો; છતાં કદાચ ક્યાંક ઊંડેઊંડે પણ કંઈક જાણવા જેવું મળી આવે તો એ તપાસવા એણે મનોમન નક્કી કર્યું.

કુંજનું બયાન લઈ ઈન્સ્પેક્ટરે તેને શબ સોંપી દીધું.

બીજે દિવસે સવારે નકશો, ફોટો વગેરે આવી ગયાં. ઈન્સ્પેક્ટર એકી નજરે તે બધું જોઈ રહ્યા. થોડો વિચાર કરતાં તેમને થયું કે આ અકસ્માત તો નથી જ. તેમણે મરનારના ઘરે તપાસ કરી કે તેના કોઈ જ્ઞાતિભાઈ કે કોઈ સગાનું તાજેતરમાં મૃત્યુ થયું છે કે નહિ.

તેને જાણવા મળ્યું કે એવું કશું બન્યું નહોતું; છતાં ઈન્સ્પેક્ટરને હતું કે આ અકસ્માતમાં કંઈક ભેદ જરૂર છે. અને જો એ ખૂનનો જ બનાવ હોય તો હવે તેનું કારણ શોધવાનું હતું. તેમણે રાસવિહારીની તપાસ માટે માણસ રોકી દીધા. બેએક દિવસમાં ખબર મળ્યા કે રાસવિહારીના દૂરના કોઈ સગા મૃત્યુ પામ્યા છે. ઈન્સ્પેક્ટરે તપાસ કરી. એ મરનાર દુર્ગાપ્રસાદ વોરા રાસવિહારીના દૂરના કાકા-સસરા થતા હતા. માલદાર માણસ હતા અને તેમની પાછળ કોઈ નહોતું. એમનો વારસો કદાચ રાસવિહારીને જ મળવાનો સંભવ હતો. (અનુ.પૃ.૨૪૭)

ભારતીય સર્વેક્ષણ-સંસ્થા

આજ બસો વર્ષથી ચાલતું ભારત સરકારનું અતિ અગત્યનું છતાં સૌથી મૂગું ખાતું-જેના વીસ હજાર કર્મચારીઓ દ્વારા, આ મહાન ભૂમિખંડની તસુએ તસુ જમીનની મોજણી માટે પરદા પાછળ રહીને ખેડાતાં સાહસો અને જોખમોથી તથા એમનાં પરિશ્રમો અને નિષ્ઠાથી આપણે અજાણ છીએ.

'સર્વે ઑવ ઇંડિયા'

બહુ ઓછાને જાણ હશે કે આ દેશનું સૌથી મૂગું પણ અતિ મહત્વનું એક ખાતું જગતભરની પ્રજાઓમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

'સર્વે ઑવ ઇંડિયા'ના નામથી ઓળખાતી ભારતની એ 'સર્વેક્ષણ સંસ્થા'એ, હમણાં ગઈ ૧લી મેના દિવસે જ્યારે તેની દ્વિશતાબ્દી ઊજવી ત્યારે જ જાણવા મળ્યું કે 'આસેતુ હિમાચલમ્'નો મુદ્રાલેખ ધરાવતા એ ખાતાના કર્મચારીઓને કન્યાકુમારીથી માંડી કૈલાસ સુધી પથરાએલા આ મહાન ભૂમિખંડની ઇંચેઇંચ જમીનની માપણી કરવા માટે કેટલી નિષ્ઠા, પરિશ્રમ અને સાહસની જરૂર પડે છે.


કુંવારી ધરતી અને નિર્જન પ્રદેશો, ધીકતાં રણો અને થીજવી નાખતાં હિમશિખરો, ભયાનક ખીણ-કોતરો અને ગાઢાં જંગલો વીંધીને, માનવીએ જ્યાં કદી પગ પણ ન મૂકયો હોય એવા સ્થળે સ્થળની ચોકસાઈભરી મોજણી કરવામાં એમને જે હાડમારી અને જોખમ વેઠવાં પડે છે તેનો ભાગ્યે જ કોઇને ખયાલ આવે. અતાગ કુહરો, બર્ફિલી ઠંડી અને ઘેરાં વાદળોને લીધે પર્વતીય પ્રદેશોની મોજણી તો વર્ષમાં માંડ ૬૦-૭૦ દિવસો જ થઈ શકે છે. હજારો ચોરસ માઈલમાં પથરાએલા થરના રણમાં, જ્યાં નથી વરસાદનું ટીપું યે પડતું કે નથી કોઈ વૃક્ષછાયા પડતી, ત્યાં પણ પર્વતીય સર્વેક્ષકોની પેઠે કુદરતની સામે લડતાં લડતાં એના મોજણીદારોને તંબૂઓમાં જ દિવસોના દિવસો ગાળવા પડે છે. બહારની દુનિયા સાથે એમનો સંબંધ માત્ર ઊંટો દ્વારા જ જળવાઈ રહે છે, જે એમને સીધું, પાણી અને ટપાલ પહોંચાડે છે. અંગ્રેજોના સમયથી એની હકૂમત લશ્કરી અમલદારના હાથમાં હોવાથી એના કર્મચારીઓનાં શિસ્ત અને સાહસિકતામાં કદી કમીના નથી આવી અને આપણાં બીજાં મુલકી ખાતાંઓની માફક ત્યાં કોઈ જાતની ટલ્લેબાજી નથી ચાલતી.


વેપારી બનીને આ દેશમાં આવેલા અંગ્રેજોને જ્યારે હકૂમત અને રાજ્યવિસ્તારની મહેલાળ લાગી ત્યારે પોતાનાં લશ્કરોની હેરફેર આ




માઈક્રોવેવના ઘોષ-પ્રતિઘોષની ઝડપના આધારે ચોકસાઈ પૂર્વક અંતર માપવાનું અદ્યતન ઈલેક્ટ્રોનિક સાધન 'ટેલ્યુરોમીટર'. ખીણખડકોવાળા વિસ્તારોમાં અંતર માપવામાં જૂની તાર-સાંકળો વડે મોજણી કરવી જ્યાં નાકામયાબ નીવડે ત્યાં આ વીજાણુ યંત્ર દ્વારા બહુ ઓછા સમયમાં લાંબાંલાંબાં અંતરો પણ ચોકસાઈથી માપી શકાય છે. મથાળે : આ ખાતાનું પ્રતીક.

જૂનાગઢમાં આવેલો રા'ખેંગારનો મહેલ તથા ઉપરકોટમાં આવેલી બૌદ્ધ ગુફાઓના ખંડિયેરના સર્વેક્ષણ સંસ્થાએ કરેલા આ વિગતવાર નકશામાં ત્યાંના થાંભલે થાંભલાની વિગત સાથે આસપાસના ડુંગરાળ પ્રદેશની ઊંચાઇઓ પણ છે. કાઠિયાવાડના બૌદ્ધ ગુફા-અવશેષોના મોટા નકશાનો આ એક ભાગ છે. આવા તો અનેક સ્થળોના ઝીણવટભરી વિગતોવાળા સંખ્યાબંધ નકશાઓ આ સંસ્થાએ કર્યા છે.





દરિયાનાં ભરતી-ઓટની આગાહી આંકી આપતું, 'સર્વે ઑવ ઇંડિયા'-માં ઉપયોગમાં લેવાતું આ 'ધ ડૂડસનલેજ ટાઈડ પ્રીડિક્ટિંગ મશીન'. સમગ્ર દક્ષિણ અને અગ્નિ એશિયામાં આ પ્રકારનું આ એકમાત્ર અદ્યતન યંત્ર છે. ભરતીઓટની બહુ ચોક્કસ આગાહી તો એ કરે જ છે, પણ એકસાથે એવાં બેંતાલીસ ઘટકો તેમાં કામ કરે છે.



નેધરલૅન્ડ્સની સરકારની સહાયથી દહેરાદૂનમાં સ્થપાએલા 'ફોટો ઈન્ટરપ્રિટેશન ઇન્સ્ટિટ્યૂટ'માં ભૂસ્તરરચના, વનવિદ્યા અને ભૂગર્ભ મોજણીની માહિતી માટેનું 'સ્કૅનિંગ સ્ટીરીઓસ્કોપ'.

અજાણ્યા દેશમાં કરવામાં મુશ્કેલી જણાવા લાગી. એ દૂર કરવા માટે રૉબર્ટ ઓર્મ નામના અમલદારે આ દેશની ભૂમિની વિગતે મોજણી કરવાની જરૂરત ઈસ્ટ ઇંડિયા કંપનીને ગળે ઉતારી, અને લૉર્ડ ક્લાઇવે ઈ. ૧૭૬૭માં તેની શરૂઆત કરાવી. આ લશ્કરી જરૂરતની માહિતી તે કાળે ભારતમાં પગપેસારો કરી રહેલી ફિરંગી અને ફ્રાંસિસી હરીફ સત્તાઓથી છૂપી રાખવાની હોવાથી એ ખાતા (સર્વે ઑવ ઇંડિયા)ને ગોપનીય ગણીને લશ્કરી અમલદારને તે સોંપવામાં આવ્યું.

હિંદુસ્તાનની તસુએ તસુ જમીનની માહિતી આપતા—તે એટલે સુધી કે પાકા રસ્તા, કાચી સડકો, ગાડામારગ, વચ્ચે આવતાં ઝરણાં ગરનાળાં, અને તેને કાંઠે ઊભેલી નાની દેરી કે જંગી વટવૃક્ષ સુધ્ધાંનાં સ્થાન બતાવતા—નકશા તૈયાર કરવામાં આવે તો એ ખાતાનો કાર્ય-પ્રદેશ ઘણો વિશાળ થઈ ગયો છે. પ્રાંતેપ્રાંતની સરહદો અને ગામે-ગામ તથા શહેરના ઝીણાવટભર્યા નકશા ઉપરાંત જંગલો, ઝીલો અને તળાવો, કૃષિયોગ્ય ભૂમિ, તેમાં લેવાના પાક માટેની માટીની જાતો વગેરે સુધ્ધાંનાં માનચિત્રો એ તૈયાર કરે છે.

એની ૬૦ ટકા જેટલી શક્તિ તો સંરક્ષણ ખાતા માટેની લશ્કરી મોજણીઓ તથા અન્ય દેશો સાથેની સરહદોનાં રેખાંકનમાં ખર્ચાય છે. સ્વરાજ્ય પછી એવા લશ્કરી અને રાજનૈતિક, વૈજ્ઞાનિક તથા ભૌગો-લિક નકશાઓ ઉપરાંત વિકાસ યોજનાઓ માટેની જરૂરી મોજણી પણ હવે એ સંભાળે છે. આંધ્રના ઇચપાલી જલાગાર, બિહારના સુંદર આયોજન કે ગુજરાતની નર્મદા યોજનામાં પણ તેની સહાય જરૂરી છે. તમામ મુલ્કી ખાતાંઓ, નગરપાલિકાઓ, યુનિવર્સિટીઓ અને સ્વાયત્ત સંસ્થાઓ સુધ્ધાંને મોજણી તથા નકશા સંબંધી માહિતી તેમજ સલાહ આપવા ઉપરાંત હવે તો આ સંસ્થા ભૂ ચુંબકત્વ તથા દરિયાનાં ભરતી-ઓટના વર્તારા જેવી કામગીરી પણ સંભાળે છે એવાં વિશિષ્ટ કાર્યો માટે અદ્યતન સાધનો વસાવવા ઉપરાંત એ ખાતાએ પોતે પણ 'હંટર શોર્ટ બેઈઝ' નામના મોજણી યંત્રની તેમજ નકશાના છાપકામ માટે 'ઈન્ડિયન કિલનોમીટર' પદ્ધતિની શોધ કરી છે. ø



ટિકિટસંગ્રહ : દક્ષિણ ધ્રુવ અડતા પૂર્વ કિનારા પરની 'ઑસ્ટ્રેલિયન ટેરિટરી'ની ગયા ફેબ્રુઆરીમાં બહાર પડેલી ખાસ ટિકિટોમાંની એક, તેના 'ફર્સ્ટ ડે'ની વિશિષ્ટ છાપ સાથે. (ચિત્રક : ભરતકુમાર ઉપાધ્યાય—અમદાવાદ)





તા. ૧લી મેએ 'ભારતીય સર્વેક્ષણ સંસ્થા'-સર્વે ઑવ ઇંડિયાની દ્વિશતાબ્દી નિમિત્તે બહાર પડેલી ખાસ ટિકિટ-તેના પર કેન્દ્રમાં સંસ્થાનું પ્રતીક અને ચાર ખૂણે તેની કામગીરીનાં સૂચક ચિત્રો આપ્યાં છે. ભારતની સૌપ્રથમ ટપાલટિકિટો પણ આ સંસ્થાએ જ છાપી હતી. (જમણી બાજુ) ગઈ ૧૬મી એપ્રિલે ભારતના વિખ્યાત કલાકાર સ્વ. નંદલાલ બસુની પ્રથમ સંવત્સરી હતી ત્યારે એમના માનમાં ૧૫ પૈસાવાળી એક ખાસ ટપાલટિકિટ બહાર પડી છે. એના પર નંદબાબુની છબિ સાથે એમની એક કૃતિ-ગરુડનું ચિત્ર પણ છાપ્યું છે.

કલાવાર્તા

ક્લીવલૅન્ડ મ્યૂઝિયમ

અમેરિકાના ઓહાયો રાજ્યનું ક્લીવલૅન્ડ નગર આમ તો નવેક લાખની વસતિનું મધ્યમ કક્ષાનું ઉદ્યોગપ્રધાન શહેર છે, પણ તેનું સંગ્રહસ્થાન જગતનાં ભલભલાં સંગ્રહસ્થાનોમાં માગ મુકાવે એવું છે. સિક્કાઓથી માંડી ચાઈનીઝ અસ્ત્રા સુધીની કલાત્મક કૃતિઓ, તેમજ એલ ગ્રેકો, રુબેન્સ, ટીશ્યાં, ટર્નર ને પિકાસો જેવાની ચિત્રકૃતિઓ મેળવી ને સંઘરવી એ ઊંચી સૂઝ અને પુરુષાર્થનું કામ છે. 'આધુનિક કલાનાં પચાસ વર્ષ' નામનું પ્રદર્શન રજૂ કરીને એ સંગ્રહસ્થાને હમણાં પોતાની સુવર્ણ જયંતી એક ભવ્ય મિજબાની સાથે ઊજવી, એ કલાજગતનો નોંધપાત્ર બનાવ ગણાય. બ્રિટિશ મ્યૂઝિયમના ડાયરેક્ટર સર ફ્રૅન્ક ફ્રાન્સિસે મુખ્ય વક્તા તરીકે બોલતાં કહ્યું હતું કે ક્લીવલૅન્ડના કલાસંગ્રહસ્થાનની સર્જનાત્મક સિદ્ધિઓ જગતનાં તમામ સંગ્રહસ્થાનોની ઇર્ષા ને પ્રશંસાને પાત્ર બની છે. આ નીચે એ સંગ્રહસ્થાન અને એની આસપાસના ઉદ્યાનનું વિહંગ દૃશ્ય તથા પછીના પાના પર તથા આ અંકના પાછલા પૂઠામાં ત્યાંના સંગ્રહમાંની કેટલીક કલાકૃતિઓ રજૂ કરી છે.



'ટૉમ સૉયર' નામે એક યોજના હેઠળ વૉશિંગ્ટનના 'કૅનેડી સેન્ટર'માં પ્રદર્શિત કરવા માટે દુનિયાના કેટલાક દેશોમાંથી પંદર વર્ષથી નીચેની ઉમરનાં બાળકોનાં બબ્બે ચિત્રો એકઠાં કરવા એક વ્યાપક હરીફાઈ યોજાઈ છે. એ અનુસાર, ગયે મહિને 'શંકર્સ વીકલી' દ્વારા આયોજિત ચિત્ર-હરીફાઈમાંથી પસંદ થએલાં દિલ્હીનાં દસ બાળકો – છ બાળાઓ અને ચાર કિશોરોએ આ ચિત્રહરીફાઈમાં ભાગ લીધો છે. ભારતીય જીવનનું દર્શન કરાવતા કોઈ પણ વિષય પર ચિત્ર કરવાને મુક્ત આ બાળકોમાંનાં કેટલાંકને તેલરંગોનો અને ૪×૮ ફૂટ જેવડા મોટા કદના ચિત્રાલેખનનો બિલકુલ મહાવરો નહિ હોવા છતાં એમણે જે આત્મશ્રદ્ધા દાખવી છે એ પ્રશંસનીય છે. આ દસ ચિત્રોમાંથી બે પસંદ કરીને વૉશિંગ્ટન મોકલવામાં આવશે.





ક્લીવલૅન્ડ મ્યૂઝિયમના સંચાલક શ્રી શેરમાન લી, 'ક્રાઈસ્ટનો નામાભિષેક' નામે ૧૭મી સદીનું એક ઈટાલિયન કાંસ્યશિલ્પ નિહાળતા. લી અમેરિકાના પૌર્વાત્ય કળાના એક અગ્રગણ્ય જ્ઞાતા છે અને મ્યૂઝિયમના સંચાલકપદે નિમાયા પહેલાં છ વર્ષ તેઓ ત્યાંના પૌર્વાત્ય કલા-વિભાગના વડા હતા.

•

ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીના પાછલા અરધનું આરસનું બેએક ફૂટ ઊંચું આ ગ્રીક શિલ્પ સદીઓની થપાટ ખાધા પછી યે ખંડિત અવસ્થામાં પણ એ કાળની કલાશક્તિની ઓળખ આપી રહે છે. ક્લીવલૅન્ડમાં આવાં વિવિધ સંસ્કૃતિનાં દ્યોતક જુદાજુદા કાળનાં શિલ્પોનો ઘણો સારો સંગ્રહ છે.






નટરાજ. ૧૧મી સદીના ચોલકાળની દક્ષિણ ભારતની, ક્લીવલૅન્ડ મ્યૂઝિયમમાંની આ તામ્રપ્રતિમા લગભગ ચુંમાળીસ ઇંચ ઊંચી છે. વાદવિવાદમાં હારેલા વિદ્વાનોએ આવેશમાં આવીને રાક્ષસોની સહાયથી શિવનો વિનાશ કરવા ધાર્યો, પણ શિવે એ સૌનો નાશ કર્યો છેલ્લે એક કૂબડા વામનને પગ તળે કચરી શિવે આ તાંડવ કર્યું. સર્વોત્તમ શક્તિ તરીકે પુજાતા હોઈ શિવના આ રૌદ્ર સ્વરૂપની સંખ્યાબંધ પ્રતિમાઓ ત્યાં રચાઈ છે.

•

એ જ વિષય (માનવ-ધડ) પણ રજૂઆત તદ્દન અદ્યતન. રૂમાનિયાના શિલ્પી બ્રાન્કુસીની પિત્તળની આ કૃતિ છે. 'સાદાઈ એ કળાની સીમા નથી, પણ વસ્તુનો ખરો અર્થ પામવા જતાં સર્જક સાદગી તરફ આવી પહોંચે છે' એમ તેઓ માને છે.





વૃક્ષ તળે નિદ્રિત યુવાન. ૧૬મી સદીના સફાવિદકાળની ફારસી ચિત્રશૈલીનું ક્લીવલૅન્ડમાંનું એક સુંદર ચિત્ર. લયબદ્ધ રેખાઓ અને સુઘડ લાવણ્ય સાથે શોભનાત્મક સપાટ ભાત, મધુરું રંગલેખન અને મુક્ત કાવ્યમયતા એ પાછલા કાળની ઈરાની કળાની લાક્ષણિકતા છે.

•

અહીં પણ માનવ-ધડનું જ આલેખન છે. સિસ્ટાઇન ચૅપલની છતમાં ચીતરવા માટે માઈકલૅન્જેલોએ કરેલી મબલખ ચિત્રનોંધોમાંનું આ એક પાનું ક્લીવલૅન્ડના બહુમૂલ્ય કલાસંગ્રહમાંના એક રત્નસમું છે. માનવદેહની વિવિધકાળ અને શૈલીની આ ભિન્નભિન્ન રજૂઆતની સરખામણી અહીં રસમય બની રહેશે.







ક્લીવલૅન્ડના જેપ્થા હૅામર વેઈડે ઈ. ૧૮૮૨માં જાહેર ઉપયોગ માટે એક બાગ નગરને ભેટ આપ્યો. એના પૌત્રે ત્યાં એક સંગ્રહસ્થાન ઊભું કરવા ધાર્યું. ને પછી નગરજનોના સક્રિય સહકારથી જે કલાસંગ્રહ ઊભો થયો તે આ 'ક્લીવલૅન્ડ મ્યૂઝિયમ.' નીચે: આ અંકના મુખચિત્ર સાથે જેમનો પરિચય આપ્યો છે તે શ્રી ચંદ્રવદન ભટ્ટની એક કૃતિ 'સંસારજાળ જટિલા'



કલાકાર સુમતિમોહન

મુંબાઈમાં સાધના કૉલેજમાં આર્ટ ઈન્સ્ટ્રક્ટર, પાલનપુરના ભાઈ સુમતિમોહને પૌરાણિકકથાભંડારમાંથી ચિત્રવસ્તુ લઇને 'ભારતનો સુવર્ણયુગ' નામે ૨૦ ચિત્રોનું એક પ્રદર્શન હમણાં મુંબાઈની તાજ આર્ટ ગૅલેરીમાં રજૂ કર્યું. જૈન ગ્રંથચિત્રો સમી એમની શૈલીમાં સોનેરી રંગના સવિશેષ છતાં સપ્રમાણ ઉપયોગ સાથેનાં આ ચિત્રોએ એમની અનોખી કલાપ્રતિભા દાખવી હતી. એમાંની એક કૃતિ 'કાલિયમર્દન' નીચે આપી છે.

ઈ. ૧૯૬૪માં ડિપ્લોમાની પરીક્ષામાં પ્રથમ આવી એક વૈયક્તિક ચિત્રપ્રદર્શન કરેલું. પછી ૧૯૬૫માં કેટલાંક ઝબિચિત્રો પ્રદર્શિત કરેલાં.





ગુજરાતના ભક્તકવિ નરસિંહ મહેતાની પંચશતાબ્દી નિમિત્તે તેમના સમ્માનમાં ભારતના ટપાલખાતાએ ગઈ તા. ૩૦મી મેના દિવસે બહાર પાડેલી ૧૫ પૈસાની આ ખાસ ટિકિટ પરનું નરસિંહ મહેતાનું આલેખન ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળના એક ચિત્ર પરથી લીધેલું છે. અહીં આ ટિકિટોની વચ્ચે એ અસલ ચિત્રની પૂરી છાપ આપી છે.

ગુજરાતનું ગૌરવ

આર્ય સંસ્કૃતિના એક અગ્રદૂત સમા કવિ નરસિંહ મહેતાએ ગુજરાતમાં ભક્તિની એક નવી જ ચેતના મુખરિત કરી. આરંભથી જ ભક્તકવિ તરીકેની એમની નામના ભારતના અનેક વિસ્તારોમાં ફેલાએલી રહી છે.

જૂનાગઢ નજીક તળાજા ગામે એમનો જન્મ. બચપણથી જ તેઓ પિતાની છત્રછાયાથી વંચિત બનેલા. સાધુસંતોના સંપર્કે એમનામાં કૃષ્ણભક્તિનાં બીજ રોપ્યાં એટલું જ નહિ, ભક્તિનાં ગોપ્ય રહસ્યોની પણ એમને પ્રાપ્તિ થઈ. ભક્તિરસથી ઓતપ્રોત એમનાં પ્રભાતિયાં, પદો અને ભજનો આજે યે ગુજરાતમાં ઠેરઠેર પ્રેમથી ગવાય છે. ઉદાત્ત ભાવ અને ઉપદેશભર્યાં એમનાં પદો પ્રેરણા અને નિષ્ઠાનાં જીવંત સ્રોત સમાં છે. અને એમાં વ્યાવહારિક વેદાંતજ્ઞાન ઓતપ્રોત છે. શક્તિશાળી ભાષાના સમૃદ્ધ શબ્દભંડારથી પ્રચુર એમની કૃતિઓનો સાહિત્ય પર ઊંડો પ્રભાવ છે. 'વૈષ્ણવજન'ના એમના ખયાલને તો ગાંધીજીએ પોતાનો જીવનમંત્ર બનાવેલો.

એમના સમ્માનમાં ગઈ ૩૦મી મેના દિવસે ભારતના ટપાલખાતાએ પંદર પૈસાની એક ખાસ ટિકિટ બહાર પાડી છે. સવિશેષ ગૌરવની વાત તો એ છે કે એના પરનું નરસિંહ મહેતાનું આલેખન ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળના ચિત્ર પરથી લેવામાં આવ્યું છે. જેમની તસવીરો અપ્રાપ્ય હોય એવી ગુજરાતની કેટલીક વિભૂતિઓની લક્ષણામૂર્તિઓ (icons) શ્રી રાવળે પોતાની કલ્પનાથી સર્જી છે તે (મુંજાલ મહેતા, ભક્તકવિ અખો, હેમચંદ્રાચાર્ય આદિ)માં નરસિંહ મહેતાની આ તસવીર ગુજરાતીઓનાં હૃદયમાં ઘૂંટાએલી છે. સરકારે તેને ટિકિટ માટે પસંદ કરીને ગુજરાતને તથા ગુજરાતના કલાગુરુને જે માન આપ્યું છે તે માટે પ્રત્યેક ગુજરાતી ગૌરવ અનુભવશે.

'કુમાર'ના ૩૮૭મા અંકમાં પૂર્ણરંગમાં આપેલા એ મૂળ ચિત્રનો ખયાલ આપવા માટે ટિકિટોની વચ્ચે તે આ સામેના પાને ફરી છાપ્યું છે. એમાં જૂનાગઢના ગિરનારની પશ્ચાદ્ભૂમિ સાથેના સૌરાષ્ટ્રના ડેલીબંધ ઘરમાં તુલસીક્યારા સામે કરતાલની સાથે ભક્તિગાનલીન નરસિંહની ભાવનમ્ર મૂર્તિ નિરૂપી છે. ખેદની વાત છે કે સરકારે, અન્ય દેશોમાં તથા પ્રસંગોમાં બને છે તેમ, આ ચિત્રની સાથે તેના સર્જકના નામનો નિર્દેશ કરવાનો વિવેક કે ખેવના દાખવ્યાં નથી. ભલે; આપણે તો સંતોષ માનીએ કે ગુજરાતની વિભૂતિ ગાંધીજીએ 'વૈષ્ણવજન'ના ભજન દ્વારા ગુજરાતના જે આદિ કવિને ભારત-જાણીતું કર્યું તેની, ગુજરાતના કલાગુરુને હાથે સર્જાએલી તસવીરવાળી ટિકિટથી ગુજરાતની ત્રિપટ સૌરભ દેશભરમાં મહેકતી થઈ છે.

સમાજમાંથી અસમાનતા ને ભેદો દૂર થાય એમ કથનાર, સત્ય અને શીલના સાધક, શ્રદ્ધાપૂર્વક કસોટીઓનો સામનો કરનાર અને કર્મઉપાસનાના દંભને 'જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી' એમ ગાનાર એ નિર્ભય ને વિનમ્ર ભક્ત કવિ વિષેનું પોતાનું આ માનસચિત્ર શ્રી રાવળે લગભગ પિસ્તાળીસ વર્ષ પહેલાં શ્રી કનૈયાલાલ મુનશીના 'ગુજરાતના જ્યોતિર્ધરો'ની માળા માટે સર્જેલું. તે પછી તે 'કુમાર'માં ઘણી વાર પ્રકટ થયું, ને ત્યારથી ગુજરાતનાં સાહિત્યિક પુસ્તકો, વાચનમાળાઓ આદિ દ્વારા જનસ્વીકૃતિ પામ્યા કરીને ગુજરાતના માનસમાં દૃઢ થયું.

આ છબિ ભારતની ટપાલ-ટિકિટ પર લાવવા માટેનો યશ અમરેલીના રાજ્યરત્ન, પદ્મશ્રી પ્રતાપરાય ગિરધરલાલ મહેતાના અવિરત પ્રયત્નોને ફાળે જાય છે. દક્ષિણના તેમજ અન્ય નરસિંહના સમકક્ષ સંતોની ટિકિટો જોઈને એમની અસ્મિતા જાગી ઊઠી અને એમણે કેન્દ્ર સરકારને નરસિંહની કથા લખી મોકલી. ગુજરાત સરકારે અને તે સમયના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ તેને સમર્થન આપ્યું. તે પછી જન્મતિથિની અને બીજી નાનીમોટી બાબતો માટેનું સાહિત્ય શ્રી પ્રતાપરાયે મોકલ્યા કર્યું; શ્રી રાવળનું ચિત્ર પણ મોકલ્યું; તેને શ્રી ઢેબરભાઈ તથા શ્રી બચુભાઈ રાવત જેવા દ્વારા પ્રામાણિત કરાવ્યું; ફરી વચ્ચે પ્રસિદ્ધિની તારીખોમાં એક યા બીજા કારણે ઢીલ થઈ; પરંતુ અંતે આ સતત પ્રયત્નશીલતા સફળ થઈ અને નરસિંહની પંચશતાબ્દીના યોગ નિમિત્તે આ ટપાલટિકિટ પ્રસિદ્ધ થઈ.

કલાવિક્રયનો વિક્રમ

પારી(સ)થી પોતાને વતન બાર્સિલોના-(સ્પેઈન)માં પાછા આવેલા કલાકાર પાબ્લો પિકાસોએ ઈ. ૧૯૦૨માં બાળકને તેડીને દરિયાકાંઠે ઉઘાડા પગે ઊભેલી સ્ત્રીનું આ ચિત્ર આલેખેલું અને કોઇને ભેટ આપેલું. પિકાસોની કળાના 'બ્લ્યુ પિરીઅડ'ના આ ચિત્રમાં મુખ્યત્વે આસમાની રંગની તેજછાયા વચ્ચે સ્ત્રીએ હાથમાં પકડેલું એકમાત્ર ફૂલ જ રંગભભક ઉમેરે છે. ગઈ ૨૬મી એપ્રિલે લંડનની વિખ્યાત કલાવિક્રેતા-પેઢી 'સૉધબી ઍન્ડ કંપની'ની હર્રાજીમાં ૫,૩૨,૦૦૦ ડૉલર (લગભગ ૩૮ લાખ રૂપિયા)માં આ ચિત્ર વેચાયું. કોઈ પણ વિદ્યમાન કલાકારની કૃતિ માટે અત્યાર સુધીમાં આ વધુમાં વધુ ચુકવાએલી રકમ છે. ઈ. સ. ૧૯૬૨માં પણ પિકાસોની જ એક કૃતિ 'ડેથ ઑવ હાર્લિક્વીન' માટે ચૂકવાએલી ૨,૨૪,૦૦૦ ડૉલરની કિંમત પણ એ સમયે વધુમાં વધુ હતી. ઉપલું ચિત્ર કોણે વેચવા મૂકેલું અને કોને માટે ખરીદાયું એ ગુપ્ત રખાયું છે છતાં ન્યૂ યૉર્કની ઑડલી ગૅલેરીના શ્રી ડેવિડ માને તો જરૂર પડ્યે હજી આથી યે વધારે કિંમત ચૂકવવાની તૈયારી રાખેલી. એમના કહેવા પ્રમાણે આ ચિત્ર એમણે મૂલ્યવાન કલાસંગ્રહનો હજી આરંભ કરી રહેલાં એક યુવાન અમેરિકન દંપતી માટે એમણે એ ખરીદ્યું છે.



'સૉધબી'માં તો એ દિવસ જાણે કે શુકનિયાળ જ હતો. કલાકાર 'સેઝાં'નું 'મિલ્ક-જગ ઍન્ડ ઍપલ' (દૂધનો પ્યાલો ને સફરજન) નામે એક જલરંગી ચિત્ર પણ તે જ દિવસે, હજીસુધી કોઈ પણ જલરંગી ચિત્ર માટે અપાઈ હોય એથી વધુ કિંમતે, એટલે કે ૪,૦૬,૦૦૦ ડૉલરે વેચાયું. લૉસ ઍન્જેલ્સના કલાવિક્રેતાએ પણ તે કોને માટે ખરીદ્યું છે તે જણાવ્યું નથી, પણ અફવા છે કે એ જાણીતા કલાસંગ્રાહક નૉર્ટન સાઈમનને માટે લેવાયું છે. આ જ રીતે ડેગાની એક કૃતિ 'ઘોડો' ૫૧,૮૦૦ ડૉલરમાં અને છાગેલની એક કૃતિ ૮૪,૦૦૦ ડૉલરમાં વેચાઈ. છાગેલ માટે પણ આ વધુમાં વધુ ચૂકવાએલી રકમ છે. ઈમ્પ્રેશનિસ્ટ અને મૉડર્ન કલાકારોની કુલ ૮૭ કૃતિના બધા મળી ૨૯,૬૨,૯૬૦ ડૉલરનું એક જ દિવસમાં થએલું આવું વેચાણ એ ખુદ 'સૉધબી' માટે પણ એક વિક્રમ હતો.

સંસ્કાર-પ્રેમીની ડાયરી



કમલદંડ પર ઝૂલી રહેલી પદ્મ-કળી સરખી જિરાલ્ડાઈન ચૅપ્લિનની આ દેહભંગિ કોઈ આશ્ચર્યકારક સિદ્ધિ જેવી લાગે છે; પણ એ તો કહે છે કે એમાં શરીરની શક્તિમર્યાદાની બહાર કોઈ ખાસ વિશિષ્ટતા પોતે નથી બતાવી. વિખ્યાત હાસ્યનટ ચાર્લી ચૅપ્લિનની ૨૨ વર્ષની આ અભિનેત્રી પુત્રી પોતાના આવા અદ્ભુત સુંદર દેહવિન્યાસનો યશ પોતે ૧૩ વર્ષની વયથી યોગાસનો કરે છે તેને આપે છે.

વિવિધ દેશોની સંસ્કૃતિઓના અભ્યાસને પોતાના અભ્યાસક્રમોમાં મહત્ત્વનું સ્થાન આપતી અમેરિકાની વેસ્ટર્ન કૉલેજે, તાજેતરમાં ભારતના કેળવણી ખાતાએ ભેટ આપેલી બે ૧૫મી તથા ૧૭મીસદીની મૂળ હસ્તપ્રતો અને ગાંધાર તેમજ હડપ્પાની સંસ્કૃતિના સ્થાપત્યની ઉત્તમોત્તમ કલાકૃતિઓની અનુકૃતિઓનું પ્રદર્શન ઑક્સફર્ડના વિદ્યાનગરના આંગણે યોજ્યું હતું. એ કૉલેજના આંતર-સાંસ્કૃતિક અભ્યાસ માટેના પ્રાધ્યાપક ડૉ. ફ્લ્ટને ભારતમાં કેટલાંક અઠવાડિયાં ગાળી, ભારતીય નિષ્ણાતોની સહાયથી આપણાં કલારત્નોની અનુકૃતિઓ તથા ૭૦૦ સંદર્ભગ્રંથો કૉલેજના ગ્રંથાલય માટે ખરીદ્યા હતા. એ ઉપરાંત ૧૧૯૦ જેટલી લૅન્ટર્ન સ્લાઇડો (દીપચિત્રો) ભારતના સંગીત, સંગીતકારો ને વાદ્યો વિષે માહિતી આપતાં પુસ્તકો તેમજ ભારતીય શાસ્ત્રીય સંગીતની રેકર્ડોનો પણ આ સંગ્રહ-સંપાદનમાં સમાવેશ કરવામાં આવેલો.

૧૮૫૩માં મહિલાઓ માટે સ્થપાએલી આ વેસ્ટર્ન કૉલેજનાં ૬૦૦ વિદ્યાર્થીઓમાં ૫૦ વિદેશી છે. સંસ્થા નાની હોવા છતાં એની દૃષ્ટિ આંતરરાષ્ટ્રીય હોઈ દરેક અભ્યાસક્રમ વિશ્વની શક્ય એટલી વધારે પાર્શ્વભૂના સંદર્ભમાં શીખવાય છે એ એની વિશિષ્ટતા છે.

સંખ્યાબંધ ચોકીદારો રહેતા હોવા છતાં હમણાં અજંટામાં 'શ્યામ રાજકુમારી'ના નામે ઓળખાતા પ્રખ્યાત ભીંતચિત્રને કોઈએ લાંબો ઘસરકો મારી બગાડ્યું છે. દેખીતી રીતે એ કોઈ અણસમજુ ગાંડિયા માણસનું કામ લાગે છે; પણ એક વાત તો સ્પષ્ટ છે જ કે આપણે ત્યાં આવાં પ્રાચીન કલારત્નો અને પુરાવશેષોની જોઈએ તેટલી ચોંપથી જાળવણી થતી નથી. જમ્મુની બશૌલી કોતરણીના નમૂના, ભુવનેશ્વરની શિલ્પમંડિત તકતીઓ આપણા ગુજરાતના મોઢેરા આદિ તેમજ મધ્યપ્રદેશ ને રાજસ્થાનના છૂટાછવાયા પુરાવશેષોમાંની મૂર્તિઓ કે શિલ્પોની ચોરી એ કંઈ કોઈ ગાંડા કે સંસ્કૃતિ-સંહારક માનસવાળાનાં કામ નથી. મોટાં શહેરોમાં એવી કેટલીક પેઢીઓ છે કે જે પ્રાચીન ભારતીય કલાના આવા નમૂનાઓ દેશવિદેશના પ્રવાસીઓને વેચીને મોટી કમાણી કરતી હોય છે અને તે માટે આ ચોરીનો ધંધો બહુ વ્યવસ્થિત રીતે ચાલતો રહે છે. બીજી બાજુ લોકોમાં પણ સંસ્કારી દેખાવા માટે આવા પ્રાચીન અવશેષોથી ઘર સજાવવાના અભરખા હમણાંહમણાં વધવા લાગ્યા છે. આમાં જો ઘરની મોટરગાડીની સગવડ હોય તો આવી



ચીજો ઉઠાવી લાવવી બહુ સરળ પડે છે. અલબત્ત બધા કિસ્સામાં રીતસર ચોરી જ થતી હશે એમ ન કહીએ, તો રખેવાળોને ચા-પાણીથી રાજી કરીને પણ આવી વસ્તુઓ ઘરભેગી કરી શકાય છે. સારું કહેવાય એવું બધું પોતાના કબજામાં રાખવાની સાંકડી સ્વાર્થવૃત્તિ પણ દેશના સંખ્યાબંધ કલાવશેષોનો જ નાશ કરી રહી છે, એ સામે સરકારે તેમજ લોકોએ વધુ સજગ અને કડક થવાની અત્યંત જરૂર છે. આ દિશામાં ખાતાની કાર્યક્ષમતા વધારવા સાથે આવી ચોરીઓ પકડાવનારને પણ ઉત્તેજન આપવાનાં પગલાં લેવાય તો એ કંઈ ખોટું નહિ ગણાય.



જગવિખ્યાત વાયોલિનવાદક યહૂદી મેનુહિનની ૫૦મી જયંતીના માનમાં ચાંદી, સોના અને પ્લૅટિનમના ખાસ પદક બહાર પડવાના છે. એના વેચાણનો અમુક ભાગ 'યહૂદી મેનુહિન શાળા'માં સંગીતમાં અથવા અન્ય વિષયમાં સારી શક્તિ દાખવનારને વધુ અભ્યાસની મફત સગવડ આપવા માટે ખર્ચાશે. આ પદકની એક તરફ યહૂદી મેનુહિનની છબિ છે (૬૫૨) અને પાછળ વાયોલિન શીખતા શિષ્ય સાથે ગુરુનું આલેખન છે. એની સાથે 'જે જલતો નથી તે પ્રકાશતો નથી' એ અર્થની એક ઈટાલિયન કહેવત કંડારી છે. સંગીત કે બીજા કોઈ પણ વિષયમાં સફળતા મેળવવા માટે ઉત્કંઠાની આગમાં માણસે પ્રજ્વળી ઊઠવાનો બોધ તે આપે છે.

યુનેસ્કો સ્ટૅટિસ્ટિકલ 'ઈઅરબુક'નો હમણાં પ્રકટ થએલી ત્રીજી આવૃત્તિમાં નોંધાયા પ્રમાણે દુનિયામાં પ્રકટ થતાં પુસ્તકોમાં લગભગ ૯ ટકા ભાષાંતરો હોય છે. વધુમાં વધુ ભાષાંતરો અંગ્રેજી ભાષામાંથી થાય છે. ઈ. ૧૯૬૪માં ૧૩,૪૩૨ અંગ્રેજી પુસ્તકોનું ભાષાંતર થએલું. એ પછી અનુક્રમે ફ્રેંચ, રશિયન, જર્મન, ઈટાલિયન, ચેક અને સ્પૅનિશ ભાષાનાં પુસ્તકો આવે છે.

બહેરાં મૂગાં માટેની દુનિયાભરની એકમાત્ર કૉલેજ ગેલેડેટ (અમેરિકાના વૉશિંગ્ટન ડી. સી.માં આવેલી) પોતાના નવા થીએટરના ઉદ્ઘાટન પ્રસંગે, પોતાના બહેરા-મૂગા કલાકારો દ્વારા ગ્રીક નાટ્યકાર યુરીપીડિસનું 'ઈ-

વ્હિર્જીનિયા ઈન ઍલિસ' નાટક હમણાં ખૂબ સફળતાથી રજૂ કર્યું. કલાકારો, નાટ્યલેખકો, દિગ્દર્શકો, સેટ ડિઝાઈનરો અને ટેકનિશિયનોની હાજરીમાં ભજવાએલા એ નાટકે બહેરા-મૂંગાની સાંકેતિક વાણી અભિવ્યક્તિની કેટલી બધી ગુંજાયશ ધરાવે છે એ સાબિત કરી બતાવ્યું. નાટકમાં ભાગ લઈ રહેલાં તમામ બહેરાંમૂગાં અદાકારોએ એક પણ હરફ ઉચ્ચાર્યા વિના માત્ર હાથના હલનચલનથી, દેહના મરોડથી અને ચહેરા પરના ભાવ સંચલનથી આખા નાટકની રજૂઆત કરી, અધિકારી પ્રેક્ષકોને 'આંખથી સાંભળતા' કરી દઈને ચાર સદી પહેલાંના જમાનામાં આણી દીધા!



૧૮૫૬માં પાંચ બહેરાં-મૂગાં બાળકોને કહેવાતા આશ્રયદાતાના શોષણમાંથી છોડાવી વૉશિંગ્ટનની અદાલતે એક પત્રકાર તથા રાજકારણી ગૃહસ્થ કૅન્ડૉલને સોંપ્યાં, એ ઘટના આ કૉલેજની સ્થાપનાના મૂળમાં રહેલી છે. સામાન્ય માણસ જેવું જીવન જીવવા અપંગોને શક્તિશાળી બનાવતી, આ કૉલેજમાં આજે આ અમેરિકાનાં ૫૦ રાજ્યોનાં તેમ જ અન્ય દેશોનાં ૮૦૦ બહેરાં મૂંગાં વિદ્યાર્થીઓ સાંકેતિક ભાષાનો અભ્યાસ કરી રહ્યાં છે. ૧૮૯૨માં તેમણે પહેલું નાટક રજૂ કર્યા બાદ હૅમ્લેટ, ઑથેલો, ધ ટ્રોજન વૂમન આદિ અનેક નાટકો એ કૉલેજે ભજવી ચૂકી છે.

આવા નાટ્યપ્રયોગની રજૂઆત કરવામાં રહેલી મુશ્કેલીઓ તો સ્વયંસ્પષ્ટ છે. દરેક નાટક અંગ્રેજીમાંથી સાંકેતિક ભાષામાં ઊતારવું અને બહેરામૂંગા અભિનેતાઓ માત્ર અભિનયથી ભાવ બરાબર વ્યક્ત કરી શકે એવી એમને તાલીમ આપવી એ કાર્ય ખરેખર અઘરું છે. પણ સાથેસાથે, પ્રૉમ્પ્ટરની જરૂર ન પડે, વાણીનું કાર્ય હાથથી કરવાનું હોઈ અભિનેતાનો આત્મવિશ્વાસ વધારે હોય, એવા લાભ પણ એમાં છે. વળી અનુભવે સમજાયું છે કે વાણીનો વ્યય ન થતો હોવાથી સામાન્ય અદાકારો કરતાં બહેરામૂંગા અદાકારોની અભિનયકળા વિશેષ ખીલેલી હોય છે.



વડોદરાની એક્સપેરીમેન્ટલ હાઈસ્કૂલના દસમી શ્રેણીના વિદ્યાર્થી ચિ. અમિત ભોગીલાલ ગાંધીએ આઈસક્રીમની લાકડાની ચમચીઓ તથા પૂઠાની કતરણ ચોડીને કરેલી આ આકૃતિમાં મોરની ચાલ ને તેના ડોકના મરોડની લાક્ષણિકતા સચોટ ઊતરી છે.

ફ્રાન્સમાં 'રાષ્ટ્રીય સેવા' નામની એક પ્રવૃત્તિ હમણાં શરૂ થઈ છે. યુનિવર્સિટી કે તાલીમ કેન્દ્રોમાંથી તાજા જ બહાર પડેલા તાલીમબદ્ધ યુવાનો બે અઠવાડિયાંની બુનિયાદી લશ્કરી તાલીમ મેળવ્યા બાદ જ્યાં એમના કૌશલ્યની ખૂબ જરૂર છે એવા વિકાસવાંછુ દેશોમાં એન્જિનીઅર, અર્થશાસ્ત્રી, શિક્ષક કે શિલ્પી તરીકે કામે લાગી જાય છે. ૧૯૬૩માં આ યોજના શરૂ થઈ ત્યારથી આજ સુધીમાં ૧૪,૦૦૦ ફ્રેન્ચ યુવાનો આ રીતે એશિયા, આફ્રિકા અને દક્ષિણ અમેરિકામાં પોતાની સેવાઓ આપી ચૂક્યા છે.

પાંડેય બેચન શર્મા 'ઉગ્ર'

સાહિત્ય અને જીવન ઉભય ક્ષેત્રે આજીવન લડાકુ ગણાએલા પાંડેય બેચન શર્મા 'ઉગ્ર'નું



ગઈ ૨૩મી માર્ચે અવસાન થતાં હિન્દી સાહિત્યે એક નિર્ભીક, નિખાલસ, મરત ને ઉદાર સાહિત્યકાર ગુમાવ્યો. ઈ. ૧૯૦૦માં મિર્ઝાપુર જિલ્લાના ચુનારગામમાં અકિંચન કુટુંબમાં જન્મી, ૧૭ વર્ષ સુધી દુઃખદારિદ્ર્ય ને અપમાનો સામે સંઘર્ષ ખેલનાર આ અલ્પ શિક્ષણ પામેલા ફક્કડરામ નવલકથાકાર અને નાટ્યકારે પોતાના સર્જનમાં શાલીનતાનો ભગ કરી એવી વાસ્તવિકતા આણી છે કે આધુનિક બુદ્ધિયુવાન સર્જકો અને બીટનિકોને પશ્ચિમના સર્જકો પાસે જવાની જરૂર ન રહે.

રામલીલામાં અભિનય કરવાથી શરૂ કરી મુંબાઈ, જયપુર, દિલ્હી ને કલકત્તામાં 'સ્વરાજ્ય', 'સંગ્રામ', 'આજ', 'ભૂત', 'સ્વદેશ', 'મતવાલા', 'ઉગ્ર', 'વીણા', 'વિક્રમ' આદિ અનેક સામયિકોમાં સંપાદક તેમજ લેખક તરીકે કામ કરનાર ઉગ્રજીએ ફિલ્મ-વાર્તાઓ પણ લખી હતી. રાષ્ટ્રીય આંદોલનમાં અને ક્રાન્તિકારી લખાણો લખવા માટે બે વાર જેલ ભોગવી આવેલા શર્માજીએ પોતાના જીવનનાં પ્રારંભિક વીસ વર્ષોની માહિતી આપતી 'અપની ખબર' નામની આત્મકથા લખી છે. એમની વાસ્તવવાદી નવલકથા 'ચૉકલેટ' હિન્દી સાહિત્યવિશ્વમાં ચકચાર જગાવેલી. સાહિત્યમાં અશ્લીલતા અને અનીતિજનક મનાએલી એમની એવી ઘણી કૃતિઓ હિંદીમાં 'ઘાસલેટી સાહિત્ય' તરીકે ચર્ચાસ્પદ રહી હતી.

અંગ્રેજી દૈનિકપત્રોમાં, આપણાં રાજકીય તેમજ સામાજિક જીવનમાં રહેલી અસંગતતાઓ અને બાધાઓ ઉપર આવતાં રોજિંદાં નાનાં કાર્ટૂનોમાં કલકત્તા (દિલ્હી)ના 'સ્ટેટ્સમૅન' પત્રના કટાક્ષકલાકાર સુધીર દરનાં એવાં વ્યંગચિત્રોની વિશિષ્ટતા એ છે કે, એની નીચે તેનું વિવરણ કરતું કશું જ લખાણ આવતું નથી 'આઉટ ઑવ માઈ માઈન્ડ'ના મથાળા નીચે આવતાં એ સ્વયંવાચક વ્યંગચિત્રોનો જે મોટો ચાહકવર્ગ છે તેને જાણીને આનંદ થશે કે એનો એક ચૂંટેલો સંગ્રહ 'સ્ટેટ્સમૅને' હમણાં સવાચાર રૂપિયાની કિંમતે બહાર પાડ્યો છે. તેમાંની એક વાનગી આ નીચે.



શિ ક્ષ ક જી વ ન

ભાવના.... અને ....વાસ્તવ

ઈ. ઈ. ૧૯૨૩-૨૪માં બી.એ. અને બી.એસસી. થઈ હું ઈટલીની પ્રખ્યાત રંગની પેઢી ગોરિયો લિમિટેડમાં સેલ્સમૅન તરીકે જોડાયો. પણ ત્યાં મને ચેન ન પડયું. ત્યાં આર્થિક રીતે આગળ વધવાની ખૂબ તકો હતી; મારી સાથે એ કામ કરનારા આજે કરોડાધિપતિ છે. પણ ૬૦ રૂ. કમાનાર ક્લાર્કને ૬૦૦ રૂ. કમિશનના આપવા પડે તે મને ખૂંચતું હતું. દરમ્યાન પ્રોપ્રાએટરી હાઈસ્કૂલની શિક્ષકો માટેની જાહેરાત મારા વાંચવામાં આવી. તે વાંચી મને ખૂબ આનંદ થયો અને શિક્ષણ તથા સમાજસેવામાં પડવાનો મેં નિરધાર કર્યો. આ વિચાર મારા સિવાય કુટુંબ અને મિત્રોમાં કોઇને ગમ્યો નહિ.

પણ હરઘડીએ ડંખે એવી નોકરીમાં માનસિક વ્યથા અનુભવવા કરતાં જીવનનું કલ્યાણકારી ધ્યેય નક્કી કરવામાં શ્રેય માની મેં શિક્ષણના ક્ષેત્રમાં ઝંપલાવ્યું. શિક્ષકસંઘમાંની મારી આ ૨૫ વર્ષની કામગીરી દરમ્યાન શિક્ષકોને બહાદુર ને નિર્ભય બનવાની ને પોતાના દિલનો રંગ શિક્ષણકાર્યમાં લગાડવાની દોરવણી મેં આપી છે તેનો સંતોષ છે.

શિક્ષણનું કાર્ય લશ્કરના કાર્ય જેવું ટકોરાબંધ હોવું જોઇએ અને ગુજરાતનો શિક્ષક સ્વમાની ને ખુમારીવાળો હોવો જોઈએ એમ હું માનું છું. પણ શિક્ષકોનાં આંદોલનો શિક્ષકસમાજને ગૌરવ અપાવે એવાં હોવાં જોઇએ. અપવાસ, હડતાળો, મોરચા, સરઘસો શિક્ષકોને શોભે નહિ. જે દિવસે બાળકો શિક્ષકોને મજૂરોની માફક જાહેર રસ્તા પર જોશે તે દિવસે એમને માટેનો આદર જતો રહેશે. શિક્ષકના જીવનમાં પ્રતિષ્ઠા નહિ હોય તો શિક્ષકનું મહત્ત્વ શું છે? હું માનું છું કે જેમણે ખરા શિક્ષક થવું છે તેમણે સક્રિય રાજકારણથી પર રહેવું જોઈએ અને પોતાનાં ચારિત્ર્ય તથા નીતિથી સ્વતંત્ર દિમાગ કેળવવો જોઈએ.

આ ૨૫ વર્ષમાં મને ભૌતિક રીતે ખૂબ નુકસાન થયું છે, પણ નૈતિક સંપત્તિના ઢગ મેં જીવનમાં જમા કરાવ્યા છે. મહાત્માજીના જીવનમાં મને સૌથી વધુ પ્રિય લાગ્યું હોય તો તેમના લંગોટનું તત્ત્વજ્ઞાન. ૧૯૧૭ થી ૨૦ વર્ષના ગાળામાં ગાંધીજીએ જે ઝડપથી પોતાનાં કપડાં ઉતાર્યા તેનાથી હું મુગ્ધ થયો છું. અને કહું છું કે શિક્ષણ સુધારવું હશે તો આ દેશે લંગોટિયા બાવા જેવા શિક્ષકો તૈયાર કરવા પડશે.

આજે તો શિક્ષકોની આર્થિક સ્થિતિ સુધરી છે અને તેમને સારા લાભ મળ્યા છે. તેઓ ટ્યૂશનો પર અંકુશ મૂકી શિક્ષણને સુધારશે એવી હું આશા રાખું છું. શિક્ષકોની આર્થિક દરિદ્રતા કરતાં એમની માનસિક દરિદ્રતા મને વધારે પરેશાન કરી મૂકે છે.

અંતે શિક્ષકોને કહીશ કે જેમ મા પોતાની જાત ઘસીને બાળકોની સંભાળ રાખે છે તેમ તમે બાળકોની સંભાળ રાખજો, જેથી તમારાં બાળકો માની પેઠે તમારા તરફ દોડતાં આવે અને મધપૂડાની માફક તમને બાઝીને રહે. મારો તો દૃઢ મત છે કે સાચો સ્નેહાળ શિક્ષક માતા નથી તો કાંઈ નથી. તેનો દેહ જ પુરુષનો છે, આત્મા સ્ત્રીનો છે.

ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર

(શિક્ષકસંઘમાંથી નિવૃત્ત થતી વખતે કરેલા 'નિવૃત્તનિવેદન'માંથી)

'લોનની વ્યવસ્થા અને સફળ હપ્તાની સગવડ' આપીને બંગલો ઊભો કરી આપતી જાહેરખબરની કાપલી ખિસ્સામાં નાખી 'પ્રપોઝડ' સોસાએટીની સાઈટ પર હું પહોંચ્યો. ઑર્ગેનાઈઝરે મને કહ્યું: 'રૂ. ૫૦૦૦નો પહેલો હપ્તો આપો; બાકીનું બધું અમે સંભાળી લઈશું.'

'માફ કરજો; પણ એ પહેલા હપ્તાના પણ હપ્તા કરી આપવાની વ્યવસ્થા છે ખરી?' હું મિલમાં સારો પગારદાર હોવા છતાં મારી પાસે ૫૦૦૦ની હાર્ડ કૅશની વ્યવસ્થા નહોતી. અમારી વાત પૂરી થઈ. એટલામાં એક ભાઈ સાઈકલ પર આવી ચડયા. ફાંકડી ખાદીના પૅન્ટ, આંધ્રના શર્ટ ને રફ સિલ્કના હાફકોટમાં એ શોભતા હતા.

'તમારી જ રાહ જોતો હતો. ચૅક લાવ્યા?' ઑર્ગેનાઈઝરે પૂછ્યું. તુરત જ એણે રૂા. ૫૦૦૦નો ચૅક કાઢી આપ્યો અને બીજો ચૅક ક્યારે આપવાનો એ જાણી લઈ સાઇકલ ફેરવી.

'કેમ બેસોને; આજે રવિવારે શી ઉતાવળ?'

'અશક્ય. મારે ટ્યૂશનનું મોડું થાયછે.' કહી એણે સાઈકલ દોડાવી.

'તેઓ શિક્ષક છે અને બંગલો બાંધે છે?' મેં સહેજ આશ્ચર્યથી પૂછ્યું.

'અરે, એ માસ્તરનો તો આ હું બીજો બંગલો બાંધું છું.'

'શી વાત કરો છો? માસ્તરના પગારમાંથી બંગલો!'

'પગારની એસીતેસી! પેલા ટ્યૂશનની ટંકશાળ પડે છે, સમજ્યા?'

'ટ્યૂશન તો પચ્ચી-પચ્ચાનું... એક સવારે અને બીજું સાંજે.'

'અરે હોય? સવારે ૩ ટ્યૂશન અને સાંજે ૪ ટ્યૂશન: સાત ટ્યૂશનમાંથી ૫ ટ્યૂશન એસ. એસ. સી.નાં રૂા. ૧૦૦નાં; બે ટ્યૂશન રૂા. ૭૫નાં ૯મા ધોરણનાં; અને એક ટ્યૂશન પચ્ચાનું ૭મા ધોરણનું. મહિને ખાસ્સા રૂા. ૭૦૦ પાડે છે. અને પરીક્ષાના દિવસોમાં ૩ મહિના ઘેર દર શનિ-રવિ એસ. એસ. સી.ના કોચિંગ ક્લાસ ચલાવે છે. ૩ માસના માત્ર રૂા. ૨૦૦. ક્લાસમાં ૨૫ બકરા તો ખરા જ. એટલે સીઝનમાં રૂા. ૫૦૦૦માંથી એ માસ્તર જાય નહિ!'

'આટલાં ટ્યૂશનોમાં નિશાળનું શું? ઘરનું શું?'

'એ માસ્તર ઑટોમૅટિક યંત્ર જેવા છે. સવારે ૭ વાગ્યે સાઈકલ દોડાવે છે. ૧૦-૩૦ વાગ્યે ઘેર લુશલુશ જમીને શાળાએ પહોંચે છે. ત્યાં પોતાના ટ્યૂશનવાળા છોકરાઓની પૂરી કાળજી રાખીને સાંજે પાંચ વાગ્યે ફરી સાઈકલ દોડાવે છે. રાત્રે ૧૧ વાગ્યે ઘેર પહોંચે છે.'

'આ ધમાલમાં શાળામાં નિરાંત જીવે શું ભણાવી શકતા હશે?'

'ભણાવે ઈ બીજા...!'

'તો પછી પોરિયા પાસ કેમ થાય છે?'

'એ પાસ થવાની-કરવાની ટેકનિક બીજી છે. એ માટે આખું વર્ષ ભણવાની જરૂર નથી. ઈમ્પૉર્ટન્ટ લખાવી દેવાનું. ટ્યૂશનવાળા બધા પોરિયા પહેલા પાંચમાં ૮૦ ટકા સાથે આવી જવાના. પણ આ ચિત્ર તો એવા શિક્ષકોની દુનિયાના સ્વર્ગલોકનું છે, જે સાયન્સ, મૅથ્સ ને અંગ્રેજીના 'સાહેબ' હોય, બચ્ચાંકચ્ચાંની ઝાઝી જંજાળ ન હોય, ને ટૉપ ગણાતી હાઈસ્કૂલ હોય. તો બખ્ખંબખ્ખા! સ્કૂટર ને બંગલો થઈ જાય! એ સ્વર્ગલોકની નીચેના ભૂલોકમાં-સેકન્ડ ક્લાસમાં રહેનારા ત્રણેક બારમાસી ટ્યૂશન અને પગાર સાથે પાંચસો-છસો પાડનારા છે. બંગલાફંગલાની વાત નહિ. ભાડાનું ઘર, સારાં કપડાં, ટાપટીપ, હપ્તાથી રેડિયો, પંખો, રવિવારે સપની 'ફિલ્મ' ને ઢોંસા! પણ ત્રીજો વર્ગ પાતાળલોકનો: રૂા. ૨૨૫ થી ૩૦૦નો કોરોકટ પગાર અને ટ્યૂશન માટે ફાંફાં. બજેટના બે છેડા મળે કે ન પણ મળે. ભરપૂર અસંતોષ. એમનામાં ટ્રેઈડ યુનિયન જેવું માનસ હવે ઝડપથી ફેલાઈ ગયું છે. એ જ્યારે બળવો કરશે ત્યારે આપણે આંખો ચોળીને પેલા ધીરજવાળા, આદર્શની વાતો કરતા 'પંતુજી'ને બદલે આગ વરસાવતો, બેજવાબદાર, કલદારને જ ભજતો 'આધુનિક શિક્ષક' જોઇશું!

('ગુજરાત સમાચાર'માંથી તારવીને)

શબ્દકથા : દેહ · 'ફિગર'

સૈંકડો અને હજારો વરસના પ્રવાસમાં શબ્દનું સ્વરૂપ જેટલું બદલાય છે, તેના કરતાં અર્થનું સ્વરૂપ ઘણી વધારે ઊથલપાથલનું ભોગ બનતું હોય છે.

'દેહ' શબ્દની વાત લઇએ. 'દેહ'=શરીર. તેના મૂળમાં 'દિહ' ધાતુ છે. 'દિહ'=ચોપડવું, લેપ કરવો; પણ મૂળ અર્થ હતો ગૂંદવું, ઘાટ આપવો : જેમ માટીના લોંદાને ગૂંદીને કુંભાર ચાકડા ઉપર ઘાટ આપે છે તેમ. 'દેહ'નું જૂનું રૂપ હતું 'દેધ'. જનક 'વિદેહ'નું જૂનું રૂપ 'વિદેધ' મળે છે (અને 'દાહ'ની સાથે 'નિદાઘ'=ઉનાળો મળે છે).

સંસ્કૃત 'દિધ'–'દેધ'નું મૂળ રૂપ ભારતયુરોપીય ભાષામાં 'ધેયઘ' (dheigh) હોવાની અટકળ છે. તેમાંથી એક તરફ આદિમ જર્મેનિક ભાષામાં 'દાયઝા'; અને તેમાંથી છેવટે અંગ્રેજીમાં 'ડો' (dough)=કણક (બાંધેલો લોટ) પ્રાપ્ત થયા છે. બીજી તરફ તેમાંથી લૅટિન ભાષામાં 'ફિન્ગો' (fingo)=ઘડવું, રચતું થયો; અને તેમાંથી 'ફિક્ટિઓ' અને 'ફિગુરા' સધાયા. તે ઉપરથી અંગ્રેજી 'ફિક્શન' અને 'ફિગર' (=આકૃતિ, દેહાકાર) આવ્યા. ત્રીજી તરફ એ ભારતયુરોપીય શબ્દમાંથી અવેસ્તા ભાષામાં 'દએઝ' શબ્દ થયો, અને 'પૈરિ-દએઝ' (=જેના ફરતી વાડ છે તેવું ઉદ્યાન) એવો તેનો સમાસ થયો, તે ગ્રીક ભાષામાં અને ત્યાંથી અંગ્રેજી ભાષામાં 'પૅરૅડાઈઝ' (=સ્વર્ગ, સ્વર્ગનું ઉદ્યાન,' ગાર્ડન ઑવ ઈડન') એવા રૂપે આવ્યો.

ગ્રીક ભાષામાં 'દેઘ'ને મળતા 'તેઘોસ'નો અર્થ 'દીવાલ' છે તે અહીં સરખાવી શકાય. આમ 'દેહ'=શરીર, 'ડો'=કણક, 'ફિગર'=આકૃતિ અને 'પૅરૅડાઈઝ'=સ્વર્ગ, એ બધાના મૂળમાં 'લીંપવું, ગૂંદવું કે મસળવું, ઘાટ આપવો' એવા અર્થનો એક જ ધાતુ રહેલો છે.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

हिन्दी और गुजराती नाट्य-साहित्य का तुलनात्मक अध्ययन
डॉ. रणधीर उपाध्याय [नॅशनल पब्लिशिंग हाउस, दिल्ली ७. पृ. ३८८, रु. २०-०

અવલોકન · રઘુવીર ચૌધરી

ઈ. સ. ૧૯૦૦ થી ૧૯૬૦ના ગાળામાંની ગુજરાતી ને હિન્દી નાટકની સ્થિતિનો તુલનાત્મક પરિચય આપતો, રાજસ્થાન યુનિવર્સિટીની પીએચ. ડી.ની પદવી માટે લખાએલો મહાનિબંધ પ્રસ્તુત પુસ્તકરૂપે પ્રગટ થયો હોઈ આમાં વિષય-નિરૂપણ હિન્દીમાં લખાતા મહાનિબંધોની પદ્ધતિએ થયું છે. તેથી ઉપર્યુક્ત સમયમર્યાદા (૧૯૦૦ પછીનો ગાળો) પસંદ કર્યો હોવા છતાં લેખકે ૮૧ પાન સુધી 'કાવ્ય એટલે શું', 'દશ્ય કાવ્ય ને શ્રાવ્ય કાવ્ય', 'સંસ્કૃત નાટક', 'ગ્રીક નાટક', 'આધુનિક પાશ્ચાત્ય નાટક', 'લોકનાટક', 'વ્રજભાષા નાટક' વગેરે વિષે સર્વ માહિતી લેખકે સુલભ કરી આપી છે.

પૌરાણિક, ઐતિહાસિક, સામાજિક અને અન્ય વિષયનાં નાટક–એવું વર્ગીકરણ સ્વીકારીને, હિન્દી કે ગુજરાતી નાટકોને તે તે વિભાગોમાં વહેંચીને સર્વ કૃતિઓનો અને તેના લેખકોનો ઐતિહાસિક ક્રમમાં પરિચય આપ્યો છે. બન્યું ત્યાં સુધી રાજકીય-સામાજિક પરિસ્થિતિની ચર્ચા કરવાનું પણ લેખકે સ્વીકાર્યું છે. અન્ય વિવેચકોની માન્યતાઓ અને સંશોધકોની સ્થાપનાઓનો એમણે પૂરતો લાભ લીધો છે. પુસ્તકમાં ઠેર ઠેર લેખકના પરિશ્રમની ખાતરી થાય છે. પોતાનો મત આગળ કરવાને બદલે અન્ય વિવેચકોના વિવિધ મત રજૂ કરવાનું વલણ એમણે વિશેષ પ્રગટ કર્યું છે. એમાં પણ લેખક અને કૃતિના ગુણપક્ષનો આપણને વિશેષ પરિચય એમના દ્વારા મળે છે. આમેય શ્રી રણધીરભાઈ ગુણદર્શી અધ્યાપક તરીકે જાણીતા છે. (વ્યક્તિ તરીકે તો એ એથી યે વિશેષ ગુણદર્શી છે).

નાટકોનો પરિચય કરાવતાં લેખકે નાટકની સાહિત્યિકતા અને અભિનેયતા એ બંને લક્ષણને અલગ અલગ માનીને પોતાનો અભિપ્રાય આપ્યો છે. અભિનેય ન હોય એવી ઘણી કૃતિઓને એમણે સાહિત્યિક નાટક તરીકે બિરદાવી છે. નાટક એ સાહિત્યપદાર્થ અને રંગભૂમિની કળા એકીસાથે હોય. નાટકનું નાટકત્વ એટલે જ એ બંને તત્ત્વોનો સંયોગ. અભિનેય ન હોય એ નાટક સાહિત્યિક છે એમ કહેવાથી એનો બચાવ થાય છે ખરો, પણ યોગ્ય રીતે પરિચય મળતો નથી. હિન્દી અને ગુજરાતી નાટકમાં નાટ્યતત્વનો વિકાસ ક્યા ક્યા તબક્કાઓમાં કેવી રીતે થયો એ વિષય પ્રસ્તુત પુસ્તકનું મુખ્ય પ્રકરણ હોત તો વધુ આનંદ થાત. એમ થયું હોત તો રંગભૂમિ પર છેલ્લે આપ્યું છે એવું સ્વતંત્ર પ્રકરણ આપવાની જરૂર ન રહેત. નાટકની ચર્ચામાં ધંધાદારી નાટક કંપનીઓનો ઇતિહાસ કેમ આવતો હશે? તો તો કવિતા–વાર્તા વગેરેના પ્રકાશકોનો પરિચય આપવો જરૂરી ન લેખાય?

ઈ. ૧૯૬૦ સુધીના નાટકકારો અને એમની મુખ્ય કૃતિઓ ગુજરાતી અને હિન્દી સાહિત્યને સમૃદ્ધ કરવામાં શો શો ફાળો આપે છે એ વિષે આ પુસ્તક વાંચવાથી કંઈક ખયાલ મળશે. એકાંકી, પદ્યનાટક, રેડિયોનાટક આદિની પણ લેખકે ચર્ચા કરી છે. લેખક મુખ્યત્વે ગુણદર્શી છે, સમભાવથી લખે છે. તેથી ગુજરાતી ને હિન્દી નાટકમાં કોણ કોનાથી ચડિયાતું એ કહેવામાં એમણે રસ લીધો નથી. એટલું જ નહિ, ઐતિહાસિક દષ્ટિબિન્દુ અપનાવીને એમણે મૂલ્યાંકન કર્યું છે તેથી જૂના નાટક અને નવા નાટકમાંથી કોઈ એક તરફ એમણે પક્ષપાત બતાવ્યો નથી વિદ્યાર્થીઓ માટે એકીસાથે ગુજરાતી અને હિન્દી નાટકનો ઇતિહાસ પ્રસ્તુત પુસ્તકમાં સુલભ થયો છે. પુસ્તકનું છાપકામ પણ સારું છે.

દિવંગત શ્રીરામ શર્મા

તેજસ્વી કલમના હિંદી લેખક શ્રીરામ શર્માના દેહાવસાનના સમાચાર મળતાં હું અતીવ ખેદનો આઘાત અનુભવી રહ્યો છું.

એંઠીબાંધણીનો પણ અડીખમ દેહ ને સફાચટ મસ્તક અને આંકડા વાળેલી મૂછોવાળા એમના મુખ ઉપર ભાગ્યે જ ગ્લાનિ કે નિરાશાને તક મળી હશે. સ્ફૂર્તિ અને આરોગ્ય તેમના શરીરમાંથી ઝગારા મારતાં લાગે.

એમનો પ્રત્યક્ષ મેળાપ થતાં પહેલાં તો તેઓ 'કુમાર'માં આવતી શિકારકથાઓથી મને ને સારાય ગુજરાતને પરિચિત વ્યક્તિ બની ગયા હતા. ભાઈશ્રી કિશનસિંહ ચાવડાએ હિંદીમાંથી ઉતારેલી એમની એ વાર્તાઓ માટે પ્રાણીઓના શિકાર અને કટોકટીનાં તોફાનોવાળાં ચિત્રો આલેખવામાં ભાઇશ્રી રવિશંકર પંડિતે કમાલ કરી હતી, અને તેથી તે ખૂબ જ પ્રસન્ન અને પ્રભાવિત થયા હતા. ઈ. ૧૯૩૯માં હું દિલ્હીની ભારતીય કલાકાર પરિષદમાંથી આગ્રા ગયો ત્યારે મેં સ્વ. મિત્ર ડૉ. કાન્તિભાઈ પંડ્યાને લખી રાખેલું કે મારે શ્રીરામ શર્માને અવશ્ય મળવું છે. આગ્રા પહોંચતાં જ ખબર મળ્યા કે તેમનું મકાન તો ઘણું નજીક હતું. અને તેઓ મને મળવા ઇંતેજાર હતા. એ મુલાકાત વખતે અમે જાણે ચિર સ્નેહીઓ હોઇએ એવું જ ભાન પરસ્પર થયું.



ર. મ. રા. અને શ્રીરામ શર્મા
ઈ. ૧૯૪૨માં આગ્રામાં

વર્ષો સુધી એમણે હિંદી માસિક 'વિશાલ-ભારત'નું સંપાદનકાર્ય સ્વયંસેવા તરીકે કર્યું હતું. 'અજન્તાના કલામંડપો'વાળા મારા લેખનું હિંદી રૂપાંતર તેમણે જ શ્રી વર્મા પાસે કરાવી એ માસિકમાં પ્રસિદ્ધ કર્યું હતું. અને એમની વાત પરથી હું જાણી શક્યો કે દિલ્હીથી કલકત્તા સુધીના હિંદી-બંગાળી વિદ્વાનોના સંપર્કમાં તેઓ હતા. તે અંગેનો મજાકભર્યો ઉલ્લેખ કરતાં એમણે કહ્યું કે, 'આ પ્રદેશમાં મારું સાંસ્કારિક સામ્રાજ્ય છે'. ઇ. ૧૯૪૧માં હું ભારતના પ્રવાસે ગયો ત્યારે મને કોઈ પણ સ્થળે સુવિધા મળે એવા મિત્રોનાં સરનામાં આપ્યાં હતાં. અલ્લાહાબાદના લીડર પ્રેસમાં શ્રી પાઠકજીએ એમના જ પત્રના આધારે મને સ્વજન જેવો આવકાર આપ્યો હતો.

આગ્રાની મુલાકાતમાં મારાં પત્ની અને બહેન સાથે હતાં. ભારે સંકોચ ને વિમાસણ છતાં તેમણે અમને પોતાને ઘેર જમવા નોતર્યા ત્યારે ખુલાસો થયો કે આગ્રામાં વસતા ગુજરાતી નાગરસમૂહે તેમને એવો ખયાલ આપેલો કે ગુજરાતી બ્રાહ્મણો તેમનું ભોજન નથી લેતા. અમારો કુટુંબમેળો બહુ જ આનંદપ્રદ બન્યો. કાન્તિભાઈ કહેતા કે આપણા ગુજરાતીઓ બહારનો વ્યવહાર વધારે છે પણ સામાજિક નાતો વધારતા નથી એથી ઘણું પ્રાદેશિક જ્ઞાન ને લાગવગ ગુમાવે છે.

શર્માજીએ એ વાતો દરમ્યાન કહ્યું કે, 'બંદૂક હાથમાં લઉં છું કે મારું મગજ ક્ષત્રિય બની જાય છે; પણ જિંદગીભર આમિષ ભોજન કે સુરાપાનનો મેં સ્પર્શ કર્યો નથી. હું તો ખેડૂત માણસ છું. ખેતરો ખલાસ કરતા વાનરો કે ત્રાસ આપતા વાઘ સિંહ-સુવરોનો શત્રુ છું, અને એ રૂપે જનતાનો આશીર્વાદ મેળવું છું' 'હિંદ છોડો'ની લડાઈ વખતે તેઓ ઘણો વખત ભૂગર્ભમાં રહ્યા હતા અને આગ્રાથી કલકત્તા સુધીની પ્રવૃત્તિઓનું સંચાલન કરતા હતા.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર : **ચંપકલાલ મહેતા**



શ્રી અમૃતલાલ યાજ્ઞિક

૧ શિક્ષણમાં શિસ્તનું સ્થાન શું છે?

❑ શિસ્ત એ કેળવણી પ્રત્યે અભિમુખ થવાનું પહેલું સોપાન છે. શારીરિક ખીલવણી અને તંદુરસ્તી માટે જેમ શારીરિક શિસ્ત જરૂરી છે, તેમ બુદ્ધિશીલ ને સાંસ્કારિક જીવન માટે બૌદ્ધિક અને માનસિક શિસ્ત જરૂરી છે. તેથી શિસ્તનું મહત્ત્વ સ્પષ્ટ છે.

૨ નેપોલિયનના શબ્દકોશમાં 'અશક્ય' શબ્દ નહોતો, તેમ વિદ્યાર્થીના શબ્દકોશમાં 'નપાસ' શબ્દ ન રહે તે માટે શું કરવું?

❑ વિદ્યાર્થીએ પોતાની શક્તિનો આત્મવિશ્વાસ અને વિદ્યાપ્રીતિ કેળવ્યાં હોય તો અભ્યાસ માટેની મનોવૃત્તિ આપોઆપ જન્મવાની. પછી પાસ થવું એ તેનું સ્વાભાવિક અને આનુષંગિક ફળ બની જવાનું. 'સત્યાગ્રહી કદી હારતો નથી' એ ગાંધીજીના સૂત્ર અનુસાર 'સાચો વિદ્યાર્થી કદી નાપાસ થતો નથી' એમ કહી શકાય.

૩ કેળવણીમાં સાહિત્યનું શું સ્થાન છે?

❑ કેળવણી એટલે માત્ર વિદ્યાભ્યાસ નહિ; તેની સાથે ચારિત્રવિકાસ થાય તો જ કેળવણી સાર્થક બને. વિષયના અભ્યાસમાંથી વિદ્યા મળે, જીવનદૃષ્ટિ નહિ. સાહિત્ય એ ચારિત્ર્યપોષક જીવનદૃષ્ટિ આપવાનું સામર્થ્ય ધરાવે છે. તેથી હવે ઇંગ્લંડ-અમેરિકા જેવા દેશોમાં વિજ્ઞાન ને હુન્નરવિદ્યાના અભ્યાસક્રમમાં માનવવિદ્યાનું, સાહિત્યનું સ્થાન અનિવાર્ય મનાવા લાગ્યું છે.

૪ કુમારજીવન અને કૉલેજજીવન પરીક્ષાથી વેડફાઈ જતાં નથી લાગતાં?

❑ કેળવણી કઈ દૃષ્ટિથી લેવાય છે તેના ઉપર આ પ્રશ્નનો જવાબ આધાર રાખે છે. 'વિદ્યા-અર્થી'નું શાળા કૉલેજ જીવન પરીક્ષાથી વેડફાઈ નથી જતું, કારણ કે ખરો વિદ્યાર્થી કેળવણીનું સ્થાન કૉલેજ અને અભ્યાસક્રમની દીવાલોમાં જ છે એમ નથી માનતો. 'પરીક્ષા-અર્થી' એમ માને છે, તેથી તેનું જીવન વેડફાઈ જવાનો સંભવ ખરો. વિદ્યાર્થીને માટે પરીક્ષા ભયની વસ્તુ નથી. વિદ્યાર્થી તો કેળવણી માટે શાળા-કૉલેજની બહાર પણ મનોયાત્રા કરે છે.

૫ સાચી કેળવણી તમે કોને કહો છો?

❑ વિદ્યાભ્યાસ ઉપરાંત સર્વાંગી જીવનદૃષ્ટિ ખીલવી વ્યક્તિગત, કુટુંબગત, સામાજિક, રાષ્ટ્રીય, સાંસ્કારિક અને માનવજીવનના પ્રશ્નોને સમજવાની સૂઝ અને શક્તિ આપે તેને. સાચી કેળવણીનું મૂલ્ય પરીક્ષાનાં પરિણામથી નહિ, પણ પ્રતિભાવિકાસથી મપાય છે.

૬ સહશિક્ષણ અંગે આપની શી માન્યતા છે?

❑ સાચી કેળવણી માનવીને માનવી તરીકે જોવાની દૃષ્ટિ આપે છે અને ભાષા, ધર્મ, જાતીયતા વગેરે ભેદોની દૃષ્ટિ-આડ દૂર કરે છે. પછી 'સહશિક્ષણ'નો જાતીયમૂલક પ્રશ્ન ક્યાં રહ્યો?

પોલીસના છટકામાંથી અનેક વાર આબાદ બચી ગયા હતા. એમનાં એ સાહસોની વાતો નોંધાય તો વીરતાનું એક પુરાણ બને.

છેવટના સમયમાં તે વ્યાધિગ્રસ્ત રહેતા અને અંતે આંખોનું તેજ જતાં પોતાના ગામડામાં જઈ નિવૃત્તિ લેતા હતા. જગતને મન તેઓ હતા જ નહિ; અને ખરેખર, રામ શર્મા નામની કોઈ અન્ય વ્યક્તિના અવસાનના સમાચાર પ્રકટ થતાં ડૉ. કાન્તિભાઈએ મને લખી પણ નાખ્યું હતું કે 'આપણા રામ શર્મા ગયા.' એ પરથી મેં તેમના પરિવારને આશ્વાસનનો પત્ર પણ લખી નાખ્યો હતો! તે તેમણે પોતે જ વાંચીને જવાબ લખ્યો કે: 'માણસના જીવતાં છતાં મૃત્યુના સમાચાર તેનું જીવન લંબાવે છે. મારા માટે તમને કેવી લાગણી થાય તેનો પરિચય તમારા પત્રથી મળ્યો.'

અને હમણાં પણ આખરે એમના અવસાનના સમાચાર બહારગામ ફરતાંફરતાં જ મિત્રો પાસેથી મળ્યા. એ વિદ્વાન ને શૂર ભારતસેવકનું જીવન કર્મનિષ્ઠા ને જનસેવાથી પરિપ્લાવિત હતું. કહેવાતા પ્રસિદ્ધ નરો કરતાં અનેકગણું તેમનું જીવન તેજ હતું. તેમના આત્માને આપણાં વિનમ્ર વંદન હો.

ર. મ. રા.

અનુસંધાન] **કનૈયાલાલ મુનશી** [પૃ. ૨૨૦થી

આક્રંદ કર્યા જ કરતો. 'કામલતા' નાટકમાંની

જેવી મને દીધી ત્યજી, તેમ બીજીને ત્યજશો નહિ,
કોઇ પ્રીતિવશ અબળા બિચારી ભોળીને ઠગશો નહિ.

પંક્તિઓ 'હું સાંભળતો કે ગાતો ત્યારેત્યારે મારી આંખોમાં પાણી આવતાં ને 'દેવી' જાણે એ પંક્તિઓ ગાતીગાતી મરી જતી હોય એવો મને ભાસ થતો. એ પંક્તિઓએ પ્રેરેલાં કલ્પનાચિત્રોમાંથી 'વેરની વસૂલાત'માં તનમનના મરણનું દૃશ્ય રચાયું હોય તો નવાઈ નહિ.'

'વેરની વસૂલાત' એ મુનશીની પહેલી નવલકથા. ૧૯૧૪માં તે પ્રગટ થઈ. 'ગુજરાતી'ના સહતંત્રી અંબાલાલ જાનીએ એ પત્ર માટે ચાલુ વાર્તા લખવા તેમને આગ્રહ કર્યો. એ સમયે કૉલમના ચૌદ આનાનું મહેનતાણું જતું કરવાનું તેમને રુચ્યું નહિ. તેમણે હિંમત કરી અને જેમજેમ ધારાવાહી રૂપે એ પ્રગટ થતી ગઈ તેમતેમ એ પંકાતી ગઈ. 'વેરની વસૂલાત'ની તનમન પર મુનશીના વૃદ્ધ સૉલિસિટર કાકા જમિયતરામ અને એવા બીજા પણ મોહી પડ્યા, એવી એ પાત્રની મોહિની હતી. પરંતુ સૌથી વિશેષ માન એ વાર્તાને આપનાર એક મિત્ર-પત્ની નીકળ્યાં. '…એને છેલ્લા દહાડા જતા હતા. વાર્તા પૂરી વાંચ્યા પહેલાં, વખત છે ને મૃત્યુ આવે તેથી, એ મિત્ર મારી પાસેથી એ વાર્તાના બાકીના ભાગની હસ્તપ્રત લેવા આવ્યા!' આના કરતાં પણ વિશેષ ચમત્કારક ઘટના 'વેરની વસૂલાત'થી સર્જાઈ: 'અમદાવાદની એક યુવતીએ તનમનની કથા વાંચી. તેના લેખકનો પરિચય કેળવવા તત્પર બની. પરિચય કેળવ્યો. પરિણામ વિપરીત આવ્યું. પોતાનું નામ (અટક?) બદલવાની તપશ્ચર્યા તેને સેવવી પડી.'

એ 'વેરની વસૂલાત'નો અત્યંત સંક્ષેપમાં-ચાર લીટીમાં-મુનશીએ પરિચય આપ્યો છે: 'જગત બાલપણમાં બાલિકા તનમનને ચાહે છે. તનમન મરી જતાં તે ગાંડો થઈ જાય છે. સ્વામી અનંતાનંદ તેને બચાવે છે. તેને ગીતાનો આદર્શ ને દેશભક્તિ શીખવે છે. આખરે તે મુત્સદ્દી રઘુભાઈની પુત્રી રમાને પરણે છે ને રત્નગઢનો દીવાન બને છે.'

વાર્તાકાર તરીકે મુનશીની સર્જનકલાના ત્રણ પ્રકાર પડે છે. એ લખે છે: 'પહેલા પ્રકારમાં હું માત્ર આત્મકથન કરતો; મારું અનુભવેલું દુઃખ કે સુખ કહેતો. બીજામાં હું એક સ્વાનુભવને પહેલાં કલ્પનામાં સંઘરી રાખી, પછી તેને મૂર્તિમાન કરતી કાલ્પનિક વ્યક્તિ કે પ્રસંગને અવલંબીને વાર્તા લખતો. અને ત્રીજા પ્રકારમાં વણઅનુભવેલી મનોદશાને ઘટાવી, તેનો કાલ્પનિક સ્વાનુભવ કરી, તેના પર મુખ્ય પાત્રો ને પ્રસંગોની રચના કરતો. "મારી કમલા"થી મેં પહેલો પ્રકાર શરૂ કર્યો. એમાં મેં "કોકિલા", "વેરની વસૂલાત", ને "કોનો વાંક"? લખ્યાં. "પાટણની પ્રભુતા"થી બીજો પ્રકાર મેં સ્વીકાર્યો. "પૃથ્વીવલ્લભ"માં પહેલો પ્રકાર જ પ્રધાન છે. "ભગવાન કૌટિલ્ય"થી ત્રીજો પ્રકાર મેં અપનાવ્યો. "જય સોમનાથ"માં એનું પ્રાબલ્ય મને દેખાય છે'.

'વેરની વસૂલાત'ની અત્યંત લોકપ્રિયતાએ મુનશીની કલમને પાનો ચડાવ્યો અને એ પછીના વર્ષે (૧૯૧૫) તેમણે એક બીજી સફળ સામાજિક નવલકથા 'કોનો વાંક?' 'હિન્દુસ્થાન ને પ્રજામિત્ર'માં ક્રમશઃ લખવા માંડી. એના વિષયની પ્રેરણા અંગે મુનશી નોંધે છે: 'ન્યાતમાં એક મિત્રની પત્ની બાલવિધવા થઈ હતી. એનાં દુઃખોની મારા પર ઊંડી છાપ પડી. તે આ કથાના મૂળમાં છે.' એ કથાનો બે જ લીટીમાં મુનશીએ આપેલો પરિચય આ પ્રમાણે છે: 'મુચકુંદ નામનો ગ્રૅજ્યુએટ એક નિરાધાર વિધવાને બચાવે છે, અને પછી પોતાની પત્ની મરતાં એની જોડે લગ્ન કરે છે.' 'વેરની વસૂલાત'માં મુનશીનો સ્વાનુભવ જ હતો. તેમાં તનમન ને જગતના જીવ મળ્યા, પણ તેમનો સંસાર રચાયો નહિ. 'એટલે જ કલ્પનાના ખૂણામાં ભરાઈ રહેલી તૃષા મેં ("કોનો વાંક?"માં) મુચકુંદ ને મણિને ભેગાં લાવીને છિપાવી એ સ્પષ્ટ છે'.

મુનશીની આ બંને સામાજિક નવલકથાઓને મોટા ભાગના પ્રજાવર્ગનો ઉમળકાભર્યો સત્કાર સાંપડ્યો; પરંતુ તેમની 'કલાના આદર્શોએ સમાજના સંરક્ષક વિભાગને ક્રુદ્ધ કર્યો. (નવલરામ ત્રિવેદી.)' અંગ્રેજી વાર્તાસાહિત્ય અને ફિલસૂફીના રંગે રંગાએલા મુનશીના ચિત્તમાં બુદ્ધિવાદ પ્રખર જાગ્યો હતો. તેથી સમાજમાં વ્યાપક જડ રૂઢિ-પ્રણાલિકાનું તેમણે નિર્દયતાપૂર્વક ખંડન કર્યું; અને વ્યક્તિ-સ્વાતંત્ર્યનો મહિમા પ્રગટાવ્યો. 'મુનશીના વિચારો તેમના મગજની કલ્પનાસૃષ્ટિ જ નથી, પણ પૂર્વ અને પશ્ચિમના વિચારના સંઘર્ષણના પરિણામે આપણામાં જે બુદ્ધિવાદ જન્મ્યો તેનો જ પરિપાક છે. (ન. ત્રિવેદી)'

ગોવર્ધનરામમાં પૂર્વ-પશ્ચિમના વિચારો અંગે જે સમાધાનવૃત્તિ હતી તે મુનશીમાં નથી. 'સરસ્વતીચંદ્ર' સાથે કુમુદને નહિ પરણાવવામાં નવલરામ ત્રિવેદીના મતે 'બુદ્ધિવાદની હાર ચોક્કસ છે.' પણ મુનશી 'કોનો વાંક?'માં બુદ્ધિવાદને સંપૂર્ણરીતે અનુસર્યા છે. ગોવર્ધનરામ કુંવારા સરસ્વતીચંદ્રને માટે બીજી સ્ત્રી શોધી લાવે છે, ત્યારે મુનશી સ્ત્રીવાળા મુચકુંદને વિધુર બનાવી. મણિને પરણવા લાયક બનાવી દે છે. ગોવર્ધનયુગની સમાધાનીમાંથી અહીં પૂરેપૂરો વિશ્લેષ દેખાય છે.

વીસમી સદીના બીજા દાયકામાં મુનશીની આ બે નવલકથાઓએ નવો જ ચમકાર આણ્યો. એ સમયે દેશની ચેતના પણ સળવળી ઊઠી હતી. રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)ની સ્થાપનાને લગભગ ત્રણ દસકા થઈ ચૂક્યા હતા. સર ફિરોઝશાહ મહેતા, સુરેન્દ્રનાથ બૅનરજી, ઍની બેસન્ટ ને લોકમાન્ય ટિળકની હાકલ પ્રજામાં પ્રાણસંચાર કરી રહી હતી. ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકામાં મહાન સત્યાગ્રહી તરીકે વિજય પ્રાપ્ત કરીને ગાંધીજીએ ગુજરાતમાં પગ મૂક્યો હતો. સ્વતંત્રતા હાંસલ કરવા દેશ થનગની રહ્યો હતો. ગુજરાતમાં પણ રાષ્ટ્રભક્તિના તરંગો આંદોલિત થઈ રહ્યા હતા. મુનશી આ બધી ઘટનાઓથી પ્રભાવિત થતા જતા હતા. એમનો આત્મા શ્રી અરવિંદની દીક્ષા પામીને ભારતની મુક્તિ ઝંખી રહ્યો હતો. રાજકારણનો રંગ તેમને લાગતો જતો હતો, પરંતુ સાથે-સાથે તેમનો સર્જક જીવ પણ ભારે ઉછાળા મારી રહ્યો હતો. સાહિત્યક્ષેત્રમાં મુનશીએ સસંકોચ પ્રવેશ કર્યો હતો. અંગ્રેજી ભાષાના વિચારોના સંસ્કારે એમના ચિત્તને એવું વશ કર્યું હતું કે ગુજરાતી ભાષામાં લખવું એ પણ તેમને માટે મુશ્કેલ વાત હતી. એકરાર કરે છે:

'ચન્દ્રશંકર માસ્તર (મનસુખલાલ આત્મારામ) અને કાંતિલાલ પંડ્યા ગુજરાતીમાં લખવા માટે મને પ્રેર્યા કરતા હતા. પણ મારી હિંમત ચાલતી નહોતી. હું નિશાળમાં ગુજરાતી ભણ્યો નહોતો. નાનપણમાં 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ, નારાયણ હેમચંદ્રના કેટલાક અનુવાદો ને બીજી કેટલીક નવલકથાઓ વગેરે મેં વાંચ્યાં હતાં. ૧૯૧૧-માં 'કલાપીનો કેકારવ' ને કવિ નાનાલાલનું 'વસંતોત્સવ' ખૂબ રસથી વાંચ્યાં હતાં. એ સિવાયનું ગુજરાતી સાહિત્ય મેં વાંચ્યું નહોતું. ગુજરાતીમાં એક સારો પત્ર લખવાનું પણ મારાથી બની શકતું નહિ'.

પણ ચંદ્રશંકર એમની પાછળ લાગ્યા. ને એમના અતિ આગ્રહથી મુનશીએ સર્જનાત્મક સાહિત્યમાં પ્રવૃત્તિનો આરંભ કર્યો. ચંદ્રશંકર અને એમના મિત્રો 'ધી યુનિયન' નામનું મંડળ ચલાવતા હતા. આ મંડળ પાછળથી 'ગૂર્જર સભા'માં પલટાઈ ગયું. મુનશીને એ મંડળમાં સૌપ્રથમ લઈ જનારા ચંદ્રશંકર હતા. ચંદ્રશંકર તે વખતે 'સમાલોચક' ચલાવતા. મુનશીના સાહિત્યિક જીવને આ મંડળ તરત માફક આવી



મુંબાઈની ગૂર્જરસભા: આગલી હારમાં ડાબેથી: ધનશંકર ત્રિપાઠી, ઈન્દુલાલ યાજ્ઞિક. નૃસિંહદાસ વિભાકર, ધનસુખલાલ મહેતા, કનૈયાલાલ મુનશી, મનસુખલાલ માસ્તર; પાછલી હાર: ભાનુંશંકર યાજ્ઞિક, હરસિદ્ધભાઈ દિવેટિયા, અંબાલાલ જાની, રમણીયરામ ગો. ત્રિપાઠી, ચંદ્રશંકર પંડયા, શંભુલાલ દવે, હરગોવિંદ ભટ્ટ; પાછળ ઊભેલા: સન્મુખલાલ પંડયા, રઘુનાથદાસ કવિ, શિવલાલ યાજ્ઞિક.

ગયું: 'હું એ મંડળમાં તરત ભળી ગયો. ગુજરાતી સિવાયનું સાહિત્ય મેં પુષ્કળ વાંચ્યું હતું. સાહિત્યિક જીવન મને પ્રિય હતું. ભાવનાઓ પ્રમાણે જીવવાનાં તો હું ફાંફાં મારતો જ હતો. હું સંસ્કારતરસ્યો હતો. જળકૂકડીને જળ મળતાં જેમ મઝા પડે તેમ મને પણ મઝા પડી. હું પણ મારી સાથે કાંઈક નવીન તત્ત્વો લઈ આવ્યો, યુરોપીય સાહિત્યના અભ્યાસથી ઘડાએલી એકપક્ષી મારી દષ્ટિ, વાણીમાં નીતરતાં વિનોદ કટાક્ષ ને ચિત્રાત્મકતા, ઘણી વાર સ્વચ્છંદી ને અનિયંત્રિત તો ઘણી વાર સુરુચિ વગરની સર્વગ્રાહી ખંડનશક્તિ, અને ગુજરાતીનું મારું ઘોર અજ્ઞાન, આ બધાંથી હું ભાત પાડતો.'

આ ગૂર્જર સભાએ મુનશીની સર્જક-વિવેચક શક્તિને વેગ આપ્યો અને મુનશીના પ્રભાવશાળી વક્તવ્ય-વ્યક્તિત્વની અસર હેઠળ 'ગૂર્જર સભા'માં પણ નવો પ્રાણ ફૂંકાયો: '૧૯૧૫માં ગુજરાતીઓમાં, થોડા સાહિત્યકારો બાદ કરતાં, રાષ્ટ્રીય કે સાંસ્કારિક અસ્મિતા નહોતી. 'જયજય ગરવી ગુજરાત' એ માત્ર જાણીતું ગીત હતું; સામુદાયિક સંજ્ઞા નહોતી. એ અસ્મિતાની મૂર્તિ સમી 'સાહિત્ય પરિષદ' પણ થોડેથોડે વર્ષે મળતી ને વિખરાતી. ગુજરાતી સાહિત્યકારો વ્યક્તિગત કામ કરતા; સામુદાયિક પ્રયત્ન ભાગ્યે જ થતો. રાજકીય ક્ષેત્રમાં ગુજરાતનું સ્થાન હતું જ નહિ. થોડાક ગુજરાતીઓ બંગાળમાંથી રાષ્ટ્રીયતાની ભાવના લાવ્યા હતા...ગુજરાતનો ઈતિહાસ ત્યારે હતો જ નહિ. હજી રણજિતરામને હું મળ્યો નહોતો. મેં ફાર્બસની 'રાસમાળા' સિવાય બીજું ખાસ કાંઈ વાંચ્યું નહોતું. પણ 'ષડ્‌રિપુમંડળ' (૧૯૧૩માં ચંદ્રશંકરના મોટા મંડળમાં એક નાનું મિત્રમંડળ બનેલું. તેનું મેં 'ષડ્‌રિપુમંડળ' નામ આપ્યું હતું. તેમાં ચંદ્રશંકર માસ્તર, કાન્તિલાલ પંડયા, નૃસિંહ વિભાકર, ઈન્દુલાલ યાજ્ઞિક ને હું હતા) અને ગૂર્જર સભાના સંપર્કથી ગુજરાતી સાહિત્ય પ્રત્યે મને પ્રીતિ થઈ. એ સાહિત્યના સ્પર્શવડે ગુજરાતની મહત્તા મેં કલ્પી. ઈ. ૧૯૧૬માં 'પાટણની પ્રભુતા'ના ઉપોદ્‌ઘાતમાં મેં લખ્યું: "ગુજરાત એક મહાવૃક્ષ છે. તેના મૂળમાં શ્રીકૃષ્ણ પરમાત્માનો કર્મયોગ છુપાયો છે; તેની ડાળે દયાનંદ ને ગાંધીની કૂંપળો ફૂટી છે." આ મહત્તાના વિધાયકની શોધમાં મારી પ્રભાવવૃત્તિની મદદથી કલ્પનાએ મુંજાલ મહેતાને જન્મ દીધો. મુંજાલ આમ મારી ગુજરાતની અસ્મિતાનો સંતાન ને પિતા બંને છે.'

'પાટણની પ્રભુતા'માં પ્રેરણાબળ, મુનશીના હૃદયમાં આવિર્ભાવ પામેલી ગુજરાતી અસ્મિતા જ છે. એ નવલકથા ઐતિહાસિક છે. ઇતિહાસ એ મુનશીનો પ્રિય વિષય હતો. એમની નોંધપોથી બોલે છે: 'કૉલેજમાં હતો ત્યારે 'Brigg's Cities of Gujarat' વાંચીને 'The Graves of Vanished Empires' નામનો લેખ વડોદરા કૉલેજના સામયિકમાં મેં લખ્યો હતો. જ્યારે હું ગુજરાતી વાંચવા ને લખવા લાગ્યો ત્યારે ગુજરાતની ભક્તિના અંકુર મારા હૃદયમાં ફૂટવા લાગ્યા અને મેં ગુજરાતનો ઈતિહાસ વાંચવા માંડચો. એવામાં 'ગુજરાતી' પત્રનું નિમંત્રણ આવ્યું ને નેવું રૂપિયામાં એના વાર્ષિક ભેટ પુસ્તક તરીકે એક ઐતિહાસિક નવલકથા લખી આપવાનું મેં વચન આપ્યું. (એ નવલકથા) 'પાટણની પ્રભુતા' મેં રજા દરમ્યાન એકી કલમે લખી. અને તેથી તે સુસંબદ્ધ ને એકધારી બની.'

'પાટણની પ્રભુતા' પ્રગટ થઈ એ અરસામાં જ મુનશીને એક સાચા સારસ્વત-ઇતિહાસકારનો પરિચય થયો. એ રણજિતરામ વાવાભાઈ મહેતા. મુનશી સાથે ઇતિહાસની ચર્ચા ખૂબ રસથી તે કરતા. મુનશીને તેમની પાસેથી નવી દૃષ્ટિ મળી. મુનશીએ તેમને વિશે નોંધ કરી છે: 'ભૂત ગુજરાતનો સંપૂર્ણ ઇતિહાસ લખવાની એમના મનની ઉમેદ હતી. અને તેને માટે એમણે અથાગ શ્રમ વેઠી સાધનો ભેગાં કર્યાં હતાં... સાહિત્યથી જ ગુજરાત ગર્વ પામશે અને તેથી રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટશે એવો એમનો નિશ્ચલ સિદ્ધાંત હતો.' પરંતુ રણજિતરામનું સ્વપ્ન અધૂરું રહ્યું. ૧૯૧૭ની ૪થી જૂને જુહુના દરિયામાં એ ડૂબી ગયા.

મુનશીના સર્જન પ્રવૃત્તિમાં રણજિતરામે મહત્ત્વનો ફાળો આપ્યો. એમને સ્મરણાંજલિ આપતાં મુનશીએ નોંધ્યું : 'એમની મીઠી, ન પરખાય એવી વૃત્તિએ મારી લેખનપ્રવૃત્તિ, નિર્જીવ અને અપૂર્વ છતાં તેને ઉત્તેજી; તેને નવી દિશા દેખાડી. થોડા વખતમાં, હું જે લખું તેને માટે એમના અભિપ્રાયની વાટ જોવાની મને ટેવ પડી. એ ન હોત તો હું મારી બીજી ઐતિહાસિક વાર્તા 'ગુજરાતનો નાથ' હાલની રીતે લખત કે કેમ એ ખાતરીથી કહી શકતો નથી. તે વાર્તા માટે જ્યારે જોઈએ ત્યારે એ સાધનો પૂરાં પાડતા. જ્યારે જોઈએ ત્યારે પોતાના વિચારશીલ અભિપ્રાયથી મને સુધારવા એ તૈયાર રહેતા. મારા મનમાં રમી રહેલી ગુજરાતની અસ્મિતાની ભાવના એમના સહચારમાં વ્યક્ત સ્વરૂપ પામી.'

'પાટણની પ્રભુતા' ૧૯૧૫માં પ્રગટ થઈ એ પછીના જ વર્ષે હાજી-મહમ્મદ અલારખિયા શિવજીના 'વીસમી સદી'માં 'ગુજરાતનો નાથ' નવલકથા શરૂ થઈ. સાક્ષરશ્રી નરસિંહરાવ દિવેટિયા 'વીસમી સદી'માં ઘણો રસ લેતા. 'પાટણની પ્રભુતા' એમને ઘણી ગમી, અને 'ગુજરાતનો નાથ' જેમજેમ છપાતી ગઈ તેમતેમ એમની સૂચના પણ મળતી ગઈ. એમની વિવેકદૃષ્ટિ ઘણી જ કડક હતી. શબ્દ, ભાવ, પ્રસંગ ને વાર્તાલાપ બધાને એ કડક કસોટી પર ચડાવતા.

આ જ અરસામાં બલવંતરાય ઠાકોર પણ મુનશીમાં રસ લેતા થયા હતા. 'વેરની વસૂલાત' પ્રગટ થઈ ત્યારે તેમાં કોરાં પાનાં બંધાવી તેમાં યોગ્ય સુધારો કરી મુનશીને તે આપેલી ને કહેલું : 'ફરી છપાય ત્યારે ખપ લાગશે.' મુનશી લખે છે કે બલવંતરાયની 'સાહિત્યદૃષ્ટિ ઘણી જ સૂક્ષ્મ સરસતાની. એમની ભાવના પણ સૂક્ષ્મ. એમનાં વિવેચનનાં ધોરણો પણ આકરાં. વળી જમાનાનાં વહેણમાં પણ પોતાનાં ધોરણોને વળગી રહેવાની એમનામાં અજબ શક્તિ'.

તેમ છતાં 'આ પ્રખર વિદ્વાનોનો આટલો બધો સદ્‌ભાવ જીરવવો મારે માટે અઘરો થઈ પડયો. નરસિંહરાવભાઈ મળે તો 'તમારા બલુભાઈ' કે 'તમારા બ. ક. ઠા.'ની ખબર પૂછે. બલુભાઈ મળે તો એમને 'ન. ભો. દિ.'ની ચિંતા હોય જ. એકબીજાનાં ખંડન વિના એમને ચેન પડે નહિ. 'ગુજરાતનો નાથ'નો નરસિંહરાવભાઇએ લખેલો ઉપોદ્‌ઘાત વાંચી બલુભાઈ નાખુશ થએલા એવું કંઈક સ્મરણ છે'.

આ બે ઐતિહાસિક નવલકથાઓએ વળી સાહિત્યમાં ઘુમરીઓ પેદા કરી. એમની પ્રણાલિકાભંજકવૃત્તિ–પ્રવૃત્તિથી સમાજનો ચુસ્ત વર્ગ તો ચોંકેલો હતો જ. હવે મુનશીની ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસ સાથે અણઘટતી છૂટ લેવા માટે સાક્ષરોનો પણ એક વર્ગ તેમના પર ખફા થયો. ઇંગ્લન્ડમાં વૉલ્ટર સ્કૉટે જ્યારથી ઐતિહાસિક નવલકથાનું ક્ષેત્ર ખેડવા માંડયું ત્યારથી ઈતિહાસ અને નવલકથા વચ્ચેના સંબંધની ચર્ચાઓ ત્યાં જાગવા માંડી હતી. વાર્તાકારે ઐતિહાસિક નવલકથા ન જ લખવી એવી પણ એક આગ્રહભરી વૃત્તિ એ કાળે એ દેશમાં હતી. ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસ અને નવલકથા બંને બગડે છે એવો એ વર્ગનો દૃઢ અભિપ્રાય હતો. આપણા ગુજરાતી સાહિત્યમાં 'કરણઘેલા'થી ઐતિહાસિક નવલકથા રચાવી શરૂ થઈ અને તે પછી જહાંગીર તાલિયારખાન, ઠક્કુર નારાયણ વસનજી, નારાયણ હેમચંદ્ર, ચૂનીલાલ વ. શાહ વગેરેએ ઐતિહાસિક નવલકથાઓ લખી હતી, પરંતુ પ્રજાના ચિત્તમાં ચમકારો આણનાર તો મુનશીની ઐતિહાસિક નવલકથાઓ જ નીવડી. મુનશીએ 'પાટણની પ્રભુતા'માં મીનલ મુંજાલનો પ્રેમસંબંધ નિરૂપીને સતી મીનલદેવીને કલંક ચોંટાડયું; આનંદસૂરિને ધર્માંધ ને દુષ્ટ ચીતરી એ ઐતિહાસિક પાત્રના હાલહવાલ કર્યા; ઉદા મહેતા જેવા ઈતિહાસપ્રસિદ્ધ શ્રાવકને ખલ ચીતરી ઇતિહાસ સાથે અણઘટતી છૂટ લીધી; અને આ બધી સામગ્રી ફ્રેંચ વાર્તાકાર ઍલેક્ઝાન્ડર ડ્યુમાની 'થ્રી મસ્કેટીઅર્સ', 'કાઉન્ટ ઑવ મૉન્ટિક્રિસ્ટો' અને 'ટ્વેન્ટી ઈઅર્સ ઍન્ડ આફ્ટર' જેવી નવલકથાઓમાંથી ઉપાડી લીધી; — આવા કંઈકંઈ આક્ષેપો મુનશી પર થયા અને ગુજરાતી નવલકથા–સાહિત્યમાં ચર્ચાની ચમક પેદા થઈ.

મુનશીએ ઐતિહાસિક નવલકથા વિષેનાં પોતાનાં મંતવ્યો 'ઐતિહાસિક પાત્રો અને તેનું નિરૂપણ' એ વ્યાખ્યાન દ્વારા પ્રગટ કર્યાં છે. એમની દૃષ્ટિએ: 'નવલકથાકારની કલ્પનાને સર્જકતાને સ્વાભાવિકતાનાં જ બંધનો હોય છે.' એટલે કે માનવસ્વભાવની શકયતા-અશકયતાની જે મર્યાદા તે જ માત્ર ઐતિહાસિક નવલકથાકારની મર્યાદા. અલબત્ત એમના આ અભિપ્રાય સાથે આપણા સાહિત્યવિવેચકો સંમત થયા નથી. તેમ છતાં મુનશીએ પોતાના અભિપ્રાયને વળગી રહીને પોતાની જ પદ્ધતિએ ઐતિહાસિક નવલકથાઓ રચી છે.

ડ્યૂમાની અસર તેમજ મીનલ-મુંજાલના સંબંધ અંગેની ટીકાનો પ્રત્યુત્તર મુનશી આ રીતે આપે છે : 'કેટલાકે મુંજાલ અને મીનલના સંબંધમાં ડ્યુમાની અસર માની છે. મુંજાલમાં રિશલ્યૂ કે માઝારીનનો અંશ નથી. એ તો પ્રણયયોગી, ભાવનાશીલ, ઉન્નતાશયી, પ્રચંડ ઊર્મિઓનો ધણી છે. રિશલ્યૂ ગણતરીબાજ, કિન્નાખોર ને નીચ છે. એ રાણીને ચાહતો નથી. માઝારીન અધમતાનો અવતાર છે.

મારી લખવાની પદ્ધતિ જ એવી છે, જેમાં સસંકલ્પ અનુકરણને સ્થાન નથી. હું વાર્તા લખવા બેસું એટલે મારે પહેલાં બેત્રણ પ્રકરણો એકબે વાર ફરીફરી લખવાં પડે. પછી એ સૃષ્ટિ મારી કલ્પનાનો કબજો લઇ લે. એનાં પાત્રોમાં હું તન્મય બની જાઉં. શબ્દ, વ્યાકરણ કે જોડણીની પરવા વિના મારી કલમ કલ્પનાઘડયા પ્રસંગો, ભાવો, વાર્તાલાપોને વેગભર વ્યક્ત કરવાનું માત્ર આંધળું સાધન બની જાય. આવે વખતે મારી ઉદ્દીપ્ત કલ્પના કોઈની વાટ જોતી નથી. મારી પૂર્વસંચિત સામગ્રી હોય તેની મદદ લઈ તે પોતાના નિયમો પ્રમાણે શાબ્દિક સર્જન કરે છે.

મેં આલેખેલા મીનલદેવી ને મુંજાલના પ્રસંગો પર બહુ ટીકા થઈ છે. વિધવા રાણી તેજસ્વી પ્રધાન માટે પ્રેમ રાખે, શેઠાણી બાહોશ વાણોતર તરફ વળે, એ પ્રસંગ કદી બનતો નથી એમ કોણ કહી શકે? બંને પ્રતાપી ને ઊર્મિવાન હોય, એક જ ધ્યેયની સાધના માટે સવાર બપોર ને રાત એમને મળવાનું થતું હોય, છતાં પ્રેમ ન જ સંભવે એ અસ્વાભાવિક. મુંજાલ ને મીનલમાં તો સંયમ છે. એમના સંબંધમાં વિષયતૃપ્તિથી પર એવી સૂક્ષ્મ તાદાત્મ્યની ભાવના ગુજરાતની મહત્તા સાધવાની મહત્ત્વાકાંક્ષામાં લીન થઈ છે. એક ક્ષણભરની જ નિર્બળતા આખા તેજસ્વી સંબંધની શોભા વધારે છે.

મુંજાલ ને મીનલ મારી કલ્પનાના ગર્ભમાંથી બહાર પડયાં. મા પોતાનાં બાળકોને સસંકલ્પ ઘડી શકતી નથી. હું મારાં આ પાત્રોને સસંકલ્પ ઘડી શકયો નહિ. એ મારા પ્રાણનાં પ્રાણ હતાં, અસ્થિનાં અસ્થિ હતાં. અજાણ્યે હું કલાકાર તરીકે મારો સ્વધર્મ અનુભવતો હતો... મીનલ અને મુંજાલ જો પ્રચંડ માનવતાનાં અધિકારી બની વાચકના હૃદયમાં વાસ કરી શકે તો શા માટે એમને જન્મવાનો અધિકાર ન હોઈ શકે? જો એમની માનવતા કૃત્રિમ કે શિથિલ હશે તો તેઓ મરી જશે, ને જગતને એનું દુઃખ કદી જણાશે નહિ.'

અને મુનશીની આ વાત સાચી ઠરી છે. મુંજાલનું પાત્રયુગલ વાર્તારસિકોના ચિત્તમાં સ્મરણીય બની રહ્યુ છે. ઇતિહાસ સાથે મુનશીએ ઘણી બધી છૂટ લીધી છે એ આક્ષેપ તેમના પર ભલે હોય, તેમ છતાં 'ગુજરાતનો નાથ' એ 'સરસ્વતીચંદ્ર' પછીની એક ઉત્તમ નવલકથા તરીકે સ્થાન પ્રાપ્ત કરી ચૂકી છે એ નિશ્ચિત છે. અને આજે પચાસ વર્ષ પછી પણ એ નવલકથાની તાજગી (અનુસંધાન પૃ. ૨૪૧ ઉપર)

અદાલતનાં મુક્તકો

ધનસુખલાલ મહેતા

એક સમય એવો હતો જ્યારે મુંબાઈની હાઇકૉર્ટમાં અનેક વિરાટકાય બૅરિસ્ટરો હતા. તેમની વક્તૃત્વશક્તિ, સામા જવાબ દેવાની કુનેહ, હાજરજવાબીપણું વગેરે દેશ આખામાં અજોડ હતાં. મને એ હાઈકૉર્ટની વાતો સાંભળવાનો ઘણો શોખ. મારા મિત્ર બિપિન પકવાસા, સ્વ. ધનસુખલાલ મજમુદાર, સ્વ. કાંતિલાલ દેસાઈ અને મંગળદાસ દરૂ જ્યારે પણ મળે ત્યારે હું આ વિષય એમની પાસે છેડું. તે વખતે મેં જો એ બધી વાતો ટપકાવી લીધી હોત તો એકાદ નાનું પુસ્તક થઈ શકત.

સર ચિમનલાલ સેતલવડે પોતાનાં સંસ્મરણો ગ્રંથાકારે પ્રસિદ્ધ કર્યાં છે, પણ એમાં આવા દાખલા બહુ ઓછા છે. મુનશીજીનાં સંસ્મરણોમાં થોડાંક દષ્ટાંતો છે. બાકી એ ધારત તો ઘણું લખી શકત.

ઘણાં વર્ષો પર મુંબાઈની હાઇકૉર્ટમાં ઇનવેરારિટી નામે અતિ મશહૂર બૅરિસ્ટર થઈ ગયો. તેની હાજરજવાબીના તો અનેક દાખલા અને ટુચકા તે વખતે પ્રચલિત હતા. તેમને એક વખત એક કેસમાં જુબાની આપવાની આવી. સામા બૅરિસ્ટરે એમને સવાલ પૂછ્યો: 'વારુ, મિ. ઇનવેરારિટી! ઈંગ્લંડમાં તમે અમુક તારીખે, અમુક જગ્યાએ જન્મ્યા એ વાત સાચી છે?' ઈનવેરારિટીને જવાબ આપતાં જરા વાર લાગી, એટલે હાઈકૉર્ટનો આખો ખંડ ઇંતેજારીથી જોઈ રહ્યો. થોડી વાર રહીને એ મશહૂર બૅરિસ્ટરે કહ્યું: 'મને એમ કહેવામાં આવ્યું છે ખરું, બાકી મને પોતાને એ વિષે કશું જ્ઞાન નથી!'

એક વાર મુલ્કમશહૂર વિજ્ઞાનશાસ્ત્રી પ્રો. ટી. કે. ગજ્જરે હસ્તાક્ષર નિષ્ણાત તરીકે હાઈકૉર્ટમાં પ્રૅક્ટિસ કરવા ધારેલું. પણ પ્રથમ ગ્રાસે જ મક્ષિકા જેવું થઈ ગયું: પહેલા કેસમાં સામેના બૅરિસ્ટર ઈનવેરારિટી. લાખો રૂપિયા એ કેસમાં સંડોવાએલા.

ઈનવેરારિટીએ તો જાણીતા બુકસેલર થૅકરને ત્યાં જઇને ડઝનબંધ પુસ્તકો આ શાસ્ત્ર સંબંધે ખરીદી લીધાં અને તે જોઈ કાઢ્યાં. પછી ગજ્જર સાહેબની ઊલટ તપાસ એણે હાથમાં લીધી. લગભગ છ દિવસ એ ચાલી અને આખરે ગજ્જર સાહેબે કહ્યું કે, 'હા, આખરે આ શાસ્ત્ર પણ અપૂર્ણ છે, કાંઈક તર્કનો હિસ્સો પણ એમાં રહેલો છે.'

કેસ ઈનવેરારિટી જીતી ગયો અને ગજ્જરસાહેબે એ પ્રૅક્ટિસ કરવાનો મનસૂબો પણ છોડી દીધો.

આ વિચિત્ર ખવાસના બૅરિસ્ટર માટે કહેવાય છે કે તે પાંચછ માસ ઇંગ્લંડ રહેતો અને બાકીના માસ અહીં રહી પ્રૅક્ટિસ કરતો. એની પ્રૅક્ટિસ ધૂમ ચાલે, અને એટલા માસમાં પણ હજારો રૂપિયા કમાઈ જાય. એણે લગ્ન કર્યાં ન હતાં. એક વખત એ ઈંગ્લંડમાં એના ભાઇને ત્યાં. ભાભીને ખબર નહિ કે ઈનવેરારિટી પાસેના રૂમમાં જ છે. એનાથી બોલી જવાયું કે, 'આખરે આમની દોલત તે આપણી જ છે ને!'

બસ થઈ રહ્યું: ઈનવેરારિટી એ જ ખેપમાં થોડા જ દિવસમાં પરણ્યો અને તેને એક પુત્ર પણ થયો.

આવા ટુચકા જનાબ ઝીણાના બહુ પ્રચલિત હતા. કદાચ શુદ્ધ કાયદામાં એમના કરતાં બીજા ચડિયાતા ખરા, પણ હાજરજવાબીમાં ગમે તેવા હાઈકૉર્ટના જજને પણ રોકડું પરખાવી દેવાની હિંમતમાં તે લગભગ અજોડ હતા. મિજાજ પણ તેવા જ ગરમ. ભલભલા સૉલિસિટરો એમનાથી ગભરાતા અને પોતાના મૅનેજિંગ ક્લાર્કોને જ ઝીણાસાહેબ પાસે બેસાડતા. ઝીણા પાછા આવા ક્લાર્કો સાથે બહુ મીઠાશથી વર્તતા. એમનો મિજાજ જતો સૉલિસિટરોમાં જો ખામી જોવામાં આવે તો જ. જેમ માણસ નાનો તેમ ઝીણા વધારે નરમ!

એક વાર સૂરતમાં એક ખૂનકેસમાં ઝીણાને રોકવામાં આવેલા. બહારની કોરટો પણ અમુક રવૈયો મુંબાઈની હાઇકૉર્ટનો જ પાળતી. પણ તે વખતે ત્યાંનો જજ કાળો ઝભ્ભો તેમ જ ગળે ધોળી પટ્ટી પહેર્યા વગર જ કૉર્ટમાં આવીને બેઠો.

ઝીણા બોલવા ઊઠ્યા: 'મારે કોને સંબોધીને બોલવાનું છે તે હું જાણતો નથી—જાણી શકતો નથી. પણ હું અનુમાન કરી શકું છું કે પેલા ડાયસ (વ્યાસપીઠ) પર બેઠેલા ગૃહસ્થ તે જજ છે!' તરત જજે કહ્યું: 'મિ. ઝીણા! હું દસેક મિનિટ માટે મારા ચેમ્બરમાં જાઉં છું. હમણાં જ પાછો આવું છું. આ ઢીલ માટે હું દિલગીર છું.' આમ કહી પોતાના ચેમ્બરમાં જઈ જજ ઝભ્ભો અને ધોળી પટ્ટી પહેરી આવ્યા.

એક બીજો કિસ્સો: ઝીણા મુંબાઈની હાઇકૉર્ટમાં એક જજ પાસે કેસ ચલાવતા હતા. વચમાં એમનાથી જરાક મોટે સ્વરે બોલી જવાયું. યુરોપીઅન જજને આ રુચ્યું નહિ. તેમણે કહ્યું: 'મિ. ઝીણા, તમારે જાણવું જોઈએ કે તમે કોઈ ત્રીજા વર્ગના પ્રેસિડેન્સી મૅજિસ્ટ્રેટ આગળ નથી બોલતા પણ મુંબાઈની હાઇકૉર્ટના એક જજ આગળ બોલો છો!'

ક્ષણના પણ વિલંબ વિના ઝીણાએ ઉત્તર આપ્યો: 'મિ. લૉર્ડ(નામદાર), આપે પણ જાણવું જોઇએ કે આપ કોઈ ત્રીજા વર્ગના વકીલને નથી કહેતા, પણ મુંબાઈના પ્રથમ વર્ગના બૅરિસ્ટરને સંબોધી રહ્યા છો.'

એક જુનિયર અંગ્રેજ બૅરિસ્ટરને માથામાં બહુ રાઈ હતી. તે પોતાની સામેના બૅરિસ્ટરોને ગમે ત્યારે, વચમાં બોલીને અટકાવતો અને તેને તેમ કરવાની છૂટ એક અંગ્રેજ જજ હમેશા આપતો.

એક વખત બન્યું એવું, કે તેની સામે જનાબ ઝીણા હતા. આ જુવાન બૅરિસ્ટરને ઝીણા વિષે બહુ ઓછો ખયાલ હતો. એણે તો તરત ઝીણા બોલતા હતા તેમાં વચ્ચે ડબડબ કરવા માંડ્યું. જજે તેને તેમ કરતો અટકાવ્યો નહિ, એથી ઝીણાનો મિજાજ ગયો અને તે બોલી ઊઠ્યા: 'નામદાર, આ મિ.— ને આ કૉર્ટમાં ઘણી છૂટ આપવામાં આવે છે. એ એમ જ જાણતા લાગે છે કે આ કોર્ટ એમની માલિકીની છે.'

જજે કહ્યું: 'મિ. ઝીણા, તમે જે ટીકા કરી તે પાછી ખેંચી લો.'

ઝીણાએ જવાબ વાળ્યો: 'નામદાર, મારી ટીકા પાછી ખેંચી લેવાને બદલે, હું ફરીથી, આપની પૂરેપૂરી અદબ જાળવીને કહું છું કે મિ.—ને આ કૉર્ટમાં ઘણી છૂટ આપવામાં આવે છે. એ એમ જ જાણતા લાગે છે કે આ કૉર્ટ એમની માલિકીની છે!'

જજે ત્રણ ત્રણ વખત શબ્દો પાછા ખેંચવાનું કહ્યું અને ત્રણે વખત ઝીણાએ આ જ વાક્યો કહ્યાં. વચમાં જજે એમ પણ કહ્યું કે તમે હવે આવું બોલશો તો મારે તમારા માટે આગળ રીપોર્ટ કરવો પડશે, પણ ઝીણા તસુ પણ ડગ્યા નહિ અને જજ સાહેબ એ બધું ગળી ગયા!

એક વાર સર ચિમનલાલ સેતલવડ પાસે એક માણસ સૉલિસિટરને લઈને ગયો અને તેમને પોતાનો કેસ સમજાવ્યો. બધું સાંભળી લઈને સર ચિમનલાલે કહ્યું: 'ભાઈ, તારા પૈસા છૂટી પડશે, કારણ કે આ ફલાણું પૉઈન્ટ બહુ જ સાદું અને બધા સમજી શકે તેવું છે. સામેનો બૅરિસ્ટર એ પૉઈન્ટ કહ્યા વગર રહેશે નહિ, અને તો આપણો કેસ જરૂર માર્યો જવાનો.'

પણ આ માણસે હઠ પકડી અને સર ચિમનલાલે કેસ ચલાવ્યો. તેમની સામે એક અત્યંત હોશિયાર બૅરિસ્ટર હતો; પણ કોણ જાણે શાથી, તે પેલો સહેલો મુદ્દો એ બૅરિસ્ટર તદ્દન ભૂલી જ ગયો ને પરિણામે સર ચિમનલાલ કેસ જીતી ગયા. કેસ જીત્યા પછી સર ચિમનલાલે પેલા બાહોશ બૅરિસ્ટરને આ સમજાવ્યું અને એણે માથું કૂટયું!

ઈનવેરારિટીનો એક જાણવા જેવો કિસ્સો:

એક કેસમાં તેણે ફરિયાદી તરફ પોતે હતો, છતાં ભૂલમાં સામા પક્ષ તરફની દલીલો જ કરવા માંડી તે તો બોલ્યે જ ગયો એટલે આખરે સૉલિસિટરે તેને ચિઠ્ઠી લખી જણાવ્યું કે તમે તો સામા પક્ષ તરફથી દલીલો કરો છો, ને તમને રોક્યા છે તો અમે-ફરિયાદી પક્ષે!

ઈનવેરારિટી ચિઠ્ઠી જોઈ ગયો અને તેણે ધીમેથી કહ્યુ: 'ધૅટ્સ ઑલ રાઈટ!' પછી બીજી દસેક મિનિટ તે સામા પક્ષની દલીલો જ કહે ગયો. તે પછી અટક્યો અને જજને સંબોધીને બોલ્યો: 'નામદાર, આવી બધી દલીલો તમને સામા પક્ષનો કાઉન્સેલ કહેશે. હવે તેનો રદિયો સાંભળો!' આમ કહીને તેણે તે દલીલોના રદિયા આપવા માંડ્યો. પરિણામે, તેના બેસી ગયા પછી સામા પક્ષના કાઉન્સેલે એક પણ શબ્દ કહ્યો નહિ—તે કહી શક્યો નહિ, કારણ કે બધા જ મુદ્દા ઇનવેરારિટી બોલી ગયો હતો!

એક સબજજની કોર્ટમાં એક માણસ પોતાનો કેસ બરાબર રજૂ ન કરી શક્યો. સબજજે પેલાને સૂચવ્યું કે: 'તું 'પ્લીડર્સ રૂમ'માં જા; ત્યાં પાંચ કે દસ રૂપિયામાં કામ કરી આપે તેવા વકીલ મળી રહેશે'

પેલો તો વકીલોના રૂમમાં ગયો અને સબજજે જે કહેલું તે ત્યાં વાત કરી. એક બહુ સીનિયર વકીલને આથી ગાંડું લાગ્યું અને તેણે પેલા માણસને કહ્યુ: 'ભાઈ, તું પાછો કોર્ટમાં જા અને ત્યાં જઇને કહેજે કે "યૉર ઑનર, તમે કહેતા હતા તેવા પ્લીડરની શોધમાં હું પ્લીડરોની રૂમમાં ગયો, પણ ત્યાં તપાસ કરી તો જણાયું કે એવા પાંચ અને દસ રૂપિયામાં કામ કરનારા બધા પ્લીડરો તો સબજજ થઈ ગયા છે!"'

અનુસંધાન] **કનૈયાલાલ મુનશી** [પૃ. ૨૩૯થી

ઓસરી નથી. 'સરસ્વતીચંદ્ર' પછી સૌથી વધુ વિવેચન પામનારી પણ કદાચ આ જ નવલકથા છે. 'ગુજરાતનો નાથ' એ આપણા નવલકથા-સાહિત્યનું એક સીમાચિહ્ન છે.

'ગુજરાતનો નાથ'માંની મુનશીની સર્જકકલ્પના વિષેની એક નોંધપાત્ર ઘટના અહીં રજૂ કરવી જોઈએ. એ કથામાં મુનશીએ ઉપરકોટનાં સ્મરણો ને રાણક ખેંગારનો અદ્ભુત પ્રણય ચીતર્યો હતો. એ રચાયા પછી પહેલી વાર મુનશીને-૧૯૨૨માં-સૌરાષ્ટ્ર જોવાનો મોકો મળ્યો. ગિરનાર જોવાનો તેમને મોહ થયો હતો જૂનાગઢમાં પ્રોફેસર હરિલાલ માધવજી ભટ્ટ-તેમના એક સ્નેહી-(અને કવિ 'કાન્ત'-મણિશંકર રત્નજી ભટ્ટના (પતરાઈ ભાઈ) તેમને ઉપરકોટ લઈ ગયા. એ તો 'ગુજરાતનો નાથ'થી છલોછલ હતા. મુનશીને ઉમળકાથી એમણે કહેવા માંડ્યું 'તમે આ જ વાવનું શું સરસ વર્ણન કર્યું છે!' અને 'આ જ બારીમાંથી ખેંગાર નાઠો.' મુનશીને ત્યાં એકરાર કરવો પડ્યો કે, 'ભાઈ, ઉપરકોટ તો મેં કલ્પનાની આંખે જ જોયો હતો.' એ સાંભળીને ઇતિહાસના એ પ્રોફેસર ભટ્ટ સ્તબ્ધ થઈ ગયા!

મુનશીની ઊંચી સર્જકશક્તિનો અનુભવ કરાવનારી આપણા સાહિત્યની આ સમર્થ નવલકથા વિષે વિશેષ ન કહેતાં આપણા એક સન્માન્ય વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો અભિપ્રાય જ અહીં ટાંકીશું.

'કલાવિધાનની દૃષ્ટિએ ઇંગ્લન્ડ કરતાં ફ્રાન્સનાં નાટક ને નવલો સામાન્યરીતે ચડતાં છે; ને ફ્રેન્ચ નવલકથાના સ્વરૂપ જેવું નવલનું જે સ્વરૂપ શ્રી મુનશીએ 'ગુજરાતનો નાથ'માં આપ્યું છે તે આ સાહિત્યના વિકાસક્રમના પગથિયા તરીકે જ નહિ, માર્ગદર્શક સ્તંભ માત્ર નહિ, પણ અનુકરણીય આદર્શ રહેશે.' (ચાલુ)

લઘુકથા

ડોકિયુ

મુકુલ બક્ષી

જુહુકિનારે વસતા એક સિને-કલાકારનો મારે 'વર્તમાન' માટે ઈન્ટરવ્યૂ લેવાનો હતો. એણે મને બપોરનો આરામ પછીનો સમય આપ્યો હતો.

બસ ભરેલી હતી; પણ ચડતાં જ આગલી એક આખી સીટ ખાલી થઈ. ત્યાં હું બારી પાસે બેસી ગયો. મારી પાછળ ચડેલી એક યુવતી આવીને મારી બાજુમાં બેસી ગઈ. મેં કલાકારને પૂછવાના પ્રશ્નોની નોંધ કરવા માટે પોર્ટફોલિયો ખોલ્યો.

'એક જુહુ.' પેલી યુવતીનો અવાજ આવ્યો.

'પાંચ પૈસા ઔર દો; યહ લિમિટેડ બસ હય,' કંડક્ટરે કહ્યુ.

'સહજ કુતૂહલથી મેં એ યુવતી સામે જોયું.' એના મોં પર વિહ્વળતા હતી; આંખમાં કોઈ શૂન્યતા જણાતી હતી. એણે પર્સ ખોલીને અંદરની વસ્તુઓ ઉથલાવવા માંડી. મને સમજાઈ ગયું કે એની પાસે પૈસા ન હતા.

મોં પર ઊતરી આવેલી લટને હલાવતાં એનું મોં મારા તરફ ફર્યું.

'કંડક્ટર, મુઝે ભી એક જુહુ દો; ઔર ઉનકો ભી ટિકટ દો.' મેં કંડક્ટરને પૈસા આપતાં કહ્યુ. 'અને આ પૈસા તમે રાખો.' મેં યુવતીને કહ્યુ.

'નહિ નહિ. આભાર આપનો.' તેણે કહ્યુ.

'પણ પાછા ફરતાં તમને...' મેં કહ્યુ.

'જરૂર નહિ પડે...આપ એવી તકલીફ લેશો નહિ.'

'ભલે ત્યારે.' કહીને મેં કલમ ચલાવવા પ્રયત્ન કર્યો. પણ ચિત્ત ચોંટ્યું નહિ. 'એની પર્સમાં સાવ થોડી જ વસ્તુઓ હતી. એક આઠ-દસ પાનાં ભરેલો બ્લ્યુ રંગનો પત્ર હતો,—કદાચ પ્રેમપત્ર હશે. સાવ ચુંથાએલો હતો,—કદાચ એકનો એક કાગળ એણે ઘણી વાર વાંચ્યો હશે. એક મલમલનો રૂમાલ હતો. એની ઘડીમાં જતન કરીને રાખેલું એક કરમાએલું ફૂલ હતું. ટીક-૨૦ની એક શીશી હતી ને આંખમાં પેલી શૂન્યતા-ડીંપ જેવી શૂન્યતા હતી. બિચારીને માકણ હેરાન કરતા હશે. મને મનોમન હસવું આવી ગયું.

ઈન્ટરવ્યૂ ધાર્યા કરતાં વધારે ચાલ્યો. હું મુંબાઈ પાછો ફર્યો ત્યારે સાંજ પડી ગઈ હતી, એટલે મારે સીધા જ 'લીબર્ટી' પર જવું પડ્યું. એક નવી ફિલ્મનો રિવ્યૂ પણ મારે લખવાનો હતો.

ફિલ્મમાંથી છૂટીને ભોજન વગેરે પતાવીને હું 'વર્તમાન'ની ઑફિસ પર ગયો, ત્યાં દરવાજામાં જ ઉતાવળે નીકળતા મિ. પરીખ મળ્યા.

'કેમ આમ ધમાલમાં...' મેં પૂછ્યું.

'યાર, અત્યારે જુહુ જવાનું છે. અરે હા, તું પણ ત્યાં જ ગયો હતો ને? કદાચ તને પેલા બનાવની ખબર...' મિ. પરીખે કહ્યુ.

'શું થયું છે?' મેં ઉત્સુકતાથી પૂછ્યું.

'એક યુવતીએ દરિયામાં પડીને આપઘાત કર્યો છે. એમાં કંઈ નવું નથી. પણ એના હાથમાં ટીક-૨૦ની શીશી પણ છે એમ જાણવા મળ્યું છે. કદાચ ચોક્કસ આપઘાત થઈ શકે એ માટેની પ્રિકૉશન...'

'હેં!' કહેતાં મને બસમાં મળેલી પેલી યુવતીની આંખોની-અને એની પર્સની-અર્થશૂન્યતા સમજાઈ ગઈ!



પચ્ચીસ વર્ષ પહેલાં

એશિયાભરમાં અજોડ એવા એક કાળના મહાન વિદ્યાપીઠ નાલંદાનો વૃત્તાંત પચ્ચીસ વર્ષ પહેલાં શ્રી અમૃતલાલ વ. પંડયાએ આપેલો એ આજે પણ માહિતીસભર જણાશે.

ગયા ધામની ૨૫ માઈલ પૂર્વે વિંધ્યાચલની છેલ્લી કડી રૂપ પાંચ સુંદર ટેકરીઓ છે. ગૃધ્રકૂટ, ઋષિગિરિ, વૈભાર, વિપુલ અને પાંડવગિરિ, એ આ ટેકરીઓનાં બૌદ્ધકાળનાં નામ છે. એમની વચ્ચે એક નાનો શો સમતલ પ્રદેશ છે, જે એ ટેકરીઓમાંથી વહેતી ત્રણ નાની સરિતાઓથી પ્લાવિત થાય છે. દૃઢ કુદરતી રક્ષણ, અપ્રતિમ પ્રાકૃતિક સૌંદર્ય અને વિપુલ જલથી પરિપૂર્ણ આ અદ્વિતીય સ્થળે જરાસંધના વડવા વસુએ રામ-રાવણ યુદ્ધની પણ પૂર્વે ગિરિવ્રજપુરી નામની નગરી વસાવી હતી. મગધ દેશની એ રાજનગરી હોવાથી માગધ પ્રજા તેને 'રાજગૃહ' કહેતી ને એ નામથી જ તે જગપ્રસિદ્ધ બની.


આ રાજગૃહનું એક સમૃદ્ધ પરું (બાહિરિકા) નાલંદા નામે વિખ્યાત હતું. શિશુનાગ વંશના રાજ્યકાળ (ઈ. પૂ ૬૦૦ થી ૩૬૦)માં એ વસેલું. જુદાજુદા ગ્રંથોમાં તેનાં 'નાલ', 'નાલંદ', 'નાલક' એવાં વિવિધ નામો છે. બુદ્ધ ભગવાનના પટ્ટશિષ્ય (અગ્ર શ્રાવક) સારિપુત્તનો જન્મ ત્યાં થયાનો ઉલ્લેખ મળે છે.

બૌદ્ધ ધર્મના બે મુખ્ય સંપ્રદાયો મહાયાન અને હીનયાન. એમાં મહાયાન સંપ્રદાયના સંસ્કારો બે હજાર વર્ષ પૂર્વે જ્યાંથી ઝીલાયા હતા એ મહાન સ્થળ તે આ નાલંદા. નાલંદાનો ઇતિહાસ એટલે મહાયાન સંપ્રદાયના વિકાસ ને પ્રસારનો જ ઇતિહાસ. નાલંદા મહાયાન-કેંદ્ર રહ્યું હતું એટલું જ નહિ પણ એ કાળે એના મહાન વિદ્યાપીઠનો આખા એશિયા ખંડમાં જોટો નહોતો. બૌદ્ધ ધર્મનું જ નહિ, પણ હિંદમાં પ્રચલિત તે કાળના સર્વ ધર્મો, વિદ્યાઓ અને કળાઓનું પણ એ વિદ્યાપીઠમાં શિક્ષણ અપાતું. વેદાભ્યાસી બ્રાહ્મણ પંડિતો પણ નાલંદામાં સ્નાતક થએલા જ સર્વશ્રેષ્ઠ ગણાતા. નાલંદાના ભિક્ષુઓ એમના વિદ્યાપીઠમાં રચાએલું બૌદ્ધ સાહિત્ય લઈ વિદેશોમાં ધર્મપ્રચાર માટે જતા. બુદ્ધકાળમાં હિંદની જે સુવાસ જગતમાં પ્રસરી તેમાં નાલંદાનો ફાળો મોટામાં મોટો હતો.

નાલંદા નામની ઉત્પત્તિ શી છે તે નિશ્ચિત રીતે કહી શકાય તેમ નથી. હર્ષવર્ધનના રાજ્યકાળ(ઈ. ૬૦૬-૬૪૮)માં નાલંદામાં અભ્યાસ કરવા આવેલો ચીનો પ્રવાસી યુઆન ચ્વાંગ જણાવે છે કે આ સ્થળે પૂર્વકાળમાં નાલંદા નામનો નાગ રહેતો હોવાથી તે સ્થળનું એ નામ પડ્યું હતું. નાલંદાનું ખોદકામ કરાવનારા ડૉ. હીરાનંદ શાસ્ત્રી એમ પ્રતિપાદિત કરે છે કે નાલંદાની મુખ્ય વિશેષતા કમળોથી સભર તેનાં અનેક સરોવરો હતાં. નાલ એટલે કમળની ડાંખળી અને એ જે સ્થળ આપતું હોય તેનું નામ તે નાલદા-નાલંદા.

અનેક વનાચ્છાદિત પર્વતશૃંગો, કમળપુષ્પોથી પરિપૂર્ણ અતિરમણીય સરોવરો ને વનવેલીઓથી શોભતી ગિરિગુહાઓથી શણગારાએલી રાજગૃહની આ ભૂમિ જેવી રીતે રસિક જનોના હૃદયમાં રસનો સંચાર કરતી તેવી જ રીતે પરિવ્રાજકોને પણ તપ માટે આકર્ષતી. નિસર્ગની સુંદર લીલાનો પ્રભાવ માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ માટે ઘણો સહાયક થઈ પડે છે. રાજગૃહપુરીના આ ગુણને લઇને જ મહાવીર સ્વામી ને બુદ્ધ ભગવાન તેના આંગણે સર્વપ્રથમ તપશ્ચર્યા કરવા આવ્યા હતા. બુદ્ધ ભગવાનના પટ્ટશિષ્યો સારિપુત્ત-મોગ્ગલ્લાન અહીં થયા. સારિપુત્ત નાલંદામાં જ નિર્વાણ પામેલો ને તે સ્થળે એક ચૈત્ય બાંધવામાં આવેલો. આથી એ સ્થળ બૌદ્ધ સંઘમાં પહેલવહેલું મહત્ત્વ ધરાવતું થયું.

બુદ્ધ ભગવાનની વૃદ્ધાવસ્થામાં તેમના થોડાક શિષ્યો ધાર્મિક સત્તાધીશ થવાના લોભે ભિક્ષુસંઘમાં મતભેદનાં બી રોપવા લાગેલા. દેવદત્ત એમનો નેતા હતો એટલે જ તે બૌદ્ધ સંઘમાં 'સંઘભેદક' કહેવાયો છે. ઈ. પૂ. ૪૮૩માં બુદ્ધપરિનિર્વાણ પછી વિરોધી ભિક્ષુમંડળ બુદ્ધ ભગવાનના મૂળ ઉપદેશોની વિરુદ્ધ જવા લાગ્યું. એથી એ ઉપદેશોને ગ્રંથસ્થ કરવા માટે બુદ્ધ ભગવાનના પટ્ટશિષ્ય મહાકાશ્યપે રાજગૃહમાં બૌદ્ધ સંઘની પહેલી પરિષદ 'સંગીતિ' ભરી. તેમાં ધર્મ (બુદ્ધોપદેશ) અને વિનય (ભિક્ષુઓ માટે બુદ્ધ ભગવાને ઘડેલા નિયમો)નો સંગ્રહ થઈ ત્રિપિટકો રચાયાં.



બૌદ્ધ ભિક્ષુઓ અને વિદ્યાર્થીઓ માટેના નાલદાના મહાવિહારના ચારચાર માળવાળા ભવ્ય ભગ્નાવશેષોનું એક સમગ્ર દૃશ્ય



નાલદાના ખોદકામમાંથી મળી આવેલી આસામના રાજા ભાસ્કરવર્મનની રાજ્યમુદ્રા (સીલ) લખાણ સાથે



જ્ઞાનની અનેક શાખાઓ સાથે નાલંદાના સંસ્કૃતિકેન્દ્રે ચિત્ર, શિલ્પ અને સ્થાપત્યકળા પણ વિકસાવી હતી અને તેમાં પોતાની વિશિષ્ટ શૈલી ખીલવી હતી. તેના બે નમૂના.



ઉપર: અભયમુદ્રાવાળી 'બોધિસત્વ પદ્મપાણિ'ની ધાતુમૂર્તિ (ઉત્તર-મધ્ય કાળ)
જમણી બાજુ: નાગફણાવાળી દેવીની પથ્થરમૂર્તિ (પૂર્વ-મધ્ય કાળ).

પણ આ મતભેદો એ તો માત્ર ભિક્ષુસંઘમાં જ મર્યાદિત એક નાનોશો ઝગડો હતો. બુદ્ધના પરિનિર્વાણને ૧૦૦ વર્ષે (ઈ.પૂ. ૩૮૩)માં આ મતભેદના સમાધાન માટે વૈશાલીમાં બીજી બૌદ્ધ પરિષદ ભરાઈ અને તે પછી અશોકે પાટલીપુત્રમાં ત્રીજી પરિષદ ભરી. તેના પરિણામે જુદા પડનારાઓનો એક વર્ગ મૂળ 'સ્થવિરવાદીઓ'થી છૂટો પડી નાલંદામાં આવી વસ્યો. આ રીતે પહેલી વાર નાલદા બૌદ્ધધર્મના સુધારાપક્ષનું મથક બન્યું. નાલંદા વિહારનો પ્રારંભ પણ અશોકના હાથે થયો હતો.

ધર્મ-પ્રચાર માટે અશોકે દક્ષિણ હિંદ, સિંહલદ્વીપ (લંકા), સુવર્ણભૂમિ (બ્રહ્મદેશ), ઈરાન, સીરિયા અને ઈજિપ્ત સુધી ભિક્ષુઓ મોકલ્યા હતા એ વાત તેના બધા ખડકલેખોમાં કોતરેલી છે ગુજરાતમાં પણ આ વખતે જ સૌપ્રથમ બૌદ્ધ ધર્મ પ્રવેશ્યો, અને ગિરનાર (જૂનાગઢ)નો અશોકનો ખડકલેખ આપણે ત્યાં એ સમયનો જ એક અવશેષ છે. આપણા પ્રાંતમાં એ ધર્મપ્રચાર સિંહલદ્વીપના ભિક્ષુઓએ કર્યો હતો એ વાત નોંધપાત્ર છે.

અશોકના મૌર્યવંશ પછી રાજા કનિષ્ક (ઈ. ૧૨૪)નું રાજ્ય અશોકના સામ્રાજ્ય કરતાં યે વિશાળ બન્યું. તેના ગુરુ પાર્શ્વિકના આદેશથી તેણે જાલંધરમાં ચોથી (ને છેલ્લી) બૌદ્ધ પરિષદ ભરી, ને ત્યાર પછી અશોકના પગલે ચાલી મધ્ય એશિયા, તિબેટ, કાસ્ગર, ખોતન, ચીન, મંગોલિયા આદિ દેશોમાં તેણે બૌદ્ધ ધર્મના પ્રચાર માટે અસંખ્ય ભિક્ષુઓ મોકલ્યા.

સમ્રાટ કનિષ્કના આ ધર્મપ્રચારના સમયથી નાલંદા વિશેષ મહત્ત્વ ધરાવતું થયું. કનિષ્કના સમયમાં બૌદ્ધધર્મના બે મહાન તત્ત્વજ્ઞાની થયા: અશ્વઘોષ અને સિદ્ધનાગાર્જુન તેમાં સિદ્ધનાગાર્જુન મહાન બૌદ્ધ તત્ત્વચિંતક હોવા ઉપરાંત મહાન રસાયનશાસ્ત્રી પણ હતા સુરાષ્ટ્ર (કાઠિયાવાડ)માં ઢંકપુરી (ધોરાજી પાસેનું આધુનિક ઢાંક) તે એમનું જન્મસ્થાન. બૌદ્ધ સંઘ જે આ સમયે ૧૮ નિકાયો (નાના વર્ગો)માં વહેંચાએલો હતો તે સઘળો આ બંને મહાવિદ્વાનોના પ્રયાસથી એકત્ર થઈ તેના બે યાન પડયા: મહાયાન અને હીનયાન. હીનયાન એટલે બુદ્ધે ઉપદેશેલો મૂળ ધર્મ. એના વિરોધી નિકાયે 'મહા' વિશેષણ ધારણ કરવાથી મૂળ ધર્મ માટે આપોઆપ 'હીન' વિશેષણ વપરાવા લાગ્યું હતું. હીનયાનમાં બુદ્ધની પ્રતિમા પૂજવાનો નિષેધ છે; માત્ર તેમના કોઈ અવશેષ ઉપર રચાએલા સ્તૂપને જ માન આપવાનો નિયમ છે. એ યાન રૂઢિચુસ્ત છે. મહાયાને ઉદારતા અપનાવી. બુદ્ધની પ્રતિમા ઉપરાંત અવલોકિતેશ્વર, તારા, વજ્રપાણિ, જમ્બલ, પ્રજ્ઞાપારમિતા, મારિચિ, હારિતિ વ. દેવદેવીઓની પ્રતિમાઓ પણ એ યાનમાં પૂજાવા લાગી.

નાગાર્જુન નાલંદામાં આચાર્ય હોવાથી એ સ્થળ મહાયાનનું કેન્દ્ર થઈ પડયુ. હીનયાને પાલી ભાષાને અને મહાયાને સસ્કૃતને અપનાવી હતી, એટલે નાલંદા સંસ્કૃતનું પણ કેન્દ્ર બન્યું હતું. નાગાર્જુન પછી તેમના શિષ્ય આર્યદેવ નાલંદા વિહારના આચાર્ય થયા હતા.

સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાના શાસનકાળને અંતે નાલંદાની ખરેખરી પ્રગતિ શરૂ થઈ હતી. એનો ઉત્તરાધિકારી કુમારગુપ્ત (ઈ ૪૧૩)થી માંડી હર્ષવર્ધનના રાજ્યકાળ (ઈ. સ. ૬૦૭) સુધીનો નાલંદાનો ઇતિહાસ ચીની પ્રવાસી યુઆન ચ્વાંગની નોંધપોથીમાં મળે છે.

એ પોતે પાંચ વર્ષ નાલંદા વિદ્યાપીઠમાં રહ્યો હતો. તે લખે છે કે 'હિંદમાં જોકે બીજા અસંખ્ય સંઘારામો (વિહારો) છે, પણ તે સર્વેમાં વૈભવ, વિસ્તાર ને ઉચ્ચ કેળવણીની દૃષ્ટિએ નાલંદા અજોડ છે. એમાં ૩૦ ફૂટ ઊંચી બુદ્ધની કાંસાની એક પ્રતિમા ઊભેલી છે. ત્યાં ૬ મહાવિહારો, ૧૦૦ અધ્યાપન માટેનાં ગૃહો, ચારચાર માળવાળા ત્રણથી ચાર હજાર ભિક્ષુ-

ઓના આવાસગૃહો, અનેક સ્તૂપો ને બીજી ઇમારતો છે. નાલંદાનું મહાન પુસ્તકાલય નવનવ માળનાં ત્રણ મોટાં ગૃહોમાં આવેલું છે. આ ત્રણે અનુક્રમે રત્નાસાગર, રત્નરંજક ને રત્નોદધિ કહેવાય છે. નાલંદા મહાવિહારની ચારે બાજુ ઘણો ઊંચો કોટ બાંધેલો છે. તેના દ્વાર પર પંડિતો બેસે છે. પ્રવેશ કરનાર પંડિત કે વિદ્યાર્થીની તેઓ પરીક્ષા લે છે ને તેમાં પસાર થાય તો જ પ્રવેશ મળે છે. વિહારમાં દસ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ૧૫૧૦ મહાપંડિતો તેમને અભ્યાસ કરાવે છે. બધાં વિદ્યાર્થીઓ ધીર, ગંભીર, પ્રતાપી ને ચારિત્ર્યશુદ્ધ છે, અને વિદ્યાપીઠની ૭૦૦ વર્ષની કારકિર્દી દરમિયાન એક પણ વિદ્યાર્થીને શિસ્તભંગ માટે શિક્ષા કરવાનો પ્રસંગ આવ્યો નથી. નાલંદા મહાવિહારના ખર્ચ માટે રાજ્ય તરફથી ૧૦૦ ગામ મળેલાં છે.'

'અહીં વિવાદ પદ્ધતિથી શિક્ષણ અપાય છે. તેમાં પ્રવેશ પામ્યા પછી વિદ્યાર્થી મહાવિહારમાં મહાયાનના વિશિષ્ટ સાહિત્ય ઉપરાંત અઢાર સંપ્રદાયોના ગ્રંથો, ચારે વેદ, હેતુવિદ્યા, શબ્દવિદ્યા, વૈદક, સાંખ્ય, ન્યાય, યોગશાસ્ત્ર ઇત્યાદિ પોતાની ઇચ્છા પ્રમાણે શીખે છે.'

નાલંદાના આચાર્યો બૌદ્ધ જગતના વંદ્ય વિદ્વાનો હતા. દેશદેશાંતરો સુધી એમની કીર્તિ વ્યાપેલી હતી. યુવાન ચ્યાંગ જણાવે છે કે 'આર્ય અસંગે બાર ગ્રંથો લખ્યા છે ને તેનાં ભાષાંતરો ચીન અને તિબેટ પહોંચી ગયાં છે. એના નાના ભાઈ વસુબંધુએ તર્કશાસ્ત્ર ને મહાયાનના અનેક પ્રતિષ્ઠિત ગ્રંથોની રચના કરી છે. ધર્મપાલે ચંદ્ર વ્યાકરણ ઉપર ટીકા તથા બૌદ્ધ તત્ત્વજ્ઞાન ઉપર ચાર ગ્રંથો, અને કમલશીલે સંસ્કૃતમાં ૫૧૦ પુસ્તકો લખ્યાં છે. બુદ્ધકીર્તિ તિબેટ અને ચીનની ભાષાઓના ધુરંધર પંડિત છે. એ ભાષાઓમાં તેમણે બૌદ્ધાગમોના અનુવાદો કરેલા છે. સ્થિરમતિએ સંસ્કૃતમાં નવ બૌદ્ધ ગ્રંથોની રચના કરી છે ને તેમાંથી સાતના તિબેટની ભાષામાં અનુવાદો થયા છે. કેટલાં યે તિબેટન ભાષાંતરોનું એમણે સંશોધન કર્યું છે. દિગ્નાગ તર્કશાસ્ત્રના અદ્વિતીય પંડિત છે. સ્થિરમતિના એક શિષ્ય ચંદ્રગોમિતે ૬૦ પુસ્તકો લખ્યાં છે. પણ એ બધા કરતાં ચડે તેવા તો મહાવિહારના કુલપતિ આચાર્ય શીલભદ્ર છે. બૌદ્ધ સાહિત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન, વેદ, વેદાંગો, સર્વ વિષયોના તેઓ આચાર્ય છે. પાણિનિના વ્યાકરણ અને યોગશાસ્ત્રના તો તેઓ અદ્વિતીય વિદ્વાન છે. સમસ્ત બૌદ્ધ જગતમાં તેમનું પાંડિત્ય માગ મુકાવે છે અને સમ્રાટ હર્ષવર્ધન સુદ્ધાં તેમની સમક્ષ બહુ અદબ અને માનથી વર્તે છે.'

શીલભદ્ર પછી તેમનો શિષ્ય ધર્મકીર્તિ કુલપતિ થયો. એણે પ્રખ્યાત બ્રાહ્મણ પંડિત કુમારિલ્લને વાદવિવાદમાં હરાવેલા. નાલંદાની પ્રતિષ્ઠા એટલી બધી હતી કે જે પંડિતે નાલંદામાં અભ્યાસ ન કર્યો હોય તેની કિંમત ઓછી અંકાતી. નાલંદામાં અધ્યાપન, લેખન, ભાષણ ઇત્યાદિ સર્વ કાર્યો સંસ્કૃતમાં થતાં.

ઈ. ૭૫૦ની લગભગ તિબેટના રાજાના આમંત્રણથી નાલંદાના શાંતિરક્ષિતા અને પદ્મસંભવ નામના આચાર્યોએ ત્યાં જઈને બૌદ્ધ લામાઓનો એક સંપ્રદાય સ્થાપ્યો હતો.

હર્ષવર્ધન પછી પ્રાચીન રાજવંશોનું સ્થાન રાજપૂત વંશોએ લીધું. તેમાંનો પાલ નામનો વંશ આઠમા સૈકામાં બિહાર અને બંગાળનો સ્વામી થયો. આ વંશ બૌદ્ધધર્મી હતો એટલે તેમણે નાલંદાની પ્રગતિ માટે ખૂબ મદદ કરી. આ રાજ્યાશ્રય પામીને નાલંદા વિદ્યાશિક્ષણ ઉપરાંત કળા-શિક્ષણનું પણ મથક બની રહ્યું.

નાલંદાને આંગણે કાળા સ્લેટ પથ્થરની એક વિશિષ્ટ પ્રકારની બુદ્ધમૂર્તિઓ ઘડાતી હતી. વળી ત્યાં કાંસાની ધાતુપ્રતિમાઓ ઢાળવાની પરંપરા તો છેક સાતમા સૈકા જેટલી જૂની હતી. આ સ્લેટ અને કાંસાની મૂર્તિઓ નાલંદાથી છેક નેપાલ, તિબેટ, ચીન, બ્રહ્મદેશ અને જાવા સુમાત્રા લગી પૂજા અર્થે જતી હતી. પરિણામે ત્યાંની સ્થાનિક શૈલી ઉપર આ નાલંદા શૈલીએ ઊંડી છાપ પાડી હતી.

પૂર્વ-મધ્યકાળમાં નાલંદાએ હિંદી ચિત્રકળાના વિકાસમાં પણ અગત્યનો ભાગ ભજવ્યો છે. પાલ શૈલીને નામે ઓળખાતી ચિત્રશૈલીનું એ આઠમા થી બારમા સૈકા સુધી મુખ્ય મથક રહ્યું હતું. અહીં નવમા સૈકામાં ધીમાન અને વીતપાલ નામના મહાન ચિત્રકારો થયા હતા. લામા તારાનાથ જણાવે છે કે દસમા સૈકામાં સિંગયૂન નામનો ચીનો ચિત્રકાર નાલંદામાં ભારે ખ્યાતિને વર્યો હતો. એણે 'પ્રજ્ઞાદેવ' એવું હિંદી નામ ધારણ કર્યું હતું અને વિહારમાં મૈત્રેય બુદ્ધ તથા બોધિસત્ત્વનાં ઘણાં સુંદર ભીંતચિત્રો કર્યાં હતાં. સુપ્રસિદ્ધ કલાવિવેચક ડૉ. આનંદ કુમારસ્વામી જણાવે છે કે, 'નેપાળ અને બંગાળમાં મળી આવતી ૧૧મા અને ૧૨મા સૈકાની તાડપત્ર પરની હસ્તપ્રતો જે ચિત્રકામયુક્ત લાકડાની પેટીઓમાં મૂકેલી હોય છે તે પર કરેલાં પાલ શૈલીનાં ચિત્રો ગુજરાતી ચિત્રશૈલી સાથે તેમજ બ્રહ્મદેશમાં પગાન મુકામે મળી આવેલાં ભીંતચિત્રો સાથે સામ્ય ધરાવે છે. આ પાલ ચિત્રકળા ચીન સુધી ખ્યાતિ પામી હતી.'

આઠમા સૈકામાં શંકરાચાર્ય અને કુમારિલ્લના પ્રયત્નોથી બૌદ્ધ ધર્મ હિંદમાં, બિહાર અને બંગાળને બાદ કરતાં, સર્વત્ર નહિવત્ બન્યો હતો. આ સાથે નાલંદા પણ ઝાંખું પડતું જતું હતું. વળી મહાયાનમાં તંત્રવાદનું પ્રાબલ્ય થતાં એના મથક ઉદ્દંડપુરીના તથા બીજા નવા થએલા બૌદ્ધમહાવિહાર વિક્રમશીલાના ઉદયને લઇને નાલંદા વધારે ઊતરી ગયું અને દસમા સૈકામાં તો તેનો વહીવટ પણ વિક્રમશીલા મહાવિહાર આચાર્યોને સોંપાયો. ઈ. ૧૧૯૮માં, બખ્ત્યાર ખિલજીના પુત્ર મુહમ્મદે બિહાર પર આક્રમણ કર્યું તેમાં નાલંદા મહાવિહાર તેણે બાળી મૂક્યો.

એવા નષ્ટપ્રાય નાલંદાએ પણ ફરી ઊભા થવાનો પ્રયાસ કર્યો, પરંતુ એ વખતે તેને બ્રાહ્મણોના ધર્મવિરોધે છેલ્લો ફટકો લગાવ્યો. તુર્કોએ કરેલા નાલંદાના વિનાશ પછી મુદિતભદ્ર નામના ભિક્ષુએ તેનું સમારકામ કરાવેલું. પછી તરત જ મગધના રાજમંત્રી કુકુટસિદ્ધે ત્યાં એક મોટું મંદિર બંધાવ્યું. ત્યાં એક ધાર્મિક ક્રિયામાં બે આગંતુક બ્રાહ્મણો પર એક ભિક્ષુએ અશુદ્ધ પાણી છાંટયું. ક્રોધાયમાન બ્રાહ્મણોએ બાર વર્ષ સૂર્યનું તપ કરી મોટો યજ્ઞ આદર્યો ને તેના હવનકુંડમાંથી અંગારા લઈ એમણે નાલંદાના ભવ્ય વિહારો અને મુસ્લિમ વિનાશથી બચી જવા પામેલા ત્યાંના મહાન પુસ્તકાલયને સળગાવી મૂક્યાં, ને નાલંદા મહાવિહાર સદૈવ માટે નાશ પામ્યો. દોઢદોઢ હજાર વર્ષ સુધી સમસ્ત બૌદ્ધ જગતને પ્રેરણા આપી, આર્યાવર્તની સુવાસને દેશદેશાંતરોમાં પ્રસરાવી, નાલંદા જેવું નાલંદા આ રીતે આપણા ને આપણા જ ધર્મઝનૂનના યજ્ઞકુંડમાં કરુણ રીતે હોમાઈ ગયું.

ગુજરાત સાહિત્ય સભા: વાઙ્મયસમીક્ષા

ગુજરાત સાહિત્ય સભા તરફથી દર વર્ષે કરાવવામાં આવતું સમીક્ષાનું કામ ચાલુ વર્ષ સને ૧૯૬૭ માટે નીચેના સમીક્ષકને સોંપવામાં આવ્યું છે. પ્રો. ચંદ્રકાન્ત ત્રિકમલાલ શેઠ, વિઠ્ઠલભાઈનો બંગલો, વિઠ્ઠલપાર્કની બાજુમાં, બળિયાકાકા પાસે, કાંકરિયા, અમદાવાદ-૧૭. સૌ પ્રકાશકોને ઈ. ૧૯૬૭ દરમ્યાન એમના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રકટ થાય કે તુરત ઉપર્યુક્ત સમીક્ષકને મોકલવાની વિનતિ કરવામાં આવી છે.

ભારતના નવા રાષ્ટ્રપતિ

ડૉ. ઝાકિર હુસેન



પદ્મવિભૂષણ ડૉ. ઝાકિરહુસેન

'આપણે ઓછું બોલીશું, ઓછું ઝઘડીશું, વધુ કામ કરીશું અને એકતા સાચવીશું તો સારું છે.' ભારતની સાંપ્રત કટોકટીભરી પરિસ્થિતિમાં મનન ઉપર્યુક્ત શબ્દોમાં ઉપયુક્ત સલાહ આપતા, જગતના સૌથી મોટા પ્રમુખ તરીકે ચૂંટાએલા આ દેશના પ્રથમ નાગરિક ડૉ. ઝાકિર હુસેન શિક્ષણના જ ક્ષેત્રમાંથી આવતા આપણા ત્રીજા રાષ્ટ્રપ્રમુખ છે. વિનમ્રતા ને સાદગીની પ્રતિમા સમા ડૉ. હુસેનની વરણી એ ભારતની બિનસાંપ્રદાયિકતાનો પુરાવો છે, એમ કહેવા કરતાં આધ્યાત્મિક વૃત્તિવાળી ઉમદા વ્યક્તિઓને ઊંચા આસને બેસાડવાની આ દેશની પરંપરાનો એ પુરાવો છે એમ કહેવું વધારે સયુક્તિક છે; કેમ કે ભારતની બિનસાંપ્રદાયિકતા એ પુરવાર કરવા જેવી જ ચીજ નથી, સિદ્ધ હકીકત છે

પાક ઈસ્લામી હોવાને કારણે કોઈ મુસ્લિમની રાષ્ટ્રીયતા નબળી પડતી નથી, પણ ઊલટી બલવત્તર બને છે, એનો જીવંત પુરાવો એટલે ડૉ. ઝાકિર હુસેનનું આજ સુધીનું સેવાપરાયણ જીવન 'જિંદગી નવતવલા આદર્શોને પૂર્ણ કરવામાં જ ગાળવી જોઈએ અને એની સાથે સંઘર્ષ કરીને પણ ઉચ્ચ અલભ્ય એવી મહેચ્છાઓને પાર પાડવામાં જ ગૌરવ છે' એમ માનતા ડૉ. હુસેન જીવનની સાર્થકતા આનંદ ને ઉપભોગમાં નહિ પણ પ્રગતિ ને નવાં ખેડાણોમાં શોધી છે. માનવ સ્વતંત્રતા અને દેશ સેવામાં જ પોતાની બુદ્ધિશક્તિનો વિનિયોગ કરનાર આ રાષ્ટ્રપ્રેમીએ હમેશાં એમ માન્યું છે કે 'જીવનનું મૂલ્ય નફાતોટામાં અંકાતું નથી, પરંતુ આત્માની ખોજ અને સેવા કે ત્યાગમાં સમાએલું છે.'

પોતાના જીવનમાં આમ યોગરહમ ઉત્તમની જ ખોજમાં રત રહેલા ડૉ. ઝાકિર હુસેનનો જન્મ ઈ. ૧૮૯૭ના ફેબ્રુઆરીની ૮મીએ ઉત્તર પ્રદેશના ફરૂખાબાદ જિલ્લાના કરીમગંજખાતેના એક અફઘાન કુટુંબના વરાજ, વ્યવસાયે ધારાશાસ્ત્રી અને 'આઈને ડેક્કન' નામના કાયદાને લગતા સામયિકના તંત્રી પિતાને ઘેર હૈદ્રાબાદ (દક્ષિણ)માં થયો હતો. પ્રારંભનું શિક્ષણ એમને એક અંગ્રેજ શિક્ષક દ્વારા ઘરમાં જ મળ્યું હતું, પણ ૯ વર્ષની વયે એમના પિતાનું અવસાન થતાં હુસેન કુટુંબ ઈ. ૧૯૦૭માં ઈટાવામાં આવીને વસ્યું અને તેઓ ૧૦ વર્ષની વયે પોતાના ત્રણ ભાઈઓ સાથે ત્યાંની ઈસ્લામી શાળામાં દાખલ થયા.

ઈ. ૧૯૧૩માં તેઓ ઉચ્ચ અભ્યાસ માટે અલીગઢની એમ.એ.ઓ. કૉલેજમાં ગયા ત્યાં આઝાદની અગ્નિશિખા સમી પ્રચંડવાણી અને લેખોમાં ઊંડો રસ લેતા થયા જેની અસર એમના હૃદય પર ઘેરી રીતે પડી છે અને એ એમની વાણીમાં મુખરિત થાય છે. અબુલ કલામ આઝાદ એમના કેવા પ્રેરણાબળ હતા એનો ઉલ્લેખ કરતાં એમણે કહ્યુ





રાષ્ટ્રપતિપદ પર ચૂંટાઈ આવ્યા પછી બીજે દિવસે ગાંધીજીની સમાધિ રાજઘાટ પર પ્રાર્થનામાં (ડાબી બાજુ). બાજુમાં કાકાસાહેબ કાલેલકર અને પાછળ ડૉ. સુશીલા નાયર છે. (જમણી બાજુ) અરબી અને ફારસી ભાષાના પંડિત ડૉ. ઝાકિર હુસેન પોતાના ગ્રંથ સંગ્રહ વચ્ચે. કળા અને બાગબાનીમાં પણ એમને એવો જ ઊંડો રસ છે.

આપણું આ (રાષ્ટ્ર) કુટુંબ વિશાળ છે. અને ઝડપભેર વધારે મોટું બની રહ્યું છે. આપણામાંના દરેક જણે પોતાના ક્ષેત્રમાં અને પોતપોતાની રીતે નવનિર્માણના કાર્યમાં લાગી પડવાનું છે. આપણી સમક્ષનું આ કાર્ય એવું ભગીરથ છે કે કોઈને પણ હાથ જોડીને બેસી રહેવાનું કે નિરાશ થવાનું પરવડે તેમ નથી. આપણે સતત, સખત અને વધુ સખત કામ કર્યે જ રાખવાનું છે—સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક અને કશી યે ફરિયાદ વિના...આપણે આપણા રાષ્ટ્રજીવનમાં સત્તા સાથે નીતિનો વિજ્ઞાન સાથે ધર્મનો, કર્મ સાથે, ધ્યાનનો, પશ્ચિમ સાથે પૂર્વનો, સીઝોડ સાથે બુદ્ધનો સમન્વય સાધવાનો પ્રયત્ન કરીશું. આપણે સનાતન સાથે સામયિકનો, જાગૃત ચેતના સાથે હસ્તકૌશલનો, નિશ્ચય સાથે વ્યવહારનો સમન્વયપૂર્વક વિચાર કરીશું.

(તા. ૧૩-૫-'૬૭ના મંગલ પ્રવચનમાંથી)



અગ્રીમ
કેળવણીકાર;
ઉમદા દેશભક્ત
અને
સાલસ સજ્જન
ડૉ. ઝાકિર હુસેન

છે: 'મેં મારુ માટીનું કોડિયું મૌલાનાની વાટમાંથી પેટાવ્યું. એ હતા મારા સાચા સાથી ને રાહબર.' આમ રાષ્ટ્રીય રંગોથી રંગાતા છતાં અભ્યાસમાં પૂરા નિષ્ઠાવાન ડૉ. હુસેન અલ્લાહાબાદ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર સાથે એમ.એ. થયા.

૧૯૨૦માં મહાત્માજીએ સરકારી શાળા-કૉલેજોનો બહિષ્કાર કરવાનું રાષ્ટ્રવ્યાપી એલાન આપ્યું ત્યારે તેઓ કાયદાનો અભ્યાસ કરતા હતા એ છોડી દઈને, ગાંધીજીએ ગુજરાત, બનારસ ને બિહારમાં રાષ્ટ્રીયશિક્ષણ માટે સ્થાપેલી વિદ્યાપીઠો જેવી, મુસ્લિમો માટેની જામિયા મિલિયા ઈસ્લામિયા સંસ્થા સ્થાપવામાં તેમને સહાય કરી ને એમાં નામના વેતને જોડાઈ ગયા. ૧૯૨૨માં અસહકારનું આંદોલન બંધ થતાં તેઓ જર્મની ગયા અને બર્લિન યુનિવર્સિટીની એમ.એ.ની અને ચાર વર્ષના અભ્યાસ બાદ પીએચ.ડી.ની ઉપાધિઓ મેળવી.

આમ ૧૯ વર્ષના સતત અભ્યાસ બાદ ઉત્તમ શિક્ષણકાર્ય માટે સુસજ્જ થએલા અને શિક્ષણ દ્વારા જ સમાજસેવા કરવાનો તથા રાષ્ટ્રીય જાગૃતિ આણવાનો નિશ્ચય કરી ચૂકેલા ડૉ. હુસેન ૩૦ વર્ષની વયે પોતાના જ પ્રયાસોથી સ્થપાએલી 'જામિયા મિલિયા'ના ઉપકુલપતિ પદે નિમાયા અને ૨૨ વર્ષ સુધી એ સ્થાન શોભાવી એક ઉત્તમ દીર્ઘદૃષ્ટિવાળા શૈક્ષણિક વહીવટદાર તરીકે કીર્તિ મેળવી એટલું જ નહિ પણ એ સંસ્થાને કોમવાદના ઝેરથી મુક્ત રાખવામાં પોતાની રાજકીય ને શૈક્ષણિક કાબેલિયતનો સંપૂર્ણ ઉપયોગ કર્યો.

ઈ. ૧૯૩૮માં ગાંધીજીએ બુનિયાદી કેળવણી (નયી તાલીમ)ની યોજના ઘડી ત્યારે એનો બધો કાર્યભાર આ અનુભવી શિક્ષણશાસ્ત્રીને સોંપ્યો હતો. ડૉ. હુસેને એ કાર્ય માટે ખૂબ જહેમત ઉઠાવીને જે વર્ધા-યોજના તૈયાર કરી એ રાષ્ટ્રીય કેળવણીના ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ ગણાય છે. આ અંગેની રાષ્ટ્રીય સમિતિના અધ્યક્ષ તરીકે અને ૧૯૩૮ થી ૧૯૫૦ સુધી સેવાગ્રામના 'હિન્દી તાલીમી સંઘ'ના પ્રમુખ તરીકેની એમની સેવાઓ નોંધપાત્ર છે. વળી, વ્યવહારુ કાર્યનો બુદ્ધિગમ્ય કાર્ય સાથે સુભગ સયોગ સાધીને શાળાઓને કારખાનાં બનતી અટકાવવાની એમની પ્રવૃત્તિ પણ અવર્ણનીય ગણાઈ છે.

ઈ. ૧૯૪૮ થી ૧૯૫૬ સુધીના તેઓ, ઘણા સમયથી મુસ્લિમ કોમવાદનો ભોગ થઈ પડેલી અલીગઢ યુનિવર્સિટીના, ઉપકુલપતિપદે રહ્યા અને એ આઠ વર્ષ દરમિયાન ખૂબ ખંત અને કાબેલિયતથી એ યુનિવર્સિટીને, બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર ભારતને અનુરૂપ બનાવવાનો સફળ પ્રયોગ કર્યો. ઈ. ૧૯૫૨માં સાહિત્ય, વિજ્ઞાન, કલા ને સામાજિક ક્ષેત્રની વિશિષ્ટ કક્ષાની વ્યક્તિ માટેની રાજ્યસભાની બેઠકમાં એમની નિમણૂક થઈ અને ઈ. ૧૯૫૪માં એ ક્ષેત્રોમાં અને ખાસ કરીને કેળવણીના ક્ષેત્રમાં એમણે કરેલી સેવાઓ બદલ એમને 'પદ્મવિભૂષણ'નો ખિતાબ મળ્યો. ૧૯૫૬માં રાજસભાના સભ્યપદની મુદત પૂરી થતાં ફરી એમને એ જ બેઠક પર નીમવામાં આવ્યા, જ્યાં તેઓ ૧૯૫૭ના જુલાઈની ૬ઠ્ઠીએ બિહારના રાજપાલ તરીકે નિમણૂક થતાં સુધી ચાલુ રહ્યા હતા.

ઈ. ૧૯૬૨ના મેમાં તેઓ ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા અને જેમના માટે એમને ખૂબ આદર છે એવા માજી રાષ્ટ્રપ્રમુખ ડૉ. સર્વપલ્લી, રાધાકૃષ્ણનની છત્રછાયામાં ઉપરાષ્ટ્રપતિ તેમજ હોદ્દાની રૂએ રાજ્યસભાના અધ્યક્ષ તરીકે તટસ્થ નિર્ણય બુદ્ધિથી અને ગૌરવભર્યા વ્યવહારથી વિરોધ પક્ષોને પણ સંતોષ આપીને કાર્ય કર્યું.

અનેક શૈક્ષણિક સમિતિઓના અધ્યક્ષ અને સભ્ય ડૉ. હુસેન ભારતીય પ્રતિનિધિ મંડળના એક સભ્ય તરીકે વર્ષો સુધી 'યુનેસ્કો' સાથે સંકળાએલા રહ્યા છે. ૧૯૫૬-૫૮માં તેઓ 'યુનેસ્કો'ના કારોબારી મંડળમાં ચૂંટાયા હતા, તેમ જ 'ભારતીય સમિતિ', 'ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ સર્વિસ' અને 'વર્લ્ડ યુનિવર્સિટી સર્વિસ'ના અધ્યક્ષ બન્યા હતા.

ગુલાબની બસો જેટલી જાતો પોતાના જ હાથે પોતાના બાગમાં ઉછેરનાર, પ્રકૃતિ સૌંદર્યના પ્રેમી ને પ્રાચીન ભારતીય લઘુચિત્રો તેમજ શિલ્પોના ભાવક અને સંગ્રાહક ડૉ. હુસેન વાચનના પણ એટલા જ રસિયા છે. ચુસ્ત ને પાક મુસ્લિમ હોવા છતાં તેઓ પરધર્મદ્વેષી નથી. ઘેર બે ગાયો પાળનાર ગૌપ્રેમી ગૌમાંસને અભક્ષ્ય ગણે છે. 'ગૌહત્યાના વિરોધી રાષ્ટ્રપતિ' તરીકે ચૂંટાતાં શ્રૃંગિરિના જગદ્‌ગુરુ શંકરાચાર્ય તેમજ જૈન મુનિ સુશીલકુમારના આશિષ લેવા જવામાં જે લોકોને એમનો સ્ટંટ દેખાતો હોય એમણે એમને સત્યનારાયણની કથા સાંભળતા જોવા જોઈએ.

'લેખન એ એક યાતનાપૂર્ણ પ્રક્રિયા છે. હું સહેલાઇથી લખી શકતો નથી તેથી ખચકાઉં છું' એમ નિખાલસતાથી કબૂલ કરવા છતાં એમનું લેખનકાર્ય નગણ્ય નથી. એમનાં 'કૅપિટાલિઝમ ઍન એસે ઇન અંડરસ્ટૅંડિંગ' અને 'શિક્ષા' (હિન્દી) નામનાં મૌલિક પુસ્તકો ઉપરાંત પ્લેટોના 'રિપબ્લીક', લિસ્ટના 'નૅશનલ સીસ્ટમ ઑાવ ઈકનૉમિક્સ' અને કૅનનના 'એબમેન્ટ્સ ઑાવ ઇકનૉમિક્સ'નાં એમણે કરેલાં ઉર્દૂ ભાષાં



પત્ની : શાહજહાં બેગમ



દૌહિત્રી : નિલોફર ખુરશીદ

દસ વર્ષની બાળવયે પંદર વર્ષના ઝાકિર હુસેન સાથે શાહજહાંબેગમની શાદી થઈ બહુશ્રુત પતિનાં આ નિરક્ષર પત્ની આજ ૬૫ વર્ષની વયે પણ ચુસ્તપણે પર્દો પાળે છે. અને એથી જ, રાષ્ટ્રપતિપદના શપથવિધિ સમયે ડૉ. ઝાકિર હુસેન સાથે હાજર રહેવા સિવાય તેઓ કદી જાહેરમાં દેખાયાં નથી. પણ એમની બંને પુત્રીઓ ગ્રૅજ્યુએટ થએલી છે. એમાંનાં મોટાં પુત્રીની દીકરી નિલોફર ખુરશીદ પર્દાનશીન નાનીજીના બદલે રાષ્ટ્રપતિભવનના મહેમાનોની સરભરાનો ભાર સંભાળશે.

તરો પણ પ્રસિદ્ધ છે. પોતાની માતૃભાષા (અફઘાની) પર પૂરતો સારો કાબૂ ધરાવતા ડૉ. હુસેન જર્મન પણ જાણે છે. સ્વભાવે શાંત, સરળ, વિનમ્ર ને મૃદુભાષી હોવા છતાં જરૂર પડે તેઓ આખાબોલા થઈ શકે છે. પણ એથી એમની લોકપ્રિયતા કદી ઘટી નથી, ઊલટી વધી છે.

આટલા મોટા શિક્ષણશાસ્ત્રીનાં બેગમ શાહજહાંબાનુ સાવ નિરક્ષર છે અને પર્દાની પ્રથામાં ચુસ્તપણે માને છે. એથી તો એમણે આજ સુધી પતિ સાથે એક પણ જાહેર સમારંભમાં ભાગ લીધો નથી. છેલ્લે માત્ર રાષ્ટ્રપતિપદની સોગંદવિધિ વખતે હાજર રહ્યાં એ જ માત્ર અપવાદ. તેમ છતાં ડૉ. હુસેનની જેમ ગાયના સંરક્ષણનાં આગ્રહી બેગમ શાહજહાંએ પતિના સુખમાં પોતાનું સુખ શોધવાની પતિપરાયણતા આર્ય સન્નારીની રીતે બતાવી છે. આ ગરવાં બેગમના નીચેના શબ્દો એની પ્રતીતિ કરાવે છે: 'એમની સાથે રાષ્ટ્રપતિભવનમાં રહેતાં મને જરૂર આનંદ થશે. વર્ષો પહેલાં અમે નાનકડી કૉટેજમાં રહેતાં હતાં અને તેઓ માત્ર માસિક ૭૫ રૂ. કમાતા સાદા શિક્ષક હતા ત્યારે પણ હું જેટલી ખુશ-સંતોષી હતી, અને આનંદ અનુભવતી હતી, એટલો જ આનંદ મને આજે ય થાય છે'.

શાહજહાં બેગમથી ડૉ. ઝાકિર હુસેનને બે પુત્રીઓ છે જે બંને ગ્રૅજ્યુએટ થએલી છે, એ પૈકી મોટી પુત્રીને નિલોફર ખુરશીદ, અંજુ ને રેહાના નામની ત્રણ પુત્રીઓ ને સાલમન નામે પુત્ર છે, અને નાનીને પણ ત્રણ સંતાનો છે. બેગમ પર્દામાં રહેતાં હોવાથી એના 'મિયાંજી' (ડૉ. હુસેન)ના મુલાકાતીઓની સરભરા દૌહિત્રી નિલોફર કરશે.

એમને કોમવાદનો ભોગ બનતા જાતે જઈ ઉગારી લેનાર જવાહરલાલજી અને મહાત્મા ગાંધીજીના અત્યંત પ્રિય પાત્ર ડૉ. હુસેને ૪૦ વર્ષ સુધી દેશની અમૂલ્ય સેવા કરી છે, કેળવણીને રાષ્ટ્રીય ઝોક આપવામાં, નયી તાલીમને યોજનાબદ્ધ સ્વરૂપ આપવામાં અને ભારતીય સંસ્કૃતિના સર્વશ્રેષ્ઠ તત્ત્વ સમન્વયશીલતાને જીવનમાં મૂર્તિમંત સ્વરૂપ આપવામાં એમણે કરેલું પ્રદાન ચિરસ્મરણીય રહેશે. રાષ્ટ્ર એમના અનુભવપૂત જ્ઞાનનો લાભ લઈ ઉન્નત બનશે અને તેઓ પણ ચૂંટણીટાણે વિરોધીઓએ કોમવાદી તરીકેનો એમના પર કરેલો આક્ષેપ ખોટો ઠરાવશે એવી અપેક્ષા વંધ્ય નથી.

અનુસંધાન] ટાયરની છાપ [પૃ. ૨૩૨થી

ઈન્સ્પેક્ટરે એ દિશામાં તપાસ કરી. જાણવા મળ્યું કે 'મુલ્લા ઍન્ડ મુલ્લા સૉલિસિટર્સે' એક વિલ રજિસ્ટર કરાવ્યું હતું. તે મુજબ તેમની પુત્રીના પુત્ર સુધીર માંકડે તેમની ઇચ્છા વિરુદ્ધ લગ્ન કરેલાં હોઈ દુર્લભપ્રસાદે તેની સાથેનો વ્યવહાર તોડી નાખ્યો હતો. પણ પાછળથી તેમનો મત ફેરવાયો હતો તેથી તેમણે વિલમાં જણાવ્યું હતું કે પોતાના મૃત્યુ પછી સુધીર જીવતો હોય તો પોતાની બધી મિલકત તેને મળે. પણ જો સુધીર ત્યારે હયાત ન હોય તો એ મિલકત પોતાની દૂરની ભત્રીજી કિશોરીને મળે; અને સુધીરનાં બાળકોને એમાંથી માત્ર અમુક હિસ્સો જ મળે. વિલમાંના વર્ણન પ્રમાણે એ મિલકત સારી એવી મોટી હતી.

ઈન્સ્પેક્ટરે આ વિલની નકલ મેળવી લીધી. તપાસ કરતાં જાણવા મળ્યું કે દુર્ગાપ્રસાદ છેલ્લા ચારેક માસથી કૅન્સરથી પીડાતા હતા. વ્યવહાર તૂટેલો હોઈ સુધીર કે કોઈ તેમને જોવા ગયું નહોતું, એટલે સ્વાભાવિક તેમને વિલની જાણ નહોતી. પણ ઈન્સ્પેક્ટરે કિશોરીની ખોજ માંડી તો જાણવા મળ્યું કે એ તો રાસવિહારીની પત્ની હતી.

ઇન્સ્પેક્ટરને કડીઓ મળી ગઈ. તેમણે રાસવિહારીને બોલાવ્યા અને તેના ઉપર સુધીરના ખૂનનો આરોપ મૂક્યો. રાસવિહારી પ્રથમ તો ખૂબ ગભરાઈ ગયા, પછી હસ્યા: 'તદ્દન વાહિયાત વાત છે. તમે જાણો છો કે આ અકસ્માત હતો. તેને જોનારા સાક્ષીઓ પણ છે.'

'હું પણ અકસ્માત જ માનતો હતો.' ઈન્સ્પેક્ટરે કહ્યુ: 'પણ પુરાવા જુદું કહે છે. જો અકસ્માત થયો હોત તો સુધીરને ગાડી વાગતાંની સાથે જ તમારાથી કુદરતી રીતે બ્રેક મરાઈ ગઈ હોત. પણ તમે સુધીરને પછાડીને દૂર જઈને ગાડી ઊભી રાખી છે. સવારનો સમય હતો, અજવાળું હતું. તમે હૉર્ન પણ માર્યું હતું તેમ સાક્ષી કહે છે. તો બ્રેક કેમ ન મારી? અજાણપણે પણ બ્રેક લાગી જ જાય. પણ ટાયરનાં નિશાનો તમારી વિરુદ્ધ બોલે છે. તમે ડાબી બાજુ ગાડી ચલાવતા હતા. અકસ્માત વખતે એ જમણી તરફ વાળી છે, અને અકસ્માત કરી પાછી ડાબી બાજુ ઊભી રાખી છે. મતલબ કે મારનારને ગાડી અથડાઈ ત્યારે તમે એને થોભાવવા કંઈ પ્રયત્ન કર્યો નથી, એટલું જ નહિ પણ તમે તેના તરફ ગાડીને વાળી પણ છે.' અને ઈન્સ્પેક્ટરે હસીને ઉમેર્યું: 'વળી, તમે ફરવા જાઓ છો ત્યારે કાયમ તમારો ડ્રાઈવર ગાડી ચલાવે છે, પણ તે દિવસે તમે જ ગાડી ચલાવવા નીકળ્યા હતા. શા માટે? તે દિવસે ડ્રાઇવર રજા ઉપર નહોતો તેની મેં પાકી તપાસ કરાવી છે. અને હજુ પણ તમે ન માનતા હો તો જણાવું કે પેલા બે સાક્ષીમાં એક તમારો ફોડેલો માણસ છે. તેણે કદાચ વધારીને વાત કરી છે કે તમે હૉર્ન પણ માર્યું હતું. આમ ભૂલ છુપાવવા જતાં જ તમારો ગુનો ઉઘાડો પડ્યો છે.'

રાસવિહારી આ સાંભળી ચૂપ થઈ ગયા. આખરે એમણે ધીરેથી કહ્યુ! 'ઈન્સ્પેક્ટર સાહેબ, આ સાબિત કરવું અઘરું છે. મને શકનો લાભ મળશે. અને હવે તો ગમે તે થાય. સુધીર દુર્ગાપ્રસાદ પહેલાં જ ગુજરી ગયો છે માટે મિલકત તો કિશોરીને જ મળશે.'

ઈન્સ્પેક્ટરે હસીને જણાવ્યું: 'જો ખૂન કરીને વારસદારને મારી નાખવામાં આવ્યો હોય તો ખૂનીને વારસો મળતો નથી.'

'પણ હું ક્યાં વારસદાર છું?' રાસવિહારી ખંધાઈથી બોલ્યો: 'વારસદાર તો મારી પત્ની છે.'

'રાસવિહારીભાઈ, આપણી આ બધી વાત ટેપ રેકૉર્ડરમાં ઊતરે છે, અલબત્ત તે અધિકૃત પુરાવામાં ગણાતી નથી, છતાં તે બીજા પુરાવા સાથે તો ઉપયોગી ઠરશે જ. તમારી વાત પરથી એ તો સ્પષ્ટ થાય જ છે કે તમે વારસા માટે જ આ ખૂન કર્યું હતું, એટલે વારસો તો કદાચ સુધીરને જ મળશે અને તમે તો હાથ ઘસતા જ રહી જશો.'



અશ્રુઝરી

જા ભલે અંધારઘેરા આભમાં,
તેજ કે જ્યોતિ વિના આવીશ મા!
ડૂબવું જો હોય, દિલમાં ડૂબજે,
પણ પછી મોતી વિના આવીશ મા!

—શેખ'દમ આબુવાલા

ડૉ. શ્રીપાદ કૃષ્ણ બેલવલકર

સમગ્ર જીવન સંશોધન અને લેખનકાર્યમાં જ વ્યતીત કરનાર, સંસ્કૃત ભાષાના પ્રખર પંડિત ડૉ. શ્રીપાદ કૃષ્ણ બેલવલકરનું ૮મી જાન્યુઆરીએ ૮૭ની વયે પૂનાના એમના નિવાસસ્થાન 'બિલ્વકુંજ'માં અવસાન થતાં ભારતે એક પ્રકાંડ પ્રાચ્યભાષાસાહિત્ય-વિશારદ ગુમાવ્યા છે.


પૂનાના સુપ્રસિદ્ધ 'ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'ની સ્થાપનામાં મહત્ત્વનો ફાળો આપનાર અને એના આશ્રયે ચાલતા 'મહાભારત'ના સટીક સંશોધનકાર્યમાં આયુષ્યના અંત સુધી અવિરત કાર્ય કરનાર આ વિદ્વાન અધ્યાપકનો જન્મ ઈ. ૧૮૮૦ના ડિસેમ્બરની ૧૨મીએ 'ગીતા જયંતી'ના દિવસે કોલ્હાપુર જિલ્લાના એક ગામ નરસોબાવાડીમાં શિક્ષક પિતાને ત્યાં થયો હતો. સર્પદંશથી અવસાન પામેલી માતાનું વાત્સલ્ય બાળપણથી જ ગુમાવનાર આ વિદ્યાવ્યાસંગી કુમાર પ્રાથમિક શિક્ષણ કોલ્હાપુરમાં ને માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણ પૂનામાં લઈ મુંબઈ યુનિવર્સિટીમાંથી ૧૯૦૨માં બી એ. થઈ ડેક્કન કૉલેજના ફેલો તરીકે કામ કરતાં કરતાં ૧૯૦૪માં ભાષા, ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન સાથે એમ.એ. થયા. ત્યાર બાદ 'ઉત્તર રામચરિત'નું સંશોધન કરવા અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં જોડાઈ ડૉ. લૅનમનના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની ઉપાધિ મેળવી.

૧૯૦૭ થી '૧૨ સુધી પૂનાની ડેક્કન કૉલેજમાં ક્યુરેટર તરીકે કાર્ય કરી સંસ્કૃત ભાષામાં વિવિધ વ્યાકરણો પર પ્રબંધ લખવા માટે માંડલિક સુવર્ણપદક પ્રાપ્ત કરનાર આ આજન્મ શિક્ષક અમેરિકાથી પાછા આવી ફરી ડેક્કન કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે જોડાયા. એ બંધ થતાં તેઓ અમદાવાદની ગુજરાત કૉલેજમાં ગયા. ત્યાંથી નિવૃત્ત થઈ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે ગયા, અંતે ૧૯૧૭માં સર ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના થતાં શરૂમાં એના ચિટનીસ તરીકે, પછી ત્યાં ડૉ. સુકથનકરના હાથ નીચે મહાભારતના ભીષ્મ, શાંતિ, મૌસલ આદિ પર્વોના સંશોધક તરીકે, અને



૧૯૪૩માં ડૉ. સુકથનકરના અવસાન પછી પોતાના જીવનાન્ત સુધી એના મુખ્ય સંપાદક તરીકે રહ્યા. જીવનના સૌથી મહાન અને ઉત્તમ કાર્ય સમા આ સંશોધન સંપાદન કાર્યમાં એમણે જે પરિશ્રમ લીધો એ અવર્ણનીય અને એથી અત્યંત પ્રશંસનીય છે. ભારતનાં અનેક સ્થળ ઉપરાંત નેપાળ-તિબેટમાં ફરીને તાડપત્રો, ભોજપત્રો ને નાજુક કાગળો પર, મૈથિલી, શારદા, નેવારી જેવી વિવિધ લિપિઓમાં લખાએલી મહાભારતની હસ્તપતો એકઠી કરી, તે પરથી શુદ્ધ વાચના તૈયાર કરવાના ભગીરથ કાર્ય પાછળ એમણે આયુષ્યનાં ૫૦ વર્ષ ખર્ચી નાખ્યાં. એ માટે ડૉ. રાજેન્દ્રપ્રસાદે એમને 'પંડિત'ની પદવી એનાયત કરેલી ને ૧૯૬૬માં આ સંશોધિત મહાભારતનું ઉદ્ઘાટન કરતાં ડૉ. રાધાકૃષ્ણને પણ તેઓનું બહુમાન કરેલું.

ભારતમાં તેમ જ વિદેશોમાં ભરાએલાં સંશોધન અંગેનાં તમામ અધિવેશનોમાં હાજર



દક્ષિણ આકાશમાં હાલ વૃશ્ચિક (Scorpius) રાશિના તારા ધ્યાન ખેંચે છે. બધી રાશિઓમાં વૃશ્ચિક રાશિનું નામ વધુ સાર્થ લાગે છે. એમાં એના મોં તરફ 'અનુરાધા', પેટ પાસે 'જ્યેષ્ઠા' અને પૂછડીએ 'મૂળ' નક્ષત્ર સમાઈ જાય છે. વીંછીના પેટમાં જ્યેષ્ઠામાંનો, 'પારિજાત' (Antares) એના રક્ત વર્ણથી તુરત ધ્યાન ખેંચે છે. આજકાલ એનાથી થોડે દૂર 'ચિત્રા' અને 'સ્વાતિ'ની વચ્ચે સહેજ પશ્ચિમે 'મંગળ' હમણાં પૃથ્વીની વધુ નજીક હોઈ ખૂબ સુંદર લાગે છે; પણ જ્યારે એ પૃથ્વીથી દૂર હોય ને પારિજાતની આસપાસમાં દેખાતો હોય ત્યારે એ બંનેને ઓળખવામાં ભૂલ થઈ જાય એવું એ બંનેમાં સામ્ય છે. પારિજાતને એટલે જ તો 'મંગલારિ' પણ કહે છે.

પારિજાત પ્રથમ વર્ગનો, અતિ વિરાટ રક્તવર્ણી તારો છે. સૂર્ય કરતાં એનો વ્યાસ ૨૯૦ ગણો વિસ્તૃત હોવા છતાં એની ઘનતા સૂર્યના કરતાં દસ લાખમા ભાગની છે. પણ એનું તેજ સૂર્યથી ૧૯૦૦ ગણું વધારે છે. એની જોડમાં એક આછો લીલા વર્ણનો સાથી પણ છે. આપણાથી પારિજાત ૪૦૦ પ્રકાશવર્ષ દૂર છે.

વૃશ્ચિકની પશ્ચિમે તુલા (Libra) રાશિના ઝાંખા તારા છે. વિશાખા નક્ષત્ર આ રાશિમાં છે. તુલાની દક્ષિણે વૃક (Lupus)ના તારા છે.

વૃશ્ચિકની પૂર્વે ધનુ (Sagittarius) રાશિના તારાઓ બે જૂથમાં વહેંચાએલા લાગે છે. એમાંના પશ્ચિમ તરફના 'પૂર્વાષાઢા' અને પૂર્વ તરફના 'ઉત્તરાષાઢા' નક્ષત્રમાં ગણાય છે. અહીં આકાશગંગા અત્યંત તેજસ્વી દેખાય છે.

આ ઉપરાંત દક્ષિણ આકાશમાં વેદી (Ara), સિંધુ અને મયૂર (Pavo)ના તારાઓ પણ નકશાની મદદથી ઓળખી શકાશે.

આ માસમાં એકબીજાની બહુ નજીક પહોંચેલા ગુરુ-શુક્રનું દર્શન પણ મનોહર છે.

सत्वरि संकट वारि।मुरारी।सत्वरि संकट वारी॥
कौरव सदनी, उभी अनाथा। द्रौपदि हाका मारी।मुरारी॥
कपटपटू दुर्योधन शकुनि। द्यूति त्यांविला पण उलटोनी।
दासी निर्जित मुत समजोनी। दुर्जन ओढी पदरी, मुरारी॥१॥
घोर दुःख कुंती नायन देती। भीमार्जुनादि पती करिती स्तुती।

ડૉ. બેલવેલકરની કવિતા

તત્ત્વજ્ઞાનના ખડકાળ પ્રદેશમાં અપ્રતિહત વિહાર કરનારી તર્કકર્કશ બુદ્ધિમત્તા, કવિતાની લલિત કુંજોમાં એટલી જ સહજ રીતે સંચાર કરી શકે ખરી? સામાન્ય રીતે એમ બનતું નથી પણ ડૉ. શ્રીપાદ બેલવેલકરમાં વિદ્વત્તા અને કવિત્વશક્તિનું વિરલ સંયોજન થયું હતું. એમને કાવ્યો વાંચવાં ગમતાં એટલું જ નહિ, પણ મનને આનંદ આપવા તેઓ કવિતા લખતા પણ ખરા, જોકે એમની એક પણ કવિતા ક્યાંય પ્રસિદ્ધ થઈ નથી. એમનાં સુપુત્રી સૌ. શકુંતલાતાઈ બાવડેકરે સંઘરી રાખેલી એમની એક કવિતા એમના જ હસ્તાક્ષરોમાં અહીં પ્રસિદ્ધ કરી છે.

રહેનાર આ અત્યંત ચીવટવાળા ને ખંતીલા વિદ્યાપુરુષ ૧૯૪૩માં બનારસમાં ભરાએલા 'ઑલ ઈન્ડિયા ઓરીએન્ટલ કૉન્ફરન્સ'ના પ્રમુખસ્થાને ચૂંટાયા હતા. ૧૯૨૭માં એમણે ગીર્વાણ મહાવિદ્યાલય સમિતિ સ્થાપી શરૂ કરેલી સંસ્કૃત કૉલેજ પણ એમનું સ્મારક ગણાશે.

ડૉ. શ્રીપાદને એમના ગુરુ ભાંડારકર, પ્રા. વ્હી. જી. વિજાપુરકર, ડૉ. સી. આર. લૅનમન ને લોકમાન્ય ટિળક માટે અત્યંત આદર હતો; તેમજ ૧૪ની વયે જેમની સાથે એ લગ્નથી જોડાયા હતા એ આર્ય સન્નારી આનંદીબાઈ-વેણુતાઈએ એમના કાર્યમાં કરેલી સહાય બદલ, 'ઉત્તર રામચરિત'નો અનુવાદ એમને અર્પણ કરીને અને તમામ તીર્થસ્થાનોમાં ફેરવીને એમણે કૃતજ્ઞભાવ દર્શાવ્યો હતો.

ફળખચિત વૃક્ષ જેમ વધુ નમે છે એમ આ વિદ્વાન પણ અંગત જીવનમાં અત્યંત વિનમ્ર ને સાદા છતાં રસિક હતા. સિતારવાદનમાં એ નિપુણ હતા. ઉત્તર રામચરિત, કાવ્યાદર્શ, ભગવદ્ગીતા, વેદાન્તસૂત્ર-ભાષ્ય, ઉપનિષદ્, વેદ, સાંખ્ય આદિ પરના એમના પ્રબંધોએ એમને સમગ્ર ભારતમાં ખ્યાતિ અપાવી છે, પણ 'મહાભારત'ની સંશોધિત શુદ્ધ વાચના અને 'ભાંડારકર પ્રાચ્યવિદ્યામંદિર'ની સ્થાપના એ બે એમનાં કાર્યો તો ભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઈ એમને સનાતન સ્મરણીય વ્યક્તિ બનાવી દેશે.

(શ્રી દત્ત ગોરેના મૂળ લેખ પરથી અનુવાદક ભદ્રાબહેન દલાલ)

મરી-મસાલા

તબીબો સદીઓથી રોગીઓને સલાહ આપતા આવ્યા છે કે તીખાશ, ખટાશ અને ગરમ મસાલાથી દૂર રહેવું. ચામડીનાં દરદો, પેટમાં પડતાં ચાંદાં, કબજિયાત, અપચો અને ચિત્તભ્રમના અમુક રોગોમાં તો સૌપ્રથમ આ સલાહ આપવામાં આવે જ છે. ખૂબ મસાલાવાળો ખોરાક ઘણાખરા લોકોને સદતો નથી અને અમુકની તબિયત ઉપર માઠી અસર પાડે છે એ ખરું; પણ બીજી બાજુ આ મસાલાઓની તંદુરસ્તી પર પડતી સારી અસર અને સંખ્યાબંધ રોગોના ઉપચાર માટે તેમના ઉપયોગ અંગેના પાસા પરત્વે દુર્લક્ષ પણ થયું છે.

પશ્ચિમ જર્મનીના ડોર્ટમુંડ ખાતેની પૌષ્ટિક આહાર અંગેની એક સંસ્થામાં મસાલાઓની અસર અંગેના ઘણા વખતથી ચાલતા, સંશોધનમાં જાણવા મળ્યું છે કે ગરમ મસાલા (ખાસ કરીને કાળાં મરી) રક્તાભિસરણ અંગેના રોગો સામે સારો પ્રતિકાર પૂરો પાડે છે. મગજની ધોરી નસ ફાટવાનાં અને નસોમાં લોહીના ગઠ્ઠા અટકી જવાથી હૃદય બંધ પડવાનાં જે જીવલેણ પરિણામો આવે છે તે થ્રૉમ્બોસાઈટસ જેવા થરો જામીને નસ વધુપડતી સાંકડી થઈ જવાને કારણે થાય છે.

લાંબા અખતરાઓ પછી જણાયું છે કે મરીવાળો ભાત કે તેની વાનગી ખાધા પછી માણસના લોહીમાંના થ્રૉમ્બૉસાઇટસની સંખ્યા કમી થઇને લોહીના ગઠ્ઠા બાઝવાનું ઓછું થઈ જાય છે.

મરચાંની અસર અંગે પણ આવી જ માહિતી મળી. મરચાંવાળી વાનગી ખાધા પછી હૃદયના ધબકારા થોડી ક્ષણો માટે ધીરા પડી પછી વધી ગયા હતા અને દર ધબકારે હૃદયમાંથી બહાર ધકેલાતા લોહીનું પ્રમાણ વધ્યું હતું. આમ, તાજેતરના સંશોધને 'દેશી વૈદક'ની માન્યતાને સમર્થન આપ્યું છે કે મરચાં હૃદયને ધબકતું રાખે છે.

વળી, આ અખતરાઓમાં એમ પણ પુરવાર થયું છે કે વધુ મરી-મસાલાવાળી વાનગીઓ ખાવાથી માણસના શરીરની અંદરની એડ્રિનલ ગ્રંથિમાંથી કૉર્ટિઝોન નામના હોર્મોનનો સ્રાવ વધે છે. એડ્રિનલ ગ્રંથિને ઉત્તેજિત કરનારી આ વાત મહત્ત્વની છે, કારણ કે મનુષ્યની શારીરિક, માનસિક, તેમજ રોગ સામે પ્રતિકારની શક્તિ એડ્રિનલ ગ્રંથિના સ્રાવ ઉપર જ આધાર રાખે છે. (વિજ્ઞાનબંધુ)

ચલણશુદ્ધિ

'મહારાષ્ટ્રના ગાંધી' ગણાતા શ્રી આપ્પાસાહેબ પટવર્ધને 'ચલણશુદ્ધિ' નામે એક નવી અર્થવ્યવસ્થા વિચારી છે. ઘણાને કદાચ એ અવ્યવહારુ પણ લાગે. છતાં એ યોજના વિચારી જવા જેવી તો છે.

આજે આપણા અર્થતંત્રની જિવાળી ચલણી નોટો છે. લેવડ-દેવડ કે ખરીદવેચાણનો બધો આધાર એ ચલણના માધ્યમથી ચાલે છે. એને નાબૂદ કરીને ભૂતકાળની વિનિમયપદ્ધતિ ફરી લાવવા માટે નહિ, પણ ચલણવ્યવસ્થામાં રહેલી અશુદ્ધિ દૂર કરી સમાજને વિકાસશીલ બનાવવા ચલણશુદ્ધિની આ યોજના વિચારાઈ છે. એનાથી પૈસાનું આજનું પરમેશ્વરી ભૌતિક મૂલ્ય નિર્મૂળ થઈ જીવનોપયોગી વાસ્તવિક સંપત્તિનું મૂલ્ય વધશે અને અર્થતંત્રની જિવાળી ચલણી નોટોની નકલી સંપત્તિને બદલે દૂધ, શાક, અનાજ જેવી વાસ્તવિક સંપત્તિ જ બનશે, અને એ રીતે સમાજ ઊંચો આવશે એમ મનાય છે.

ચલણશુદ્ધિની આ યોજના એવી છે કે આજે જે ચલણી નોટો ચાલે છે તેના પર તેની ચલણમૂલ્યની મર્યાદાનું વર્ષ છાપવામાં આવે અને તે એક વર્ષ પૂરતી જ એ નોટ ચાલી શકે. એ નોટની આયુ-મર્યાદા પૂરી થાય ત્યારે એ વર્ષબદલીના થોડા દિવસોમાં એ જૂની (વીતી જતા વર્ષની) નોટોના બદલામાં લોકો નવા વર્ષની નોટો મેળવી લે. આ નોટ-બદલીની વ્યવસ્થા સરકારે ઉપાડી લેવી જોઈએ.

એ નોટ-બદલી વેળા સરકાર ૧૦૦ નવી નોટોને બદલે ૧૦૬ જૂની નોટો લે; એટલે કે જૂના ૧૦૬ રૂપિયા આપીને નવા ૧૦૦ રૂપિયા લોકો મેળવે. આમ નોટ-બદલીની વ્યવસ્થા તથા ચલણવેરા રૂપે છ ટકા રકમ દર વર્ષે સરકાર પ્રાપ્ત કરે. આની સામે સરકાર બીજા કરવેરા ઘટાડી શકે. કેમ કે આ એક એવા પ્રકારનો વેરો બની રહે કે જેની ભરપાઈ લોકોને સામે ચાલીને કરવી પડે. કરચોરી કરનારની નોટો જ નકામી બની જાય. એટલે સરકારને બદલે પ્રજા જેની ભરપાઈની ચિંતા કરે એવો આ કર બની રહે.

આ યોજનામાં જેઓ પરિશ્રમપૂર્વક કમાએલી રકમની બચત કરવા ઇચ્છે એમને માટે રાહત પણ છે: જેઓ સ્થાયી થાપણ રૂપે પોતાની રકમ સરકારી બૅન્કમાં જમા કરાવે એમની એ રકમને ચલણવેરામાંથી મુક્તિ મળે. તેઓ પોતાની રકમ ઇચ્છે ત્યારે પૂરેપૂરી પાછી

મેળવી શકે. એમની એ રકમમાં છ ટકાનો ઘટાડો ન થાય એમ જ વ્યાજ રૂપે કંઈ વધારો પણ ન થાય. આથી બચતની પ્રેરણાને આંચ નહિ આવે. માત્ર એનું પ્રેરક બળ વ્યાજપ્રાપ્તિને બદલે ઘટમુક્તિ બની રહે. આ પણ એક અર્થમાં વ્યાજ જ ગણાય. ટૂંકમાં 'વ્યાજ' રહે પણ 'વૃદ્ધિ' ન થાય. પરંતુ ઘટ-મુક્તિ એક રીતે વૃદ્ધિ જ ગણાયને?

આ યોજનાથી લોકો પોતાની પાસે ચાલુ જરૂરતથી વિશેષ રકમ રાખવી પસંદ નહિ કરે. પૈસો એ રીતે પ્રવાહી બનશે ને તેને કોઈ ને કોઈ ઉત્પાદક કામમાં રોકી શકાશે. ઘટમુક્તિ માટે લોકો પોતાની પાસેની વધારાની રકમ સરકારને અનામત પેટે આપશે–વ્યાજ વિના, ઘટ વિના. સરકાર પણ એ રકમ લોકોની જરૂરિયાત પ્રમાણે આમ જનતાને વ્યાજ વિના ધીરી શકશે.

સરકાર આમ કરે એટલે લોકોના ખાનગી વ્યવહારોમાં પણ વ્યાજ લગભગ નિર્મૂળ બની શકશે, કે તેનો દર ઘણો નીચો ઊતરી શકશે. વ્યાજનો દર ઊંચો રહેવાનું કારણ એકપક્ષી ગરજ છે. વર્તમાન અર્થતંત્રમાં નાણાં ઉછીનાં લેનારને ગરજ છે, આપનારને નહિ. આપનાર તો વધુ વ્યાજ મળે ત્યાં જ નાણાં ધીરે ને ચાહે તો પોતાની મૂડી પાસે રાખી મૂકે. પણ ચલણશુદ્ધિની યોજનામાં તો નાણાં આપનારને પણ ગરજ રહે. આમ પોતાની બંને પક્ષે એકસરખી ગરજ ઊભી થતાં ગરીબ તવંગર વચ્ચેનો વર્ગવિગ્રહ ટાળી શકાશે.

ચલણવેરો પણ વર્ષાન્તે જ આપવો પડે એવું નહિ, પણ તે દરેક લેવડદેવડ સાથે આપવો-લેવો અનિવાર્ય બનવો જોઇએ. આ હિસાબ જરા ઝંઝટ જેવો છે, પણ ન્યાયી છે અને એટલે લોકોએ એનાથી ટેવાવું જોઇશે. દા.ત. ૧લી જુલાઈએ ૫૦ રૂપિયા ચૂકવવાના હોય તો તેની સાથે ૫૦ રૂપિયાના છ માસના ઘસારા પેટે વધારાનો દોઢ રૂપિયો પણ આપવો પડે. આ ચલણવેરો કેવળ નોટોને જ લાગુ પડે, રૂપિયાથી નીચેના ધાતુના સિક્કાઓને નહિ.

આમ, આ ચલણશુદ્ધિનો વિચાર તરંગ જેવો લાગે છે, પણ આવા ઘણા તરંગો લાંબા ગાળે વાસ્તવિક અને વ્યવહારુ બની શક્યા છે.

—રામજીભાઈ પટેલ

સાગરસંપત્તિ

જોકે મનાય નહિ, પણ આજે માણસ જેટલું અવકાશ વિષે જાણે છે એટલું સાગરના પેટાળ વિષે જાણતો નથી એમ હમણાં બ્રિટનમાં મળેલી સાગરવેત્તાઓની એક પરિષદમાંથી જણાયું છે. ત્યાં નિષ્ણાતોએ એક મત એવો દર્શાવ્યો કે દુનિયાની આજે છે એથી છ ગણી વસતિને પૂરું પડી રહે એટલું પ્રોટીન દરિયામાં છે; જ્યારે બીજો મત એવો હતો કે આપણી આજની જરૂરિયાતના ચોથા ભાગ જેટલું જ એ છે.

આમાં ભલે મતભેદ હોય, પણ એક વાત નિશ્ચિત છે કે ખોરાક ને ખનિજો માટે મહાસાગર એ હજી યે વણવપરાએલો ભંડાર છે. ખાદ્યોના ઉત્પાદનને ટપી જાય એટલી ઝડપે વધતી જતી વસતિ તથા ભૂમિ પરના ખનિજોના ખૂટતા જતા પુરવઠાને જોતાં લાગે છે કે એ માટે હવે નવા સ્રોત શોધવા અત્યંત જરૂરી છે.

દરિયાનો લાભ નહિ લઈ શકાવાનાં કારણોમાં તો એ છે કે આ અંગેનાં વૈજ્ઞાનિક સાધનો અને એ વિષેની બીજી અનેક ટેકનિકલ બાબતોનો હજી પૂરતો વિકાસ થઈ શક્યો નથી.

સારી મચ્છીમારી માટે આજના કરતાં વધારે કાર્યક્ષમ જહાજો વિકસાવવાં જોઈશે, પાણીની અંદર આથડતાં માછલીઓનાં જૂથને ખોળી કાઢનાર 'સોનાર' યંત્રો, વિશ્વાસપાત્ર સંપર્કસાધનો તથા પકડાએલાં માછલાંને લાંબો સમય યોગ્યરીતે જાળવી રાખવાની પદ્ધતિઓ વગેરેનો પણ હજી વધુ વિકાસ જરૂરી છે. આ પછી સાગરવેત્તાઓ, જીવવિજ્ઞાનીઓ, પદાર્થ અને રસાયણશાસ્ત્રીઓ વગેરે સાથે વિવિધ દિશાના યંત્રનિષ્ણાતોની પણ જરૂર તો ઊભી જ રહે છે.

ટેલિફોન દ્વારા શિક્ષણ

અમેરિકામાં વિસ્કૉન્સીન યુનિવર્સિટીની વિસ્તરણ શાખાએ ટેલિફોન કંપની દ્વારા અપાતી ઍમ્પ્લીફાઈંગ સગવડોના લાભ લઇને ભાષાનો ને વ્યાખ્યાનપદ્ધતિનો અભ્યાસક્રમ શીખવવાનું શરૂ કર્યું છે. દૂર વસતા લોકોને શિક્ષકો પૂરા પાડવાનું ખર્ચ બચાવવા માટે આ પદ્ધતિ દ્વારા તે ૨૮ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને પાંચ વિદેશી ભાષાઓ (ટપાલદ્વારા અપાતા શિક્ષણની સહાય સાથે) શીખવી રહી છે, આ ઉપરાંત ૧૮ વિવિધ ઑસ્પિટલોના ૨૦૦ ડૉક્ટરો પણ એ યુનિવર્સિટીના મેડિકલ વિભાગમાંથી ૨૪ અઠવાડિયાંનો અભ્યાસક્રમ આ રીતે શીખી રહ્યા છે. ૮ થી ૧૦ ઑસ્પિટલોના તો ચાલુ વર્ગો પણ એ જ સમયે રાખીને તેનો લાભ લેવાય અને દરેક જણ બીજા કોઈ સમૂહે પૂછેલા પ્રશ્નનો જવાબ સાંભળે છે.

વીજળીથી (પેટ્રોલથી નહિ) ચાલતી મોટર

આવતા વર્ષે ગ્રેટબ્રિટનમાં અઠવાડિયે એકસોના હિસાબે નાનાં શહેરોમાં વપરાય એવી નાની વીજળિક મોટરગાડીઓ બનવા લાગશે. બાર-બાર વૉલ્ટની ચાર બૅટરીઓ દ્વારા ચાલતા પાંચ હૉર્સપાવરના યંત્રવાળી આ મોટરગાડી એક પ્રવાસીને લઈને લગભગ ૧૦૦ કિલોમીટર (૬૨ માઈલ) અને ચાર પ્રવાસીઓ સાથે ૬૪ કિ.મી. (૪૦ માઈલ) દોડી શકશે. આ ગાડી ચાલુ મોટરગાડી કરતાં વજનમાં લગભગ ત્રીજા ભાગની એટલે કે ૩૧૫ કિલોગ્રામ (૬૯૪ રતલ) જેટલી રહેશે.

જૉર્ડનમાં મૃતસમુદ્ર નજીક સૂકા ઢાળ-પ્રદેશમાં લગભગ ૪,૪૫૦ એકર વિસ્તારમાં ઑલિવ (જિતુન) અને દ્રાક્ષનું વાવેતર કરવામાં આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના 'ફૂડ ઍન્ડ ઍગ્રિકલ્ચર ઑર્ગેનિઝેશન' (FAO) અને જૉર્ડન સરકાર વચ્ચે થએલા એક કરાર મુજબ હજી બીજા ૮,૯૦૦ એકર વિસ્તારમાં ૩૬,૦૦૦ ઑલિવ વૃક્ષો અને ૨૦,૦૦૦ દ્રાક્ષ-વેલાઓનું વાવેતર થશે.



એક-વિષય બે રજૂઆત

ઈ ૧૮૬૭માં કૅનેડા અંગ્રેજ અમલમાંથી સ્વતંત્ર લોકશાહી બન્યું ત્યારે તેણે એક પદક બનાવરાવેલો. આજે ઇ. ૧૯૬૭માં એની શતાબ્દી નિમિત્તે કૅનેડાની સરકારે એવો જ એક નવો પદક બનાવ્યો છે, એમાં એક તરફ કૅનેડાના બાર પ્રાંતો અને બે વસાહતોની મુદ્રાઓ છે અને બીજી બાજુ કૅનેડાના મુખ્ય ઉદ્યોગો—ખેતી, ખાણ, લાકડાં અને જળમાર્ગોનું સુચક આલેખન છે. એક સદી પહેલાંના પદક પર એ ઉદ્યોગોનું જે નિરૂપણ હતું (ઉપર ડાબી બાજુ) તેની રજૂઆત આજ એક સદી પછી કેવી થઈ છે તે (જમણી બાજુના પદકમાં) જોવી કલારસિકોને ગમશે.

આ માસ (જૂન) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૧ કચ્છ રાજ્યનો વહીવટ સ્વતંત્ર ભારતની સરકારે સંભાળી લીધો, ૧૯૪૮.
તા. ૩ સ્ત્રીઓની ઉન્નતિ સાધવાને સમાજસેવક કર્વેએ મહાવિદ્યાલય સ્થાપ્યું, ૧૯૧૬.
તા. ૧૪ હવાઈ રસ્તે આટ્લાંટિક મહાસાગર પાર થયો, ૧૯૧૯.
તા. ૨૫ 'બાળકોની મૂછાળી'મા બાળશિક્ષણાચાર્ય ગિજુભાઈ બધેકાનું અવસાન, ૧૯૩૯.
તા. ૨૮ ગુજરાતી ભાષાનું પ્રથમ દૈનિક 'મુંબઈ સમાચાર' શરૂ થયું, ૧૮૮૨.

વ્યક્તિવિશેષ : ટૉમસ હાર્ડી



કવિ, નવલકથાકાર—અને કંઈક અંશે સ્થપતિ એવા ટૉમસ હાર્ડીનું અંગ્રેજી સાહિત્યમાં એક આગવું સ્થાન છે. એમનાં સર્જનોનું વસ્તુ લાક્ષણિકરીતે સામાન્ય અને ભાષાના ભાર વિનાનું; પણ, ગ્રામજીવનનું સુંદર સચોટ દર્શન કરાવે છે. પોતાની કૃતિઓમાં 'વેસેક્સ' નામથી જેનો ઉલ્લેખ કર્યો છે એ ઇંગ્લંડના ડૉર્સેટ પરગણામાં આવેલા બૉકહૅમ્પ્ટન ગામે ઈ. ૧૮૪૦ની ૨જી જૂને એમનો જન્મ. પિતા વ્યવસાયે કડિયા હતા, પણ સંગીતમાં રસ હોઈ ત્યાંના દેવળમાં ભક્તિગીતો ગાતા.

પ્રાથમિક શિક્ષણ પૂરું કરી ટૉમસે ૧૮૫૬થી એક સ્થપતિને ત્યાં ઉમેદવારી કરવા માંડી. સવારે એ લૅટિન, ગ્રીસ, ફ્રેન્ચ કે જર્મન ભાષાનો અભ્યાસ કરે, દિવસે નોકરી અને રાત્રે ગામના મેળાવડાઓમાં ફિડલ વગાડે! સ્વભાવે ઊર્મિશીલ અને શરમાળ, છતાં ગ્રામવાસીઓમાં ભળવાનું ટૉમસને ગમતું.

બાવીસમે વર્ષે લંડનમાં સર આર્થર બ્લૉમ્ફીલ્ડ પાસે ગૉથિક સ્થાપત્ય શીખવા રહ્યા ત્યારે કિંગ્સ કૉલેજના સાંજના વર્ગોમાં અભ્યાસ પણ જારી રાખેલો. ૧૮૬૩માં એમણે ઇન્સ્ટિટ્યૂટ ઑવ આર્કિટેક્ટ્સનો ચંદ્રક મેળવ્યો. પણ એમનું અંતર તો સાહિત્યસર્જન પ્રતિ જ ઢળેલું રહેતું. (એ કાળે એમણે કાવ્યો પણ લખેલાં, જે પ્રકટ થઈ શક્યાં નહોતાં.) લંડનથી ડૉર્સેટ આવી આજીવિકા પૂરતું સ્થપતિને ત્યાં કામ કરી બાકીના સમયમાં એમણે લખવા માંડયું અને પોતાને ખર્ચે 'ડેસ્પરેટ રેમેડીઝ' નામે એક નવલકથા છપાવી. જોકે 'મેં મારું ઘર કઈ રીતે બાંધ્યું' એ મથાળાનો એમનો એક લેખ ચેમ્બર્સ જર્નલમાં પ્રકટ થઈ શક્યો હતો. ખૂનની એક કથા કહેતી પ્રથમ નવલકથા પછી 'અન્ડર ધ ગ્રીનવૂડ ટ્રી', 'એ પેર ઑવ બ્લ્યુ આઇઝ', 'ફાર ફ્રૉમ ધ મૅડિંગ ક્રાઉડ', 'ધ હૅન્ડ ઑવ ઈથેલ બર્ટા', 'ધ રીટર્ન ઑવ ધ નેટિવ', 'ધ ટ્રમ્પેટમેજર', 'એ લીયોડીશિયન', 'ધ મેયર ઑવ કૅસ્ટરબ્રિજ' અને 'ધ વૂડ્લૅન્ડર્સ' અને 'ટેસ ઑવ ધ ડી' 'અર્બરવિલ્સ', 'જ્યુડ ધ ઑબ્સ્ક્યોર' પ્રકટ થઈ. આખરે 'ધ વેલ બિલવેડ'માં નિષ્ફળતા મળતાં, એમણે નવલકથાઓ લખવી બંધ કરી.

'વેસેક્સટેઈલ્સ', 'એ ગ્રુપ ઑવ નોબલ ડેઈમ્સ', 'લાઈફ્સ લિટલ આઈરનીઝ' ને 'ચાજ્ડ મૅન' વગેરે એમની જાણીતી ટૂંકી વાર્તાઓ છે.


ઈ. ૧૯૦૪થી 'ધ ડાયનેસ્ટ્સ' નામે એક ગેય-નાટક પ્રકટ થવા માંડયું. ૧૯ પ્રવેશો ને ૧૩૦ દશ્યો સાથે ત્રણ ભાગમાં એ ૧૯૦૮માં પૂરું થયું. નેપૉલિયન સમયના યુદ્ધત્રસ્ત ઇતિહાસ પરનો એમાં કોઈ પારલૌકિક આત્માનો દૃષ્ટિપાત વર્ણવ્યો છે. હાર્ડીની આ એક શ્રેષ્ઠ કૃતિ ગણાય છે. 'ધ ટ્રેજેડી ઑવ કૉર્નવૉલ' એ એની બીજી ગણનાપાત્ર નાટ્યકૃતિ છે. 'વેસેક્સ પૉએમ્સ', 'પૉએમ્સ ઑવ ધ પાસ્ટ ઍન્ડ પ્રેઝન્ટ', 'ટાઈમ્સ લાફિંગ સ્ટૉક્સ', 'સેટાયર્સ ઑવ સર્કમસ્ટન્સ', 'લેઇટ લિરિક્સ ઍન્ડ અર્લીઅર હ્યુમન શોઝ' તથા 'વિન્ટર વર્ડ્સ' એમના કાવ્યસંગ્રહો છે. બધાં મળી એમણે હજારેક કાવ્યો રચેલાં.

ઈ. ૧૯૧૦માં હાર્ડીને ઇંગ્લંડનું જાણીતું ઓ. એમ. (ઑર્ડર ઑવ મૅરિટ)નું બહુમાન મળ્યું. ૧૯૧૨માં રૉયલ સોસાએટી ઑવ લિટરેચરનો સુવર્ણચંદ્રક મળ્યો. ઑક્સફર્ડ, કૅમ્બ્રિજ, સેન્ટ ઍન્ડ્રુઝ અને ઍબરડીન તથા બ્રિસ્ટલની માનદ્ ઉપાધિઓ પણ મળેલી.


ઈ. ૧૯૨૭ની ૧૧મી જાન્યુઆરીએ ડૉર્ચેસ્ટરમાં હાર્ડીનું અવસાન થયું.

પ્રસંગવિશેષ : રાણી ઇલિઝાબેથ બીજાનો રાજ્યાભિષેક તા. ૨જી જૂન ઈ. ૧૯૫૩


ઈંગ્લંડમાં રાજ્ય રાજા (કે રાણી)નું છે પણ હકૂમત પ્રજાની છે. યુનાઇટેડ કિંગ્ડમનો આ રાજવંશ પ્રાચીનતમ છે અને એક હજાર વર્ષમાં માત્ર એક જ વાર એની સળંગસૂત્રતા તૂટવા પામી હતી; પરંતુ તે છતાં યે એની વંશપરંપરાગતતા તો અખંડિત જ રહી છે. આમ, ઈંગ્લંડનાં હાલનાં રાણી ઇલિઝાબેથ બીજાં, ઈ. ૮૨૯માં સમગ્ર ઈંગ્લંડને એક કરનાર સૅક્સન રાજા એગ્બર્ટ અને સ્કૉટલૅન્ડના માલ્કમ બીજાનાં સળંગ પેઢીગત વારસદાર છે. પિતા જ્યૉર્જ છઠ્ઠાનું એકાએક અવસાન થતાં તથા એમને એકે પુત્ર ન હોઈ ઈ. ૧૯૫૨માં છઠ્ઠી ફેબ્રુઆરીએ એમને રાજગાદી સોંપવામાં આવી, અને તે પછી એમનો વિધિસર રાજ્યાભિષેક ઈ. ૧૯૫૩માં ૨જી જૂનને દિવસે થયો. એ પ્રસંગને વધુ ઓપ આપવા, અંગ્રેજ પર્વતારોહકોએ મે માસમાં દુનિયાના સર્વોચ્ચ શિખર એવરેસ્ટને સર કર્યાના સમાચાર પણ આ તારીખ સુધી ગુપ્ત રખાયા હતા. અને તે પછી હવે, ઈ. ૧૯૫૩ના કાયદા મુજબ યુનાઇટેડ કિંગ્ડમમાં રાણીને 'ઇલિઝાબેથ ધ સેકન્ડ, બાઈ ધ ગ્રેઈસ ઑવ ગૉડ ઑવ ધ યુનાઇટેડ કિંગ્ડમ ઑવ ગ્રેટબ્રિટન ઍન્ડ નૉર્ધર્ન આયર્લૅન્ડ ઍન્ડ ઑવ હર અધર રેલ્મ્સ ઍન્ડ ટેરિટરીઝ ક્વીન, હેડ ઑવ ધ કૉમનવેલ્થ, ડિફેન્ડર ઑવ ધ ફેઈથ' તરીકે સંબોધાય છે. જગતના આજ સુધીના ઇતિહાસમાં વધારેમાં વધારે જનસંખ્યા ઉપર અમલ કરનારી ચાર સ્ત્રીઓ થઈ છેઃ ચીનમાં મંચૂરિયાનાં રાણી ડૉવેજર, ઇંગ્લંડનાં રાણી વિક્ટોરિયા અને એમના પ્રપૌત્રનાં પુત્રી રાણી ઇલિઝાબેથ બીજાં, તથા છેલ્લે ભારતનાં વડાં પ્રધાન ઇંદિરા ગાંધી.




ડૉવેજર ત્ઝે-હ્સી



રાણી વિક્ટોરિયા



ઇલિઝાબેથ બીજાં



ઇંદિરા ગાંધી

ઉત્તમ સૌથી આબરૂ સજ્જન કેરો સાથ,
લજ્જા ગઈ જો લાખની ફરી ન આવે હાથ.

શંકરાચાર્ય ને મંડનમિશ્ર વચ્ચેની વેદાંત-ચર્ચાનો નિર્ણય મંડનમિશ્રની વિદુષી સ્ત્રી સરસ્વતીએ આપવાનો હતો. કરાર એવો હતો કે શંકરાચાર્ય હારે તો તેણે ભગવાં તજી ગૃહસ્થાશ્રમી થવું, અને મંડનમિશ્ર હારે તો તેણે ગૃહસ્થાશ્રમ ત્યજી સંન્યાસી થવું. સરસ્વતીનું નસીબ તેના પોતાના જ નિર્ણય ઉપર અવલંબતું હતું. છતાં તેણે પ્રામાણિકપણે શુદ્ધ ન્યાય તોળી શંકરાચાર્યને વિજેતા ઠરાવ્યા અને પતિની પાછળ પોતે પણ સર્વ રિદ્ધિ-સિદ્ધિ તજી સંન્યાસિની થઈ ચાલી નીકળી.

કહેવતોના અર્થ : 'આંધળાના ઘાથી કોઠું પડયું.' અનધિકારી કે બિન-લાયક માણસને હાથે અડસટ્ટે કે અકસ્માત પ્રશંસનીય કાર્ય બની જાય તે દર્શાવવા માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવત તો બહુ જાણીતી છે : 'આંધળાને ગોળીબાર.'



યુરોપમાં સામંતશાહી યુગમાં લડવૈયાઓ જ્યારે લોખંડી બખ્તર પહેરતા ત્યારે પાતળાં રહેવા માટે સ્ત્રીઓ લોખંડનું એક તંગ પરિધાન–કૉર્સેટ પહેરતી.



ક્લાકણિકા : ત્રણ હજાર વર્ષ પહેલાં દક્ષિણ અમેરિકામાં પેરુના મધ્યપ્રદેશમાં વિકસેલી ચાવિયન સંસ્કૃતિના આગવા કલાસ્વરૂપનું દ્યોતક, વૃદ્ધાના મસ્તકાકારનું આ માટીપાત્ર હુજિલોની ઉત્તરે ક્યુપિનિસ્ક ખીણમાં એક કબરમાંથી મળી આવ્યું હતું. દુર્ભાગ્યે ગયા ઑક્ટોબરમાં પેરુમાં થએલા ધરતીકંપને કારણે આવા ૩૦૦૦ અવશેષો નાશ પામ્યા છે.

ગણિતગમ્મત

પાસેપાસેની ત્રણ સંખ્યાના ગુણાકારને (તેમાં જો વચલી સંખ્યા ૩નો ભાજ્ય ન હોય તો) તે જ ત્રણ સંખ્યાના સરવાળા વડે નિ:શેષ ભાગી શકાય છે. દાખલા તરીકે ૧૦, ૧૧ ને ૧૨ (તેમાં ૧૧ એ ૩નો ભાજ્ય નથી) લો; તેનો ગુણાકાર ૧૦×૧૧×૧૨=૧૩૨૦ થયો; ને સરવાળો ૧૦+૧૧+૧૨=૩૩

હવે ૧૩૨૦÷૩૩=૪૦. (નિ:શેષ)

ભાનુશંકર લાધારામ ઉપાધ્યાય

અનેકાર્થી શબ્દ: **ચપલ:** એક જાતનો પથ્થર; એક પ્રકારનો ઉંદર; ક્ષય, નાશ; ત્વરિત ગતિવાળો ઘોડો; ચાતક પક્ષી; માછલું; રાઈ; રિસામણીનો છોડ; પારો.

કીમતી ખાતરનું બળતણ



ગાય ઘાસપાન ખાઇને આપણને દૂધ ને છાણ આપે છે. તેમાંથી દૂધ દ્વારા આપણને વનસ્પતિનો ફાયદો તો મળે છે, પરંતુ તેના છાણમાં ઊતરતા વનસ્પતિના ગુણ આપણે એ છાણનાં છાણાં થાપી તેનું બળતણ કરીને વેડફી નાખીએ છીએ. એ છાણમાં કેટલાં ઉપયોગી તત્ત્વો હોય છે તે બાજુનું ચિત્ર કહેશે.

અથાણું

વિખ્યાત હાસ્યલેખક માર્ક ટ્વેઈન આલ્બનીના બિશપ ડૉ. ડૉનેની રવિવારની પ્રાર્થનાસભામાં અવારનવાર જતા. એક રવિવારે પ્રાર્થના-પ્રવચન પૂરું થતાં માર્ક ટ્વેઇને કહ્યું : 'ડૉ. ડૉને, આપનું વ્યાખ્યાન મને ખૂબ ગમ્યું, કેમ કે મને એ બહુ પરિચિત લાગ્યું. મારી પાસેના એક પુસ્તકમાં આપના વ્યાખ્યાનનો શબ્દેશબ્દ આપેલો છે.'

'અશક્ય !' બિશપે દૃઢતાથી કહ્યું.

'ના, તદ્દન સાચી વાત છે.' માર્ક ટ્વેઈને કહ્યું : 'એ પુસ્તક પણ મારી પાસે છે ને.'

'મને મોકલી આપશો જરા? મારે એ જોવું પડશે!' પાદરીએ કહ્યું. અને બીજા દિવસે પાદરીના હાથમાં એક શબ્દકોશ આવીને પડયો.

રમેશ : પપ્પા, તમે હજી ય મોટા થતા જાઓ છો?

પિતાજી : ના, બેટા; કેમ પૂછવું પડયું?

રમેશ : તમારા માથાની ચામડી વાળની અંદરથી દેખાવા લાગી છે.

ગ્રાહક : (કૂતરાના માલિકને) આ કૂતરાની વફાદારી માટે તમને સંપૂર્ણ ખાતરી છે?

માલિક : ખાતરીની શી વાત કરો છો સાહેબ? તમે નહિ માનો, પણ અત્યાર સુધીમાં મેં ત્રણ વાર તેને વેચ્યો અને ત્રણે વાર એ મારા ઘેર પાછો આવી ગયો છે.

એક ગામનાં એક પોલીસ-અમલદાર સારો પશુચિકિત્સક પણ હતો. એક રાતે એના ટેલિફોનની ઘંટડી વાગી. એની પત્નીએ ફોન લીધો.

'કૉન્સ્ટેબલ લુલ્ફ છે કે?' અવાજ આવ્યો.

'તમારે એમની પોલીસ તરીકે જરૂર છે, કે ડૉક્ટર તરીકે?' શ્રીમતી લુલ્ફે પૂછયું.

'બંને રીતે' જવાબ આવ્યો: 'કેમ કે ઘરમાં ચોર ભરાયો છે અને મારો નવો કૂતરો મોં ઉઘાડતો નથી.'

પત્ની : આપણા જૂના નોકર માટે પેલાં નવાં આવેલાં પાડોશીને મારે ભલામણ કરવાની છે. મેં એમને એની આળસ, અનિયમિતતા અને બેદરકારી માટે તો ચેતવ્યાં છે; પણ આખરે એ આપણો જૂનો નોકર છે, એટલે એના માટે બે સારા શબ્દો ય કહેવા જોઈએ ને? પણ શું કહેવું એ મને સૂઝતું નથી.

પતિ : કહેજે ને, કે એની ભૂખ સારી છે, ને એ ગમે ત્યારે ઘસઘસાટ ઊંઘી જઈ શકે છે.



ઘરની શોભા (કલાકાર - હાંરી માતીસ). પૂર્વના દેશોની કળાની ભાતગૂંથણી અને રંગભભકનો આશિક આ કલાકાર આજની મૉડર્ન કલાનો એક પુરોધા હતો પણ એને મન કલાનો ઉદ્દેશ દુનિયા અને જીવનનાં દુ:ખ તથા વિષમતાઓ ઉપર શિષ્ટતા અને આશ્વાસનનો પડદો નાખી માનવીને શાંતિ અને આશાયેશ આપવાનો છે. અને તેથી જ એનાં ચિત્રોમાં ન સમજાતાં ગૂંચળાંનો શંભુમેળો કે કોઈ ભવ્ય સંદેશને બદલે થાકેલી આંખ અને વ્યગ્ર મનને પ્રસન્નતા ને આરામ આપતી પ્રગાઢ રંગાવટ તથા **સ્વસ્થ** સંયોજના જેવા મળે છે. જરૂરી વિગતોને પણ પાછી પાડી દે તેવા ઝીણવટભર્યા આલેખનથી મુક્ત એનાં ચિત્રોમાં એક મધુર લયબદ્ધતા દેખાય છે. પાછલી ઉંમરમાં તો એણે માત્ર કાગળની રંગબેરંગી કાપલીઓ ચોડીને જ ચિત્રકૃતિ સર્જવા જેટલી સાદગી પોતાની કલામાં ઉતારી હતી. (નીચે) **પળ બે પળનો આરામ** (કલાકાર - દેગાસ) વિભિન્ન દેહવળાંકો છતાં સમૂહમાં લયબદ્ધતા દર્શાવતા માનવઆકારોને કલાકારે અહીં એટલી સરસ રીતે ગોઠવ્યાં છે કે ભાવકની આંખ એક છેડેથી આરંભાઈ સંગીતની કોઈ મધુર સુરાવલી પેઠે બીજે છેડે જઈ અટકે છે. સાંકડી પટ્ટીમાં પણ ચિત્રકારે ખુલ્લી જગ્યાનો વિસ્તાર સિફતથી દર્શાવ્યો છે. તગતા બહાર પળ બે પળ આરામ લેતી ને વાતો કરતી નર્તકીઓના થનગનતા દેહને ચિત્રકારે એમના મોકળા પોશાકમાં વધુ દીપાવ્યો છે. આ બંને કૃતિઓ 'કલીવલૅન્ડ મ્યૂઝિયમ'માંની છે, જેનો પરિચય આ અંકની 'કલાવાર્તા'માં આપ્યો છે.

